અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર 'ગુજરાત ટુડે' દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૧૬ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# સંભલમાં મસ્જિદના સર્વેનો વિરોધ કરનારા પર પોલીસ ગોળીબાર, ત્રણનાં મોત

## અદાલતના આદેશથી શાહી મસ્જિદનો સર્વે કરવા પહોંચેલી ટીમનો વિરોધ કરવા મોટી સંખ્યામાં મુસ્લિમો એકત્ર થયા, પોલીસ પર પથ્થરમારો થયાના અહેવાલો બાદ લાઠીચાર્જ, અશ્રુવાયુનો મારો ચલાવાયો, પોલીસ સાથેની અથડામણમાં ૩ દેખાવકારોનાં મોત થયાના અહેવાલો બાદ તણાવ વધ્યો, ૧૮ની ધરપકડ

(એજન્સી) સંભલ, તા.૨૪

સંભલમાં શાહી જામા મસ્જિદનો સર્વે કરવા માટે અદાલતના આદેશથી સર્વેની ટીમ મસ્જિદ પહોંચી ત્યારે મોટી સંખ્યામાં સ્થાનિક મુસ્લિમોએ એકત્ર થઈને વિરોધ-દેખાવો શરૂ કર્યા હતા ત્યારે જંગી પોલીસ કાફલા સાથે દેખાવકારોને અથડામણ થઈ ગઈ હતી. એ દરમ્યાન મળતા એહેવાલો મુજબ અને વાયરલ થયેલા વીડિયો મુજબ પોલીસે ટોળાને વિખેરવા અશ્રુવાયુઓનો મારો ચલાવ્યો હતો અને ગોળીબાર કરતા ત્રણ મુસ્લિમ યુવાનો બિલાલ અન્સાર, નઈમ અહેમદ અને નૌમાનનું મૃત્યુ થયું હતું. પરિણામે યુપીના સંભલ શહેરમાં જબરદસ્ત તંગદિલી ઊભી થઈ ગઈ છે. પોલીસે એવો દાવો કર્યો હતો કે, અથડામણમાં ૨૦થી ૨૨ કર્મીઓને પણ ઈજા થઈ હતી. ૧૫ લોકોની અટકાયત કરવામાં આવી છે.

ઉત્તરપ્રદેશના સંભલમાં અદાલતના આદેશ બાદ શાહી જામા મસ્જિદનો સર્વે કરવા માટે પહોંચી ગયેલી સરકારી ટીમનો વિરોધ કરવા માટે મોટી સંખ્યામાં મુસ્લિમો એકત્ર થઈ ગયા હતા અને ઉગ્ર દેખાવો બાદ પોલીસ સાથે અથડામણો શરૂ થતા ત્રણનાં મોત થયા હોવાના



અહેવાલો છે. આ સર્વેની કામગીરીનો હિંસક વળાંક આવ્યો છે અને સમગ્ર સંભલ પ્રદેશમાં ભારે તણાવ ઊભો થઈ જવા પામ્યો છે તેમ જાણવા મળ્યું છે. અદાલતે એક હિન્દુ સામાજિક કાર્યકરની અરજી પર મસ્જિદ મંદિર છે કે કેમ તેનો સર્વે કરવાનો આદેશ આપ્યો હતો આથી રવિવારે સર્વે માટેની ટીમ સવારે પહોંચી ગઈ હતી ત્યારે શાહી જામા મસ્જિદ પાસે સેંકડો દેખાવકારો એકઠા થઈ ગયા હતા અને મામલો બિચક્યો હતો. ટોળાએ સર્વેની ટીમ પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. એ વખતે ત્યાં હાજર રાખવામાં આવેલ જંગી પોલીસ કાફલા ઉપર પણ પથ્થરમારો થયા બાદ પોલીસે ટોળાને વિખેરવા માટે અશ્રુવાયુ છોડ્યો હતો. આ સમયે તોફાનો શરૂ થઈ ગયા હતા અને પોલીસ સાથે અથડામણ થતાં ત્રણ દેખાવકારોના મોત થયા હોવાનું પોલીસે જણાવ્યું હતું પણ પોલીસે મરનારની ઓળખ જાહેર કરી નથી. સમગ્ર ઘટનાક્રમને નજરે જોનારા કેટલાક લોકોએ એવો આક્ષેપ કર્યો હતો કે પોલીસ ગોળીબારથી બે દેખાવકાર મુસ્લિમોનાં મોત થયા છે પરંતુ પોલીસે એવું જાહેર કર્યું હતું કે પોસ્ટમોર્ટમ થયા પછી જ મોતનું સાચું કારણ જાણી શકાશે. જામા મસ્જિદના ઈમામ અને ટ્રસ્ટી મંડળના પ્રમુખે પણ મસ્જિદની બહાર ભેગા થયેલા લોકોને એવો ખેરાઈ જવાની અપીલ કરી હતી પરંતુ દેખાવકારો ત્યાંથી ખસ્યા નહોતા કેટલાક સિનિયર પોલીસ અધિકારીઓએ પણ દેખાવકારોને સમજાવવાની કોશિશ કરી હતી પણ એ લોકો અડગ રહ્યા હતા અને પથ્થરમારો શરૂ કરી દીધો હતો. પોલીસવડા પ્રશાંત કુમારે જણાવ્યું હતું કે અદાલતના આદેશથી સર્વે કરવા માટે ટીમ પહોંચી હતી ત્યારે કેટલાક અસામાજિક તત્ત્વોએ પથ્થરમારો કર્યો હતો પરંતુ અત્યારે પરિસ્થિતિ કાબૂમાં છે. અત્યારસુધીમાં પોલીસે ૧૮ લોકોની ધરપકડ કરી હતી અને પોલીસ સાથે અથડામણ કરનારા અન્ય લોકોની શોધખોળ શરૂ કરી હતી. હિંસક અથડામણો વચ્ચે પણ અદાલતના આદેશથી આવેલા એડવોકેટ પંચ દ્વારા મસ્જિદની અંદર જઈને સર્વે પૂરો કરવામાં આવ્યો હતો અને વીડિયોગ્રાફી કરવામાં આવી હતી અને તસવીરો પણ ખેંચવામાં આવી હતી. એડવોકેટ પંચ ૨૯મી નવેમ્બરે અદાલતમાં પોતાનો રિપોર્ટ આપશે.

ઉત્તરપ્રદેશના સંભલની જામા મસ્જિદમાં સર્વેથી નારાજ લોકોએ પોલીસ પર પથ્થરમારો કરી દેતાં ફરી એકવાર મોટી બબાલ થઈ હતી. ભીડને વેરવિખેર કરવા માટે પોલીસ દ્વારા ટીયરગેસનો મારો ચલાવાયો હતો. કોર્ટના આદેશ બાદ આજે જ્યારે ટીમ બીજી વખત સર્વે કરવા માટે પહોંચી ત્યારે ટોળાએ રોષે ભરાઈને પોલીસ પર હુમલો કર્યો હતો. આ દરમ્યાન ભીડે પોલીસ પર પથ્થરમારો કર્યો હતો અને ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે જેમાં પોલીસ અને એસપી હેલ્મેટ પહેરેલા જોવા મળી રહ્યા છે અને બીજી બાજુથી પથ્થરમારો કરવામાં આવી રહ્યો છે. હાલ સંભલમાં સ્થિતિ તંગ જોવા મળી રહી છે. સર્વે કરવા આવેલી ટીમ સવારે ૭.૩૦ વાગ્યે જામા મસ્જિદમાં પ્રવેશી હતી. લગભગ એક કલાક સુધી પરિસ્થિતિ સામાન્ય હતી જ્યારે અચાનક ટોળું આવી પહોંચ્યું અને પોલીસ સાથે બોલાચાલી થઈ. એસપી કૃષ્ણ કુમાર બિશ્નોઈ અને ડીએમ ડૉ. રાજેન્દ્ર પેન્સિયાએ ચાર્જ સંભાળ્યો અને ગુસ્સે થયેલા ટોળાને વેરવિખેર કરવા માટે ટીયરગેસના શેલ છોડવામાં આવ્યા હતા. જ્યારે ડીએમ અને એસપી ગુસ્સે ભરાયેલી ભીડને શાંત કરવા પહોંચ્યા તો ગુસ્સે ભરાયેલા ટોળાએ સૂત્રોચ્ચાર શરૂ કર્યા. જામા મસ્જિદની આસપાસના વિસ્તારમાં એકઠી થયેલી ભીડને વિખેરવા માટે જામા મસ્જિદના સદરે મસ્જિદની અંદરથી જાહેરાત કરી હતી પરંતુ ભીડ વિખેરાઈ ન હતી અને થોડીવાર પછી પથ્થરમારો શરૂ થયો હતો. એડવોકેટ કમિશનરની ટીમ આજે ફરી જામા મસ્જિદના સર્વે માટે સંભલ પહોંચી હતી. અગાઉ ૧૯ નવેમ્બરના રોજ સંભલ જિલ્લાના ચંદૌસી સ્થિત સિવિલ જજ સિનિયર ડિવિઝન આદિત્ય સિંહની કોર્ટે જામા મસ્જિદના એડવોકેટ કમિશનરને સર્વે કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટના આદેશ બાદ મંગળવારે ટીમ પ્રથમ વખત સર્વે કરવા માટે પહોંચી હતી. પિટિશનર એડવોકેટ વિષ્ણુ શંકર જૈને જણાવ્યું હતું કે સિવિલ જજ (વરિષ્ઠ વિભાગ)ની કોર્ટે જામા મસ્જિદના સર્વે માટે 'એડવોકેટ કમિશન'ની રચના કરવાની સૂચના આપી છે. કોર્ટે કહ્યું હતું કે કમિશન દ્વારા વીડિયોગ્રાફી અને ફોટોગ્રાફી સર્વે કરાવવામાં આવે અને કોર્ટમાં રિપોર્ટ દાખલ કરવામાં આવે. આ કેસમાં ASI, ઉત્તર પ્રદેશ સરકાર, જામા મસ્જિદ કમિટી અને સંભલના જિલ્લા મેજિસ્ટ્રેટને પક્ષકાર બનાવવામાં આવ્યા છે. એડવોકેટ વિષ્ણુ જૈને કહ્યું, "સંભલનું હરિહર મંદિર અમારી આસ્થાનું કેન્દ્ર છે. અમારી ધાર્મિક માન્યતાઓ અનુસાર દશાવતારમાં કલ્કી અવતાર અહીંથી થવાનો છે. વર્ષ ૧૫૨૯માં બાબરે મંદિરને તોડીને મસ્જિદમાં ફેરવવાનો પ્રયાસ કર્યો હતો.

## ભાજપે ચૂંટણીમાં કરેલી ગેરરીતિઓ છૂપાવવા સંભલમાં હિંસા કરાવી છે : અખિલેશ યાદવનો આક્ષેપ

### સપાના વડાએ અનેક લોકોને ઈજા થયાનો આક્ષેપ કર્યો છે અને એક સર્વે થઈ ગયો હોવા છતાં મસ્જિદનો બીજી વાર સર્વે શું કામ કરવામાં આવ્યો તે અંગે સવાલ ઉઠાવ્યો છે

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે ઉત્તરપ્રદેશના સંભલમાં ભાજપે વહીવટી તંત્ર અને રાજ્ય સરકારની સાથે મળીને હિંસા કરાવી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો અને એક વખત સર્વે થઈ ગયા પછી બીજી વખત મસ્જિદનો સર્વે શું કામ કરાવવાની જરૂર પડી તે અંગે સવાલ ઉઠાવ્યો હતો. એમણે ગંભીર આક્ષેપ કર્યો હતો કે ચૂંટણીઓમાં કરેલી ગેરરીતિઓ છૂપાવવા માટે ભાજપે સંભલમાં હિંસા કરાવી છે. મોગલ યુગની શાહી જામા મસ્જિદનો સર્વે કરવા માટે ટીમ આવી ત્યારે દેખાવકાર ટોળાએ પથ્થરમારો કર્યો હતો ત્યારે પોલીસે બળપ્રયોગ કરી અશ્રુવાયુ છોડ્યો હતો. અખિલેશ યાદવે જણાવ્યું હતું કે ચૂંટણીઓમાં ભાજપે જે ગરબડ કરી છે તેના તરફથી લોકોનું ધ્યાન બીજે ખેંચવા માટે અહીં હિંસા કરાવવામાં આવી છે અહીં ખૂબ જ ગંભીર ઘટના બની છે. ચૂંટણીઓ વિશેની ચર્ચા રોકવા માટે જાણીજોઈને સર્વેની ટીમ આજે સવારે મોકલવામાં આવી હતી. એ પાછળનો ઈરાદો અરાજકતા ઊભી કરવાનો હતો જેથી કરીને ચૂંટણીના મુદ્દાઓ ઉપર કોઈ ચર્ચા વિચારણા થાય નહીં. તેમણે અહેવાલોને ટાંકીને જણાવ્યું હતું કે અનેક લોકોને હિંસામાં ઈજા થઈ છે. હું સર્વેની કાનૂની કે પ્રક્રિયાની મુદ્દાની વાતમાં પડવા માંગતો નથી પણ સામેના પક્ષને સાંભળવામાં પણ આવ્યો નથી એ હું જરૂર કહીશ અને જાણીજોઈને લાગણીઓને ઉશ્કેરવામાં આવી છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે યુપીમાં પેટા ચૂંટણીઓ દરમિયાન લગભગ દરેક બુથમાંથી સમાજવાદી પાર્ટીના એજન્ટોને અને કાર્યકરોને પોલીસ તથા પ્રશાસન દ્વારા હટાવી દેવામાં આવ્યા હતા જેથી કરીને સપાના ટેકેદારો મતદાન કરી ન શકે.

# મહારાષ્ટ્રના વિજય પછીના ભાષણમાં મોદીએ વક્ફ અને 'વોટબેંકની રાજનીતિ' અંગે કોંગ્રેસ પર પ્રહાર કર્યા

## મોદીએ કહ્યું કે, બાબાસાહેબ આંબેડકરે અમને આપેલા બંધારણમાં વક્ફ કાયદા માટે કોઈ સ્થાન નથી, પરંતુ કોંગ્રેસે તેની વોટબેંક વધારવા માટે વક્ફ કાયદાને સમર્થન આપ્યું છે

(એજન્સી) તા.૨૪

મહારાષ્ટ્રના વિજય પછીના ભાષણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું કે, કોંગ્રેસે તુષ્ટિકરણની રાજનીતિને પ્રોત્સાહન આપવા માટે અમુક કાયદાની રચના કરી હતી અને વક્ફ બોર્ડ તેનું ઉદાહરણ છે, તેમણે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં તેના નબળા મતદાન પ્રદર્શન માટે પાર્ટી પર હુમલો કર્યો હતો. મોદીએ કહ્યું કે મહારાષ્ટ્રના લોકોએ નકારાત્મક અને વંશવાદી રાજકારણને હરાવ્યું, અને સુશાસનને વધુ એક તક આપી છે.

મોદીએ કહ્યું કે, કોંગ્રેસે તુષ્ટિકરણની રાજનીતિને પ્રોત્સાહન આપવા માટે કાયદો બનાવ્યો અને વક્ફ બોર્ડ તેનું ઉદાહરણ છે. બાબાસાહેબ આંબેડકરે અમને આપેલા બંધારણમાં વક્ફ કાયદા માટે કોઈ સ્થાન નથી, પરંતુ કોંગ્રેસે તેની વોટ બેંક વધારવા માટે તેને ટેકો આપ્યો હતો.

પીએમ મોદીની આ ટિપ્પણી સંસદના શિયાળુ સત્ર પહેલા આવી છે. સરકારે



વક્ફ સુધારા બિલ સહિત ૧૬ બિલને સૂચિબદ્ધ કર્યા છે. બંને ગૃહોની સંયુક્ત સમિતિને શિયાળુ સત્રના પ્રથમ સપ્તાહના છેલ્લા દિવસે લોકસભામાં પેન્ડિંગ બિલો પર પોતાનો અહેવાલ સુપરત કરવાનો ફરજિયાત છે. વક્ફ એમેન્ડમેન્ટ બિલ સામે પક્ષોના ભારે વિરોધ વચ્ચે મહારાષ્ટ્રની જીત ભાજપ માટે વધુ મહત્ત્વપૂર્ણ છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં એનડીએની જંગી જીત બાદ વડાપ્રધાને બીજેપી હેડક્વાર્ટર ખાતે આ ટિપ્પણી કરી હતી. મોદીએ એવો પણ આરોપ લગાવ્યો કે ૨૦૧૪માં કોંગ્રેસનું શાસન ખતમ થાય તે પહેલા પાર્ટીએ દિલ્હીની નજીકની અનેક મિલકતો વક્ફ બોર્ડને આપી દીધી હતી. મોદીએ કહ્યું કે, સત્તાની ભૂખમાં કોંગ્રેસ પરિવારે બંધારણના ધર્મનિરપેક્ષ મૂલ્યોને નષ્ટ કરી દીધા છે. વક્ફ સુધારા બિલમાં વક્ફ એક્ટ, ૧૯૯૫ નું નામ બદલીને યુનિફાઇડ વક્ફ મેનેજમેન્ટ, એમ્પાવરમેન્ટ, એફિશિયન્સી એન્ડ ડેવલપમેન્ટ એક્ટ રાખવાનો પ્રસ્તાવ છે. તે મસ્જિદો અને મુસ્લિમ ધર્માદાઓ સાથે સંકળાયેલી મિલકતોના સંચાલનમાં સુધારા માટે કેન્દ્ર દ્વારા લાવવામાં આવ્યું હતું. કેન્દ્રએ આ બિલને વક્ફ મિલકતોના સંચાલનમાં વધુ પારદર્શિતા તરફનું પગલું ગણાવ્યું છે, ત્યારે મુસ્લિમ સંગઠનો અને વિરોધ પક્ષો દલીલ કરે છે કે તે સરકારને વ્યાપક સત્તા આપે છે અને સમુદાયની માલિકીની મિલકતો માટે જોખમ ઊભું કરે છે. બીજેપી હેડક્વાર્ટરમાં તેમના ભાષણ દરમિયાન મોદીએ ગાંધી પરિવાર પર જાતિવાદ અને વિભાજનનું ઝેર ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો. 'એક હૈ તો સલામત હૈ" (જો આપણે એક થઈએ તો સલામત છીએ)ના તેમના આહ્વાનને પુનરાવર્તિત કરતા, તેમણે કહ્યું કે હરિયાણાની ચૂંટણી પછી મહારાષ્ટ્રનો આ સૌથી મોટો સંદેશ છે અને તે દેશનો "મહામંત્ર" બની ગયો છે. કોંગ્રેસ માટે પોતાના દમ પર સત્તામાં આવવું વધુને વધુ મુશ્કેલ બની રહ્યું છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના NDA એ ૨૩૦થી વધુ બેઠકો પર વિજય મેળવ્યો હતો. આમાંથી, એકલા ભાજપે ૧૩૦ બેઠકો જીતી હતી, જે તેની અત્યાર સુધીની સૌથી વધુ બેઠકો છે, જે ૨૦૧૪ ની ૧૨૨ બેઠકોથી વધુ છે. મહાવિકાસ અઘાડી, જેમાં કોંગ્રેસ, શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ) અને NCP (શરદપવાર જૂથ)નો સમાવેશ થાય છે, તે અનુક્રમે માત્ર ૧૬, ૨૦ અને ૧૦ બેઠકો જીતી શકી હતી. ગઠબંધનને માત્ર ૪૯ બેઠકો મળી હતી.




# સંસદના સત્ર પહેલાં સર્વપક્ષીય બેઠકમાં કોંગ્રેસે અદાણી પર ચર્ચા કરવા માંગ કરી

## ૨૫ નવેમ્બરથી શરૂ થતાં શિયાળુ સત્ર પહેલાં નવી દિલ્હીમાં સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી અને ૨૦ ડિસેમ્બર સુધી ચાલશે, કોંગ્રેસે મણિપુર મુદ્દા, ઉત્તર ભારતમાં પ્રદૂષણ અને ટ્રેન અકસ્માતો પર પણ ચર્ચા કરવાની માંગ કરી હતી

(એજન્સી) તા.૨૪

સંસદના શિયાળુ સત્ર ૨૪ નવેમ્બર રવિવારના રોજ પહેલાં સરકાર દ્વારા આયોજિત પરંપરાગત સર્વપક્ષીય બેઠકમાં કોંગ્રેસે અદાણી જૂથ સામે લાંચના આરોપો પર ચર્ચાની માગણી કરી હતી. આ વિપક્ષી પાર્ટીએ મણિપુર મુદ્દા, ઉત્તર ભારતમાં પ્રદૂષણ અને ટ્રેન અકસ્માતો પર પણ ચર્ચા કરવાની માંગ કરી હતી. કોંગ્રેસના નેતા પ્રમોદ તિવારીએ પત્રકારોને જણાવ્યું હતું કે, તેમની પાર્ટીએ સરકારને સત્રમાં અદાણી લાંચ કૌભાંડ પર ચર્ચા કરવાની મંજૂરી આપવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે, તેમની પાર્ટી ઈચ્છે છે કે, સોમવારે મળે ત્યારે આ મુદ્દો સંસદમાં પ્રથમ ઊઠાવવામાં આવે. આ દેશના આર્થિક અને સુરક્ષા હિતોનો ગંભીર મુદ્દો છે કારણ કે, કંપની દ્વારા તેના સૌર ઊર્જા પ્રોજેક્ટ્સ માટે અનુકૂળ સોદો મેળવવા માટે કથિત રીતે ૨૩૦૦ કરોડ રૂપિયાથી વધુની ચૂકવણી કરવામાં આવી હતી. કોંગ્રેસના સાંસદ જયરામ રમેશ, કે. સુરેશ અને જેડી(યુ)ના ઉપેન્દ્ર કુશવાહ સહિત વિવિધ રાજકીય પક્ષોના નેતાઓએ બેઠકમાં હાજરી આપી હતી. YSRCP, BJD, SP, TDP અને MDMKના પ્રતિનિધિઓ પણ હાજર હતા. શિયાળુ સત્ર મહારાષ્ટ્રમાં ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનની જીત અને ઝારખંડમાં વિપક્ષની જીત પછી છે. કોંગ્રેસ પૂર્વોત્તરની સ્થિતિ, વાસ્તવિક નિયંત્રણ રેખા પર સરહદી અવરોધ અને ઉદ્યોગપતિ ગૌતમ અદાણી સામેના આક્ષેપો જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે તેવી અપેક્ષા છે. અબજોપતિ ગૌતમ અદાણી પર યુએસ પ્રોસિક્યુટર્સ દ્વારા સોલાર પાવર કોન્ટ્રાક્ટ માટે અનુકૂળ શરતોના બદલામાં ભારતીય અધિકારીઓને ૨૬ કરોડ ૫૦ લાખ (આશરે રૂા.૨૨૦૦ કરોડ) લાંચ આપવાની યોજનાનો ભાગ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ ઉત્તર ભારતમાં ગંભીર વાયુ પ્રદૂષણ, મણિપુરની સ્થિતિ, જે કાંટ્રોલ બહાર છે અને ટ્રેન અકસ્માતો જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા કરવા માંગે છે. આ બેઠક સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ બોલાવી છે. ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા, કોંગ્રેસના નેતાઓ જયરામ રમેશ અને ગૌરવ ગોગોઈ ઉપરાંત ટી. શિવા, હરસિમરત કૌર બાદલ અને અનુપ્રિયા પટેલ આ બેઠકમાં હાજરી આપી રહ્યા છે. સંસદનું શિયાળુ સત્ર સોમવારથી શરૂ થઈને ૨૦ ડિસેમ્બર સુધી ચાલવાનું છે. સરકારે સત્રમાં વિચારણા માટે વક્ફ સુધારા વિધેયક સહિત ૧૬ ખરડાને સૂચિબદ્ધ કર્યા છે. કેટલાક વિપક્ષી નેતાઓએ કહ્યું છે કે, તેઓ સંસદમાં અદાણીના આરોપનો મુદ્દો ઊઠાવશે અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આરોપોની સંયુક્ત સંસદીય સમિતિની તપાસની હાકલ કરી છે. આ બેઠકમાં સંવિધાન સદન (જૂની સંસદ ભવન)ના સેન્ટ્રલ હોલમાં બંધારણ અપનાવવાની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે ૨૬ નવેમ્બરે આયોજિત કાર્યક્રમ અંગે પણ ચર્ચા થવાની સંભાવના છે. લોકસભામાં પેન્ડિંગ બિલોમાં વક્ફ (સુધારા) બિલનો સમાવેશ થાય છે, જે બંને ગૃહોની સંયુક્ત સમિતિ લોકસભામાં તેનો અહેવાલ સુપરત કર્યા પછી વિચારણા અને પસાર કરવા માટે સૂચિબદ્ધ છે. પેનલને શિયાળુ સત્રના પ્રથમ સપ્તાહના છેલ્લા દિવસે તેનો અહેવાલ સુપરત કરવાનો ફરજિયાત છે. પેનલના વિપક્ષી સભ્યો રિપોર્ટ સબમિટ કરવા માટે સમયમર્યાદા વધારવાની માંગ કરી રહ્યા છે. તેઓએ આક્ષેપ કર્યો છે કે, સમિતિના અધ્યક્ષ જગદંબિકા પાલ પક્ષપાત કરી રહ્યા છે અને તેમણે સ્પીકર ઓમ બિરલાની દરમિયાનગીરીની માંગ કરી છે. સરકાર દ્વારા સૂચિબદ્ધ અન્ય બિલ એ પંજાબ કોર્ટ્સ (સુધારા) બિલ છે જે દિલ્હી જિલ્લા અદાલતોના નાણાકીય (કેસના નાણાકીય મૂલ્ય તરીકે વ્યાખ્યાયિત) એપેલેટ અધિકારક્ષેત્રને વર્તમાન રૂા.૩ લાખથી વધારીને રૂા.૨૦ કરે છે.

# મહારાષ્ટ્ર ચૂંટણીમાં 'આઘાતજનક' પરાજયનો સામૂહિક રીતે આત્મનિરીક્ષણ કરીશું : કોંગ્રેસ

(એજન્સી) તા.૨૪

મહારાષ્ટ્ર ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધનને ભારે બહુમતી મળી છે. મહાયુતિ સત્તામાં આવ્યા બાદ ફરી એકવાર કોંગ્રેસમાં ગમગીની છવાઈ ગઈ છે. તેમણે રવિવારે કહ્યું કે પાર્ટી અને મહા વિકાસ અઘાડીના અન્ય સહયોગી હારના કારણો અંગે સામૂહિક રીતે આત્મમંથન કરશે. ભાજપના નેતૃત્વ હેઠળના મહાયુતિ ગઠબંધને શનિવારે મહારાષ્ટ્રની ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી ૨૩૦ બેઠકો જીતી હતી અને કોંગ્રેસના નેતૃત્વવાળી મહા વિકાસ આઘાડીને માત્ર ૪૬ બેઠકો મળી હતી. આ અંગે કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે કહ્યું કે મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો ચોંકાવનારા અને અવિશ્વસનીય છે. તેમણે એક ટીવી ચેનલને કહ્યું, 'શું થયું તે અમે સમજી શકતા નથી. આ માત્ર કોંગ્રેસ પાર્ટીની હાર નહોતી, પરંતુ સમગ્ર મહા વિકાસ આઘાડીની હાર હતી. પ્રથમ આપણે સ્પષ્ટપણે સમજવું જોઈએ કે શું થયું છે. મહારાષ્ટ્ર અને હરિયાણાની હાર બાદ અમે સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં આશ્ચર્ય અનુભવી રહ્યા છીએ. મહારાષ્ટ્રના ચૂંટણી પરિણામોમાં મોટી જૂની પાર્ટીને કોઈ ખરાબ રમતની શંકા છે કે કેમ તે પૂછવામાં આવતા, તેમણે કહ્યું કે તેઓ હાર પછી આટલા જલ્દી આવા આક્ષેપો કરી રહ્યા નથી. તેમણે કહ્યું, 'શરદ પવાર, ઉદ્ધવ ઠાકરે અને કોંગ્રેસના ગઢમાં અમને મોટો ફટકો પડ્યો છે. આ માત્ર કોંગ્રેસ પાર્ટીની જ નહીં પરંતુ સમગ્ર ગઠબંધનની નિષ્ફળતા છે. તેથી, અમે સાથે બેસીને સામૂહિક રીતે આના કારણોનું આત્મનિરીક્ષણ કરીશું. ચૂંટણી પંચે જાહેરાત કરી હતી કે ભાજપે ૧૩૨ બેઠકો જીતી છે, શિવસેનાએ ૫૭ બેઠકો જીતી છે, જ્યારે અજિત પવારની આગેવાની હેઠળની NCPને ૪૧ બેઠકો મળી છે. જ્યારે MVAમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર)ના ઉમેદવારોએ ૧૦ બેઠકો જીતી, કોંગ્રેસે ૧૬ બેઠકો જીતી, જ્યારે શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) ૨૦ બેઠકો જીતી. જ્યારે પ્રિયંકા ગાંધી વાડ્રાની વાયનાડમાં જંગી જીત વિશે પૂછવામાં આવ્યું ત્યારે કોંગ્રેસના મહાસચિવે કહ્યું કે આ પાર્ટીના નેતાઓ અને કાર્યકરોના પ્રયાસોનું પરિણામ છે. તેમણે કહ્યું, 'પાર્ટીને વાયનાડમાં આટલી મોટી બહુમતની અપેક્ષા હતી. મતદાન બાદ તરત જ બહુમતી અંગે ભારે ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી રહી હતી. પરંતુ પાર્ટીના આંતરિક મૂલ્યાંકન પછી અમને વિશ્વાસ હતો કે ઓછા મતદાનની ટકાવારી પ્રિયંકાની બહુમતીને અસર કરશે નહીં. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે વાયનાડ દુર્ઘટના અને તેના પછીના મુદ્દાઓ પૈકી એક હશે જે પ્રિયંકા લોકસભામાં ઉઠાવશે. વાયનાડની મુલાકાત ન લેવાના વિપક્ષના વારંવારના અભિયાનને નકારી કાઢતા, વેણુગોપાલે કહ્યું કે તેણી તેમના કાર્યોથી તેમને ખોટા સાબિત કરશે. તેમણે એમ પણ કહ્યું કે વાયનાડના સાંસદ હોવાની સાથે પ્રિયંકા ઉત્તર ભારતના રાજકારણમાં પણ તેમનો હસ્તક્ષેપ ચાલુ રાખશે.



# ૨૬ નવેમ્બર સુધી મહારાષ્ટ્રને નવા મુખ્યમંત્રી મળી જશે મહાયુતિના ધમાકેદાર વિજય પર ફડણવીસનો દાવો

(એજન્સી) તા.૨૪

ભાજપ, શિવસેના અને એનસીપી એમ ત્રણેય પક્ષો પહેલા તેમના નેતાઓની નિમણૂક કરશે અને પછી મુખ્ય મંત્રીના ઉમેદવાર નક્કી કરવામાં આવશે. ચિંતા કરશો નહીં, ચિત્ર સાફ થઈ જશે અને ૨૬ નવેમ્બર સુધીમાં રાજ્યને નવા સીએમ મળશે,'' ૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિએ પ્રચંડ બહુમતી મેળવ્યા બાદ શનિવારે સાંજે નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ દાવો કર્યો હતો.

સાંજે ૪.૪૫ વાગ્યા સુધીમાં, મહારાષ્ટ્રની કુલ ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી ભાજપ, સીએમ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપીનું મહાગઠબંધન ૨૨૮ બેઠકો પર આગળ હતું. જ્યારે, વિપક્ષ MVA ૪૯ બેઠકો પર આગળ છે. ચૂંટણી પંચે હજુ સત્તાવાર રીતે અંતિમ પરિણામો જાહેર કર્યા નથી તેમ છતાં ચિત્ર સ્પષ્ટ છે કે ભાજપ-મહાયુતિ નવી સરકાર રચવા તૈયાર છે.

ઘણા અહેવાલોમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ વખતે શિવસેનાના બંને જૂથો રાજ્યની આગેવાની કર્યા પછી, ભાજપને મુખ્યમંત્રીની ખુરશી મળશે (આગામી મુખ્યમંત્રી તરીકે દેવેન્દ્ર ફડણવીસ તરફ સંકેત). ૨૦૨૨માં ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની એમવીએ સરકારને ઉથલાવી દીધા પછી, ભાજપની આગેવાની હેઠળના મહાગઠબંધને એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવ્યા અને દેવેન્દ્ર ફડણવીસ તેમના નાયબ બન્યા હતા. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિની એકતરફી જીત બાદ એવું કહેવામાં આવી રહ્યું છે કે દેવેન્દ્ર ફડણવીસ મહારાષ્ટ્રના નવા સીએમ બનશે. સરકારનો કાર્યકાળ ૨૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ પૂરો થાય છે. રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં, એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે MVA મહાયુતિને સખત લડત આપશે અને સ્પષ્ટ બહુમતીની ગેરહાજરીમાં, રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવશે. જો કે, જબરજસ્ત જનાદેશ એ સુનિશ્ચિત કર્યું છે કે મહારાષ્ટ્રને સ્થિર સરકાર મળશે.

# આ તો સુનામી જેવું પરિણામ, મહારાષ્ટ્રના લોક ચુકાદા અંગે અને MVAની હાર બાદ ઉદ્ધવ ઠાકરેની પહેલી પ્રતિક્રિયા

## ભાજપ દ્વારા ભવ્ય વિજય બાદ ઉદ્ધવ ઠાકરેએ એકનાથ શિંદે પર કટાક્ષ કર્યો કે, હવે તેઓ દેવેન્દ્ર ફડણવીસના હાથ નીચે કામ કરશે



(એજન્સી) મુંબઈ, તા.૨૪

મહારાષ્ટ્રની વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપ પ્રેરિત મહાયુતિને શાનદાર વિજય મળ્યા બાદ અને એમવીએના પરાજય થયા બાદ પત્રકાર પરિષદમાં બોલતા શિવસેનાના નેતા ઉદ્ધવ ઠાકરેએ પરિણામોને સુનામી સમાન ગણાવ્યા હતા અને કહ્યું હતું કે આવા પરિણામોની કોઈએ ધારણા રાખી નહોતી. તેમણે કહ્યું હતું કે લોકસભાની ચૂંટણીઓ બાદ ચાર મહિનામાં જ આટલી બધી પરિસ્થિતિ સખ્ત રીતે બદલી જાય એ કઈ રીતે શક્ય બને. ભાજપની મહાયુતિ પર પ્રહારો કરતા ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે આટલો મોટો વિજય મળ્યો એવું તે શું કામ એ લોકોએ કર્યું છે ? છતાં એમને અભિનંદન આપવામાં મને કોઈ વાંધો નથી પણ હવે એમને આવો ચુકાદો મળ્યો છે ત્યારે એમના ચૂંટણી ઢંઢેરામાં આપેલા વચનો પૂરા કરશે એવી અપેક્ષા રાખું છું. તેમણે મહારાષ્ટ્રના પરિણામો અંગે નિરાશા વ્યક્ત કરી હતી છતાં તેમણે કહ્યું હતું કે ભાજપના બટેંગે તો કટેંગે અને સૂત્રની કોઈ અસર થઈ નથી કેમકે બેરોજગારી અને ફુગાવો જેવા મુદ્દા એ બિનસાંપ્રદાયિક મુદ્દા છે કેમ કે દરેકને તેનાથી અસર થતી હોય છે. પણ કોવિડ મહામારી દરમિયાન પરિવારના વડા તરીકે મારી વાત સાંભળનાર મહારાષ્ટ્રની પ્રજાએ સાવ અલગ વર્તન કર્યું છે એ હું માની શકતો નથી.

મહારાષ્ટ્રમાં મહાયુતિના મુખ્ય પક્ષ ભાજપને ૧૩૨ બેઠકો મળી છે તેનો ઉલ્લેખ કરીને ઉદ્ધવ ઠાકરે એકનાથ શિંદે પર કટાક્ષ કર્યો હતો કે હવે તેઓ દેવેન્દ્ર ફડણવીસના હાથ નીચે કામ કરશે. ઉદ્ધવ ઠાકરેએ એવું ગણિત રજૂ કર્યું હતું કે ટોચનો હોદ્દો ભાજપ જ રાખે તેવી શક્યતા છે એટલે એકનાથ શિંદે કોઈ બહુ મોટી સમજૂતી કરી શકે એવી શક્યતા નથી. નવા મુખ્યમંત્રી કોણ બનશે એવો પ્રશ્ન થતાં ઉદ્ધવ ઠાકરેએ કટાક્ષમાં કહ્યું હતું કે પહેલા તમે એકનાથ ને પૂછો કે કેમ કે એમણે હવે દેવેન્દ્ર ફડણવીસના હાથ નીચે કામ કરવાનું આવશે એટલે પહેલા તેઓ કયા બંગલામાં રહેશે એ શોધવું જરૂરી છે.

# તમારી હાજરી વિસ્તૃત કરો પરંતુ તમારી વિચારધારાને અંકુશમાં રાખો : મહારાષ્ટ્ર અને ઝારખંડના પરિણામોમાંથી બોધપાઠ

## બંને રાજ્યોના અલગ-અલગ પરિણામો આવ્યા હોવા છતાં તેઓ આ બંને મુદ્દે એક રાજકીય તાંતણે બંધાયેલા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળની મહાયુતિની મહારાષ્ટ્રમાં પ્રચંડ જીત અને ઝારખંડમાં ઈન્ડિયા જૂથની જીતે ફરી બતાવ્યું છે કે ભારતમાં ચૂંટણીઓ તે જીતે છે જેઓ તેમના ચૂંટણી અને સામાજિક જોડાણો મેળવે છે. બહુવિધ નિરીક્ષકો મહારાષ્ટ્રમાં લાડકીબહેનની સફળતા અથવા ઝારખંડમાં મૈયા સન્માન યોજનાને પરિણામના પ્રાથમિક પ્રેરક તરીકે જોઈ રહ્યા છે, ત્યારે આ ચૂંટણીઓ દર્શાવે છે કે આ લોકશાહી પગલાંને જરૂરી પ્રોત્સાહન ત્યારે જ મળે છે જ્યારે ચૂંટણી શિબિર વધુ પ્રતિનિધિત્વ ધરાવતા સામાજિક જોડાણને એકસાથે જોડે છે. એક જૂથની ક્ષમતા તેના મૂળ સમર્થનથી આગળ વધવાની અને તેની પહોંચને વિસ્તૃત કરવાની ક્ષમતા વધુને વધુ દ્વિધ્રુવી રાજકીય લેન્ડસ્કેપમાં ભારતીય ચૂંટણીઓનો આધાર બની ગયો છે. આ બંને પરિણામો સાબિત કરે છે તે બીજું-સૌથી મહત્ત્વનું પગલું એ છે કે મતદારો એવા જૂથ તરફ વધુ વળે છે જે સ્પષ્ટ રાજકીય સંદેશા સાથે ઝુંબેશ ચલાવે છે, ખાસ કરીને જ્યારે વિપક્ષ અપ્રમાણિક વૈચારિક વિકલ્પ સાથે તેનો સામનો કરવામાં નિષ્ફળ જાય છે. બંને રાજ્યોએ અલગ-અલગ પરિણામો આપ્યા હોવા છતાં, તેઓ આ બે રાજકીય તાંતણે બંધાયેલા છે. મહારાષ્ટ્ર પર એક નજર કરીએ જ્યાં ભાજપે લોકસભા ચૂંટણીમાં તેના અપમાનજનક પ્રદર્શનને સંપૂર્ણપણે પલટાવ્યું. તેણે ૧૪૮ બેઠકો પર ચૂંટણી લડી હતી, જેમાંથી ૧૩૦ જીતી શકે છે જે લગભગ ૯૦%નો સ્ટ્રાઈક રેટ છે. મહાયુતિએ દ્વિસ્તરીય ઝુંબેશ ચલાવી હતી. એક હિંદુત્વ, બીજી બિન-મરાઠા અન્ય પછાત વર્ગના જાતિ જૂથોને એકીકૃત કરવા. ભાજપે ઉગ્ર મુસ્લિમ વિરોધી રેટરિક શરૂ કરી હતી ત્યારે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા શરૂ કરાયેલ કલ્યાણ યોજનાઓ અને અન્ય સુધારાત્મક પગલાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન માટે જાતિ જૂથો સુધી પહોંચવાનો માર્ગ બની ગયા હતા. વાસ્તવમાં, જ્યારથી ભાજપે હિંદુ-મુસ્લિમ ધ્રુવીકરણનો લાભ લેવાનું પસંદ કર્યું, ત્યારે તેણે મરાઠાઓને સંપૂર્ણપણે અલગ ન કરવાની કાળજી લીધી કે જેના પર તેની ૪૬ બેઠકો નિર્ભર હતી. કોંગ્રેસની આગેવાની હેઠળની મહાવિકાસ અઘાડી મરાઠા ગુસ્સા પર ખૂબ નિર્ભર હતી. આ એક પરિબળ જે લોકસભાની ચૂંટણીમાં ઈન્ડિયા બ્લોકની જીતનું સૌથી મોટું કારણ હતું. મરાઠા પરિબળનું વધુ પડતું મૂલ્યાંકન, અને એવી ધારણા કે દલિતો, મુસ્લિમો અને કુણબીઓનું સામાજિક એકીકરણ અન્ય પ્રદેશોમાં પણ રાજ્યના વિભાજિત રાજકારણ વચ્ચે પણ અકબંધ રહેશે તે હવે તેના માટે વિનાશક સાબિત થયું છે. ઈન્ડિયા જૂથ ૨૮૮ સભ્યોની વિધાનસભામાં ૫૦-સીટનો આંકડો પાર કરવા માટે સંઘર્ષ કરી રહ્યો છે, જ્યારે NDA ૨૩૦ ને સ્પર્શવાના માર્ગ પર છે. ઈન્ડિયા બ્લોકના ઘટકો વધુ બેઠકો પર લડવા માટે મક્કમ હતા. ઉદાહરણ તરીકે, શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથે મુંબઈ અને કોંકણ પ્રદેશોની બહાર મર્યાદિત હાજરી હોવા છતાં ૮૯ બેઠકો પર ચૂંટણી લડવાનો આગ્રહ રાખ્યો હતો. શરદપવારે પણ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીને પશ્ચિમ મહારાષ્ટ્રના તેના ગઢમાં તેમના વિભાજિત ઘરને મજબૂત કરવાને બદલે ૮૭ બેઠકો પર ચૂંટણી લડવા માટે મજબૂર કર્યા. પરિણામે, ૨૦૦થી વધુ બેઠકો પર મજબૂત સંગઠનાત્મક હાજરી ધરાવતી કોંગ્રેસ ફક્ત ૧૦૩ બેઠકો પર જ તેના ઉમેદવારો ઉભા કરી શકી. બીજી તરફ, મહાયુતિ વધુ સમાનરૂપે વિતરિત દેખાઈ હતી, અને માત્ર ચૂંટણી વ્યવસ્થાના આધારે તેના ઘટકોની તાકાતના આધારે લડતી હતી. સૌથી મજબૂત ભાજપે ૧૪૮ બેઠકો પર ચૂંટણી લડી હતી, જ્યારે એકનાથ શિંદે અને અજીતપવારે ઓછી સીટ પર લડત આપી હતી. ઝારખંડમાં, ઈન્ડિયા જૂથે મહારાષ્ટ્રમાં NDA દ્વારા ઉપયોગમાં લેવાતી વ્યૂહરચનાનો ઉપયોગ કરીને સમાન પરિણામ પ્રાપ્ત કર્યું. જો કે રઘુબર દાસની આગેવાની હેઠળની ભાજપ સરકાર સામે આદિવાસીઓનો ગુસ્સો ૨૦૧૯માં હેમંત સોરેનને સત્તા પર લાવ્યો હતો. તેમણે કેટલીક સાર્વત્રિક કલ્યાણ યોજનાઓ પણ શરૂ કરી હતી. સોરેને એ પણ સુનિશ્ચિત કર્યું કે તેમણે રાષ્ટ્રીય જનતા દળ અને કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (ML-લિબરેશન) સાથે આદરપૂર્વક જોડાણ કરીને એક વ્યાપક સામાજિક ગઠબંધન બનાવ્યું. પરિણામે, જેએમએમએ તેના પરંપરાગત ગઢમાં મહત્તમ બેઠકો જાળવી રાખી છે, જ્યારે પરંપરાગત રીતે ભગવા પક્ષને પ્રાધાન્ય આપતા પ્રદેશોમાં ઈન્ડિયા જૂથની સંખ્યાને વિસ્તારી છે. ઝારખંડમાં ઈન્ડિયા બ્લોકની સીટ-વહેંચણીની વ્યવસ્થા મહારાષ્ટ્રમાં સમાન કરતાં વધુ યોગ્ય હતી. પ્રભાવશાળી જેએમએમએ ૪૩ બેઠકો પર ચૂંટણી લડી હતી, જ્યારે ૨૦૧૯ની સરખામણીમાં નબળું પ્રદર્શન કરનાર કોંગ્રેસે ૨૯ બેઠકો પર તેના ઉમેદવારો ઉભા રાખ્યા હતા. CPI(ML)એ ભારત ભાગીદાર તરીકે ત્રણ બેઠકો પર ચૂંટણી લડી હતી, જ્યારે RJDને છ બેઠકો મળી હતી. અપેક્ષા મુજબ, JMMનો સ્ટ્રાઈક રેટ ૭૫% થી વધુ છે. નાના સાથીઓએ પણ ગઠબંધનની મદદથી વ્યાપક વિજય મેળવ્યો હતો, જ્યારે કોંગ્રેસ, જે ઓછી સંગઠનાત્મક હાજરી ધરાવે છે. ઝુંબેશ દરમિયાન, સોરેન દંપતિને માત્ર આદિવાસી નેતાઓ તરીકે જ નહીં, પરંતુ ગરીબોના નેતાઓ તરીકે જોવામાં આવ્યા હતા. આ દંપતીએ ગ્રામીણ અર્થતંત્રને પુનર્જીવિત કરવા અને મોટા પ્રમાણમાં બિનઅસરકારક ધ્રુવીકરણ 'બાંગ્લાદેશી ઘૂસણખોરી' ઝુંબેશનો સામનો કરવા માટે રાજ્યમાં રોજગારની સ્થિતિ વિશે લાંબા ગાળાની વૈચારિક કથા પણ અસરકારક રીતે રજૂ કરી હતી. તેનાથી વિપરિત, ભાજપે તેના પૂર્વ ભાગીદાર, સુદેશ મહાતો અને બાબુલાલમરાંડીના ઝારખંડ વિકાસ મોરચા (પ્રજાતાંત્રિક)ની આગેવાની હેઠળના ઓલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયનને બોર્ડમાં લાવીને તેના વિભાજિત મોરચાને એક કરવાનો પ્રયાસ કર્યો હતો. ૨૦૧૪ પછીની તમામ ચૂંટણીઓ ગાણિતિક ચોકસાઈની રમત બની ગઈ છે. સરકાર સામે માત્ર સત્તા વિરોધી ભાવના વિપક્ષને જીતવા માટે અપૂરતી છે. કોંગ્રેસ, તેના બહુવિધ નુકસાન પછી પણ, તેના સામાજિક ગઠબંધનને વિસ્તૃત કરવા અને ભાજપ માટે વિશ્વસનીય વિકલ્પ તરીકે ગણી શકાય તેવી સ્પષ્ટ વૈચારિક કથા રજૂ કરવાના બે પરિબળોના મહત્ત્વને સમજવા માટે આગળ વધ્યું નથી. જ્યાં સુધી તે રાજકીય લેન્ડસ્કેપમાં આ બે પરિબળોની પૂરકતાને સમજે ત્યાં સુધી તેની તમામ જીત આકસ્મિક ગણવામાં આવશે.

# ઝારખંડના ચૂંટણી પરિણામો એ જળ, જંગલ અને જમીનની સુરક્ષા માટે અને બંધારણની રક્ષા કરતો વિજય ગણાવતા રાહુલ ગાંધી

## કોંગ્રેસ નેતાએ કહ્યું કે, મહારાષ્ટ્રના પરિણામો ધારણા બહારના હોવાથી અમે જરૂર સમીક્ષા કરીશું

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

ઝારખંડ વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસ અને ઝારખંડ મુક્તિ મોરચાના જોડાણને ભવ્ય વિજય મળ્યો તેને આવકાર આપતા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી પરિણામો બંધારણ તેમજ જળ જમીન અને જંગલના રક્ષણ માટેનું વિજય ગણાવ્યા હતા. તેમણે મહારાષ્ટ્રના પરિણામોને પણ અણધાર્યા ગણાવ્યા હતા અને કહ્યું હતું કે અમે રાજ્યના પરિણામોની વિગતવાર સમીક્ષા કરીશું. તેમણે સોશિયલ હેન્ડલ પર હિન્દીમાં પોસ્ટ મૂકતા જણાવ્યું હતું કે હું ઝારખંડના મતદારોનો આભાર માનું છું અને મહારાષ્ટ્રમાં પણ ઈન્ડિયા બ્લોક માટે મત આપનાર સૌનો આભાર માનું છું. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ઈન્ડિયા બ્લોકને જબરદસ્ત ચુકાદા સાથે સમર્થન આપવા બદલ ઝારખંડની પ્રજાનો અંતઃકરણથી આભાર માનું છું અને મુખ્યમંત્રી હેમંત સોરેનને ખૂબ જ અભિનંદન આપું છું અને એમને શુભેચ્છા પાઠવું છું અને એ સાથે કોંગ્રેસ તથા ઝારખંડ મુક્તિ મોરચાના તમામ કાર્યકરોને વિજય બદલ અભિનંદન આપું છું.



આ પરિણામો આવી જાય એ બંધારણ તથા જળ જમીન અને જંગલના રક્ષણ માટેનો વિજય છે. રાહુલ ગાંધીએ કેરાલાના વાયનાડમાં ભવ્ય વિજય મેળવનાર પ્રિયંકા ગાંધીની પણ ભરપૂર પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે પ્રિયંકા એમના સંકલ્પ અને દૃઢતા તથા નિશ્ચયથી વાયનાડનો કાયાકલ્પ કરશે. હું પરિવાર તરીકે ખૂબ જ ગૌરવ અનુભવું છું. મારા પરિવારે એમનામાં વિશ્વાસ મૂક્યો અને અમને ખાતરી જ હતી કે તેઓ ખૂબ જ લગન-સાહસ-ધગશ અને અડગ સંકલ્પ સાથે વાયનાડને વિકાસ અને સમૃદ્ધિનું મહાનગર બનાવશે અને તેની કાયાકલ્પ કરશે.

# આસામ પેટાચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના એનડીએનો સપાટો, તમામ પાંચ બેઠકો જીતી

## ભારતીય જનતા પાર્ટી (BJP)ની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) એ તમામ પાંચ મતવિસ્તારોમાં વિજય મેળવ્યો હતો, જેના પગલે પક્ષના સમર્થકોએ વ્યાપક ઉજવણી કરી હતી

(એજન્સી) તા.૨૪

આસામમાં યોજાયેલી તમામ પાંચ વિધાનસભા પેટાચૂંટણીઓમાં વિજયી બનતા ભારતીય જનતા પાર્ટી (BJP) અને તેના સહયોગી અસમ ગણ પરિષદ (AGP) અને યુનાઈટેડ પીપલ્સ પાર્ટી લિબરલ (UPPL)ના શાસક ગઠબંધને નોંધપાત્ર વિજયની ઉજવણી કરી. આસામની તમામ પાંચ પેટાચૂંટણી બેઠકોના અંતિમ પરિણામો જાહેર થતાં જ બોંગાઈગાંવ, ધોલાઈ, સિદલી, બેહાલી અને સમગુરીમાં આનંદની લહેર છવાઈ ગઈ હતી. ભારતીય જનતા પાર્ટી (BJP)ની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) એ તમામ પાંચ મતવિસ્તારોમાં વિજય મેળવ્યો હતો, જેનાથી પક્ષના સમર્થકોમાં વ્યાપક ઉજવણી કરવામાં આવી હતી. ભગવા રંગમાં લપેટાયેલી પાર્ટી કાર્યાલયોમાં ઉત્સાહી ભીડ ઉમટી પડતા ઢોલના નાદ, ફટાકડા ફોડવા અને વિજયના નારાઓથી શેરીઓ જીવંત બની ગઈ હતી. ભાજપ માટે, આ જીત માત્ર ચૂંટણીલક્ષી વિજયો કરતાં વધુ છે-તેઓ રાજ્યમાં તેમના પ્રભાવની પ્રચંડ પુષ્ટિ છે, જે ૨૦૨૬ની આસામ વિધાનસભાની ચૂંટણીઓ પહેલાં ઉત્સાહિત ઝુંબેશ માટે મંચ સુયોજિત કરે છે. બેહાલી, સામગુરી અને ધોલાઈમાં ઉમેદવારોએ મેદાન માર્યું, જ્યારે અન્ય બે બેઠકો-બોંગાઈગાંવ અને સિદલી-તેના એનડીએ ભાગીદારો, આસોમ ગણ પરિષદ (એજીપી) અને યુનાઈટેડ પીપલ્સ પાર્ટી, લિબરલ (યુપીપીએલ) માટે છોડીને, શાસક ગઠબંધન પેટાચૂંટણીમાં ૫-૦થી નિર્ણાયક વિજય સાથે જીત મેળવી. ધોલાઈમાં, ભાજપના નિહાર રંજન દાસે ૯,૦૯૮ મતોના માર્જિનથી જીત નોંધાવી હતી, જ્યારે દિપ્લુ રંજન સરમાએ કોંગ્રેસના લોકસભા સાંસદ રોકીબુલ હુસૈનના પુત્ર તંઝીલ હુસૈનને હરાવીને ૨૬૨૦૦ મતોથી ગરમાગરમ સ્પર્ધામાં સમાગુરી બેઠક પર વિજય મેળવ્યો હતો. બેહાલીએ કોંગ્રેસના જયંતા બોરાને ૯,૦૫૧ મતોના માર્જિનથી હરાવીને દિગંત ઘાટોવાલને વિજયી બનતા જોયા. સિદલીમાં, યુપીપીએલના નિર્મલ કુમાર બ્રહ્માએ કટ્ટર હરીફ બીપી સુધા કુમાર બસુમતરીને ૩૭,૦૧૬ મતોના માર્જિન સાથે હરાવી વ્યાપક જીત મેળવી હતી, જ્યારે દિપ્તમયી ચૌધરીએ બોંગાઈગાંવ મતવિસ્તારમાં આરામથી ૩૫,૧૬૪ મતોના માર્જિન સાથે કબજો મેળવ્યો હતો. તેમણે કોંગ્રેસના ઉમેદવાર આઈજીપીપીએસ સિનરાજસિંહને હરાવ્યા હતા. મુખ્યપ્રધાન હિમંતા બિસ્વા સરમાએ પરિણામો પછી એક લોકપ્રિય માઈક્રો-બ્લોગિંગ વેબસાઈટ પર લખ્યું હતું કે,વર્તમાન પેટાચૂંટણીઓમાં એનડીએનો ૫/૫નો વિજય એ આસામના સુશાસન અને વિકાસના આદર્શ @narendramodi જીના વિઝનને અવિશ્વસનીય સમર્થનનો પ્રચંડ પુરાવો છે...'' દરમિયાન, આસામ પ્રદેશ કોંગ્રેસ સમિતિ (APCC)ના પ્રમુખ ભૂપેન બોરાએ પેટાચૂંટણીમાં હાર સ્વીકારી પરંતુ પક્ષના મત શેરમાં વધારો નોંધ્યો. જોરહાટના સાંસદ ગૌરવ ગોગોઈએ ટિપ્પણી કરી હતી કે ઉત્તર આસામમાં કોંગ્રેસ મજબૂત થઈ રહી છે. તેમણે કહ્યું,અમે આવનારા દિવસોમાં અમારી પાર્ટીને મજબૂત કરીશું. આ પેટાચૂંટણી જીતવા માટે ભાજપે ભારે સંઘર્ષ કર્યો હતો. સમગ્ર પ્રક્રિયા દરમિયાન વહીવટી તંત્રે એકતરફી કાર્યવાહી કરી હતી. જો તમે તેના વિશે વિચારો છો, તો આ ચૂંટણીમાં ખરેખર કોઈ જીતી શક્યું નથી - તે ડ્રો જેવું છે.'' પેટાચૂંટણીના પરિણામોની કોંગ્રેસની વ્યૂહરચના પર નોંધપાત્ર અસર થવાની ધારણા છે કારણ કે તે ૨૦૨૬ની વિધાનસભાની ચૂંટણીઓ માટે તૈયારી કરી રહી છે. જો કોંગ્રેસ ગઠબંધન સાથે હોત તો પાર્ટીની તકો વધુ સારી હોત જેનો અગાઉ ગૌરવ ગોગોઈએ સ્વીકાર કર્યો હતો. પેટા-ચૂંટણીના પરિણામો પછી યુનાઈટેડ ઓપોઝિશન ફોરમમાંથી બહાર નીકળેલી કોંગ્રેસે હવે ફરીથી વિપક્ષને સાથે લાવવો પડશે જ્યારે સત્તાધારી ભાજપ એજીપી અને યુપીપીએલ સાથે તેમનું જોડાણ ચાલુ રાખશે.

# મંદિરની મુલાકાત, મંદિરનું શુદ્ધિકરણ અને તેમની વિરુદ્ધ ફતવો પુત્રવધૂ નસીમ સોલંકીએ સિસમાઉમાં કેવી રીતે જીત મેળવી છે

(એજન્સી) તા.૨૪

યુપીમાં નવ બેઠકોમાંથી ભાજપે છ બેઠકો જીતી હતી, જ્યારે તેના સહયોગી આરએલડીએ એક બેઠક જીતી હતી. વિપક્ષી સમાજવાદી પાર્ટીએ સિસમાઉ સહિત બાકીની બે બેઠકો જીતી હતી. આ બેઠક પર સપાના ઉમેદવાર નસીમ સોલંકીએ તેમના નજીકના હરીફ, ભાજપના સુરેશ અવસ્થીને ૮૫૬૪ મતોના માર્જિનથી હરાવ્યા હતા. સોલંકીને ૬૯,૭૧૪ વોટ મળ્યા જ્યારે અવસ્થીને ૬૧,૧૫૦ વોટ મળ્યા હતા.

ચૂંટણી જીત્યા પછી તેણીએ કહ્યું કે, જીત પછી તેણીનો પ્રથમ કોલ તેના જેલમાં બંધ પતિ, પૂર્વ ધારાસભ્ય ઈરફાન સોલંકી હશે. હું સર્વશક્તિમાન અલ્લાહ, એસપી વડા અખિલેશ યાદવ અને તે તમામ લોકોનો આભારી છું કે જેમણે મને ટેકો આપ્યો છે. જાજમાઉ વિસ્તારમાં એક મહિલાના ઘરને આગ લગાડવા બદલ કોર્ટે તેમને અને અન્ય ચારને સાત વર્ષની સખત કેદની સજા ફટકાર્યા બાદ આ વર્ષે જૂનમાં સોલંકીએ યુપી વિધાનસભામાં તેમનું સભ્યપદ ગુમાવ્યું હતું.

આ સહાનુભૂતિની લહેરે નસીમ સોલંકીની તરફેણમાં કામ કર્યું હોય તેવું લાગતું હતું અને તેણીની વિવાદાસ્પદ મંદિરની મુલાકાત સાથે બિન-મુસ્લિમ મતો તેની તરફેણમાં આવ્યા હતા. રાજકીય વિશ્લેષક અને લખનૌની ડૉ.ભીમરાવ આંબેડકર યુનિવર્સિટીના પોલિટિકલ સાયન્સ વિભાગના વડાએ જણાવ્યું હતું કે, એમાં કોઈ શંકા નસીમ સોલંકીને તેમના પતિ, સિસમાઉના પૂર્વ ધારાસભ્ય ઈરફાન સોલંકીની જેલવાસને કારણે સહાનુભૂતિના મતોનો ફાયદો થયો હતો. જો કે, માત્ર સહાનુભૂતિ જ બિન-મુસ્લિમ મત નિર્ણાયક હોય તેવા મતવિસ્તારમાં તેણીની જીત સુરક્ષિત કરી શકી નથી. મંદિરની મુલાકાતનો વિવાદ ગેમ-ચેન્જર હતો, જે બિન-મુસ્લિમ મતદારોને તેની તરફેણમાં લઈ ગયો હતો.

આ વિવાદ ત્યારે વધ્યો જ્યારે હિંદુ સમુદાયે પણ તેણીની મંદિરની મુલાકાત સામે સખત વાંધો ઊઠાવ્યો, ત્યારબાદ મંદિરના કથિત શુદ્ધિકરણ સાથે સત્તાધારી ભાજપે સપાના ઉમેદવાર પર હિન્દુ મતદારોને પ્રભાવિત કરવાના હેતુથી મંદિરની મુલાકાતનો ઉપયોગ 'રાજકીય સ્ટંટ' તરીકે કરવાનો આરોપ લગાવ્યો હતો. નસીમ સોલંકી માટે અન્ય માથાનો દુઃખાવો થયો, ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાત, જે ઈસ્લામના બરેલવી સંપ્રદાયનું પ્રતિનિધિત્વ કરે છે, તેણે તેના વિરુદ્ધ ફતવો બહાર પાડ્યો અને તેને શરિયા કાયદા હેઠળ બિન-ઈસ્લામિક ગણાવી હતી.

તેના જવાબમાં સપા ઉમેદવારે કહ્યું કે, તે મંદિરમાં પ્રાર્થના કરતી નથી. હું પસાર થઈ રહી હતી. મારી સાથે રહેલા કાર્યકરોએ મને એક દીવો પ્રગટાવવા અને દિવાળીની શુભકામનાઓ આપવાનું સૂચન કર્યું, તેથી જ મારી મુલાકાતનું કારણ હતું. હું ન તો કોઈ ધર્મ અપનાવવાનો પ્રયાસ કરી રહી હતી અને ન તો મંદિરમાં પૂજા કરી રહી હતી.

રાજકીય નિરીક્ષકો કહે છે કે, મંદિરની મુલાકાત સમાજવાદી પાર્ટી દ્વારા સિસમાઉની જ્ઞાતિની વસ્તીને ધ્યાનમાં રાખીને ગણતરીપૂર્વકની ચાલ હોઈ શકે છે. એસપીના ગઢ તરીકે ઓળખાતા આ મતવિસ્તારમાં છેલ્લી છ ચૂંટણીઓથી સતત પાર્ટીને સમર્થન મળ્યું છે. આ મુસ્લિમ-દલિત-બ્રાહ્મણ પ્રભુત્વ ધરાવતા વિસ્તારમાં આશરે ૧,૧૧,૦૦૦ મુસ્લિમ મતદારો છે, ત્યારબાદ ૭૦,૦૦૦ બ્રાહ્મણ મતદારો અને ૬૦,૦૦૦ દલિત મતદારો છે. અન્ય પ્રભાવશાળી જૂથોમાં ૨૬,૦૦૦ કાયસ્થ, ૬૦૦૦ સિંધી અને પંજાબીઓ, ૬૦૦૦ ક્ષત્રિયો અને ૧૨,૪૦૦થી વધુ OBC મતદારોનો સમાવેશ થાય છે. આ વૈવિધ્યસભર જાતિની રચનાને જોતા SP ઉમેદવારની મંદિરની મુલાકાત, જેનો ઉદ્દેશ્ય બ્રાહ્મણ મતદારોને આકર્ષવાનો હોઈ શકે છે, તે રાજકીય વ્યૂહરચના હોવાની અટકળો ઊભી કરે છે. ઈરફાનના પિતા હાજી મુશ્તાકથી શરૂ કરીને સોલંકી પરિવાર દાયકાઓથી બેઠકનું પ્રતિનિધિત્વ કરે છે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં મજબૂત મોદી લહેર હોવા છતાં ઈરફાન સોલંકીએ ભાજપના સુરેશ અવસ્થીને હરાવ્યા હતા અને ૨૦૨૨માં સલિલ વિશ્નોઈ સામે ૧૨,૦૦૦ મતોના માર્જિનથી જીત મેળવી હતી.

**કાનપુરમાં સિસમાઉ વિધાનસભા પેટાચૂંટણીમાં સમાજવાદી પાર્ટીની જીત શું સમજાવે છે ? :**

રાજકીય નિષ્ણાતોના મતે મંદિરની મુલાકાતના વિવાદે અખિલેશ યાદવની આગેવાની હેઠળની પાર્ટીની તરફેણમાં ચૂંટણીનો પ્રવાહ બદલી નાખ્યો અને જટિલ જાતિ સમીકરણો તેની તરફેણમાં ગોઠવી દીધા હતા.

નવ બેઠકોમાંથી ભાજપે છ બેઠકો જીતી હતી, જ્યારે તેના સહયોગી આરએલડીએ એક બેઠક જીતી હતી. વિપક્ષી સમાજવાદી પાર્ટીએ સિસમાઉ સહિત બાકીની બે બેઠકો જીતી હતી. આ બેઠક પર સપાના ઉમેદવાર નસીમ સોલંકીએ તેમના નજીકના હરીફ, ભાજપના સુરેશ અવસ્થીને ૮૫૬૪ મતોના માર્જિનથી હરાવ્યા હતા. સોલંકીને ૬૯,૭૧૪ વોટ મળ્યા જ્યારે અવસ્થીને ૬૧,૧૫૦ વોટ મળ્યા હતા.

# પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં સાંપ્રદાયિક હિંસામાં ૧૮ લોકો મૃત્યુ પામ્યા...

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

પોલીસે જણાવ્યું હતું કે ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના અશાંત ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં છેલ્લાં ૨૪ કલાકમાં સાંપ્રદાયિક હિંસામાં ઓછામાં ઓછા ૧૮ લોકો માર્યા ગયા અને ૩૦ અન્ય ઘાયલ થયા. અફઘાનિસ્તાનની સરહદે આવેલા કુર્રમ જિલ્લામાં અલીઝાઈ અને બાગાન આદિવાસીઓ વચ્ચેની અથડામણ ગુરુવારના રોજ પેસેન્જર વાનના કાફલા પરના હુમલા બાદ થઈ હતી જેમાં આતંકવાદીઓ દ્વારા ૪૭ લોકો માર્યા ગયા હતા. બાલિશખેલ, ખાર કાલી, કુંજ અલીઝાઈ અને મકબલમાં પણ ગોળીબાર ચાલુ છે. આદિવાસીઓ ભારે અને સ્વચાલિત હથિયારોથી એકબીજાને નિશાન બનાવી રહ્યા છે. અથડામણમાં અત્યાર સુધીમાં ૧૮ લોકો માર્યા ગયા છે અને ૩૦ ઘાયલ થયા છે. સ્વતંત્ર અને મીડિયા સ્ત્રોતોએ અથડામણમાં ૩૦થી વધુ લોકોના મોતના અહેવાલ આપ્યા છે.

આ લડાઈમાં ઘરો અને દુકાનોને પણ નુકસાન થયું છે. વિવિધ ગામોમાંથી લોકો સુરક્ષિત સ્થળોએ ભાગી ગયા છે. પ્રાઈવેટ એજ્યુકેશન નેટવર્કના ચેરમેન મુહમ્મદ હયાત હસને પુષ્ટિ આપી હતી કે, બગડતી પરિસ્થિતિને કારણે શનિવારે જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહેશે. પોલીસે જણાવ્યું હતું, ગુરુવારે બાગાન, મંડુરી અને ઓચ્છત ખાતે ૫૦થી વધુ પેસેન્જર વાહનો પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ગોળીબારમાં છ વાહનો સીધા અથડાયા હતા, જેના પરિણામે મહિલાઓ અને બાળકો સહિત ૪૭ લોકોના મોત થયા હતા.

અધિકારીઓએ જણાવ્યું કે, આ વાહનો કાફલામાં પારાચિનારથી ખૈબર પખ્તુનખ્વાની રાજધાની પેશાવર જઈ રહ્યા હતા.તેઓએ કહ્યું ક, મોટાભાગના પીડિતો શિયા સમુદાયના હતા.

# મહારાષ્ટ્ર ખુશ નથી : સંજય રાઉતે મહાયુતિ દ્વારા સપાટો બોલાવી દેતા વિજય સામે સવાલ ઊઠાવ્યા

(એજન્સી) તા.૨૪

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો પર નિરાશા વ્યક્ત કરતા શિવસેનાના નેતા સંજય રાઉતે રવિવારે તેમના પક્ષના કાર્યકર્તાઓના નિશ્ચય પર ભાર મૂક્યો હતો. ૨૩૫ બેઠકો મેળવીને મહાયુતિ ગઠબંધનની ભવ્ય જીત પર ટિપ્પણી કરતા, રાઉતે સંભવિત ગેરરીતિઓનો સંકેત આપ્યો અને દાવો કર્યો કે રાજ્યના લોકો આ પરિણામોથી ખુશ નથી.

રાઉતે કહ્યું, 'અમે નિરાશ નથી, અમે લડવાના છીએ. અમે બાળાસાહેબ ઠાકરેના શિવસૈનિક છીએ. બાળાસાહેબ ઠાકરેએ પણ પોતાના જીવનમાં જીત અને હારનો અનુભવ કર્યો છે. તેમણે દાવો કર્યો હતો કે ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળની મહાયુતિની જંગી સફળતા છતાં જાહેર ઉજવણીના કોઈ સંકેત દેખાતા નથી.

તેમણે કહ્યું કે મહારાષ્ટ્રના લોકો દુઃખી છે, તેઓ ખુશ નથી. ઉજવણી ક્યાં ચાલી રહી છે ? બીજેપી કાર્યાલય અથવા એકનાથ શિંદેના નિવાસસ્થાને કંઈક જોવા મળ્યું હશે, પરંતુ પરિણામોને જોતા લોકો હજી પણ આશ્ચર્યચકિત છે કે તે આ કેવી રીતે થયું. મહાયુતિ ગઠબંધને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ૨૮૮માંથી ૨૩૫ બેઠકો જીતીને જીત મેળવી હતી. એકલા ભાજપે ૧૩૨ બેઠકો જીતી હતી, જ્યારે તેના સાથી પક્ષો - એકનાથ શિંદેના શિવસેના જૂથ અને અજિત પવારના NCP જૂથે અનુક્રમે ૫૭ અને ૪૧ બેઠકો જીતી હતી. તેનાથી વિપરીત, વિપક્ષી મહા વિકાસ અઘાડી (MVA) ગઠબંધનને માત્ર ૪૯ બેઠકો મળીને મોટો આંચકો લાગ્યો હતો. શિવસેના (UBT)ને ૨૦, કોંગ્રેસને ૧૬, શરદ પવારના NCPને ૧૦ અને સમાજવાદી પાર્ટીને ૨ બેઠકો મળી હતી.

# બીજેપી બિહાર વિધાનસભા ચૂંટણીમાં કેન્દ્રની યોજનાઓ મતદારો સુધી પહોંચ પર ધ્યાન કેન્દ્રિત કરશે

## ભાજપની રાજ્ય કોર કમિટીના મુખ્ય સભ્યોએ કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહના નિવાસસ્થાને બેઠક યોજી હતી, જેની અધ્યક્ષતા બિહાર ભાજપના પ્રભારી વિનોદ તાવડેએ કરી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

રાજ્યમાં આવતા વર્ષે યોજનારી વિધાનસભાની ચૂંટણી માટેની વ્યૂહરચના અંગે ચર્ચા કરવા અહીં મળેલી બીજેપીના બિહાર એકમે, પ્રચાર દરમિયાન કેન્દ્રની વિકાસ યોજનાઓ અને કલ્યાણકારી યોજનાઓને પ્રકાશિત કરવા ઉપરાંત ગ્રાસરૂટ આઉટરીચ ડ્રાઈવ શરૂ કરવાનો નિર્ણય લીધો હોવાનું પાર્ટીના નેતાઓએ બેઠક બાદ જણાવ્યું હતું.

ભાજપની રાજ્ય કોર કમિટીના મુખ્ય સભ્યોએ કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહના નિવાસસ્થાને બેઠક યોજી હતી, જેની અધ્યક્ષતા બિહાર ભાજપના પ્રભારી વિનોદ તાવડેએ કરી હતી. ભાજપના નેતાઓએ કથિત રીતે છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીના પ્રદર્શનની સમીક્ષા કરી હતી અને એવા મતવિસ્તારોની ઓળખ કરી હતી જ્યાં ઉમેદવારો નજીવી સરસાઈથી હારી ગયા હતા. બેઠકમાં હાજરી આપનાર ભાજપના નેતાએ જણાવ્યું હતું કે, ''અમે અમારી સ્થિતિ મજબૂત કરવા માટે નબળી વિધાનસભા બેઠકો પર ધ્યાન કેન્દ્રિત કરીશું. આ વખતે આ મતવિસ્તારોમાં અમારો વિજય સુનિશ્ચિત કરવા માટે વધારાના પ્રયાસો કરવામાં આવશે.'' એનડીએના ભાગરૂપે, બિહારમાં સીએમ નીતિશ કુમારના નેતૃત્વમાં ભાજપ સત્તામાં છે. જો કે, પાર્ટી કેન્દ્રની વિકાસ પહેલ અને ગઠબંધન સરકારની કામગીરી પર આધાર રાખીને ૨૦૨૫ની ચૂંટણીમાં સૌથી મોટી એન્ટિટી તરીકે ઉભરી આવવાની વ્યૂહરચના બનાવી રહી છે. બેઠક દરમિયાન ચર્ચા કરાયેલા મુખ્ય મુદ્દાઓમાં સમાન નાગરિક સંહિતા, ઓબીસી કલ્યાણ અને વકફ બોર્ડનો સમાવેશ થાય છે. પાર્ટીના નેતાઓએ ચૂંટણીની જાહેરાત પહેલા આ મુદ્દાઓ પર ધ્યાન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. બીજેપીના અન્ય એક નેતાએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, "પાર્ટી પ્રમુખની ચૂંટણીની તૈયારી અને સદસ્યતા અભિયાન સહિત સંગઠનાત્મક મુદ્દાઓ પણ બેઠકમાં ધ્યાનમાં લેવામાં આવ્યા હતા." જો કે તાવડેએ એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ચર્ચા સંગઠનાત્મક મુદ્દાઓ, શાસન અને શરૂ થનારા કાર્યક્રમો પર કેન્દ્રિત હતી. પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ દિલીપ જયસ્વાલ અને ડેપ્યુટી સીએમ વિજય સિંહા અને સમ્રાટ ચૌધરી બેઠકમાં હાજર રહ્યા હતા.

**સિંગલ ફોકસ**

રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનના ભાગરૂપે ભાજપ બિહારમાં મુખ્ય પ્રધાન અને JD(U)ના સુપ્રીમો નીતીશ કુમારની આગેવાની હેઠળ સત્તામાં છે. જો કે, ભગવા પક્ષ કેન્દ્રની વિકાસ પહેલ અને ગઠબંધન સરકારની કામગીરી પર આધાર રાખીને ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણીમાં એકમાત્ર સૌથી મોટી એન્ટિટી તરીકે ઉભરી આવવાની વ્યૂહરચના બનાવી રહી છે.

# શિવસેના (શિંદે) વિરૂદ્ધ શિવસેના (ઉદ્ધવ)ની લડાઈ : એકનાથ શિંદેની પાર્ટીએ ઉદ્ધવ ઠાકરેના સંગઠનને ૩૬ સીટો પર હરાવ્યું, ૧૪ સીટો પર હારી ગઈ

## શાસક મહાયુતિ ગઠબંધનના ઘટક શિંદેની સેનાએ રાજ્યની ચૂંટણીમાં લડેલી ૮૧ બેઠકોમાંથી ૫૭ બેઠકો જીતી હતી

(એજન્સી) તા.૨૪

મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાએ મહારાષ્ટ્રમાં ૩૬ વિધાનસભા બેઠકો પર ઉદ્ધવ ઠાકરેની પ્રતિસ્પર્ધી શિવસેના (UBT)ને હરાવી દીધી છે. શાસક મહાયુતિ ગઠબંધનના ઘટક શિંદેની સેનાએ રાજ્યની ચૂંટણીમાં લડેલી ૮૧ બેઠકોમાંથી ૫૭ બેઠકો જીતી હતી. વિપક્ષી મહા વિકાસ અઘાડી (MVA)માં ભાગીદાર સેના (UBT), ૯૫ ઉમેદવારો ઊભા કરવા છતાં માત્ર ૨૦ જ જીતવામાં સફળ રહી. ૧૪ બેઠકો પર તેણે શિવસેનાના ઉમેદવારોને હરાવ્યા હતા. તેમના સૌથી મોટા રાજકીય જુગારમાં, શિંદેએ જૂન ૨૦૨૨માં ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ સામે બળવો કર્યો અને મુખ્ય પ્રધાન બનવા માટે તેમના સમર્થકો સાથે ભાજપ સાથે જોડાણ કર્યું. આ પગલાથી સેનાનું વિભાજન થયું, ઠાકરેની આગેવાની હેઠળની એમવીએ સરકારનું પતન થયું અને બે જૂથો વચ્ચે ઝઘડો થયો. ત્યારબાદ, શિંદેને ચૂંટણી પંચ તરફથી પક્ષનું નામ અને તેનું 'ધનુષ-બાણ' પ્રતીક મળ્યું. શિંદેએ મોટાભાગના વર્તમાન ધારાસભ્યોને જાળવી રાખ્યા હતા, જેમણે બે વર્ષ પહેલાં બળવાનું નેતૃત્વ કર્યું ત્યારે તેમની સાથે રહેવાનું પસંદ કર્યું હતું. રાજ્યની ચૂંટણી માટે મતોની ગણતરી કરવામાં આવી ત્યારે તેઓએ જીત મેળવી હતી. સિલ્લોડમાં મંત્રી અબ્દુલ સત્તારે સુરેશ બાંકરને હરાવ્યા. ઔરંગાબાદ સેન્ટ્રલમાં બાળાસાહેબ થોરાટ સામે લડનાર પ્રદીપ જયસ્વાલ વિજેતા બન્યો હતો. સંજય શિરસાટે ઔરંગાબાદ પશ્ચિમ બેઠક પર રાજુ શિંદેને હરાવ્યા, જ્યારે વિલાસ ભુમરે પૈઠાણમાં દત્તાત્રેય ગોર્ડે સામેની લડાઈમાં જીત્યા. તેમની પત્ની અને વર્તમાન ધારાસભ્ય લતા સોનાવણેનું સ્થાન લેનાર ચંદ્રકાંત સોનાવણેએ ચોપડામાં સેના (UBT)ના પ્રભાકર સોનાવણેને હરાવ્યા હતા. સંજના જાધવે કન્નડમાં ઉદયસિંગ રાજપૂતને હરાવ્ય, જ્યારે સંજય બાંગરે કલમનુરીમાં સંતોષ તરફે સામે વિજય મેળવ્યો. નંદગાંવમાં ગણેશ ધાત્રકને સુહાસ કાંડે જીત્યા દાદા ભૂસેએ માલેગાંવ આઉટરમાં પ્રશાંત હિરેને હરાવ્યા. આદિવાસી બહુલ પાલઘર મતવિસ્તારમાં રાજેન્દ્ર ગાવિતે જયેન્દ્ર દુબલાને હરાવ્યા હતા. થાણે જિલ્લાના ભિવંડી ગ્રામીણમાં, જ્યાં સીએમ શિંદેનો દબદબો છે, તેમની પાર્ટીના શાંતારામ મોરેએ ઉદ્ધવના માણસ મહાદેવ ઘાટલને હરાવ્યા. વિશ્વાસ ભોઈરે કલ્યાણ પશ્ચિમમાં સચિન બસરેને હરાવ્યા, જ્યારે પ્રતાપ સરનાઈકે થાણે શહેરના ઓવલા માજીવાડામાં નરેશ માનેરાને હરાવ્યા. શિંદેએ પોતાની કોપરી-પચપાખાડી બેઠક પર જંગી જીત નોંધાવી, કેદાર દિઘેને ૧.૨ લાખ મતોના માર્જિનથી હરાવ્યા. પ્રકાશ સુર્વેએ મગાથાણેમાં ઉદેશ પાટેકરને જ્યારે અશોક પાટીલે ભાંડુપ પશ્ચિમમાં રમેશ કોરગાંવકરને હરાવ્યા. તુકારામ કાટે ચેમ્બુરમાં પ્રકાશ ફાટેરપેકરને હરાવ્યા હતા. લટકે અને ફતરપેકર બંને બેઠક ધારાસભ્યો હતા જેઓ ઉદ્ધવ સાથે રહ્યા હતા. ભરત ગોગાવાલેને મહાડ બેઠક પર સ્નેહલ જગતાપ કરતાં વધુ મત મળ્યા, જ્યારે શંભુરાજ દેસાઈએ પાટણમાં ભાનુપ્રતાપ કદમને હરાવ્યા. કોસ્ટલ દાપોલીમાં યોગેશ કદમે સંજય કદમને હરાવ્યા હતા. મંત્રી ઉદય સામંત રત્નાગીરીમાં બાલ માને સામે જીત્યા, જ્યારે કિરણ સામંતે રાજાપુરમાં વર્તમાન ધારાસભ્ય રાજન સાલ્વીને હરાવ્યા. ચૂંટણી પહેલા ભાજપમાંથી શિવસેનામાં આવેલા નિલેશ રાણેએ કુડાલમાં વર્તમાન ધારાસભ્ય વૈભવ નાઈકને હરાવ્યા હતા. ગોવા નજીક સાવંતવાડીમાં દીપક કેસરકર અને રાધાનગરીમાં પ્રકાશ અબિટકરે કેપી પાટીલને હરાવ્યા. શિંદે શિવસેના સામે સેના (UBT) ૧૪ બેઠકો પર જીતી હતી. શિવસેનાના ૧૨.૩૮ ટકાની સરખામણીમાં સેના (UBT)નો વોટ શેર ૯.૯૬ ટકા હતો. ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધને શનિવારે મહારાષ્ટ્રમાં સત્તા જાળવી રાખી, ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી ૨૩૦ બેઠકો પર કબજો જમાવ્યો છે અને કોંગ્રેસની આગેવાની હેઠળની મહા વિકાસ અઘાડીનું સત્તા મેળવવાનું સ્વપ્ન અધૂરું રહી ગયું છે અને વિપક્ષ માત્ર ૪૬ બેઠકો મેળવવામાં સફળ રહ્યો. ચૂંટણી પંચે જાહેરાત કરી હતી કે ભાજપે ૧૩૨ બેઠકો, શિવસેનાને ૫૭ અને એનસીપીને ૪૧ બેઠકો મળી છે. MVAમાં, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર) ઉમેદવારોએ ૧૦ બેઠકો જીતી, કોંગ્રેસે ૧૬ બેઠકો જીતી, જ્યારે શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) ૨૦ બેઠકો જીતી છે.

# ૬૦ વર્ષમાં પ્રથમવાર મહારાષ્ટ્રમાં વિપક્ષના કોઈ નેતા નહીં હોય

## નિર્ધારિત નિયમો મુજબ કોઈપણ વિપક્ષી પક્ષ પાસે વિપક્ષના નેતાના પદનો દાવો કરવા માટે વિધાનસભાની કુલ સંખ્યાના ૧૦ ટકા બેઠકો હોવી આવશ્યક છે

(એજન્સી) મુંબઈ, તા.૨૪

૬૦ વર્ષમાં પ્રથમ વખત મહારાષ્ટ્ર વિધાનસભામાં કોઈ વિપક્ષી નેતા (LoP) નહીં હોય કારણ કે, કોઈ વિરોધ પક્ષ આ પદ માટે પાત્ર નથી. મહા વિકાસ અઘાડી ગઠબંધનને આંચકો લાગ્યો છે જેનો ૨૦ નવેમ્બરે યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મોટો પરાજય થયો હતો. હાલમાં જ પૂર્ણ થયેલી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં સત્તાધારી ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધને તેના સાથી પક્ષો- શિવસેના અને એનસીપીએ જબરદસ્ત જીત નોંધાવી હતી.



ભાજપે ૧૩૨ બેઠકો જીતી છે; મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાએ ૫૭ બેઠકો જીતી છે અને નાયબ મુખ્યમંત્રી અજિત પવારની આગેવાની હેઠળની NCPને ૪૧ બેઠકો મળી છે. રાજ્યમાં વિધાનસભાની ૨૮૮ બેઠકો છે.

મહા વિકાસ અઘાડી (MVA)ના ઘટકોને ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (UBT)ને ૨૦ બેઠકો, કોંગ્રેસને ૧૬ અને શરદ પવારની આગેવાની હેઠળની NCP (SCP) માત્ર ૧૦ બેઠકો મળી છે. હવે નિર્ધારિત નિયમો મુજબ કોઈપણ વિપક્ષી પક્ષ પાસે વિપક્ષના નેતાના પદનો દાવો કરવા માટે વિધાનસભાની કુલ સંખ્યાની ૧૦ ટકા બેઠકો હોવી આવશ્યક છે. આ સ્થિતિમાં ૨૮૮ બેઠકોમાંથી ૧૦ ટકા અથવા ૨૮-૨૯ બેઠકો ધરાવતી પાર્ટી આ પદ માટે દાવો કરી શકે છે. જો કે, તમામ MVA પક્ષો પાસે તેનાથી ઓછી બેઠકો છે.

પૂર્વ મુખ્ય સચિવ (વિધાનમંડળ) અનંત કાલસેએ ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને જણાવ્યું હતું કે, ૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભામાં જો વિરોધ પક્ષ પાસે ૨૮ ચૂંટાયેલા સભ્યો હોય તો જ તે વિપક્ષના નેતાને નોમિનેટ કરી શકે છે. શનિવારની રાજ્ય વિધાનસભા ચૂંટણીના પરિણામો અનુસાર સૌથી મોટી વિપક્ષી પાર્ટી શિવસેના (UBT) પાસે માત્ર ૨૧ સભ્યો છે, તેથી તે આ પદ માટે દાવો કરી શકે નહીં. કોંગ્રેસ ૧૬ સભ્યો સાથે અને શરદ પવારની આગેવાની હેઠળની NCP ૧૦ સભ્યો હોવાથી તે પણ વિચારણાના ક્ષેત્રમાં નથી.

# મહારાષ્ટ્રમાં બંને રાષ્ટ્રીય પક્ષોનો રેકોર્ડ : ભાજપની અત્યાર સુધીની સર્વશ્રેષ્ઠ સંખ્યા, કોંગ્રેસની અત્યાર સુધીની સૌથી ખરાબ

(એજન્સી) મુંબઈ, તા.૨૪

૨૦૧૪માં ભારતીય જનતા પાર્ટી (BJP)એ સમગ્ર મહારાષ્ટ્ર વિધાનસભામાં ૨૮૮માંથી ૧૨૨ બેઠકો જીતી હતી અને કોંગ્રેસને રાજ્યમાં તેની અત્યાર સુધીની સૌથી ખરાબ સંખ્યા ૪૨ પર રાખી હતી. કોંગ્રેસ જે લોકસભાની ચૂંટણીઓ પછી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી, તેણે મહારાષ્ટ્રની ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી માત્ર ૧૬ બેઠકો જીતી હતી, રાજ્યમાં તેના કેટલાક મોટા નેતાઓને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. પાર્ટીએ પોતાના સિમ્બોલ પર ૧૦૦ સીટો પર ઉમેદવારો ઊભા રાખ્યા હતા. આ ચૂંટણીઓમાં ૧૪૯ બેઠકો પર ચૂંટણી લડનાર



## ૭૪ બેઠકોમાંથી જ્યાં કોંગ્રેસ અને ભાજપનો સીધો મુકાબલો થયો હતો તેમાંથી કોંગ્રેસ માત્ર સાતમાં જ જીતી શકી છે, કોંગ્રેસના નેતાઓ લાડકી બહિન યોજના અને ઉમેદવારની પસંદગીમાં નબળા પ્રતિસાદને દોષી ઠેરવે છે

ભાજપે અભૂતપૂર્વ ૧૩૨ બેઠકો જીતી હતી. કોંગ્રેસ અને ભાજપ આ વખતે ૭૪ બેઠકો પર સીધા જ એકબીજા સામે ટકરાયા હતા, તેમાંથી કોંગ્રેસ માત્ર ૭ બેઠકો પર જ ભાજપને પછાડવામાં સફળ રહી હતી.

આ વર્ષની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે મહારાષ્ટ્રની ૪૮ સંસદીય બેઠકોમાંથી ૧૩ બેઠકો જીતી હતી. વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપે લોકસભા ચૂંટણીમાં તેના નબળા પ્રદર્શન માટે ભાજપ સામે મુસ્લિમ મતોના એકત્રીકરણને પણ દોષી ગણ્યા હતા તેને 'વોટ જેહાદ' ગણાવ્યો હતો અને હિન્દુઓને એકત્ર કરવા અને મતદાન કરવા માટે આહ્‌વાન કર્યું હતું.

કોંગ્રેસના નેતાઓને લાગે છે કે, તેમનો પક્ષ મહાયુતિની લાડકી બહિન યોજનાનો જવાબ આપવામાં નિષ્ફળ ગયો છે, જેને આ ચૂંટણીઓમાં ગેમ-ચેન્જર તરીકે વર્ણવવામાં આવી રહી છે. કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ નામ ન આપવાની શરતે કહ્યું કે, આ ચૂંટણીમાં બીજેપીના ઉમેદવારો 'લાડકી બહિન' યોજનાને હાઈલાઈટ કરતા ફરતા હતા, ત્યારે રાહુલ ગાંધી તેમની રેલીઓમાં ભારતીય બંધારણની વાત કરતા હતા. રાજ્યની ચૂંટણીમાં બંધારણ સામે ખતરો હોવાનો મુદ્દો ક્યારેય કામ કરી શકે નહીં. તેઓએ તેમની લાડકી બહિન યોજના કેવી રીતે ખોટી છે અને અમારી યોજના કેવી રીતે સારી હોઈ શકે તે વિશે વાત કરવી જોઈએ. શિંદેની આગેવાની હેઠળની મહાયુતિ સરકારે આ વર્ષે જુલાઈમાં તેના બજેટમાં લાડકી બહિન યોજના શરૂ કરી હતી. આ ગઠબંધને લોકસભામાં નિરાશાજનક પ્રદર્શન કર્યું હતું, જેમાં મહારાષ્ટ્રની ૪૮ બેઠકોમાંથી માત્ર ૧૭ બેઠકો જીતી હતી. આ યોજનામાં ૨.૫ લાખ રૂપિયાની વાર્ષિક કૌટુંબિક આવક સાથે ૨૧થી ૬૫ વર્ષની વયજૂથની લાયક મહિલાઓને દર મહિને ૧૫૦૦ રૂપિયા આપવાનો સમાવેશ થાય છે. પત્રકારો સાથે વાત કરતા મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ નાના પટોલે જેમણે ૨૦૮ મતોના ઓછા માર્જિનથી માંડ માંડ પોતાની સીટ બચાવી, કહ્યું; તેમણે કહ્યું કે, અમે આત્મનિરીક્ષણ કરીશું. અમે આ ચુકાદાને માનતા નથી. હવે તેઓએ તેમના મેનિફેસ્ટોના વચનને પૂર્ણ કરવું પડશે કે તેઓ દર મહિને ચૂકવણી વધારીને રૂા.૨૧૦૦, ખેડૂતો માટે ૨૪/૭ મફત વીજળી અને કપાસ અને સોયાબીનના ખેડૂતો માટે લાભદાયક રહે. અમે સુનિશ્ચિત કરીશું કે તેઓ પ્રચાર દરમિયાન આપેલા દરેક વચનને પૂર્ણ કરે. પાર્ટીએ ધાંગેકરને સમર્થન આપ્યું હતું કારણ કે, તેમણે ૨૦૨૩ની પેટાચૂંટણીમાં ભાજપના સૌથી જૂના ગઢ ગણાતા કસ્બા પેઠમાંથી ભાજપને હરાવી દીધો હતો. પરંતુ તે સમયે પરિબળો અલગ હતા. પુણેમાં બ્રાહ્મણ ઉમેદવારોને નજરઅંદાજ કરવા બદલ ભાજપના મતદારોનો પક્ષથી મોહભંગ થયો હતો. તે પ્રકારનું વાતાવરણ આ વખતે નહોતું.

૭૪ બેઠકોમાંથી લગભગ અડધી વિદર્ભ પ્રદેશમાં લડવામાં આવી હતી, જે મહારાષ્ટ્રની ૨૮૮ બેઠકોમાંથી ૬૨ બેઠકો ધરાવે છે. આ પ્રદેશ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) મુખ્યાલય તેમજ દીક્ષાભૂમિનું ઘર છે. રાજકીય નિરીક્ષકોએ કહ્યું છે કે, મુંબઈના મંત્રાલયનો રસ્તો વિદર્ભમાંથી પસાર થાય છે અને ભાજપે અહીં ૩૮ બેઠકો જીતીને પ્રદેશ પર પ્રભુત્વ જમાવ્યું હતું. ૩૫ બેઠકો જ્યાં ભાજપ અને કોંગ્રેસ સીધી રીતે એકબીજા સામે લડી રહ્યા હતા, ત્યાં કોંગ્રેસ માત્ર પાંચ જ જીતવામાં સફળ રહી હતી.

આ પ્રદેશ જે મોટાભાગે કૃષિપ્રધાન છે, તે ૧૯૯૦ના દાયકા સુધી કોંગ્રેસનો પરંપરાગત ગઢ હતો. આ પછી પ્રદેશ પર કોંગ્રેસની પકડ ઢીલી પડવા લાગી. બીજેપીએ અન્ય પછાત વર્ગો (ઓબીસી)ના સમર્થનના આધારે અને જો તે સત્તામાં આવશે તો પ્રદેશ માટે અલગ રાજ્ય બનાવવાનું વચન આપીને વિદર્ભમાં પોતાનો આધાર વધુ વધાર્યો હતો.

આ પ્રદેશમાં ભાજપનું સૌથી મજબૂત પ્રદર્શન ૨૦૧૪માં હતું, જ્યારે તેણે અહીં ૪૪ વિધાનસભા બેઠકો જીતી હતી. ૨૦૧૯માં તે સંખ્યા ઘટીને ૨૯ થઈ ગઈ અને ૨૦૨૦ પછી કોંગ્રેસે પ્રદેશમાં પુનરાગમનના સંકેતો દર્શાવવાનું શરૂ કર્યું. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસે વિદર્ભની ૧૦ લોકસભા બેઠકોમાંથી પાંચ પર જીત મેળવી હતી, જ્યારે ભાજપે માત્ર બે જ જીત મેળવી હતી. લોકસભા ચૂંટણીમાં આરએસએસના સમર્થનના અભાવે પણ ભાજપને નુકસાન પહોંચાડ્યું છે. આ વખતે રાજ્યમાં કોંગ્રેસના કેટલાક દિગ્ગજો મહાયુતિના ઉમેદવારો સામે તેમની બેઠકો હારી ગયા છે. કરાડ દક્ષિણમાં પૂર્વ સીએમ પૃથ્વીરાજ ચવ્હાણ ભાજપના અતુલબાબા ભોસલે સામે ૩૯,૩૫૫ મતોથી હારી ગયા હતા. વિદર્ભ ક્ષેત્રના તેઓસામાં કોંગ્રેસના યશોમતી ઠાકુર ભાજપના રાજેશ વાનખેડે સામે ૭૬૧૭ મતોથી હારી ગયા હતા. પૂર્વ સીએમ વિલાસરાવ દેશમુખના પુત્ર ધીરજ દેશમુખ લાતુર ગ્રામીણથી ભાજપના રમેશ કરાડ સામે ૬૫૯૫ મતોથી હારી ગયા હતા. તેમના ભાઈ અમિત દેશમુખ, જો કે, પડોશી લાતુર સિટી વિધાનસભા બેઠક પરથી જીત્યા હતા, તેમણે ભાજપના અર્ચના પાટીલ ચાકુરકરને ૭૩૯૮ મતોથી હરાવ્યા હતા. નાંદેડ જિલ્લાના ભોકરમાં અશોક ચવ્હાણની પુત્રી શ્રીજયા ચવ્હાણે કોંગ્રેસના તિરુપતિ કોંધેકર સામે ૫૦,૫૫૧ મતોથી જીત મેળવી હતી. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યપ્રધાન અશોક ચવ્હાણ જે કોંગ્રેસના નેતા હતા, તેમણે આ વર્ષની શરૂઆતમાં ભાજપમાં પ્રવેશ કર્યો હતો. હાલમાં તેઓ ભાજપના રાજ્યસભાના સાંસદ છે.

# ભારતની સૌથી નાની મહિલા કોમર્શિયલ પાઈલટ, ખેડૂત પુત્રીએ માત્ર ૧૯ વર્ષની ઉંમરે તેની તાલીમ પૂર્ણ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

મૈત્રી પટેલે ૧૯ વર્ષની ઉંમરે ભારતની સૌથી નાની વયની મહિલા કોમર્શિયલ પાઈલટ બનીને ઈતિહાસ રચ્યો છે. તેણે યુનાઈટેડ સ્ટેટ્સમાં તેની પાઈલટ તાલીમ પૂર્ણ કર્યા પછી અસંખ્ય પડકારોનો સામનો કરીને તેની નોંધપાત્ર સિદ્ધિ મેળવી. આર્થિક તંગી હોવા છતાં, મૈત્રીના પિતા, કાંતિલાલ પટેલ એક ખેડૂત અને તેની માતા, જેઓ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગમાં કામ કરે છે, તેમના સ્વપ્નને ટેકો આપ્યો. તેની તાલીમ માટે ભંડોળ પૂરું પાડવા માટે કાંતિલાલે પરિવારની જમીનનો એક ભાગ પણ વેચી દીધો. મૈત્રીનો ઉડ્ડયનનો જુસ્સો ત્યારે શરૂ થયો જ્યારે તેણે આઠ વર્ષની ઉંમરે તેનું પહેલું પાઈલટ અને પ્લેન જોયું. તે ક્ષણથી, તેણીએ પાયલોટ બનવા પર તેની નજર નક્કી કરી. મેટાસ એડવેન્ટિસ્ટ સ્કૂલમાંથી વિજ્ઞાનમાં ૧૨મું ધોરણ પૂરું કર્યા પછી તે પાઈલટ તાલીમ માટે યુનાઈટેડ સ્ટેટ્સ ગઈ. માત્ર ૧૧ મહિનામાં તેણે ૧૮ મહિનાનો કોમર્શિયલ પાયલોટ કોર્સ પૂર્ણ કર્યો, જે તેના સમર્પણ અને નિશ્ચયનો પુરાવો છે. મૈત્રીએ શેર કર્યું, મેં મારી તાલીમ પૂરી કરી અને મારા પિતાને યુનાઈટેડ સ્ટેટ્સ આવવા કહ્યું, ત્યાર બાદ મેં ૩૫૦૦ ફૂટ પર ઉડાન ભરી. મારા માટે તે એક સ્વપ્ન સાકાર થવા જેવું હતું.



તેની સફર દૃઢતાની વાર્તા છે, તેણે તે હાંસલ કરી જે ઘણાંને આવા નાણાકીય પડકારો હેઠળ અશક્ય લાગતું હતું. મૈત્રીની સિદ્ધિને ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી સહિત અનેક અગ્રણી વ્યક્તિઓ દ્વારા ઉજવવામાં આવી હતી, જેમણે તેની વ્યાવસાયિક સિદ્ધિઓ માટે તેની પ્રશંસા કરી હતી અને તેની કારકિર્દીમાં સફળતાની શુભેચ્છા પાઠવી હતી. મૈત્રી પટેલ ભારત અને વિશ્વભરની ઘણી યુવતીઓ માટે પ્રેરણાસ્ત્રોત છે, જે દર્શાવે છે કે સખત પરિશ્રમ અને નિશ્ચયથી સ્વપ્ન સાકાર થઈ શકે છે.

# ઝારખંડની ચૂંટણીમાં ભાજપની 'ઘૂસણખોરી' અને 'UCC' રણનીતિ શા માટે નિષ્ફળ ગઈ છે ?

## બીજેપીના વરિષ્ઠ નેતાઓના જણાવ્યા અનુસાર, ઝારખંડમાં 'ખ્રિસ્તી પ્રભુત્વ ધરાવતા અને ધર્માંતરિત આદિવાસી વસ્તી'ના વર્ગોએ ચૂંટણીને ઘણી હદ સુધી પ્રભાવિત કરી હતી, જ્યારે આદિવાસીને મુખ્ય પ્રધાન પદના ચહેરા તરીકે રજૂ ન કરવાનો પક્ષનો નિર્ણય મોંઘો પડ્યો હતો

(એજન્સી) તા.૨૪

ભારતીય જનતા પાર્ટીની પ્રસ્તાવિત યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ની જાહેરાત પછી ઘૂસણખોરી વિરોધી કથા એ આ મહિનાની વિધાનસભા ચૂંટણીમાં ઝારખંડના આદિવાસી મતદારોમાં પડઘો પાડવામાં નિષ્ફળ ગઈ છે. ઝારખંડમાં બીજેપીના વરિષ્ઠ નેતાઓના જણાવ્યા અનુસાર, 'ખ્રિસ્તી પ્રભુત્વ ધરાવતા અને ધર્માંતરિત આદિવાસી વસ્તી'ના વર્ગોએ ચૂંટણીને ઘણી હદ સુધી પ્રભાવિત કરી હતી, જ્યારે આદિવાસીને મુખ્ય પ્રધાનપદના ચહેરા તરીકે રજૂ ન કરવાનો પક્ષનો નિર્ણય મોંઘો પડ્યો હતો.

નિરીક્ષકોએ જણાવ્યું હતું કે સૂચિત યુસીસી અને ઘૂસણખોરી વિરોધી સ્ટેન્ડના સંયોજને આદિવાસી મતદારોને અસ્વસ્થ બનાવ્યા હતા. રાજ્યની ૨૮ અનુસૂચિત જનજાતિની બેઠકોમાંથી પરિણામ આવતાં ભાજપ સાતમાં આગળ છે, જ્યારે બાકીની ભારતીય જૂથની પાર્ટીઓ, મુખ્યત્વે સત્તાધારી ઝારખંડ મુક્તિ મોરચાને જાય તેવી શક્યતા છે. ૨૦૧૯માં ભાજપે માત્ર બે ST બેઠકો જીતી હતી, જ્યારે JMMને ૨૧ બેઠકો મળી હતી અને બાકીની તેના સાથી પક્ષોને મળી હતી.

આ પરિણામો પ્રતિબિંબિત કરે છે કે BJP-RSS ગઠબંધન હજી પણ તેના અગાઉના આદિવાસી સમર્થન આધાર માટે આગળ વધવા માટે સંઘર્ષ કરી રહ્યું છે અને ભગવા પક્ષની નીતિઓ આ પ્રદેશમાં આદિવાસી વસ્તીને વધુ વિમુખ બનાવે છે. નિરીક્ષકોએ જણાવ્યું હતું કે, થોડા મહિના પહેલા ઓડિશામાં મુખ્ય પ્રધાન તરીકે આદિવાસી ચહેરાની પસંદગી કરવા છતાં, રાજકીય વ્યૂહરચના ઝારખંડમાં આદિવાસી વસ્તી વચ્ચે તાલ મેળવવામાં નિષ્ફળ ગઈ છે.

રાજ્યની આદિવાસી વસ્તી, જે ઓછામાં ઓછા અડધો ડઝન અન્ય બેઠકોમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે અને તે ઓછામાં ઓછી ૨૮ બેઠકો પર પ્રભુત્વ ધરાવે છે, તે હંમેશા સાંસ્કૃતિક અને રૂઢિગત પ્રથાઓમાં રહી છે. તેઓએ ભાજપની યુસીસી મુદ્દા પર સાવચેતીપૂર્વક પ્રતિક્રિયા આપી, અને તેને તેમના પરંપરાગત અધિકારો માટે જોખમ તરીકે જુએ છે.



ભાજપના એક વરિષ્ઠ નેતાએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, યુસીસીની જાહેરાત જેવા પરિબળોએ રાજ્યના આદિવાસી સમુદાયો, ખાસ કરીને ખ્રિસ્તી આદિવાસીઓમાં અસ્વસ્થતા ઊભી કરી છે, આદિવાસી નેતૃત્વનો અભાવ, અને ઘૂસણખોરીને રજૂ કરવામાં અસમર્થતા એ અમારી સામે સ્તરીય ખતર હતો. અમારા પૂર્વ-ચૂંટણીના ગ્રાઉન્ડ-લેવલ સર્વેક્ષણોએ આવી બાબતોનો સંકેત આપ્યો હતો અને અમે આ અંગે અમારા કેન્દ્રીય નેતૃત્વને જાણ કરી હતી. કેટલાક સ્થળોએ ઉમેદવારોની પસંદગીએ પણ ભારે હોબાળો થયો હતો.

હેમંત સોરેનની આગેવાની હેઠળના ગઠબંધનનો સામનો કરવા માટે મજબૂત અને પ્રભાવશાળી આદિવાસી ચહેરાની ગેરહાજરી ભાજપ માટે પડકાર હતી. અર્જુન મુંડા, અથવા બાબુલાલ મરાંડી, જે એક સમયે ભાજપમાં આદિવાસી પ્રતિનિધિત્વ માટે પ્રખર નેતાઓ હતા. મુખ્ય પ્રધાન હેમંત સોરેનની ધરપકડ અને અન્ય ભ્રષ્ટાચારની તપાસને પગલે જૂથવાદી હુમલાઓને લીધે સહાનુભૂતિને કારણે ભાજપ વિરૂદ્ધ આદિવાસી મત ગયા હતા.

# મોદીએ કહ્યું 'એક હૈં તો...' અને મહારાષ્ટ્રએ કહ્યું કે, 'સલામત હૈં...' : મુસ્લિમ ધ્રુવીકરણનો મુદ્દો હિંદુઓમાં મૌન રીતે પ્રસરી રહ્યો છે અને તેમનું એકત્રીકરણ થયું છે

## લોકસભાની ચૂંટણીમાં મળેલી હાર બાદ ભાજપે મહારાષ્ટ્રમાં સુરક્ષા અને પ્રગતિ માટે હિંદુ એકતા પર ભાર મૂકતા અભિયાન શરૂ કર્યું હતું, પક્ષે મુસ્લિમ મત એકત્રીકરણના દાખલાઓનો લાભ લીધો હતો અને હિંદુ હિતો માટે જોખમો સામે રક્ષણનું આહ્‌વાન કર્યું હતું

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

આ વર્ષે લોકસભાની ચૂંટણીમાં મહારાષ્ટ્રના કેટલાક મુખ્ય મતવિસ્તારોમાં આશ્ચર્યજનક આંચકાઓ પછી ભાજપ પોતાની પ્રતિષ્ઠા પછી મેળવવા માટે તેની વ્યૂહરચના ફરીથી બદલી હતી. તેની સામે મુસ્લિમ મતોના ધ્રુવીકરણને કારણે લોકસભાની ચૂંટણીમાં ઓછામાં ઓછા સાત મતવિસ્તારોમાં ભાજપને નોંધપાત્ર નુકસાન થયું જેમાં ધુલે અને મુંબઈ નોર્થ-ઈસ્ટનો સમાવેશ થાય છે, જ્યાં ભગવા પક્ષને અગાઉ મજબૂત સમર્થન મળ્યું હતું.

આ પરિણામોના પગલે નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભાજપે એક ઝુંબેશ શરૂ કરી હતી જેનો હેતુ તેની છબીને પુનઃ વ્યાખ્યાયિત કરવાનો છે. મોદીએ 'એક હૈં તો સલામત હૈં' સૂત્ર સાથે હિન્દુ મતદારોને સાથે આહ્‌વાન કર્યું જે વિભાજન સામે સંરક્ષણ તરીકે એકતા પર ભાર મૂકે છે. આ માત્ર સાંપ્રદાયિક એકતા વિશે જ નહોતું પરંતુ ભાજપની આગેવાની હેઠળ રાષ્ટ્રીય એકતા માટે વ્યાપક અપીલ તરીકે દર્શાવવામાં આવ્યું હતું. આ કોલને કારણે ભાજપ અને તેના સહયોગીઓની તરફેણમાં હિંદુ મતોનું એકત્રીકરણ થયું હોવાનું જણાય છે.

આ સૂત્ર યુપીના સીએમ યોગી આદિત્યનાથના અન્ય સૂત્ર સાથે પૂરક હતો, 'બટેંગે તો કટંગે' જેણે અસ્તિત્વ માટે એકતાના સંદેશને આગળ ધપાવ્યો હતો. આ સૂત્રોનો હેતુ એવા વિસ્તારોમાં હિંદુ મતદારોને આશ્વાસન આપવાનો હતો જ્યાં તેમને લાગ્યું કે લઘુમતી મતોના એકત્રીકરણને કારણે તેમનો રાજકીય પ્રભાવ ઓછો થઈ રહ્યો છે.

મુસ્લિમ મૌલવીઓની પ્રવૃત્તિઓ દ્વારા ભાજપની વાર્તાને પ્રોત્સાહન મળ્યું, જેમણે મહા વિકાસ અઘાડી (MVA) સાથે મુસ્લિમ મતોને એકત્ર કરવા માટે હાકલ કરી હતી. ભાજપ દ્વારા આ પગલાને હિંદુ એકતાના તેના આહ્‌વાનને માન્ય કરવાની તક તરીકે જોવામાં આવ્યું હતું. રાજકીય વાતાવરણ પહેલેથી જ ચાર્જ થઈ ગયું હતું જ્યારે 'માતોશ્રી'ની સામે મુસ્લિમ યુવાનોના વિરોધોએ શિવસેના (UBT)ને વકફ બિલ પર તેની સ્થિતિ પર પુનર્વિચાર કરવા દબાણ કર્યું હતું, જે પ્રદેશમાં સાંપ્રદાયિક રાજકારણના નાજુક સંતુલનને પ્રકાશિત કરે છે.

જેમ-જેમ ચૂંટણી પ્રચાર આગળ વધતો ગયો તેમ-તેમ, ભાજપની વ્યૂહરચના વિભાજનના કથિત જોખમો સામે સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય એકતાની રક્ષા સાથે આગળ વધી. મોદી સહિત



પાર્ટીના નેતાઓ એકસાથે ઊભા રહેવાના મહત્ત્વ પર ભાર મૂકતા શ્રેણીબદ્ધ રેલીઓ અને સભાઓમાં વ્યસ્ત હતા. વર્ણન સ્પષ્ટ હતું : ભાજપ હેઠળ એકતા એ હિંદુ સમુદાય માટે અને વિસ્તરણ દ્વારા રાષ્ટ્ર માટે સલામતી અને પ્રગતિનો માર્ગ હતો.

આરએસએસ પણ આ ચૂંટણીમાં સક્રિય હોવાનું કહેવાય છે અને તે સ્પષ્ટ હતું જ્યારે બે સૂત્રોને તેના નેતૃત્વ દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. આરએસએસના વડા મોહન ભાગવતે તેમના વાર્ષિક દશેરાના સંબોધનમાં હિંદુ એકતા માટે આહ્‌વાન કર્યું હતું અને બાંગ્લાદેશમાં સમુદાય પર થતાં હુમલાઓમાંથી બોધપાઠ લેવા વિનંતી કરી હતી. સંઘના વરિષ્ઠ કાર્યકર્તા દત્તાત્રેય હોસાબલેએ પણ હિંદુ એકતાના આહ્‌વાન સાથે 'બટેંગે તો કટંગે' સૂત્રનો ઉપયોગ કર્યો હતો.

# અશ્વના સંવર્ધકના પુત્ર, જેઓ કુટુંબના પગલે નહીં ચાલ્યા, હવે પુણેની સૌથી ધનવાન વ્યક્તિ છે, તેમની કુલ સંપત્તિ ૨૦.૯ અબજ ડોલર છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

સાયરસ પૂનાવાલા પુણે સ્થિત ચેરપર્સન સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (SII)ના મેનેજિંગ ડિરેક્ટર અને ચેરપર્સન છે. તેઓ એવા જાણીતા ઉદ્યોગપતિઓમાંના એક છે જેમણે ભારતમાં રસીકરણ વિકસાવ્યું છે અને ખાનગી રીતે યોજાયેલી સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના માલિક તરીકે વધતા વેચાણ અને નફાના મુખ્ય લાભકર્તા છે. ફોર્બ્સની ભારતના ૧૦૦ સૌથી ધનિક લોકોની યાદી મુજબ, સાયરસ પૂનાવાલા છઠ્ઠા સૌથી ધનિક ભારતીય છે. તેમની વર્તમાન સંપત્તિ ૧,૯૩,૭૭૩ કરોડ રૂપિયા છે. ફોર્બ્સ અનુસાર પૂનાવાલા ઘોડાના સંવર્ધકના પુત્ર છે. ૧૯૬૬માં તેમણે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની સ્થાપના કરી. કંપની વાર્ષિક આશરે ૧.૫ અબજ ડોઝનું ઉત્પાદન કરે છે. આ ડોઝ ઓરી, પોલિયો અને ફ્લૂ સામે રક્ષણ આપે છે. તેમના પુત્ર અદાર પૂનાવાલા સીઈઓ



તરીકે બિઝનેસનું નેતૃત્વ કરે છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ વૈશ્વિક સ્તરે સૌથી મોટી રસી ઉત્પાદક તરીકેનું ગૌરવ ધરાવે છે. નોંધનીય છે કે, સીરમ ઈન્સ્ટિટ્યૂટ વૈશ્વિક સ્તરે સૌથી મોટી રસી નિર્માતા તરીકેની પ્રખ્યાત વિશિષ્ટતા જાળવી રાખે છે. અદાર હેઠળ કંપનીએ કોવિડ-૧૯ રસી બનાવવા માટે નવી ફેક્ટરી બનાવવા માટે ૮ કરોડ ડોલરનું રોકાણ કર્યું. એસ્ટ્રાઝેનેકા અને ઓક્સફોર્ડ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલી રસી, સીરમ કોવિશિલ્ડ, ભારતમાં રોગચાળા દરમિયાન સૌથી વધુ ઉપયોગમાં લેવાતી હતી. પૂનાવાલાની સંપત્તિમાં લિસ્ટેડ ફાઈનાન્શિયલ સર્વિસ ફર્મ પૂનાવાલા ફિનકોર્પનો બહુમતી હિસ્સો તેમજ પુણેની ધ રિટ્ઝ-કાર્લટન હોટેલનો હિસ્સો સામેલ છે. સાયરસ પૂનાવાલાએ પુણે યુનિવર્સિટીમાંથી સ્નાતકની ડિગ્રી મેળવી. પૂણે યુનિવર્સિટીમાંથી તેમણે પીએચડી પણ કરી હતી. યુનાઈટેડ કિંગડમની ઓક્સફર્ડ યુનિવર્સિટીએ તેમને માનદ પદવી આપી. સોલી પૂનાવાલા તેમના ઘોડાના સંવર્ધન પિતાનું નામ હતું. ૨૦૧૦માં તેમની પત્ની વિલ્લુ પૂનવાલાનું અવસાન થયું. સાયરસ પૂનાવાલા ઈન્ટરનેશનલ ફેશન આઈકોન અને બિઝનેસવુમન નતાશા પૂનાવાલા, સાયરસ પૂનાવાલાની પુત્રવધૂ છે. ફોર્બ્સ અનુસાર, તેમની કુલ સંપત્તિ ૨૦.૯ અબજ ડોલર છે, જે આશરે ૧,૬૬,૫૦૦ કરોડ રૂપિયા છે.

કાલોલના વેજલપુર ગામે

# કિશોરની હત્યામાં ઝડપાયેલ બે આરોપીઓને ૪ દિવસના રિમાન્ડ

ગોધરા, તા.૨૪

ગોધરા શહેર નજીક આવેલ વેજલપુરના મોટા મહોલ્લા રહેતા એક સગીરવયના કિશોર પર સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચરી હત્યા કરવાના બનાવમાં બે આરોપીઓને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. સગીર વયના કિશોરના મૃતદેહને અન્ય મિત્રની મદદથી તળાવમાં નાખી દઈ ત્રણેય મિત્રો ફરાર થઈ ગયા હતા. જે ઘટનાની વેજલપુર પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ત્યારે વેજલપુર પોલીસ મથકના પી.આઈ.એમ.બી.ગઢવી તથા વેજલપુર પોલીસના સ્ટાફે આરોપીઓને પકડવા માટે ધમધમાટ શરૂ કર્યો હતો. ગણતરીની કલાકમાં જ સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચારનાર બે આરોપીની અટકાયત કરી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં કોર્ટ દ્વારા બંને આરોપીને ચાર દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. બનાવ સંદર્ભે વેજલપુરના મોટા મહોલ્લા ખાતે રહેતા પિતાએ વેજલપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમના સગીર વયના દીકરાને તેના મિત્રો દ્વારા ચલાલી રોડ ઉપર આવેલા મહાદેવ મંદિર પાસે પ્લોટીંગવાળી જગ્યાની પાછળ લઈ જઈને બળજબરીપૂર્વક સગીર યુવકના કપડાં કાઢી સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કર્યું હતું. ત્યાર બાદ તેનું ગળું દબાવી મોતને ઘાટ ઉતારી તેના મૃતદેહને તળાવમાં ફેંકી દેવામાં આવ્યો હતો. જેની વેજલપુર પોલીસ મથકમાં ત્રણ આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા. ત્યારે વેજલપુર પોલીસ મથકના પી.આઈ.એમ.બી ગઢવી અને વેજલપુર સ્ટાફ દ્વારા ગણતરી કલાકોમાં સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચરનાર આરીફ ઉર્ફે ડિંગુ યાકુબ પાડવા અને ઈમરાન ભાઈ ઉર્ફે ઈનાન કરીમભાઈ પથિયા નામના બંને આરોપીઓને ઝડપી પાડી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં કોર્ટ દ્વારા બંને આરોપીઓના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા.



અંકલેશ્વરનો AQI ચિંતાજનક સ્તરે પહોંચ્યો

# જીઆઈડીસીમાં સ્પ્રીંકલ દ્વારા પાણીનો છંટકાવ શરૂ કરાયો

અંકલેશ્વર, તા.૨૪

એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત અંકલેશ્વરમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ચિંતાજનક સ્તરે પહોંચ્યો છે ત્યારે પરિસ્થિતિ વધુ ન કથળે તે માટે નોટિફાઇડ એરીયા ઓર્થોરીટી દ્વારા જીઆઈડીસીના વિવિધ વિસ્તારોમાં સ્પ્રીંકલ દ્વારા પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. શિયાળો શરૂ થતાની સાથે જ પ્રદૂષણની માત્રામાં વધારો થયો છે. દિલ્હીમાં પ્રદૂષણની માત્રા અતિ ગંભીર પરિસ્થિતિએ પહોંચી છે. જેનું કોર્ટે પણ સંજ્ઞાન લીધું છે ત્યારે એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત અંકલેશ્વરમાં પ્રદૂષણની સ્થિતિ વધુ ન કથળે તે માટે નોટિફાઇડ એરીયા ઓથોરીટી અને અંકલેશ્વર ઉદ્યોગ મંડળ હરકતમાં આવ્યું છે. નોટિફાઇડ એરીયા ઓથોરિટી અને અંકલેશ્વર ઉદ્યોગ મંડળ દ્વારા જીઆઇડીસીના રહેણાંક વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. જીઆઇડીસીના રહેણાક વિસ્તારોમાં વહેલી સવારે વોટર સ્પ્રિક્લથી પાણીનો છંટકાવ શરૂ કરવામાં આવ્યો છે. પ્રદૂષણના મામલે અંકલેશ્વર જીઆઇડીસી સમયાંતરે વિભાગમાં સપડાતી રહે છે ત્યારે તંત્ર દ્વારા કવાયત શરૂ કરવામાં આવી છે. છેલ્લા બે દિવસની અંકલેશ્વરનો AQI એટલે કે એર ક્વોલિટી ઈન્ડેક્સ ચિંતાજનક સ્તરે પહોંચ્યો છે. અંકલેશ્વરનો એક્યુઆઈ બે દિવસથી ૨૦૦ની ઉપર નોંધાઇ રહ્યો છે ત્યારે તંત્ર દ્વારા પાણી પહેલા જ પાળ બાંધવામાં આવી છે અને આવનારા સમયમાં વધુ સ્થિતિ તે માટે તંત્ર દ્વારા કવાયત શરૂ કરવામાં આવી છે.




(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

શિક્ષણ રાજ્યમંત્રીના હસ્તે

# સુરત મનપાના વિવિધ ઝોન વિસ્તારમાં ૧૯ પ્રાથમિક શાળાઓનું ખાતમુહૂર્ત

## કુલ ૨૮૦ વર્ગખંડો નિર્માણ પામશે

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૪

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલની પ્રેરક ઉપસ્થિતિમાં શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયા અને મેયર દક્ષેશ માવાણીના હસ્તે સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત રૂા.૪૫.૨૦ કરોડના ખર્ચે ૧૯ પ્રાથમિક શાળાઓનું ખાતમુહૂર્ત ઉધના સ્થિત શાળા નં.૨૧૦/૧૪૨, વિકાસ કોલોની સામે હરિનગર ખાતેથી કરવામાં આવ્યું હતું.

ઝડપભેર સાકારિત થનાર આ સ્કૂલોથી શહેરમાં શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષણ સુવિધાઓ વધશે. આ શાળાઓમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૧, અઠવા ઝોનમાં ૧, વરાછા-એ ઝોનમાં ૧, વરાછા-બી ઝોનમાં ૨, ઉધના-એ ઝોનમાં ૪, ઉધના બી ઝોનમાં ૧, કતારગામ ઝોનમાં ૪,રાંદેર ઝોનમાં ૫ સહિત કુલ-૧૯ પ્રાથમિક શાળાના બાંધકામનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું.

સેન્ટ્રલ ઝોનમાં અંદાજિત રૂ.૨.૧૮ કરોડના ખર્ચે શાળા નં.૪૧, મલેસર મહોલ્લો રૂસ્તમપુરા ખાતે અઠવા ઝોનમાં ઉમરા ગામતળ ખાતે રૂા.૨.૮૨ કરોડના ખર્ચે શાળા નં.૦૩, વરાછા-એ ઝોનમાં રૂા.૩.૮૬ કરોડના ખર્ચે શાળા નં.૯૦ (ભાતની વાડી, મીની બજાર,વરાછા ખાતે), વરાછા-બી ઝોનમાં રૂા.૩૯.૮૬ લાખના ખર્ચે શાળા નં.૩૮૪ (મુ.પો. ખડસદ, કામરેજ ખાતે) અને અંદાજિત રૂા.૩૯.૮૬ લાખના ખર્ચે શાળા નં.૩૯૦ (મુ.પો.ગોથાણ,બંગર ફળિયું, ઓલપાડ ખાતે), ઉધના-એ ઝોનમાં રૂા.૯.૨૫ કરોડના ખર્ચે શાળા નં.૨૧૩/૨૧૪/૨૧૫ (ભેસ્તાન ગામતળ ખાતે) અને રૂા.૪.૩૦ કરોડના ખર્ચે શાળા નં.૧૯૭,૧૯૮ (મીરા નગર, ઉધના ખાતે), રૂા.૫.૨૮ કરોડના ખર્ચે શાળા નં.૨૧૦,૧૪૨ બી.આર.સી. સામે વિકાસ કોલોની ઉધના ખાતે, રૂા.૭૯.૭૨ લાખના ખર્ચે શાળા નં.૩૩ (રામજી મંદિરની બાજુમાં, નિશાળ ફળિયું,વડોદ ખાતે), ઉધના બી ઝોનમાં રૂા.૭૯.૭૨ લાખના ખર્ચે શાળા નં.૩૭૪ (મુ.પો. ઉબેર ખાતે), કતારગામ ઝોનમાં અંદાજિત રૂા.૩.૯૭ કરોડના ખર્ચે શાળા નં.૧૧૭/૧૨૦ (ગોટાલાવાડી, કતારગામ રોડ ખાતે), રૂા.૨.૭૩ કરોડના ખર્ચે શાળા નં.૧૭૧ (કતારગામ પોલીસ ચોકીની બાજુમાં કતારગામ ખાતે), અંદાજિત રૂા.૩.૮૧ કરોડના ખર્ચે શાળા નં.૧૭૨ (દેસાઇ વાડીની સામે, કતારગામ બસ સ્ટેન્ડ ખાતે), રૂ.૭૯.૭૨ લાખના ખર્ચે શાળા નં.૩૮૯ (મુ.પો.વસવારી ઓલપાડ ખાતે), રાંદેર ઝોનમાં રૂા.૯૯.૬૫ લાખના ખર્ચે શાળા નં.૧૬૩ (વારિગૃહની સામે જહાંગીરાબાદ, ઉગત ખાતે), રૂા.૫૯.૭૯ લાખના ખર્ચે શાળા નં.૩૯૫ (નવી વસાહત હળપતિવાસ ખાતે), રૂા.૭૯.૭૨ લાખના ખર્ચે શાળા નં.૩૯૮ (મુ.પો. ભેંસાણ ખાતે), રૂા.૫૯.૭૯ લાખના ખર્ચે શાળા નં.૩૯૭ (ઈચ્છાપોર, ખડી મહોલ્લા, મુ.પો ઈચ્છાપોર ખાતે), રૂા.૭૯.૭૨ લાખના ખર્ચે શાળા નં.૩૯૬ (રાખલ નગર કોલોની, ભાઠા ખાતે) ગુજરાતી અને મરાઠી માધ્યમની પ્રાથ. શાળાઓનું બાંધકામ કરવામાં આવશે. કુલ ૨૮૦ વર્ગ ખંડો નિર્માણ પામશે જેમાં ૭૦૫૭ વિદ્યાર્થીઓ વિવિધ ભાષાઓમાં શિક્ષણનો લાભ મેળવી શકશે.

# સૌરાષ્ટ્ર અન્ડર-૧૯ વુમન ક્રિકેટ ટીમમાં સુરેન્દ્રનગર જિલ્લાની દીકરીની પસંદગી

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૪

સૌરાષ્ટ્ર અન્ડર ૧૯ વુમન ક્રિકેટ ટીમમાં સુરેન્દ્રનગર જિલ્લાની પાટડી તાલુકાની જૈનાબાદ ગામની દીકરીની ક્રિકેટમાં મહિલા ક્રિકેટ ટીમમાં પસંદગી થઈ છે. સુરેન્દ્રનગર જીલ્લામાંથી રૂરલ (ગ્રામ્ય) વુમન ટીમ વતી રમતી અને શ્રીમતી ઝુબેદા બેગમ હાઈસ્કૂલ જૈનાબાદ જેવા છેવાડાના નાના ગામની સ્કૂલમાંથી સિઝન બોલ ક્રિકેટની શરૂઆત કરી આજે પાટડી સરકારી વાણિજય અને વિજ્ઞાન કોલેજમાં એફ.વાય.બી.એ પાટડીમાં અભ્યાસ કરતી મકવાણા (રબારી) નિધીબેનની સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા રમાડવામાં આવતી જી-૧ અંડર-૧૯ વુમન ક્રિકેટ કેમ્પ ટીમમાં પેસ બોલર તરીકે પસંદગી પામેલ છે તેઓ આગામી ૨૬ નવેમ્બરના રોજ યોજાનારી વુમન ટુર્નામેન્ટમાં ચાર સ્ટેટ ક્રિકેટ ટીમ ભાગ લેશે જેમાં બરોડા, કેરળ, ગુજરાત અને સૌરાષ્ટ્રની ટીમો વચ્ચે વનડે ટુર્નામેન્ટ યોજાશે રાજકોટ મુકામે એસ. સી. એ સંચાલિત નિરંજન શાહ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે હાલ અંડર-૧૯ ક્રિકેટ કેમ્પમાં પ્રેક્ટિસ કરી રહી છે.

# લીંબડી-અમદાવાદ હાઈવે પર બંધ ટ્રક પાછળ કાર ઘૂસી

## એક મહિલા સહિત પાંચ લોકો ઈજાગ્રસ્ત

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૪

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી-અમદાવાદ હાઈવે પર બંધ ટ્રક પાછળ કાર ઘૂસી જતા અકસ્માત સર્જાયો હતો. આ ગોઝારા અકસ્માતની ઘટનામાં એક મહિલા સહિત ૫ વ્યકિત ઈજાગ્રસ્ત થયાં હતા. તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે લીંબડીની આર. આર. સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જેમાં બે વ્યક્તિઓની હાલત વધુ ગંભીર જણાતા ફરજ પરના હાજર તબીબ દ્વારા એમને વધુ સારવાર અર્થે સુરેન્દ્રનગર સરકારી હોસ્પિટલ ખાતે રીફર કરાયા હતા. આ અકસ્માતની ઘટનાના પગલે લીંબડી-અમદાવાદ હાઈવે પર ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. અને લોકોના ટોળેટોળા બનાવના સ્થળે એકઠા થયાં હતા. અમદાવાદનો પરિવાર દ્વારકા મંદિરે દર્શનને જતો હતો, ત્યારે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતની ઘટનાના પગલે લીંબડી પોલીસે તાકીદે ઘટના સ્થળે પહોંચી અકસ્માત અંગેનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વડાલીના જેતપુર પાસે ચાલુ કારમાં અચાનક લાગી આગ



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના જેતપુર પાસે રવિવારના રોજ ખેડબ્રહ્મા તરફ જઈ રહેલ કારમાં અચાનક આગ લાગી હતી. જેને લઈને કારમાં સવાર દરજી પરિવાર સમય સુચકતા વાપરી બહાર નીકળી ગયો હતો. વડાલી ફાયર વિભાગને જાણ થતા ફાયર વિભાગે સ્થળ પર પહોચી પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. આ અંગે વડાલી ફાયર વિભાગમાંથી મળેલ માહિતી મુજબ હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ ૨૧, સુંદરવન સોસાયટીમાં રહેતા મહેશ ભીખાભાઈ દરજી પોતાના પરિવાર સાથે કારમાં ખેડબ્રહ્મા જવા માટે રવિવારે નીકળ્યા હતા. તે દરમિયાન વડાલીના જેતપુર પાસે કારના એન્જીનના નીચેના ભાગે કોઈ ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટને કારણે ધુમાડો નીકળ્યો હતો. જેને લઈને કાર ઉભી રાખી આખો દરજી પરિવાર બહાર નીકળી ગયો હતો અને જોત જોતામાં કાર આગમાં લપેટાઈ ગઈ હતી. આગ લાગવાને લઈને વડાલી ફાયરને જાણ કરતા ફાયર વિભાગે ટીમ સાથે સ્થળ પર આવીને પાણીનો મારો ચલાવ્યો હતો અને આગ બુઝાવી હતી. પરંતુ વિકરાળ આગમાં કાર બળીને ખાખ થઈ ગઈ હતી. જોકે સમય સુચકતાથી કારમાંથી પરિવારજનો બહાર નીકળી જતા બચાવ થયો હતો.

તાલુકામાં ઠંડીએ લોકોને ઠઠરાવી

# ડભોઈમાં ઠેર-ઠેર તાપણી કરતા લોકો દૃશ્યમાન



(સંવાદદાતા દ્વારા)

ડભોઈ, તા.૨૪

ડભોઇ શહેર અને તાલુકામાં ઠંડીની શરૂઆત થઈ ચૂકી છે ડભોઇ શહેરમાં ઠેરઠેર લોકો તાપણી કરતાં જોવા મળે છે શિયાળાની શરૂઆતની જ ઠંડીએ લોકોને ઠઠરાવી દીધા છે પ્રવર્તમાન શિયાળાની ઋતુમાં છેલ્લા બે ત્રણ દિવસથી ઠંડીથી સુરક્ષિત માટે ડભોઇ શહેરમાં ઠેર ઠેર તાપણી કરવામાં આવે છે અને તિજોરી કબાટમાં મુકેલા સ્વેટર, મોજા, કાનટોપી બહાર કાઢી પહેરેલા નજરે પડ્યા હતા.

મોહસીન-એ-આઝમ મિશનના સ્થાપના દિવસ નિમિત્તે

# ટંકારીઆમાં શાળાના વિદ્યાર્થીઓ અને માતા-પિતા માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ટંકારીઆ, તા.૨૪

તા.૨૩/૧૧/૨૦૨૪ને શનિવારના રોજ એમ.એ.એમ. સ્કૂલ ટંકારીઆના મદની હોલમાં મોહસીન-એ-આઝમ મિશનના સ્થાપના દિવસ નિમિત્તે શાળાના વિદ્યાર્થીઓ અને માતા-પિતા માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામનું ભવ્ય આયોજન કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન નિસારભાઈ મન્સુરી (મોટીવેશન સ્પીકર) દ્વારા કરવામાં આવ્યું હતું જેઓ એક પ્રેરક વક્તા છે. પ્રોગ્રામની શરૂઆત અલ્લાહના નામથી કરી જેમાં મૌલાના અબ્દુરરઝ્ઝાક અશરફી સાહેબે કિરાઅતથી કરી હતી. તે પછી શાળાના આચાર્ય મહેતાબખાને તમામ વાલીઓ, મહેમાનો અને ટ્રસ્ટના સભ્યોનું સ્વાગત કર્યું. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર મહાનુભાવો જેવા કે અઝીઝભાઈ ટંકારવી, અબ્દુલભાઈ ટેલર, જાકીરભાઈ ઉમટા, યુનુસભાઈ ખાંધિયા હાજર રહ્યા હતા. ત્યાર બાદ નિસારભાઈએ વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી માટે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું અને વાલીઓને તેમના બાળકોને કેવી રીતે મદદ કરવી તેની જાણકારી ખુબ સારી અને સહેલાઈથી સમજાવી હતી. શાળાના પ્રમુખ ઈશાક મહંમદ પટેલ ઉપસ્થિત રહેનાર મહાનુભાવો, વિદ્યાર્થીઓના માતા-પિતા તેમજ શાળા પરીવારનો તથા આવેલ મોંઘેરા મહેમાનોનો હૃદયપુર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને શાળાના વિદ્યાર્થીઓના પ્રયત્નોની પ્રશંસા કરી અને તેમને પ્રોત્સાહિત કર્યા. શાળાના શિક્ષકો માટે આગામી શૈક્ષણિક સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. નિસારભાઈએ શિક્ષકોને હકારાત્મકતા સાથે પ્રોત્સાહિત કર્યા. અંતે તમામ પધારેલ મહેમાનો તેમજ વાલીઓ માટે ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.



# નડિયાદ : પરસ્ત્રીના પ્રેમમાં પાગલ પતિએ પત્નીને ગુપ્ત ભાગે લાતો મારી

## પરિણીતાએ પુત્રને જન્મ આપ્યો પરંતુ પતિ, સાસુ કે સસરા ખબર કાઢવા ન જતાં પોલીસમાં ફરિયાદ

નડિયાદ, તા.૨૪

નડિયાદમાં પરસ્ત્રીના મોહમાં આંધળા પતિએ પત્નીને પ્રાઈવેટ જગ્યાએ લાતો મારી દિવાલ સાથે માથુ ભટકાવ્યું હતું. જ્યારે પીડિતાના સાસુ, સસરા પણ દહેજ માંગતા હોય અને ત્રણેય લોકો પરીણિતાને શારિરીક માનસિક ત્રાસ આપતા હોય આ મામલે પીડિતાએ પોતાના પતિ, સાસુ અને સસરા સામે નડિયાદ મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી મુજબ નડિયાદમાં રહેતી અને M.com સુધીનો અભ્યાસ ધરાવતી પૂનમ નામની યુવતીના લગ્ન વર્ષ ૨૦૧૭માં રાજસ્થાન ખાતે રહેતા યુવાન પંકજભાઈ પ્રમોદ જોશી સાથે જ્ઞાતિના રીતી રીવાજ મુજબ થયા હતા. લગ્નબાદ પરીણિતા કરિયાવર લઈને સાસરે ગઈ હતી. પતિ કોમ્પ્યુટર સોફ્ટવેર એન્જિનિયર તરીકે ત્યાં કામ કરતો હતો. દરમિયાન પીડિતા બીમાર પડે ત્યારે સાસરીના લોકો દવા કરાવતા ન્હોતા અને તારા પિયરમાં જઈને દવા કરાવી લેજે તેવું કહેતા હતા. જેથી પીડિતા પૂનમ એ પોતાના પિયરમાં આવી નડિયાદ આર્યુવેદિક હોસ્પિટલમાં સારવાર કરાવી હતી. બાદમાં પતિની વડોદરા ખાતે બદલી થતાં આ પરિવાર વડોદરા સ્થાયી થયો હતો. જ્યાં અવારનવાર સાસુ, સસરા આવતા જતા હતા અને કહેતા કે, તારા પિતાએ દહેજમાં કાંઈ આપ્યું નથી. તેમ કહી બોલાચાલી કરતા હતા તો વળી પતિએ પણ પીડિતાને જણાવ્યું કે, ‘તુ તો મને પસંદ નથી મારા કાકા-કાકીના કહેવાથી તારી સાથે લગ્ન કર્યા, તુ મને છુટાછેડા આપી દે મારે એક છોકરી સાથે લફરૂં છે’ જે સાંભળીને પીડિતાના પગતળેથી જમીન સરકી ગઈ હતી. આ બાદ પીડિતાને સાસરીમાંથી કાઢી મૂકી હતી. જોકે બાદમાં પતિને પોતાની ભૂલ સમજાતા પિયરમાં આવી પીડિતાને માફી માંગી તેડી ગયો હતો. આ બાદ થોડા દિવસ પછી ફરીથી પતિએ હેરાન કરવાનું ચાલુ કર્યુ હતું. તે સમયે સંતાનમાં કાઈ ન હોય પીડિતાને અંધવિશ્વાસ જગાવતા કે તારે બાળક થશે તો તુ મૃત્યુ પામીશ. તેમ જણાવી માનસિક ત્રાસ આપતા હતા. આ વચ્ચે પતિ અને પત્ની નડિયાદ ગ્રામ્યમાં રહેવા આવ્યા હતા. પીડિતાને સારા દિવસો રહ્યા હતા પરંતુ પતિએ જ્યોતિષની વાતોમાં આવી બાળકને જન્મ ન આપવા જણાવ્યું હતું. આ વચ્ચે પતિ બેંગલોર નોકરીનું બહાનું કાઢી કોઈ યુવતીને મળવા જતા હોય તેની ટિકિટો પરિણિતાના હાથમાં આવી હતી. જે બાબતે પરીણિતાએ પૂછતા આક્રોશમાં આવેલા પતિએ પત્નીને પ્રાઈવેટ જગ્યાએ લાતો મારી દિવાલ સાથે માથુ ભટકાવ્યું હતું. અને તારી જીંદગી બરબાદ કરી નાખીશ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જોકે આ બાદ સમગ્ર મામલો સમાધાન પર આવ્યો હતો અને પીડિતાએ ૯ નવેમ્બરના રોજ એક દિકરાને જન્મ આપ્યો હતો. જોકે આજદીન સુધી પતિ કે સાસુ, સસરા પુત્રવધુની ખબર જોવા ન આવતા સમગ્ર મામલે પીડિતાએ નડિયાદ મહિલા પોલીસ મથકમાં પોતાના પતિ, સાસુ અને સસરા સામે શારીરિક માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડભોઈ-કરજણ વચ્ચે બ્રોડગેજ ટ્રેન ચાલુ કરવા મુસાફરોની માગણી

ડભોઈ, તા.૨૪

ડભોઈથી નેરોગેજ રેલવેની એક સમયમાં ૧૮ ટ્રેનોની-આવા જાહી હતી. જે પાંચ લાઈનો છોટા ઉદેપુર, તણખલા, ચાદોદ, પ્રતાપ નગર ટીંબા, કરજણ જેમા બ્રોડ ગેજ રૂપાંતર થતાં છોટા ઉદેપુર ચાદોદ, પ્રતાપ નગર, બ્રોડગેજ પર ઈલેક્ટ્રીક ટ્રેનો દોડે છે ટીંબા બ્રોડ ગેજ રૂપાંતર કામગીરી પ્રગતિમાં છે જ્યારે ડભોઈ કરજણ વચ્ચે બ્રોડગેજ લાઈન નંખાઇ ગઇ છે. લાઈન ટેસ્ટીંગ પણ થઈ ગયું છે પરંતુ પેસેન્જર સવારી દોડાવવામાં આવતી નથીં જ્યારે કેન્દ્રના રેલ રાજયમંત્રી અશ્વિની કુમાર પ્રતાપ નગર અને છાયાપુરી રેલવે સ્ટેશન ખાતે મુલાકાતે આવવાના હોય ત્યારે ડભોઈ-કરજણ વચ્ચે લીલી ઝંડી આપી પ્રજાને મુસાફરી કરવા નો લાભ આપે તેવી ડભોઇ નગરના લોકોની લાગણી અને માગણી છે. સમયની થપાટો-ટ્રેનો સાથે બંધ થઈ જતાં વિસ્તારનો વિકાસ પણ થંભી જવા પામ્યો હતો. જે છોટાઉદેપુર-સાંસદ નારણભાઈ રાઠવા રેલરાજ્ય મંત્રી બનતા નેરોગેજ રેલવેનું બ્રોડગેજમાં રૂપાંતરિત કરવા સાથે રેલવેના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં સફળ થાય હતા. -ત્યારબાદ નર્મદા ડેમ સરદાર સરોવર-ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું ઉદ્ઘાટન થવા-સાથે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વિસ્તારમાં વિકાસના કામોને વેગ અપાયો. જેમાં વડોદરા ડભોઈથી કેવડિયા સુધીના ફોરલેન રસ્તા સહિત રેલવે વ્યવહારને પણ જોડી દેતા ડભોઇ રેલવે સ્ટેશનનો વિકાસ શક્ય બનવા પામ્યો છે ત્યારે હવે વડોદરા એક્સપ્રેસ ટ્રેન, વારાણસી મહામના એક્સપ્રેસ ટ્રેન, મુંબઈ સેન્ટ્રલ વડોદરા એક્સપ્રેસ ટ્રેન સહિત પ્રતાપનગરથી વાયા ડભોઈની બે મેમુટ્રેનો સહિત સાત જેટલી ટ્રેનો વડોદરાથી વાયા ડભોઈ થઈ સ્ટેચ્યુ ઓફ યુનિટી જતાપંથકના લોકોમાં ખુશી વ્યાપી જવા પામી મછે. આમ ડભોઈ રેલવે જંકશનના આધુનિકરણ સાથે વિકાસની અનેક દિશાઓ ખુલતા રોજગારીની તકો ઊભી થવા સાથે નોકરીઓ માટેના માર્ગ પણ મોકળા થવા પામ્યા છે. આમ ડભોઈ રેલવે સ્ટેશનનું આધુનિકરણ થતાં લોકોમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી છે. ડભોઈ કરજણ વચ્ચે બ્રોડગેજ ચાલુ કરવાં લીલી-લીલી ઝંડી આપવામાં આવે એવી મુસાફરોની લાગણી અને માગણી છે.

## ડભોઈ તાલુકામાં ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

(સંવાદદાતા દ્વારા)

ડભોઈ, તા.૨૪

શિયાળાની ઋતુ શરૂ થતા રમત ગમતના રસીકો દ્વારા સુંદર ક્રિકેટ ટુર્નામેન્ટનું કોલેજ ગ્રાઉન્ડ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડભોઇ તાલુકામાં મોબાઈલ ટૂર્નામેન્ટ રમાઈ હતી જેમાં ગતરોજ ફાઇનલમાં સંજરી મોબાઈલ XI vs A મોબાઇલ XI આવી હતી જેમાં A મોબાઇલ ટીમને પહેલી ઈનિંગમાં ૩૬ બોલમાં ૫૦ રન માર્યા હતા ત્યારબાદ સંજરી મોબાઈલ ટીમને ૩૫ બોલમાં ૫૬ રન મારી વિજય પ્રાપ્ત કર્યો અને તે મેચના મેન ઓફ ધ મેચ ફાતિયા મોબાઈલના બેટ્સમેન અબ્દુલ સમદ બન્યા હતા.જેમાં અબ્દુલ સમદને ૧૦ બોલમાં ૨૭ રન મારી પોતાની ટીમને વિજય બનાવી હતી. મેચને નિહાળવા માટે ક્રિકેટ રસીકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# લેબેનોન પર ઈઝરાયેલના ભયાનક અને ઘાતકી હવાઈ હુમલાઓમાં ૫૫ નાગરિકોનાં મોત, સૌથી વધુ મધ્ય બૈરૂતમાં જાનહાનિ થઈ

(એજન્સી) બૈરૂત, તા.૨૪

લેબેનોનની રાજધાની બૈરૂતના મધ્ય વિસ્તાર પર ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા ભયાનક અને ઘાતક હવાઈ હુમલામાં ૫૫ જેટલા નાગરિકોનાં મોત થયા હોવાનું જાહેર થયું છે. ઈઝરાયેલ દ્વારા યુદ્ધ શરૂ કરવામાં આવ્યા બાદ અત્યાર સુધીનો સૌથી વધુ ઘાતકી અને ભયાનક હુમલો છે તેમ લેબેનોનના આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. જે વિસ્તાર પર હુમલો થયો તે મોટાભાગે કામદારોનું વિસ્તાર છે અને બસ્તા તરીકે ઓળખાય છે ત્યાં થયેલા હવાઈ હુમલામાં ૨૦ લોકો માર્યા ગયા હતા અને ૬૦થી વધુ ઘાયલ થયા હતા. કોઈ ચેતવણી આપ્યા વિના લડાકુ જૂથના મથકો પર હુમલાના નામે રહેણાંક વિસ્તારોને નિશાન બનાવીને બોમ્બવર્ષા કરવામાં આવી રહી છે. આજે બીજા હવાઈ હુમલામાં સમુદ્ર કાંઠે વસેલા ટાયર શહેર પર હવાઈ હુમલો થતાં ૧૪ નાગરિકો માર્યા ગયા હતા. સિવિલ ડિફેન્સ સૂત્રોએ જણાવ્યું હતું કે મધ્ય બૈરૂતના બસ્તા વિસ્તારમાં તો લોકો નિંદ્રાધીન અવસ્થામાં હતા



ત્યારે કોઈ ચેતવણી પહેલાંથી આપ્યા વિના એમના પર હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા અને ચાર જેટલા ભૂગર્ભ બંધ કર પર મિસાઈલ મારો કરવામાં આવતા મોટા પ્રમાણમાં જાનહાનિ થઈ છે આસપાસની અનેક ઈમારતો કાટમાળ બની જવા પામી હતી અને સેંકડો લોકો ગભરાટભરી રીતે નાશ ભાગ કરવા લાગ્યા હતા અને અનેક ઘાયલ થયા હતા. ઈઝરાયેલ તરફથી એવો દાવો કરવામાં આવે છે કે જૂથના કમાન્ડ સેન્ટર ઉપર જ હુમલા કરવામાં આવી રહ્યા છે પરંતુ વાસ્તવિકતા જુદી છે.

# ગાઝામાં યુદ્ધ વિરૂદ્ધ બોલતા પેલેસ્ટીની નાગરિકો પર ઈઝરાયેલની કડક કાર્યવાહી

(એજન્સી) તા.૨૪

ગાઝામાં યુદ્ધની વિરૂદ્ધ બોલનારા અને અવાજ ઊઠાવનારા પેલેસ્ટીની નાગરિકો સામે ઈઝરાયેલની વર્ષોથી ચાલતી ક્રૂરતાએ ઘણા લોકોને જેલમાં ધકેલી દેવા અને સમાજમાં હાંસિયામાં ધકેલાઈ જવાના ડરથી ખુદને બચાવી લેવા માટે વિચારતાં કરી દીધા છે. જ્યારે કેટલાક હજુ પણ અસંમતિ વ્યક્ત કરવાના રસ્તાઓ શોધી રહ્યા છે એ પણ કાળજીપૂર્વક. ઓક્ટોબર ૨૦૨૩માં યુદ્ધના વિરોધમાં ગાઝા સાથે એકજૂટતા બતાવતા સૂત્રોચ્ચાર કરવા બદલ આતંકવાદને ઉશ્કેરવાનો આરોપ મૂકવામાં આવ્યો. ત્યારે અહેમદ ખલીફાના જીવનમાં ભારે ઉતાર ચઢાવ આવ્યો. મધ્ય ઈઝરાયલના વકીલ અને સિટી કાઉન્સિલર કહે છે કે તેમણે ત્રણ મુશ્કેલ મહિના જેલમાં અને પછી છ મહિના એક એપાર્ટમેન્ટમાં અટકાયતમાં વિતાવ્યા. તેમને હજુ ખબર નથી કે તેમને તેમના અપરાધ અથવા નિર્દોષતા અંગે અંતિમ ચુકાદો ક્યારે મળશે. ત્યાં સુધી, તેમને સાંજથી સવાર સુધી ઘરની બહાર નીકળવાની મનાઈ છે. ખલીફા ઈઝરાયેલના ૪૦૦થી વધુ પેલેસ્ટીની નાગરિકોમાંથી એક છે જેમની




પોલીસ દ્વારા ગાઝામાં યુદ્ધની શરૂઆતથી 'આતંકવાદને ઉશ્કેરવા' અથવા 'હિંસા કરવા' માટે ધરપકડ કે તપાસ હેઠળ નજરકેદ કરી લેવામાં આવ્યા છે. લઘુમતીઓ માટેના કાયદાકીય અધિકાર જૂથ દ્વારા આ માહિતી આપવામાં આવી હતી. ઈઝરાયેલે સ્પષ્ટ કર્યું છે કે તે અમને નાગરિક કરતાં દુશ્મન વધુ માને છે. ખલીફાએ ઈઝરાયેલના બીજા સૌથી મોટા પેલેસ્ટીની શહેર, ઉમ્મ અલ-ફહમના તેમના વતન ખાતેના કાફેમાં એક ઈન્ટરવ્યૂમાં આ માહિતી આપી હતી. ઈઝરાયેલમાં આશરે ૨૦ લાખ પેલેસ્ટીની નાગરિકો છે જેમના પરિવારો ૧૯૪૮માં બનાવવામાં આવેલી ઈઝરાયેલની સરહદોની અંદર રહ્યા હતા. તેમની વચ્ચે મુસ્લિમો અને ખ્રિસ્તીઓ છે અને તેઓ ગાઝા અને વેસ્ટ બેંક સાથે કૌટુંબિક અને સાંસ્કૃતિક સંબંધો જાળવી રાખે છે, જે ઈઝરાયેલે ૧૯૬૭માં કબજે કર્યું હતું.

# નેતાન્યાહુ સામે ICC વોરંટ, ગેલન્ટે ભૂખમરાને હથિયાર તરીકે ઉપયોગ કરવાનો ઉલ્લેખ કર્યો

(એજન્સી) તા.૨૪

હેગ, નેધરલેન્ડ સ્થિત ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC) એ ગુરૂવારે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને ભૂતપૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગેલેન્ટ સામે "માનવતા વિરૂદ્ધના ગુનાઓ અને યુદ્ધ અપરાધો" માટે ધરપકડ વોરંટ જારી કર્યું છે. એફટી અહેવાલ આપે છે કે આ પગલું ગાઝામાં યુદ્ધને લગતી અદાલતી કાર્યવાહીમાં મોટા પાયે વધારો દર્શાવે છે, અને અનિવાર્યપણે અર્થ એ છે કે આઈસીસીના ૧૨૪ સભ્ય દેશો હવે નેતન્યાહુ અને ગેલન્ટની ધરપકડ કરવા માટે બંધાયેલા છે જો તેઓ તે રાજ્યોના પ્રદેશમાં પ્રવેશ કરે છે. ઉલ્લેખનીય છે કે ચીન, ભારત, ઈઝરાયેલ, રશિયા અને અમેરિકા ICCના સભ્ય નથી.



આ વર્ષે મેની શરૂઆતમાં, હંગેરીએ જણાવ્યું કે તે તેના પ્રદેશ પર નેતન્યાહુની ધરપકડ માટે સંભવિત ICC વોરંટ લાગુ કરશે નહીં. સરકારના મંત્રી ગેર્ગેલી ગુલ્યાસે બુડાપેસ્ટમાં પત્રકારોને જણાવ્યું કે નેતાન્યાહુ હંગેરી આવશે તો તેમની અટકાયત કરવામાં આવશે નહીં. અન્ય તમામ સભ્ય દેશોની જેમ, હંગેરી એ રોમ કાનૂન પર હસ્તાક્ષરકર્તા છે જેણે ICCની સ્થાપના કરી હતી, પરંતુ ગુલ્યાસે જણાવ્યું કે કોર્ટના નિર્ણયોને લાગુ કરવા માટેની જોગવાઈઓ હજુ સુધી દેશમાં સંપૂર્ણ રીતે લાગુ કરવામાં આવી નથી. નેતન્યાહુના સાથી ગણાતા હંગેરીના વડા પ્રધાન વિક્ટર ઓર્બને ICCના પગલાને "અપમાનજનક" અને "શરમજનક" ગણાવ્યા હતા.

વર્તમાન તરફ આગળ વધીને, કોર્ટે જણાવ્યું કે તેણે સર્વસંમતિથી ICC અધિકારક્ષેત્રને લગતી ઈઝરાયેલની અપીલને નકારી કાઢવાનો નિર્ણય લીધો છે, એમ કહીને કે નેતન્યાહુ અને ગેલેન્ટ "એક પદ્ધતિ તરીકે યુદ્ધને ઉશ્કેરતા હતા" તે માનવા માટે "વાજબી કારણો" છે ICC એ એમ પણ જણાવ્યું કે બંનેએ ગાઝાના નાગરિકોને ખોરાક, પાણી, દવા, તબીબી પુરવઠો અને બળતણ અને વીજળીથી "જાણતા અને જાણી જોઈને" વંચિત રાખ્યા હોવાનું માનવા માટે વાજબી કારણો છે.

હમાસની સશસ્ત્ર શાખા, કાસમ બ્રિગેડ્સના લાંબા સમયથી નેતા મોહમ્મદ ડેઈફ માટે ત્રીજું ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે, માનવતા વિરૂદ્ધના ગુનાઓ અને યુદ્ધ અપરાધોના આરોપમાં. તેમના કથિત ગુનાઓમાં ઈઝરાયેલી પ્રદેશ પર રોકેટ ફાયરિંગ અને ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ થયેલા હુમલાનો સમાવેશ થાય છે, જેમાં ઓછામાં ઓછા ૧,૧૩૯ ઈઝરાયેલીઓ મૃત્યુ પામ્યા છે.

# સંયુક્ત રાષ્ટ્રનું કહેવું છે કે, ૪૦ દિવસમાં ઘેરાયેલા ઉત્તર ગાઝામાં વર્ચ્યુઅલ રીતે કોઈ સહાય પહોંચી નથી

(એજન્સી) તા.૨૪

યુનાઈટેડ નેશન્સે ચેતવણી આપી છે કે ઈઝરાયેલી દળો દ્વારા ઘેરાયેલા ઉત્તર ગાઝાના ભાગોમાં પેલેસ્ટિનિયનોને "જીવવું વધુને વધુ મુશ્કેલ બની રહ્યું છે" કારણ કે ૪૦ દિવસમાં વર્ચ્યુઅલ રીતે કોઈ સહાય પહોંચાડવામાં આવી નથી.

યુનાઈટેડ નેશન્સે જણાવ્યું કે આ મહિને બીટ હનુન, બીટ લાહિયા અને જબલિયામાં અંદાજિત ૬૫,૦૦૦થી ૭૫,૦૦૦ લોકોને મદદ કરવાના તેના તમામ પ્રયાસોને નકારી કાઢવામાં આવ્યા હતા અથવા વિક્ષેપિત કરવામાં આવ્યા હતા, જેના કારણે બેકરીઓ અને રસોડા બંધ થઈ ગયા હતા. આ મહિનાની શરૂઆતમાં યુએન-સમર્થિત મૂલ્યાંકન કહે છે કે ઉત્તરી ગાઝાના વિસ્તારોમાં દુષ્કાળની પ્રબળ સંભાવના છે.

ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું છે કે તેના છ અઠવાડિયાના આક્રમણનો હેતુ હમાસ લડાકુઓને ફરીથી જોડવાનો છે અને તે નાગરિકોને બહાર કાઢવામાં અને હોસ્પિટલોમાં પુરવઠો પહોંચાડવામાં મદદ કરી રહ્યું છે. ગાઝા શહેરમાં સેંકડો લોકો મૃત્યુ પામ્યા છે અને ૧૦૦,૦૦૦થી ૧૩૦,૦૦૦ અન્ય લોકો વિસ્થાપિત થયા છે, જ્યાં સંયુક્ત રાષ્ટ્રએ જણાવ્યું છે કે આશ્રય, પાણી અને આરોગ્યસંભાળ જેવા જરૂરી સંસાધનો ખૂબ મર્યાદિત છે.

દરમિયાન, યુ.એસ.એ ગાઝામાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે તાત્કાલિક યુદ્ધવિરામની માંગ કરતા યુએન સુરક્ષા પરિષદના ઠરાવના મુસદ્દાને વીટો કર્યો હતો. સુરક્ષા પરિષદના અન્ય ૧૪



સભ્યોએ તરફેણમાં મતદાન કર્યું હતું, પરંતુ યુ.એસ.એ જણાવ્યું કે ઠરાવમાં સ્પષ્ટપણે યુદ્ધવિરામના ભાગરૂપે હમાસ દ્વારા રાખવામાં આવેલા લોકોને તાત્કાલિક મુક્ત કરવા માટે કહેવામાં આવ્યું નથી.

ઠરાવ "તમામ પક્ષો દ્વારા આદર કરવા માટે તાત્કાલિક, બિનશરતી અને કાયમી યુદ્ધવિરામની માંગ કરે છે, અને તમામ બંધકોની તાત્કાલિક અને બિનશરતી મુક્તિની માંગને પુનરાવર્તિત કરે છે."

ઈઝરાયેલે જણાવ્યું કે આ ઠરાવ હમાસને "ખુશ" કરવા માટે હતો, પરંતુ ફ્રાન્સે કહ્યું કે ઠરાવ "ખૂબ જ ભારપૂર્વક" બંધકોને મુક્ત કરવાની માંગ કરે છે.માનવતાવાદી બાબતોના સંકલન માટેના કાર્યાલય (OCHA) અનુસાર, યુએન એજન્સીઓએ ૧થી ૧૮ નવેમ્બરની વચ્ચે ઉત્તરી ગાઝા રાજ્યના ઘેરાયેલા વિસ્તારોમાં ૩૧ મિશનનું આયોજન કર્યું હતું. તેમાંથી ૨૭, ઈઝરાયેલ સત્તાવાળાઓ દ્વારા નકારી કાઢવામાં આવ્યા હતા અને અન્ય ચારને ગંભીર રીતે અવરોધવામાં આવ્યા હતા, એટલે કે તેઓ જે કરવા ઈચ્છતા હતા તે તમામ કાર્ય પૂર્ણ કરવાથી અટકાવવામાં આવ્યા હતા.

"આઈપીસી દુષ્કાળ સમીક્ષા સમિતિએ જણાવ્યું કે ઉત્તર ગાઝાના ભાગોમાં દુષ્કાળનું જોખમ છે તેના ૧૧ દિવસ પછી આ આવ્યું છે - અને આના પર પ્રતિક્રિયા આપવાની તાત્કાલિક જરૂર છે," યુએનના પ્રવક્તા સ્ટેફન દુજારિકે ન્યૂયોર્કમાં પત્રકારોને કહ્યું, "કાર્ય કરવાની જરૂર છે થોડા દિવસોમાં લેવામાં આવે છે, થોડા અઠવાડિયામાં નહીં." તેમણે જણાવ્યું કે "પરિણામ એ છે કે ઉત્તરી ગાઝા ગવર્નરેટમાં બેકરીઓ અને રસોડા બંધ થઈ ગયા છે, પોષણ સહાય બાળકો અને સગર્ભા અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓને સ્થગિત કરી દેવામાં આવી છે અને પાણી અને સ્વચ્છતા સુવિધાઓ સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. તેને અવરોધિત કરવામાં આવી છે."

# ૧૧ NGOએ ફ્રાન્સને નેતાન્યાહુ, ગેલેન્ટ માટે ICC વોરંટ લાગુ કરવા વિનંતી કરી

(એજન્સી) પેરિસ, તા.૨૪

૧૧ બિન-સરકારી સંસ્થાઓએ ફ્રાન્સને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને પૂર્વ સંરક્ષણ મંત્રી યોઆવ ગેલેન્ટ સામે ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)ના ધરપકડ વોરંટ લાગુ કરવા વિનંતી કરી.

લીગ ડે ડ્રોઈટ ડે લ'હોમે (એલડીએચ) અને ફ્રેન્ચ પેલેસ્ટીની સોલિડેરિટી એસોસિએશન (એએફપીએસ) સહિતની એનજીઓએ ગુરૂવારે એક નિવેદન જારી કરીને ફ્રાન્સને વોરંટ પર પગલાં લેવા માંગ કરી હતી.

નિવેદનમાં ભારપૂર્વક જણાવાયું કે, ફ્રાન્સે ખાતરી કરવી જોઈએ કે, જો આ અધિકારીઓ ફ્રાન્સના ક્ષેત્રમાં પ્રવેશ કરે તો તેમની ધરપકડ કરવામાં આવે.

તેણે ફ્રાન્સને બાહ્ય દબાણો છતાં ICCને સમર્થન આપવાનું ચાલુ રાખવા માટે દબાણ કર્યું અને જણાવ્યું કે, 'આ વોરંટ જારી કરવાથી ઈઝરાયેલી સત્તાવાળાઓ પર પ્રતિબંધો લાદવાની જરૂરિયાતને વધુ રેખાંકિત કરે છે.'

પૂર્વ ફ્રાન્સના વડાપ્રધાન ડોમિનિક ડી વિલેપિને ફ્રેન્ચ એલસીઆઈ ટેલિવિઝન પર બોલતા વોરંટને સંબોધિત કર્યા હતા. જો નેતાન્યાહુ ફ્રેન્ચ અથવા યુરોપિયન પ્રદેશમાં પ્રવેશ કરે તો ફ્રાન્સે આ નિર્ણયનો અમલ કરવો જોઈએ કે કેમ તે અંગે પૂછવામાં આવતા, ડી વિલેપિને જવાબ આપ્યો કે, 'ફ્રાન્સ આ પ્રશ્નનો જવાબ પૂર્વ વિદેશમંત્રી સ્ટીફન સેજા ર્ન દ્વારા આપી ચૂક્યું છે. જણાવ્યું છે કે, ચોક્કસપણે ફ્રાન્સ ICCના નિર્ણયનો અમલ કરશે.'




ICCએ ગુરૂવારે જાહેરાત કરી કે, તેણે 'ગાઝામાં આચરવામાં આવેલા યુદ્ધ અપરાધો અને માનવતા વિરૂદ્ધના અપરાધો' ટાંકીને નેતાન્યાહુ અને ગેલેન્ટ માટે ધરપકડ વોરંટ જારી કર્યું છે.

ફ્રાન્સના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ક્રિસ્ટોફ લેમોઈને સાપ્તાહિક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન સીધો જવાબ આપવાનું ટાળ્યું કે શું ફ્રાન્સ વોરંટનો અમલ કરશે, તેને 'કાયદેસર રીતે જટિલ પ્રશ્ન' ગણાવ્યો. મંત્રાલયના પછીના નિવેદનમાં વોરંટને 'ટ્રાયલ નહીં પરંતુ આરોપોની ઔપચારિકતા' તરીકે વર્ણવવામાં આવ્યું છે. પેલેસ્ટીની પ્રતિકાર સમૂહ હમાસ દ્વારા ૭ ઓકટોબર, ૨૦૨૩ના રોજ કરવામાં આવેલા હુમલા બાદ ગાઝામાં ઈઝરાયેલનું આક્રમણ ચાલુ છે જેમાં ૪૪,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે, જેમાંથી મોટાભાગની મહિલાઓ અને બાળકો છે.

# ઈઝરાયેલના હુમલામાં ગાઝા પર ૪૮ કલાકમાં ૧૦૦થી વધુ પેલેસ્ટીનીઓનાં મોત

(એજન્સી) તા.૨૪

ગાઝા પર ઈઝરાયેલના હુમલામાં બે દિવસમાં ઓછામાં ઓછા ૧૨૦ લોકો મૃત્યુ પામ્યા છે, પેલેસ્ટીની આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું, જ્યારે ઈઝરાયેલે ઘેરાયેલા પ્રદેશ પર બોમ્બમારો વધાર્યો હતો. આરોગ્ય અધિકારીઓએ શનિવારે જણાવ્યું કે ગાઝા સિટીના ઝિટાઉન ઉપનગરમાં રહેણાંક મકાન પર રાતોરાત હુમલામાં ઓછામાં ઓછા સાત લોકો મૃત્યુ પામ્યા છે. અન્ય મૃત્યુ મધ્ય અને દક્ષિણ ગાઝામાં નોંધાયા હતા. અલ જઝીરા દ્વારા ચકાસાયેલ સોશિયલ મીડિયા વીડિયો અનુસાર, ઈઝરાયેલી હવાઈ હુમલાઓએ મધ્ય ગાઝામાં નુસરત શરણાર્થી શિબિરમાં અલ-ફારૂક મસ્જિદને નોંધપાત્ર નુકસાન પહોંચાડ્યું છે. ઈઝરાયેલી દળોએ ઉત્તરી ગાઝામાં તેમના જમીની આક્રમણ અને બોમ્બમારો પણ વેગ આપ્યો હતો, જ્યાં છેલ્લી આંશિક રીતે કાર્યરત હોસ્પિટલોમાંથી એક પર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ઘણા કર્મચારીઓને ઈજા પહોંચી હતી. કનુસરદવાન હોસ્પિટલના ડિરેક્ટર હુસમ અબુ સફિયાએ શનિવારે એક નિવેદનમાં જણાવ્યું કે ઈઝરાયેલી દળોએ 'ઈમરજન્સી અને રિસેપ્શન એરિયાના પ્રવેશદ્વાર તેમજ હોસ્પિટલના જણાવ્યું કે, ઈલેક્ટ્રિકલ જનરેટર અને હોસ્પિટલના ગેટને ઘણી વખત સીધું



નિશાન બનાવ્યું હતું'. તેમણે કહ્યું કે બોમ્બ વિસ્ફોટના પરિણામે ઈમરજન્સી અને રિસેપ્શન વિસ્તારોમાં હાજર ડોક્ટરો, નર્સો અને વહીવટી કર્મચારીઓ સહિત ૧૨ લોકો ઘાયલ થયા છે. ઈઝરાયેલી સૈન્યએ આરોપોને ફગાવી દીધા અને કે પરિસ્થિતિની પ્રારંભિક સમીક્ષા પછી તેને 'કમાલ અદવાન હોસ્પિટલના વિસ્તારમાં કોઈ હુમલાની જાણ નથી.' શુક્રવારે, ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે હોસ્પિટલોમાં માત્ર બે દિવસ માટે બળતણ બાકી છે, ત્યારબાદ તેઓએ સેવાઓને પ્રતિબંધિત કરવી પડશે. ઈઝરાયેલી સૈન્યએ ગયા મહિને ઉત્તરી ગાઝામાં ઘેરાબંધી અને નવેસરથી ગ્રાઉન્ડ આક્રમણ શરૂ કર્યું હતું, જણાવ્યું કે તેનો ઉદ્દેશ્ય હમાસ લડાકુઓને વધુ હુમલાઓ શરૂ કરવાથી અને આ વિસ્તારમાં પુનઃસંગઠિત થવાથી રોકવાનો હતો. યુનાઈટેડ નેશન્સે આ અઠવાડિયાની શરૂઆતમાં ચેતવણી આપી કે ઈઝરાયેલના નવા આક્રમણ બાદ ઉત્તરી ગાઝાને લગભગ કોઈ સહાય પહોંચાડવામાં આવી નથી, જ્યારે સહાય સમૂહો અને ખાદ્ય સુરક્ષા નિષ્ણાતોએ આ વિસ્તારમાં દુકાળની ચેતવણી આપી છે.

# કબજાવાળા દળોએ જેનિન કેમ્પ, શહેરમાં તોફાન કરતાં સશસ્ત્ર અથડામણો શરૂ થઈ

(એજન્સી) તા.૨૪

ઈઝરાયેલી કબજાવાળા દળોએ શુક્રવારે બપોરે ઉત્તરી વેસ્ટ બેંકના જેનિનના શહેર અને શિબિર પર હુમલો કર્યો, જેના કારણે કેમ્પ અને તેની આસપાસના કેટલાક વિસ્તારોમાં હિંસક અથડામણો અને ગોળીબારનો અવાજ સંભળાયો.

સ્થાનિક સૂત્રોએ અહેવાલ આપ્યો કે, કબજાવાળા દળોએ ભારે સૈન્ય બળ સાથે વિસ્તારમાં હુમલો કર્યો, જ્યારે પેલેસ્ટીની પ્રતિકાર લડાકુઓ સાથે અથડામણ શરૂ થઈ.

અલ-કુદ્સ બ્રિગેડ જેનિન બટાલિયને એક નિવેદન જારી કર્યું કે, તેના લડાકુઓ કબજાવાળા દળો સાથે હિંસક લડાઈમાં રોકાયેલા હતા, તેમણે જણાવ્યું કે, તેઓએ અલ-ઝહરા અને અલ-નસીમ મોરચાને નિશાન બનાવ્યા હતા. બટાલિયને જણાવ્યું કે, અથડામણ દરમિયાન તે કબજે કરી રહેલા સૈનિકોને ઈજા પહોંચાડવામાં સફળ રહી.

જેનિન અને આસપાસના વિસ્તારોમાં ચાલી રહેલા તણાવ વચ્ચે અથડામણ થઈ છે. ગયા બુધવારે જેનિનની ઉત્તરે આવેલા કફર દાન શહેરમાં કબજાવાળા દળોએ જેનિન કેમ્પ પર દરોડા દરમિયાન એક યુવાન પેલેસ્ટીનીની હત્યા કરી અને અન્ય ત્રણને ઘાયલ કર્યા હતા. સંબંધિત સંદર્ભમાં પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલય



અને પેલેસ્ટીન રેડ ક્રિસેન્ટ સોસાયટીએ અહેવાલ આપ્યો છે કે, ગયા મંગળવારે જેનિન કેમ્પ પર કબજો સેનાના દરોડા દરમિયાન પાંચ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા અને દસ અન્ય ઘાયલ થયા હતા. સતત ત્રીજા દિવસે ઈઝરાયેલના હુમલા ચાલુ રહ્યા, જેના કારણે પેલેસ્ટીનીઓમાં વ્યાપક વિનાશ, શહીદ અને ઈજાઓ થઈ.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

## તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# વડોદરામાં કાયદાનો બુરખો પહેરાવી નિર્દોષ ધંધાર્થીઓના રોજી-રોજગાર છીનવી લેવાની કાર્યવાહી કેટલી વાજબી ?

વડોદરામાં છેલ્લા કેટલાક દિવસથી દબાણ હટાવનારના નામે સ્થાનિક પ્રશાસન દ્વારા જે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે તેની પદ્ધતિ અને જે રીતે એ કામગીરી કરવામાં આવી રહી છે તેના કારણે આ સમગ્ર અભિયાન પાછળના ઈરાદાઓ અંગે અનેક શંકા-કુશંકા ઊભી થઈ છે અને ગંભીર સવાલો પેદા થવા પામ્યા છે. કાર્યવાહીનો નિશાન સંપૂર્ણપણે મુસ્લિમ સમાજના ધંધાર્થીઓ બની રહ્યા છે અને કાયદાનો દંડો ઉગામીને અથવા તો બીજી ભાષામાં કહીએ તો કાયદાનો બુરખો પહેરાવીને કિન્નાખોરીથી ભરપૂર કામગીરી કરવામાં આવી રહી હોવાની ગંભીર ફરિયાદો મુસ્લિમ સમાજમાંથી ઊઠવા પામી છે. જેના તરફ કાયદાપાલક અને નિષ્પક્ષ આગેવાનો તથા સમાજના અગ્રણીઓએ કોઈ પણ સમાજના હોય તેમણે ધ્યાન આપવું જરૂરી બન્યું છે. સેંકડો નાના અને મધ્યમ વર્ગના ધંધાર્થીઓ રેકડીઓ અને કેબિનો લઈને કાયદેસર રીતે એમનો વ્યવસાય કરી રહ્યા હોય છે અને એ રીતે પોતાનું અને પોતાના કુટુંબનું ભરણપોષણ કરે છે પરંતુ દબાણ હટાવના નામે જે અતિરેક કરવામાં આવી રહ્યો છે તેના કારણે કાયદેસર ધંધો રોજગાર કરી રહેલા ધંધાર્થીઓના પણ રોજી-રોજગાર છીનવાઈ ગયા છે અથવા તો છીનવાઈ રહ્યા છે. આ પ્રકારની કાર્યવાહી એ ખરેખર દબાણ કરનાર તત્ત્વો સામે કરવામાં આવે તો તેની સામે કોઈ વાંધો લઈ શકાય નહીં પરંતુ અહીં તો જે લોકો કાયદેસર લાયસન્સ લઈને પોતાની કેબિનો લઈને બેઠા છે અને રેકડીઓ ઊભી રાખીને શાંતિથી રોજી- રોજગાર કરી રહ્યા છે એવા કાયદેસરના ધંધાર્થીઓ ઉપર પણ દબાણ હટાવના નામે કાયદાનો દંડો ઉગામવામાં આવ્યો છે. એ સમગ્ર કાર્યવાહીની કાયદેસરતા સામે જ જાણકારોએ શંકા ઊભી કરી દીધી છે અને સવાલો ઉઠાવ્યા છે. કાયદા પ્રિય અને તટસ્થ નાગરિકો સ્પષ્ટ પણે માને છે કે જે લોકો ટ્રાફિકને અથવા તો લોકોને અવરજવરને નડતરરૂપ ન હોય એ રીતે કેબિનો અને રેકડી રાખીને ધંધો કરી રહ્યા હોય અને એમની પાસે મહાનગરપાલિકાના લાયસન્સ સહિતના દસ્તાવેજ હોય તો એમને એમના ધંધા-રોજગારથી વંચિત કરી દેવાનું કામ બિલકુલ ગેરકાયદે છે અને દમનકારી પ્રક્રિયા છે અને એમની વાત સાચી પણ છે. છેલ્લા કેટલાય દિવસથી વડોદરા મહાનગરપાલિકાના અલગ અલગ વિસ્તારોમાં અને ખાસ કરીને મુસ્લિમ બહુલ વિસ્તારોમાં જે લોકો શાંતિપૂર્ણ રીતે પોતાનો વ્યવસાય કરી રહ્યા છે એમના સરસામાન સહિતની રેકડીઓ અને કેબિનો ઉપાડી જવામાં આવી છે અને આ રીતે તેમના ધંધા-રોજગાર છીનવી લેવાની કાર્યવાહી પૂરજોશમાં ચલાવવામાં આવી રહી છે જેના કારણે લઘુમતી સમાજમાં પણ ભારે રોષ અને આક્રોશ ઊભા થયા છે અને દેકારો થઈ ગયો છે. વાત ગાંધીનગર સુધી પહોંચી છે અને રાજ્યના મુખ્ય સચિવ સુધી જોરદાર રજૂઆતો કરવામાં પણ આવી છે તેમ જાણવા મળ્યું છે. કેટલાક તટસ્થ લોકો કહે છે કે બુલડોઝર ન્યાયના નામે જે કાયદાનો અતિરેક કરવામાં આવી રહ્યો હતો તેના પર સુપ્રીમ કોર્ટે લગામ મૂકી છે તો હવે સ્થાનિક પ્રશાસન દ્વારા હવે આ નવું ગતકડું દબાણ હટાવનારના નામે શરૂ કરવામાં આવ્યું છે એવું લાગે છે. સરવાળે આ કામગીરીનો સૌથી વધુ ભોગ બનેલા મુસ્લિમ સમાજના જે ધંધાર્થીઓ છે તે ઓછી આવક ધરાવતા સામાન્ય પરિવારના છે અને નીચલા મધ્યમવર્ગના પરિવારો છે. જે શાંતિથી કાયદેસર રીતે પોતાની રોજી-રોટી કમાવવા સવારથી નીકળી પડે છે અને એમના પરિવારોનું ભરણપોષણ કરવા માટે દિવસભર ટાઢ તડકો કે વરસાદમાં મહેનત કરતા રહે છે. હા નાના ધંધાર્થીઓ પાસેથી એમની રોજી-રોટીના સાધન જ છીનવી લેવામાં આવે તો તેઓ પરિવારનો પેટનો ખાડો કઈ રીતે પૂરી શકે તે સવાલ તરફ સ્થાનિક તંત્ર ધ્યાન આપે એવી પ્રચંડ લોકલાગણી સંભળાઈ રહી છે. કાયદો બધા માટે સરખો છે પરંતુ આંખે પાટા બાંધીને આંધળા ભીંત થઈને આડેધડ કોઈપણ કાનૂની કાર્યવાહી કરી શકાતી નથી. આ લોકશાહી દેશ છે, અહીં દરેકને કાયદેસર રીતે પોતાની રોજીરોટી કમાવવાનો અને પોતાના કુટુંબનું ભરણપોષણ કરવાનો વૈધાનિક મૂળભૂત અધિકાર મળેલો છે જે આવી કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરીને છીનવી શકાય નહીં. આપણા રાજ્યના મુખ્યમંત્રી ખૂબ જ સંવેદનશીલ વહીવટકર્તા ગણાય છે એટલે રાજ્ય સરકાર સુધી પીડિત પરિવારોએ તેમની રજૂઆત કરવાનું નક્કી કર્યું છે અને એમને આશા છે કે સંવેદનશીલ મુખ્યમંત્રી તરફથી અમને જરૂર ન્યાય મળશે. મહાનગરપાલિકા તંત્ર હોય કે અન્ય કોઈપણ સરકારી વિભાગ હોય તે પોતાની કામગીરીનો અતિરેક કરીને આવી રીતે ઉશ્કેરણીનું વાતાવરણ ઊભું ન કરી શકે. આ માટે રાજ્ય સરકાર અને ખાસ કરીને મુખ્યમંત્રી તાત્કાલિક દરમિયાનગીરી કરે તેવી નાના-મોટા ધંધાર્થીઓની અપેક્ષા છે અને મુખ્યમંત્રી જરૂર આ અંગે ધ્યાન આપીને આદેશો બહાર પાડશે એવી આ ધંધાર્થીઓને આશા અને વિશ્વાસ છે. આપણા દેશમાં ટ્રાફિકની સમસ્યા એ કોઈ નવી વાત નથી પરંતુ સાથે સાથે એ સત્ય પણ સ્વીકારવું પડે કે આપણે દરેક નાના-મોટા ધંધાર્થીને મોલ કે દુકાનો આપી શકીએ તેમ નથી અથવા તો નાના ધંધાર્થીઓને એ રાખવાનું પરવડે પણ નહીં. એટલે રસ્તાઓ પર રેકડીઓ અને કેબિનો રાખવા સિવાય તેમની પાસે બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. એટલે આ કાર્યવાહી કરતી વખતે માનવતાવાદી અભિગમ અપનાવવામાં આવે એ અત્યંત જરૂરી છે એવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. આપણે કોઈ તાલિબાની કે હિટલરશાહી યુગમાં જીવતા નથી. આપણો દેશ વિશ્વનો સૌથી મોટો લોકશાહી જનવાદી માનવતાવાદી દેશ છે એ હકીકત સ્થાનિક પ્રશાસન ગણીને ગાંઠે બાંધે તો એ સૌના હિતમાં રહેશે અને બીજાના નાના-મોટા ધંધાર્થીઓને રોજી ગુમાવવાનો વારો નહીં આવે. દબાણ હટાવની આ કામગીરી એકપક્ષી અને ભેદભાવભરી તથા કિન્નાખોરીથી ભરી ન રહે અને નડતરરૂપ હોય એ જ ચીજો હટાવવામાં આવે અને કાયદેસરના વેપારી તથા ધંધાર્થીઓને હેરાન કરવામાં ન આવે એ જરૂરી છે. વડોદરાના નાગરિકો અને ખાસ કરીને લઘુમતી સમાજના વેપારીઓ અને ધંધાર્થીઓ સ્થાનિક પ્રશાસન પાસેથી ન્યાયની અપેક્ષા રાખે છે.

# ઉત્તરપ્રદેશની પેટાચૂંટણીઓ પોલીસની ગેરવર્તણૂક, મુસ્લિમો સામેના ભેદભાવના આરોપોથી ખરડાયેલી છે

ઉત્તરપ્રદેશમાં અત્યંત વિવાદાસ્પદ પેટાચૂંટણીમાં ૨૦ નવેમ્બરે નવ બેઠકો પર મતદાન થયું હતું. આ દરમિયાન, એક પોલીસ અધિકારી મત આપવા આવતા નાગરિકો પર પિસ્તોલ તાકીને અને તેમના પર ગોળીબાર કરવાની ધમકી આપતા કેમેરામાં કેદ થયો હતો. પાંચ પોલીસ કર્મચારીઓને ચૂંટણી પંચ (EC) માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, જેમાં તેમને મતદારોના ઓળખ કાર્ડની તપાસ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. વિરોધ પક્ષના સમર્થકો, ખાસ કરીને મુસ્લિમોને, પોલીસ દ્વારા બહુવિધ સ્ટેશનો પર તેમનો મત આપવાથી કથિત રીતે અટકાવવામાં આવ્યા હતા. વિપક્ષી ઉમેદવાર મુસ્લિમો સાથે કરવામાં આવતા ભેદભાવ અને તેના બૂથ એજન્ટો સામે પક્ષપાત અને ગેરવર્તણૂકના આરોપોથી એટલો નારાજ હતો કે તેણે સમગ્ર ચૂંટણીને રદ કરીને નવેસરથી હાથ ધરવાની માંગ કરી હતી. ભારતના ચૂંટણી પંચે મનસ્વી રીતે તપાસ કરવાની અને મતદારોને મતદાન કરતા અટકાવવાની આ ફરિયાદોને ધ્યાનમાં લેવી પડી હતી અને કોઈપણ સમુદાય સામે કોઈપણ પક્ષપાત વિના મુક્ત અને ન્યાયી ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે અધિકારીઓને નિર્દેશો જારી કરવા પડ્યા હતા.



**આ પેટાચૂંટણીમાં શરૂઆતથી જ વિવાદો ફાટી નીકળ્યા હતા. SPએ એવા બહુવિધ વીડિયો શેર કર્યા હતા જેમાં કથિત રીતે તેના મતદારોને મતદાન કરવામાં મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.**

બે મુખ્ય જૂથો - ભારતીય જનતા પાર્ટી અને સમાજવાદી પાર્ટી દ્વારા ભારે પ્રચાર ઝુંબેશ પછી વહીવટી પક્ષપાત અને પોલીસ અતિરેકને લગતી વધતી ચિંતાઓ વચ્ચે તમામની નજર વાસ્તવિક મતદાન પ્રક્રિયા પર હતી. અંતે, નવ બેઠકો પર સરેરાશ ૪૯.૩ ટકા મતદાન નોંધાયું હતું. કુંડારકી, મીરાપુર અને કથેરી બેઠકો પર સૌથી વધુ મતદાન ટકાવારી નોંધાઈ હતી જે અનુક્રમે ૫૭.૭, ૫૭.૧ અને ૫૬.૯ છે. ગાઝિયાબાદની શહેરી સીટ પર અપેક્ષા મુજબ સૌથી ઓછું મતદાન નોંધાયું છે જે નિરાશાજનક ૩૩.૩% છે. અલીગઢમાં ખેર અને પ્રયાગરાજના ફુલપુરમાં પણ મતદાન વધુ ન હતું કારણ કે ત્યાં અનુક્રમે ૪૬.૩% અને ૪૩.૪% મતદાન થયું હતું. કરહાલમાં ૫૪.૧%, માજવાનમાં ૫૦.૪% અને શીશામાઉમાં ૪૯.૧% મતદાન થયું હતું. આ વોટિંગ પ્રક્રિયા શરૂઆતથી જ વિવાદોથી ઘેરાયેલી હતી અને વિરોધ પક્ષ એસપીએ એવા બહુવિધ વીડિયો શેર કર્યા હતા જેમાં કથિત રીતે તેના મતદારોને મતદાન કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. જો કે, અમે વિપક્ષ દ્વારા શેર કરાયેલા દરેક વીડિયોને સ્વતંત્ર રીતે ચકાસી શકયા નથી, ત્યારે ફરજ પરના પોલીસ દ્વારા ગેરવર્તણૂકની ઘણી ફરિયાદો ચૂંટણી અને વહીવટી અધિકારીઓએ પોતે સ્વીકારી હતી. અખિલેશ યાદવની આગેવાની હેઠળના એસપીએ પોલીસ પર પક્ષપાત કરવાનો આરોપ લગાવ્યો હતો અને આક્ષેપ કર્યો કે કેટલાક અધિકારીઓ અને પોલીસ ભાજપના કાર્યકરોની જેમ કામ કરી રહ્યા છે. એવું લાગે છે કે ચૂંટણી પંચની સંવેદના ખતમ થઈ ગઈ છે. આટલી ફરિયાદો કરવામાં આવી હોવા છતાં તે ન તો જોઈ શકે છે અને ન સાંભળી શકે છે. ભાજપ આ પેટાચૂંટણીઓ વોટથી નહીં પરંતુ ગેરરીતિ દ્વારા જીતવા માંગે છે.

મતદાન પ્રક્રિયાની મધ્યમાં ઉતાવળમાં બોલાવવામાં આવેલી પ્રેસ કોન્ફરન્સને સંબોધતા, અખિલેશ યાદવે આરોપ લગાવ્યો હતો કે હારના ડરથી, ભાજપ વહીવટને પોતાની આ ખોટી રમતમાં સામેલ થવા માટે દબાણ કરી રહ્યું છે. તેમણે આરોપ લગાવ્યો કે પોલીસ અને અન્ય અધિકારીઓ ભાજપને ફાયદો સુનિશ્ચિત કરવા માટે એસપી મતદારોને તેમના મત અધિકારનો ઉપયોગ કરતા અટકાવી રહ્યા છે. ECએ પાછળથી જાહેર કરતાં કહ્યું કે તેણે યુપીના અમુક મતવિસ્તારોમાં મનસ્વી રીતે તપાસ અને મતદારોને મતદાન કરવાથી અટકાવવા સંબંધિત ફરિયાદોની નોંધ લીધી છે. ચૂંટણી પેનલે જણાવ્યું હતું કે, સંપૂર્ણ તપાસ પછી, મુરાદાબાદ, કાનપુર અને મુઝફ્ફરનગરમાં મતદારોની તપાસ અંગેના ધોરણો અને માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરવા બદલ પાંચ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) રાજીવ કુમારે તમામ સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને ૧૩ કેન્દ્રીય નિરીક્ષકોને કોઈપણ સામે કોઈપણ પક્ષપાત વિના મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી પ્રક્રિયાને સુનિશ્ચિત કરવા સખત નિર્દેશ આપ્યો હતો.

ECએ જણાવ્યું હતું કે, મતદાનના એક દિવસ પહેલા, ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિનવાએ તમામ જિલ્લા પોલીસ વડાઓને નિર્દેશો જારી કર્યા હતા જયાં મતદાન યોજવાનું હતું ત્યાં ECના નિર્દેશોનું કડક પાલન સુનિશ્ચિત કરવા માટે અને પોલીસ મતદાન મથકની બહાર લોકોના મતદાન IDને તપાસશે નહીં. યુપીના વધારાના સીઈસી ચંદ્રશેખરે, એસપી દ્વારા પોલીસ માર્ગદર્શિકાનું પાલન કરવાની વિનંતી કર્યા પછી એક નિર્દેશમાં જણાવ્યું હતું કે, પોલીસ દળની પ્રાથમિક ભૂમિકા મતદાનના દિવસે કાયદો અને વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની હતી.

ચંદ્રશેખરે અધિકારીઓને ખાસ કરીને એવી મહિલા મતદારો માટે નિર્ધારિત પ્રક્રિયાઓનું પાલન કરવા સૂચના આપી હતી જેઓ બુરખા પહેરે છે. એસપીના પ્રદેશ પ્રમુખ શ્યામ લાલ પાલે મતદાનની પૂર્વસંધ્યાએ યુપી સીઈસીને પત્ર લખીને નિર્દેશોની વિનંતી કરી હતી કે પોલીસને મતદારોના આઈડી કાર્ડ તપાસવાની મંજૂરી ન આપવામાં આવે. પાલે ભૂતકાળના ખરાબ અનુભવનો ઉલ્લેખ કર્યો હતો. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી દરમિયાન, મતદાન મથક પર સુરક્ષા માટે તૈનાત પોલીસ કર્મચારીઓએ તેમની સત્તાનો દુરુપયોગ કર્યો હતો અને મતદારોને, ખાસ કરીને SPને ટેકો આપતી મુસ્લિમ મહિલાઓને ઓળખના બહાને તેમના પડદા હટાવીને ડરાવી દીધા હતા. તેમણે જણાવ્યું હતું કે, આ મતદારોએ તેમના મત આપ્યા વિના જ પાછા ફરવું પડ્યું હતું, જેના કારણે ચૂંટણી પરિણામો પર અસર થઈ હતી અને મતદાનની ટકાવારીમાં ઘટાડો થયો હતો. પાલના પત્ર પર પ્રતિક્રિયા આપતા, યુપીના નાયબ મુખ્ય પ્રધાન કેશવ પ્રસાદ મૌર્યએ આરોપ મૂક્યો હતો કે એસપી લોકોને બુરખા પહેરાવીને નકલી મતદાન કરાવવાનું કાવતરું ઘડી રહી છે. મૌર્યએ કહ્યું કે, નિષ્પક્ષ ચૂંટણીઓ માટે, બુરખા પહેરીને મતદાન કરનારા મતદારોની વિશેષ તપાસની ખાતરી કરવી જરૂરી છે.

યુપીના સીઈઓ રિનવાએ વિપક્ષને આશ્વાસન આપતા કહ્યું કે પોલીસને ઓળખ કાર્ડની તપાસ કરવાનો અધિકાર નથી અને માત્ર પોલિંગ સ્ટાફ અને પ્રિસાઈડિંગ ઓફિસર જ આવું કરી શકે છે. જો કે, મતદાનના દિવસે, પોલીસ કર્મચારીઓ મતદારોના ઓળખ કાર્ડની તપાસ કરતા હોવાની ઘણી ફરિયાદો મળી હતી. મુરાદાબાદમાં, જિલ્લા મેજિસ્ટ્રેટે જણાવ્યું હતું કે તેઓએ ફરિયાદોને ધ્યાનમાં લીધી છે કે કેટલાક વિસ્તારોમાં બેરિકેડ મૂકવામાં આવ્યા છે, જેના કારણે મતદારોને મુશ્કેલી પડી રહી છે. વરિષ્ઠ પોલીસ અધિક્ષક (એસએસપી) સતપાલ અંતિલે જણાવ્યું હતું કે જ્યાં પણ તેમને પોલીસ વિરુદ્ધ આવી ફરિયાદો મળી છે, ત્યાં સંબંધિત કર્મચારીઓને તાત્કાલિક ફરજ પરથી હટાવી દેવામાં આવ્યા છે. તેમની વિરુદ્ધ વિભાગીય કાર્યવાહી પણ કરવામાં આવશે.

અધિકારીએ જણાવ્યું કે, મુરાદાબાદમાં એક સબ-ઈન્સ્પેક્ટર અને બે કોન્સ્ટેબલને તેમની ફરજ પરથી દૂર કરવામાં આવ્યા હતા. મુઝફ્ફરનગરમાં સબ ઈન્સ્પેક્ટર નીરજ કુમાર અને ઓમપાલ સિંહને ચૂંટણી પંચની માર્ગદર્શિકાનું પાલન ન કરવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. પોલીસે તેમની સામે ખાતાકીય કાર્યવાહી પણ શરૂ કરી હતી. ઉત્તર પ્રદેશમાં ચૂંટણી પંચે કહ્યું કે તેણે મતદાર આઈડીની તપાસ અંગેની ફરિયાદોને ગંભીરતાથી લીધી છે અને કાનપુર અને મુઝફ્ફરનગરમાં બે-બે કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા છે. કુંડારકી (મુરાદાબાદ)માં પૂર્વ ધારાસભ્ય અને સપાના ઉમેદવાર મોહમ્મદ રિઝવાને EC અને જિલ્લા ચૂંટણી અધિકારીને પત્ર લખીને આરોપ લગાવ્યો છે કે માત્ર એક ચોક્કસ સમુદાયના સભ્યોને જ મતદાન કરવાની મંજૂરી આપવામાં આવી રહી છે જ્યારે અન્ય સમુદાય (એટલે કે મુસ્લિમો) સામે વહીવટીતંત્ર તરફથી લાઠીઓ ચલાવવામાં આવી રહી છે. તેમણે રાજ્ય પોલીસને ચૂંટણી ફરજમાંથી હટાવવાની અને અર્ધલશ્કરી દળોને ચૂંટણી પ્રક્રિયા માટે તૈનાત કરવાની માગણી પણ કરી હતી. રિઝવાને મતદાન પ્રક્રિયાની મધ્યમાં આક્ષેપ કર્યો હતો કે, આ સાથે તમને જણાવવા માટે લખવામાં આવે છે કે સ્થાનિક પોલીસ તમામ બૂથ (૧થી ૩૯૬) પર સમાજવાદી પાર્ટીના પોલિંગ એજન્ટોને ધમકાવી રહી છે અને માર મારી રહી છે, તેઓ અમારા કાર્યકરો સાથે પણ ખરાબ વર્તન કરી રહ્યા છે. ભાજપ અલગ-અલગ રંગની કાપલીઓનું વિતરણ કરી રહી છે, અને સ્થાનિક પોલીસ આ સ્લિપો ધરાવતા લોકોની તરફેણ કરી રહી છે. રિઝવાને લખ્યું કે હિંસા કે ધાકધમકીથી ડર્યા વિના મતદાન પ્રક્રિયામાં ભાગ લેવાની સમાન તક તમામ રાજકીય પક્ષોને આપવામાં આવે તે આવશ્યક છે. અન્ય એક વિવાદમાં, મુઝફ્ફરનગરના કકરૌલીના એસએચઓ, પોલીસ અધિકારી રાજીવ શર્મા, એક ગલીમાં કેટલાક સ્થાનિકો તરફ તેમની પિસ્તોલ બતાવતા વીડિયોમાં જોવા મળ્યા હતા. જો કે શરૂઆતમાં એવું લાગતું હતું કે તે કેટલીક મુસ્લિમ મહિલાઓને નિશાન બનાવી રહ્યો હતો, ત્યારે વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ પાછળથી સ્પષ્ટતા કરી કે SHO પોલીસ પર પથ્થરમારો કરનારા કેટલાક કથિત બદમાશોને વિખેરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

અખિલેશ યાદવે આ ઘટનાની એક ક્લિપ શેર કરી હતી અને માંગ કરી હતી કે ECએ આ SHOને સસ્પેન્ડ કરવા જોઈએ, તેમના પર મતદારોને રિવોલ્વરથી ધમકાવીને મત આપવાથી રોકવાનો આરોપ લગાવ્યો હતો. આ વીડિયોએ સોશિયલ મીડિયા પર યુપી પોલીસ વિરુદ્ધ આક્રોશ પેદા કર્યો હતો. SSP મુઝફ્ફરનગર, અભિષેક સિંહે પાછળથી કહ્યું કે આ SHO હુલ્લડ નિયંત્રણ કરી રહ્યા હતા. આ અધિકારીએ કહ્યું કે, આ વીડિયો અધૂરો છે અને તેને ષડયંત્રના ભાગરૂપે વાયરલ કરવામાં આવી રહ્યો છે. એસએસપી સિંહે કહ્યું કે બે જૂથો વચ્ચે ઝપાઝપી થઈ હોવાની માહિતી મળતાં જ કકરૌલી પોલીસ ગામમાં પહોંચી હતી. સિંહે કહ્યું કે જ્યારે પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યારે લોકોએ પહેલા રસ્તો રોકવાનો પ્રયાસ કર્યો હતો અને પછી પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. પોલીસે હળવા બળનો ઉપયોગ કરીને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. જ્યારે આ વીડિયો બનાવવામાં આવ્યો ત્યારે મુશ્કેલી સર્જનારા ત્યાંથી નાસી છૂટ્યા હતા. આ અધિકારીએ કહ્યું કે આ મુશ્કેલી સર્જનારાઓએ મહિલાઓને આગળ કરી દીધી હતી અને તેઓએ SHOને ક્લીનચીટ આપી હતી અને કહ્યું કે, પોલીસે નિયમોનું પાલન કર્યું છે અને મતદાનના દિવસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને સામાન્ય રાખવા માટે કાર્યવાહી કરી છે. યુપીના સીઈઓ રિનવાએ જણાવ્યું છે કે પથ્થરમારાની ઘટના મુઝફ્ફરનગરના મીરાપુર મતવિસ્તારમાં મતદાન મથકથી થોડા અંતરે બની હતી પરંતુ તેનાથી મતદાનમાં કોઈ વિક્ષેપ પડ્યો નથી. બાદમાં, પોલીસ પર પથ્થરમારો કરવા અને સત્તાવાર કામમાં ખલેલ પહોંચાડવા બદલ ત્રણ મહિલાઓ સહિત ૨૫ લોકો સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. આ એફઆઈઆર અનુસાર, બંને પક્ષો, સપા અને ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીનના સમર્થકો વચ્ચે પોતપોતાના ઉમેદવારોને મત આપવાને લઈને વિવાદ થયો હતો.

મૈનપુરીના કરહાલમાં મતદાનના દિવસે ૨૩ વર્ષની દલિત યુવતીની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. તેના મૃત્યુનું ભાજપ દ્વારા રાજનીતિકરણ કરવામાં આવ્યું હતું કારણ કે તે આરોપી વ્યક્તિને એસપી સાથે જોડાયેલો હતો. એસપી મૈનપુરીના વિનોદ કુમારે જણાવ્યું હતું કે, યુવતીના પરિવારનો આરોપ છે કે આરોપી પ્રશાંત યાદવ અને મોહન કથેરિયાએ તેને ભાજપને વોટ ન આપવા માટે તેની હત્યા કરી હતી. આ મુદ્દાને તપાસમાં સામેલ કરવામાં આવશે. યુપીના નાયબ મુખ્યમંત્રી મૌર્યએ આ ઘટનાને લઈને એસપી પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું કે, કરહાલમાં એક દલિત છોકરીની ઘાતકી હત્યાએ ગુંડા રાજ અને એસપીના કાળા કાર્યોનો પર્દાફાશ કર્યો છે.

**- ઓમર રશીદ (સૌ. : ધ વાયર)**

## ડૉ. ઉદિત રાજની મુસ્લિમ, દલિત, ઓબીસી અને આદિવાસીઓને સંવૈધાનિક અધિકારો અપાવવા માટેની એક અનોખી ચળવળ

તા.૧૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ ડૉ. ઉદિત રાજે દેશની વર્તમાન પરિસ્થિતિ જોતાં પોતાની વેદના ઠાલવી છે અને હાલમાં દલિત મુસ્લિમ ઓબીસી અને આદિવાસી જેવા પછાત વર્ગોને હડસેલી હિંદુત્વનું કાર્ડ આજે પણ ખેલાઈ રહ્યું છે. આ જોતાં મુસ્લિમોની હાલત દલિતો કરતાં પણ વધારે ખરાબ થઈ રહી છે. ડૉ.ઉદિત રાજે આ બાબતે ખૂબ જ ખુલ્લા મને પોતાની વ્યથા ઠાલવી છે. તા.-૧૯-૧૧-૨૦૨૪ના "ગુ. ટુડે"માં અને તેમની સાથે લેવાયેલ એક ઈન્ટરવ્યૂમાં પણ બેબાક રીતે આ બાબતે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે.

ડૉ. ઉદિત રાજ કોણ છે. સ્હેજ જાણી લઈએ તો તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના સિનિયર સભ્ય અને રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના પ્રવક્તા તરીકે હાલ કામ કરી રહ્યા છે. તેઓ ૨૦૧૪માં દિલ્હીથી સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. તેઓ સામાજિક કાર્યકરની સાથે નવી દિલ્હી ખાતે (IRS) ઈન્કમટેક્સ કમિશનર તરીકે સેવા આપી ચૂક્યા છે. હાલમાં ડૉ. ઉદિત રાજ કોન્ફેડેશન ઓફ દલિત, ઓબીસી માયનોરિટી અને આદિવાસી ઓર્ગેનાઈઝેશન રાષ્ટ્રીય અધ્યક્ષના પદ પર નીયુક્ત છે.

૨૦૧૪થી ભાજપાની સરકાર આવ્યા પછી મુસ્લિમોની જે હાલત થવા જઈ રહી છે દેશના તમામ મુસ્લિમો જાણી રહ્યા છે અને જોઈ રહ્યા છે. મોબ લિંચિંગથી લઈ મુસ્લિમો માટે નગ્ન ઉચ્ચારણો મંગલસૂત્રથી લઈ હિન્દુ છોકરીઓને ઉઠાવી જવાની નીચ અને ગલીચ બકવાસો, દેશની બીજા નંબરની વકફ મિલકતો છીનવી લેવાની નાપાક હરકતો દ્વારા થતા જુલ્મોની પૂરી એક દાસ્તાન અહીં વર્ણવી શકાય તેમ નથી. અંતે મુસ્લિમોના મકાનો અને મિલકતો બુલડોઝરોની વણઝાર આ બાબતો સમગ્ર દેશમાં ક્યાં અજાણ છે ? મુસ્લિમો પર થતાં આવા જુલ્મો અને અત્યાચાર કેમ કરી રોકી શકાય આ માટે તમામ મુસ્લિમ તંઝીમો અને દેશના તમામ સેક્યુલર સંગઠનો ચિંતિત છે. માત્રને માત્ર આ માટે મુસ્લિમો અને દેશના દલિત અને પછાત વર્ગો માટે ફક્ત ન્યાયાલય માત્ર એક વિકલ્પ રહ્યો છે. આવા અંતિમ જુલ્મો-સીતમ સામે પહેલી ડિસેમ્બરના રોજ નવી દિલ્હીમાં આવેલ રામલીલા મેદાનમાં એક બહુ મોટી રેલી થવા જઈ રહી છે. આ અગાઉ મૌલાના અરશદ મદની દ્વારા પણ આજ મુદ્દાઓને લઈ ખૂબ વિશાળ સભા યોજાઈ હતી જે મીડિયા દ્વારા સૌ મુસ્લિમોએ નિહાળી હશે. પહેલી ડિસેમ્બરે રામલીલા મેદાન ખાતે જે રેલીનું આયોજન થઈ રહ્યું છે તેમાં સામેલ થવા માટે ગુજરાતમાંથી મિલ્લતના સાચા રહેબર અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ સાહેબનો સમાવેશ થવા જઈ રહ્યો છે. ગુજરાતના સૌ મુસ્લિમો શેખ સાહેબથી ક્યાં અજાણ છે.? ગુજરાતમાં મુસ્લિમો સાથે થતાં અન્યાય સામે બહાદુરીપૂર્વક લડી લેવાની ખેવના મુસ્લિમોને એક સાચા રહેબરની યાદ અપાવે છે. અગાઉ પણ ઘણીવાર લખી ચૂક્યો છું અને લખી રહ્યો છું કે સાચી સિયાસત એ જ છે જેમાં મિલ્લત મુકદ્દમ હોય પછી જે સેકયુલર પાર્ટીમાં રહેતા હોય તે પાર્ટી વર્ષો પછી આવી કોઈ સિફત શેખ સાહેબમાં જણાઈ રહી છે. આ બાબતે ખૂબ સક્રિય રહી તમામ મુસ્લિમ તંઝીમોના રહેબરો અને જમીઅતના મૌલાના અરશદ મદની અને મૌલાના મહેમુદ મદની સાથે આ બાબતે સહયોગ અને માર્ગદર્શન મેળવતા રહ્યા છે અને ખાસ આ રેલીના સંયોજક ડો.ઉદિત રાજ પણ જનાબ ગ્યાસુદ્દીન શેખ સાહેબથી સહયોગ મેળવી રહ્યા છે. આ રેલીથી એવા સંકેત મળી રહ્યા છે કે હવે દેશના ભૂંડા અને ભાગલાવાદી રાજકારણમાં ભૂકંપ આવી જશે. એના કારણો આ રેલીથી ખૂબ જ સ્પષ્ટ થઈ રહ્યું છે કે આ પહેલી ડિસેમ્બરે યોજાનાર રેલીમાં દલિત, ઓબીસી, લઘુમતી અને આદિવાસી એક સાથે જોડાશે. આથી ૮૦/૨૦નો પરપોટો સામે આવી જશે. એટલું જ નહીં દેશમાં રાજ્યસભા અને લોકસભાના મુસ્લિમ સાંસદ સભ્યો અને દરેક રાજ્યના જે પણ મુસ્લિમ ધારાસભ્યો છે તેમને પણ આ રેલીમાં આમંત્રિત કરવામાં આવશે. પૂર્વ રાજ્ય સભા સાંસદ મોહમ્મદ અદીબ સાહેબ તેમજ ગુજરાતના પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખને પણ આ મહાસંમેલનમાં સામેલ થવા આમંત્રણ આપવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં જોવામાં આવી રહ્યું છે કે જેટલા પણ સેક્યુલર રાજકીય પાર્ટીઓના ધારાસભ્ય અથવા લોકસભા અને રાજયસભાના સભ્યો મુસ્લિમો પર થતા જુલ્મો અને સીતમોને જોઈ રહ્યા છે નિહાળી રહ્યા છે પણ તેઓ કઈ બોલી શકતા નથી કારણ કે એ બાબત સ્પષ્ટ છે કે અમે કઈ બોલીશું તો અમારી પોતાની સીટ ઉપર હારનો સામનો કરવો પડશે. અત્યાર સુધીમાં ભાજપા સરકાર દ્વારા જે કંઈ પણ થયું અને થઈ રહ્યું છે ૨૦૨૪ને ચૂંટણી પછી પણ મુસ્લિમોના જે મુદ્દાઓ એમની હિંદુત્વની ડિઝાઈન પ્રમાણે બાકી હતા તેને ૨૦૨૪ની લોકસભામાં લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. એમના એજન્ડા પ્રમાણે બાબરીથી લઈ ૩૭૦ સુધી પાછલી બહુમતીવાળી સરકારમાં બેરોકટોક પસાર કરી દેવામાં આવ્યા. જે કંઈ બાકી રહી જતું હતું ૨૦૨૪થી બનેલી નવી સરકારમાં લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો જે નિષ્ફળ નીવડ્યો. વકફ સુધારા બિલ નવી લોકસભામાં લાવવામાં આવ્યું અને પસાર ન થઈ શક્યું. કારણ સરકાર બહુમતીમાં હતી નહીં બે બૈશાખી સરકાર હતી એનો વિરોધ છે, બચવું જરૂરી હતું. વિરોધ પક્ષો દ્વારા એનો સખ્ત વિરોધ થયો વિરોધ કરનારા સેક્યુલર પાર્ટીના સભ્યો હતા અને સરકાર ટકાવી રાખનારા સભ્યોએ પણ પોતાનો અણગમો વ્યક્ત કર્યો જેથી એ બિલ પસાર થઈ શક્યું નહીં. વકફ બિલ લાવવાની મુરાદ એ હતી કે મુસ્લિમ વકફ મિલકત દેશના બીજા નંબરની મિલકત હતી આને કેમ કરી મુસ્લિમો પાસેથી છીનવી લેવી એવી નાપાક સાઝિસ પૂર્ણ થઈ શકી નહી. ખેર, પહેલી ડિસેમ્બરે રામલીલા મેદાનમાં દલિત, ઓબીસી, લઘુમતી અને આદિવાસીઓ એક સાથે મળશે અને પોતાની એકતાનું પ્રદર્શન કરશે જેથી ભાગલાવાદી તત્ત્વોમાં ખળભળાટ મચી જશે. આપની અહીં જણાવવું કે, અત્યાર સુધી મુસ્લિમ તંઝીમો અને મુસ્લિમ રહેબરો દ્વારા આના ખૂબ જ પ્રયત્નો કરવામાં આવ્યા પણ આ રેલીથી એવું લાગી રહ્યું છે કે આ પ્રયત્નો કામિયાબી તરફ જઈ રહ્યા છે. ડૉ.ઉદિત રાજે જમીઅત અને મુસ્લિમ તંઝીમો સાથે ચર્ચા કરી આ રેલીને અમલમાં મૂકવાનો પ્રયત્ન કર્યો છે. સંમેલન સફળ બનાવવા માટે ગુજરાતમાંથી ગ્યાસુદ્દીન શેખ અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. આ જુલ્મી સરકાર દ્વારા "બટોગે તો કટેંગે"નું સૂત્ર આપી દલિતો, ઓબીસી, લઘુમતી અને આદિવાસીઓને જ એકત્રિત કરવાનું આહ્વાન કરવાનું કહી રહ્યા હોય એવું લાગી રહ્યું છે ???

**-'ખાદિમ'' લાલપુરી**

# મહારાષ્ટ્ર પરિણામો : અજિત પવારના વિશાળ પરિવર્તન પાછળનું સંગઠન અને આયોજન

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના ૫૮ ઉમેદવારોમાંથી ૪૧ ઉમેદવાર જીતતાં, પાર્ટીના વડા અજિત પવાર મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં સૌથી મોટા વિજેતા તરીકે ઉભરી આવ્યા છે. થોડા સમય પહેલા યોજાયેલી, લોકસભાની ચૂંટણીમાં, અજીતની પાર્ટીએ ચારમાં બેઠકમાંથી માત્ર એક બેઠક જીતી હતી. જયારે તેમના વિરોધી NCPના શરદ પવારે દસમાંથી આઠ બેઠકો જીતી હતી. અજિત પવારના ઘણા ટીકાકારોએ દાવો કર્યો હતો કે, શરદ પવાર વિના એનસીપીનું કોઈ અસ્તિત્વ નથી. જો કે અજિત પવારે તમામ ટીકાકારોને ખોટા સાબિત કર્યા છે. આ લખતી વખતે, તેમની પાર્ટીએ લડેલી બેઠકોમાંથી ૭૧ ટકા બેઠકો પર જીત મેળવી હતી અથવા આગળ ચાલી રહી હતી.



**છેલ્લા પાંચ મહિનામાં એવા ૬ પાસાઓ છે જે અજિત પવાર માટે નિરસન (ટર્નઅરાઉન્ડ) સાબિત થયા**

**માત્ર પાંચ મહિનામાં આ પરિવર્તન કેવી રીતે આવ્યું?**

અજિત પવારના નસીબમાં પરિવર્તનનું કેન્દ્ર તેમની ઝુંબેશ સંભાળતી રાજકીય સલાહકાર હતી-ડિઝાઈનબૉક્સ્ડ, જેણે અત્યાર સુધી મોટાભાગે કોંગ્રેસના ડી.કે. શિવકુમાર, અશોક ગેહલોત, ટી.એસ.સિંહ દેવ જેવા વરિષ્ઠ નેતાઓ અને કોંગ્રેસના કેટલાક રાજ્ય એકમો સાથે કામ કર્યું છે. કંપનીના સહ-સ્થાપક નરેશ અરોરાએ છેલ્લા ચાર મહિનાથી મહારાષ્ટ્રમાં ધામા નાખ્યા હતા અને તે અજિત પવારના અભિયાનના દરેક પાસાઓનું સંચાલન કરતા હતા.

**તેમના હસ્તક્ષેપના છ પાસા છે.**

**૧. સ્થાનિક ઝુંબેશ**

લોકસભા ચૂંટણીમાં મહા વિકાસ અઘાડીની સફળતા બાદ લોકલાગણી તેમની તરફેણમાં હોવાનું જણાતુ હતુ. તેથી એનસીપીના વ્યૂહરચનાકારોએ સ્થાનિક નેતાઓની કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરીને શક્ય તેટલું ચૂંટણીનું સ્થાનિકીકરણ કરવાનું નક્કી કર્યું હતુ. લોકસભા કક્ષાએ તેનું પ્રદર્શન સારૂ નહી રહ્યું હોવા છતાં, અજિત પવારની એનસીપીને વિધાનસભા મતવિસ્તાર સ્તરે, યેવલામાં છગન ભુજબલ, પુસદમાં ઈન્દ્રનીલ નાઈક, કાગલમાં હસન મુશ્રીફ, ડિંડોરીમાં નરહરી ઝિરવાલ સિન્નારમાં માણિકરાવ કોકાટે જેવા સારા નેતાઓ હોવાનો ફાયદો મળ્યો હતો. જ્યારે સરદ પવારની NCP પાસે એટલી મજબૂત લાઈન-અપ ન હતી અને તેણે અન્ય પક્ષોમાંથી નેતાઓ આયાત કરવા પડ્યા હતા. અરોરાએ કહ્યું, 'અજિત પવારના સૌથી મજબૂત મુદ્દાઓ પૈકી એક મુદ્દો એ છે કે, તેમણે હંમેશા સ્થાનિક નેતાઓને તેમના પોતાના અધિકારમાં વધવા અને બ્રાન્ડ બનવાની મંજૂરી આપી છે. જેના કારણે પાર્ટીના ફાયદામાં કામ થયું હતું.' આ અભિગમને આગળ વધારતા, તેમની ટીમે મતવિસ્તારમાં વિશિષ્ટ ઢંઢેરાઓ માટે દબાણ કર્યું હતુ, જેને લીધે ધારાસભ્યોએ કરેલા કાર્યોને દર્શાવવામાં મદદ મળી હતી અને તેમની આગળની યોજનાનું વિઝન પણ પ્રદાન કરવામાં આવ્યુ હતુ. આ ઝુંબેશને સ્થાનિક બનાવવાથી એનસીપીને રાજ્યવ્યાપી સત્તા વિરોધી વલણને તટસ્થ કરવામાં અને જાતિ વિભાજનની અસરને પણ દૂર કરવામાં મદદ મળી હતી.

**૨. અજિત પવારની ઈમેજમાં ફેરફાર**

અરોરાએ જણાવ્યું કે, 'તે તો દરેક જાણે છે કે, અજીત પવાર એક ઉત્તમ વહીવટકર્તા છે પરંતુ અમારો પડકાર હવે તેમને વોટ મેળવી શકનાર બનાવવાનો હતો.' પાર્ટી અને તેના વ્યૂહરચનાકારો માટે, આનો અર્થ અજિત પવાર સામાન્ય રીતે કરતા હતા તેના કરતા વધુ જાહેર ક્રિયાપ્રતિક્રિયા અને મીડિયા એક્સપોઝર હતા. અરોરાએ જણાવ્યું હતું, 'તે એક ઉત્તમ સંવાદકાર છે અને મરાઠીમાં સારી વક્તૃત્વ ધરાવે છે. આ પાસાઓને આટલા વર્ષોથી મહત્વ મળ્યું ન હતું કારણ કે તેમને એક વહીવટકર્તા તરીકે જોવામાં આવતા હતા અને શરદ પવારને મુખ્ય મત મેળવનાર તરકે જોવામાં આવતા હતા.' અરોરાની ડિઝાઈનબોક્સ કંપનીએ લોકસભાની હાર બાદના બે મહિના કરતાં પણ ઓછા સમયમાં, જુલાઈ-ઓગસ્ટમાં એક વિશાળ જન સંપર્ક યાત્રાનું આયોજન કર્યું હતું. આ યાત્રાને કારણે NCP સંગઠન વધુ મજબૂત થયું અને પાર્ટીમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવામાં મદદ કરી હતી. આજ પ્રકારની યાત્રા કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં ડી.કે. શિવકુમાર માટે આયોજિત કરવામાં આવી હતી.

**૩. ગુલાબી થીમ, મહિલાઓ પર ફોકસ**

NCPની પ્રચાર સામગ્રીમાં, જમીની, મીડિયામાં અને સોશિયલ મીડિયામાં, દશ્ય સુસંગતતા રાખવાનો સ્પષ્ટ પ્રયાસ કરાયો હતો. વ્યૂહરચનાકારોએ પવારના પ્રચાર માટે ગુલાબી થીમ પસંદ કરી હતી. સોશિયલ મીડિયા પર ક્રિએટિવના રંગથી લઈને રેલીઓમાં સ્ટેજ, પાર્ટીના સમર્થકોને આપવામાં આવતી સામગ્રીમાં અને અજિત પવાર દ્વારા પહેરવામાં આવેલા જેકેટ્સ અને પાઘડીઓ પણ ગુલાબી રંગને પ્રાધાન્ય અપાયુ હતુ. આ ગુલાબી રંગના ઉપયોગનો વિચાર એવો હતો જે ખાસ કરીને મહિલા મતદારોને અપીલ કરતો હતો. સાંસ્કૃતિક રીતે પણ, ગુલાબી રંગ મહારાષ્ટ્રમાં પાઘડી માટેના પરંપરાગત રંગોમાંનો એક છે. અજિત પવારની છબીને નરમ અને સુલભ દર્શાવવા અને તેમને રાજ્યની મહિલાઓ માટે 'ભાઈ' તરીકે રજૂ કરવાની કવાયતનો આ એક ભાગ હતો. રાજ્ય સરકારની લડકી બહેન યોજનાની પણ ગેમ-ચેન્જર સાબિત થઈ હતી. અજિત પવાર, નાણામંત્રી હોવાને કારણે, તેના માટે ભંડોળનું વિતરણ કર્યું હતું.

**૪. શરદ પવાર માટે કશુ ખોટુ બોલવાનું નહીં**

ડિઝાઈનબૉક્સ્ડ કરેલા સર્વેક્ષણો મુજબ, લોકોમાં શરદ પવાર પ્રત્યે નોંધપાત્ર પ્રમાણમાં સહાનુભૂતિ છે. તેથી, વ્યૂહરચના એ સુનિશ્ચિત કરવાની હતી કે અજિત પવાર અથવા એનસીપીના અન્ય કોઈ પણ નેતા, શરદ પવાર વિરૂદ્ધ કોઈ વ્યક્તિગત શાબ્દિક હુમલા ન કરે. ઉદ્ધવ ઠાકરે અને મનોજ જરાંગે પાટિલ પ્રત્યે પણ અમુક અંશે નીતિનું પાલન કરવામાં આવ્યું હતું. મૂળભૂત રીતે, શાસનના મુદ્દાઓ અને કલ્યાણકારી પગલાંઓથી ધ્યાન હટાવવામાં આવતી કોઈપણ વાત-વસ્તુને ટાળવામાં આવી હતી.

**૫. જોડાણનો ધર્મ જાળવી રાખીને પણ NCPને અલગ દેખાડી**

ગઠબંધનમાં બિનસાંપ્રદાયિક પક્ષ હોવાને કારણે તે વિલક્ષણ સ્થિતિમાં હતા. અજિત પવાર પ્રત્યે ભાજપ અને શિવસેનાના વર્ગોની દુશ્મનાવટ પણ જાણીતી હતી. બીજો પડકાર એ હતો કે એનસીપી માટે મુસ્લિમ મતોનો મોટો આધાર છે અને તે ભાજપ-સેના સાથેના જોડાણને કારણે તેમને માટે તેમના મત મેળવવા થોડુ મુશ્કેલ હતું. વકફ બિલ અને વિશાલગઢ કિલ્લાના સાંપ્રદાયિક મડાગાંઠ પર અજિત પવાર દ્વારા લેવામાં આવેલા વિરોધાભાસી વલણને ટાંકીને અરોરાએ જણાવ્યું હતું કે, 'ગઠબંધન ધર્મને જાળવી રાખીને એનસીપી તેની વ્યક્તિગત ઓળખ ધરાવે છે તે સુનિશ્ચિત કરવાની અમારી પ્રાથમિકતા હતી.' ચૂંટણી પ્રચારના અંતમાં, જ્યારે ભાજપે 'બટેંગે તો કટેંગે'ના નારા લગાવવાનું શરૂ કર્યું, ત્યારે અજિત પવારે તે નારાને 'બિનજરૂરી' ગણાવ્યો હતો.

**૬. ક્રમ અનુસાર ગોઠવણ**

અરોરાના જણાવ્યા મુજબ, NCPની સફળતાની ચાવી એ છે કે તેઓ મતદારો સુધી તેમની વાત લઈ ગયા હતા. ૫૮ મતવિસ્તારોમાં ચુંટણી લડી રહ્યા હોવા છતા, તેમનો પ્રચાર ૧૮ લાખ ઘરોમાં પહોંચ્યો હતો. એક બિન-કેડર આધારિત પક્ષ માટે, આ કોઈ નાની સિદ્ધિ ન કહેવાય. સૂત્રોનું કહેવું છે કે, અહીં શરદ પવારની એનસીપીએ, અજિત પવાર એનસીપીને ઓછી આંકી હતી. તેમનો સંદેશ મહત્તમ લોકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાને બદલે પૂર્વે રાજકીય વ્યવસ્થાપન અને જ્ઞાતિ સમીકરણો પર ઘણો આધાર રાખ્યો હતો.

**હદીસ બોધ**

સાચો દેશપ્રેમ તે છે કે પોતાના દેશબાંધવો ભૂલો કરે છતાંય તેમની મદદ કરતો રહે. (હદીસ બોધ)

**બોધ વચન**

હોદ્દાથી તમારી નહીં પરંતુ તમારાથી હોદ્દાની શોભા હોવી જોઈએ. એ ત્યારે જ શક્ય છે જ્યારે તમારા કાર્યો નિષ્પક્ષ અને સારા હોય. - પેટ્રિક

**આજની આરસી**

૨૫ નવેમ્બર સોમવાર ૨૦૨૪
૨૨ જમાદિલ અવ્વલ હિજરી ૧૪૪૬
કારતક વદ દસમ સંવત ૨૦૮૧

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૩૬ |
| ખત્મે ઝવાલ | ૧૨-૨૬ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૫૯ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૫-૫૩ |

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર 'અલ્લામા ઈકબાલ' કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**ઝમીર જાગ હી જાતા હૈ, અગર જિંદા હો તો 'ઈકબાલ',**
**કભી ગુનાહ સે પેહલે, તો કભી ગુનાહ કે બાદ**

કવિ કહે છે કે તારો અંતરાત્મા, અંતઃકરણને જાગૃત રાખ, તારા સ્વને સતત ઢંઢોળતો રહે. જો તારો અંતરાત્મા-ખુદી-સ્વ જાગૃત હશે તો તું ગુનો કરવાથી દૂર રહીશ અને તેને લીધે અલ્લાહની સજાથી બચી જઈશ. કદાચ તું કોઈ ગુનો કરીશ તો તેનો અહેસાસ તને થશે અને તેને લીધે તું તોબા કરી લઈશ તો તારો ગુનો માફ થઈ જશે.

-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# ગોંડા ન્યુઝ : દલિત બાળકી પર બળાત્કાર કરનાર આરોપીને ૧૦ વર્ષની કેદ

(એજન્સી) ગોંડા, તા.૨૪



કોર્ટે સગીર બાળકી પર બળાત્કાર, જાનથી મારી નાખવાની ધમકી અને પોક્સો એક્ટ હેઠળ દોષિત આરોપીને ૧૦ વર્ષની કેદ અને ૨૧,૦૦૦ રૂપિયાના દંડની સજા ફટકારી છે. ધનેપુર વિસ્તારની એક દલિત મહિલાએ ૩૦ મે ૨૦૧૭ના રોજ પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કર્યો હતો. તેમાં જણાવાયું હતું કે રાજાપુર ગામનો રહેવાસી અમરનાથ વર્મા તેની ૧૪ વર્ષની સગીર પુત્રીને જાનથી મારી નાખવાની ધમકી આપીને ૭ મહિનાથી બળાત્કાર કરી રહ્યો છે. આ દરમિયાન તે ગર્ભવતી બની હતી. તપાસમાં ગુનાના મજબૂત પુરાવા મળતા પોલીસે આરોપીઓ સામે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. ટ્રાયલમાં ગુનાના પુરાવાના આધારે કોર્ટે આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. વધારાના જિલ્લા અને સત્ર ન્યાયાધીશ (FTC નવીન) અને વિશેષ ન્યાયાધીશ (બળાત્કાર અને POCSO એક્ટ) નમ્રતા અગ્રવાલે દોષિત આરોપી અમરનાથ વર્માને સજા સંભળાવી. કોર્ટના આદેશ મુજબ દંડની અડધી રકમ પીડિતને વળતર તરીકે આપવામાં આવશે.

# ઠક્કરબાપાનગરમાં દલિત યુવકની હત્યા, ત્રણની ધરપકડ

અમદાવાદ, તા.૨૪




શહેરના ઠક્કરબાપાનગર વિસ્તારમાં તેના ઘર પાસે જૂના વિવાદને લઈને ત્રણ શખ્સોએ તેને માર માર્યાના બે દિવસ બાદ, અનુસૂચિત જાતિ (SC) સમુદાયના ૨૭ વર્ષીય યુવકનું મૃત્યુ થયું હતું. કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, મૃતકની ઓળખ પ્રતાપભાઈ ચાલમાં રહેતા આકાશ દિવાકર તરીકે થઈ છે. આકાશના મોટા ભાઈ વિશાલે એફઆઈઆર નોંધાવી હતી, જેમાં કેવડાજી ચૌલના રહેવાસીઓ સોનુ તોમર, ૩૨, શેખર તોમર, ૨૪, અને યોગેશ માથુર, ૨૬ના હુમલાખોરો તરીકે નામ આપ્યા હતા. એફઆઈઆરમાં જણાવવામાં આવ્યું છે કે સોનુ, શેખર અને માથુરે આકાશને ત્યાં સુધી લાકડીઓથી માર્યો જ્યાં સુધી તે બેહોશ ન થઈ ગયો અને પછી તેને ઉપરાછાપરી ચાકુના ઘા માર્યા. કૃષ્ણનગર પોલીસના ઈન્સ્પેક્ટર અભિષેક ધવને જણાવ્યું હતું કે આકાશને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં તેનું મૃત્યુ થયું હતું. ધવને કહ્યું કે મૃતક અને આરોપી બંને મિત્રો હતા. ઈન્સ્પેક્ટરે કહ્યું, "તેઓએ શરૂઆતમાં નાના વિવાદો પર લડવાનું શરૂ કર્યું. ધીરે ધીરે આરોપીઓએ આકાશને હેરાન કરવાનું શરૂ કર્યું અને તેના પર જાતિવાદી અપશબ્દો બોલવા લાગ્યા. જ્યારે તેણે તેમની વારંવારની હેરાનગતિ સામે વાંધો ઉઠાવ્યો ત્યારે ૧૯ નવેમ્બરની રાત્રે આરોપીઓએ આકાશ પર હુમલો કર્યો." ધવને કહ્યું કે આરોપીઓને ભારતીય ન્યાય સંહિતા હેઠળ હત્યાના આરોપો સાથે ગુજરાત પોલીસ એક્ટ હેઠળના આરોપોનો સામનો કરવો પડશે. છેલ્લા પખવાડિયામાં, બોપલમાં બે અને નહેરૂનગર, કાગડાપીઠ, ચાંદખેડા અને ઠક્કરબાપાનગરમાં એક-એક સહિત અમદાવાદમાં કુલ છ હત્યાઓ નોંધાઈ હતી.


# જમુઈમાં ૫૦ વર્ષીય દલિત મહિલા પર બળાત્કાર કરનાર વ્યક્તિની ધરપકડ, અન્ય ત્રણની શોધખોળ

(એજન્સી) પટના, તા.૨૪



જમુઈ જિલ્લામાં ૫૦ વર્ષીય દલિત મહિલા પર બળાત્કાર અને હત્યાનો પ્રયાસ કરવાના આરોપમાં એક ૩૫ વર્ષીય વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે ઘટના સમયે કથિત રીતે હાજર અન્ય ત્રણ અજાણ્યા વ્યક્તિઓની શોધખોળ શરૂ કરી છે. માધવ માંઝી તરીકે ઓળખાતા આરોપીને જિલ્લાના એક ગામમાં તેના ઘરેથી ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ચાર વ્યક્તિઓ બચી ગયેલી મહિલાને બળજબરીથી નદી કિનારે લઈ ગયા જ્યાં માંઝીએ નશાની હાલતમાં તેની સાથે બળાત્કાર કર્યો. ગુનાને ઢાંકવા માટે, તેઓએ તેના માથા પર પથ્થર વડે મારીને તેની હત્યા કરવાનો પ્રયાસ કર્યો. પોલીસે જણાવ્યું હતું કે, તે મૃત હોવાનું માનીને આરોપી ભાગી ગયો હતો. એસએચઓ વિકાસ કુમાર સિંહે કહ્યું કે પીડિતાની પુત્રીએ પોલીસને ઘટનાની જાણ કરી. તેણે અમને કહ્યું કે "તેની માતા શુક્રવારે રાત્રે તેના ભત્રીજાના ઘરે રાત્રિભોજન માટે ભોજન લેવા ગઈ હતી". તેણે ઉમેર્યું "ઘરે જતી વખતે માંઝીએ તેના અન્ય ત્રણ મિત્રો સાથે તેની માતાને રસ્તામાં રોકી હતી. તેઓ તેને બળજબરીથી નદી કિનારે લઈ ગયા જ્યાં માંઝીએ તેની માતા સાથે બળાત્કાર કર્યો,". સિંહે ઉમેર્યું હતું કે પીડિતાએ હુમલાખોરને ઓળખી લીધો હતો, જેના કારણે તેણે તેના ચહેરા અને શરીર પર પથ્થર વડે હુમલો કર્યો હતો. તેણે હોશ ગુમાવ્યો અને હુમલાખોરે માન્યું કે તે મરી ગઈ છે. તેઓ તેને તે હાલતમાં છોડીને ભાગી ગયા હતા. જ્યારે મહિલા ફરીથી ભાનમાં આવી, ત્યારે તે ઘરે પરત આવી અને સમગ્ર ઘટના તેની પુત્રીને સંભળાવી,". પરિવારના સભ્યો અને નજીકના રહેવાસીઓ બચી ગયેલી આ મહિલાને સદર હોસ્પિટલમાં લઈ ગયા. એસએચઓએ કહ્યું, 'ઘટનાની જાણ થતાં પોલીસે મહિલાનું નિવેદન નોંધ્યું અને ચાર વ્યક્તિઓ વિરૂદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી,'. "પીડિતાએ પોલીસને જાણ કરી કે માધવે તેની સાથે બળાત્કાર કર્યો અને અન્ય ત્રણ વ્યક્તિઓએ તેની પર હુમલો કર્યો. અન્ય આરોપીઓને પકડવા માટે દરોડા પાડવામાં આવી રહ્યા છે." મહિલાની મેડિકલ તપાસ કરવામાં આવી રહી છે.

# IPLની હરાજીમાં ખેલાડીઓ ઉપર ધનનો વરસાદ સૌથી મોંઘો ઋષભ પંત ૨૭ કરોડમાં વેચાયો






**બીજા ક્રમે શ્રેયસ ઐય્યર રૂા.૨૬.૭૫ કરોડ, બટલર રૂા.૧૫.૭૫ કરોડ, અર્શદિપસહિં રૂા.૧૮ કરોડ, કે.એલ. રાહુલ રૂા.૧૪ કરોડ, ચહલ રૂા.૧૮ કરોડ, મોહંમદ શમી રૂા.૧૦ કરોડ અને મોહંમદ સિરાજ રૂા.૧૨.૨૫ કરોડમાં વેચાયા**

જેદ્દાહ, તા.૨૪

વિશ્વના સૌથી મોંઘા ક્રિકેટ મેળાવડા ગણાતા આઈપીએલ માટેની જેદ્દાહ ખાતે યોજાયેલી હરાજીમાં ભારતીય અને વિદેશી ખેલાડીઓ પર રીતસર ધનનો વરસાદ થયો છે. સૌથી મોંઘો ખેલાડી આજે ભારતીય ટીમનો વિકેટકિપર ઋષભ પંત બન્યો જેને લખનૌ સુપર જાયન્ટ ટીમે રૂા.૨૭ કરોડમાં વેચાતો લીધો હતો. આ રીતે આજની હરાજીમાં અને અત્યારસુધીના રેકોર્ડ મુજબ પંત આઈપીએલનો સૌથી મોંઘો ખેલાડી બન્યો છે. એ પછીના ક્રમે શ્રેયસ અય્યરને રૂા.૨૬.૭૫ કરોડમાં પંજાબની ટીમે સમાવી લીધો છે. જ્યારે જોશ બટલરને રૂા.૧૫.૭૫ કરોડમાં ગુજરાત ટાઈટન્સ ટીમે ખરીદી લીધો છે. એ જ રીતે અન્ય ખેલાડીઓમાં અર્શદિપસિંહ રૂા.૧૮ કરોડ (પંજાબ), પછી રબાડા ૧૦.૭૫ કરોડ (જી.ટી.), મિચેલસ્ટાર્ક રૂા.૧૧.૭૫ કરોડ (દિલ્હી કેપિટલ), કે.એલ. રાહુલ રૂા.૧૪ કરોડ (દિલ્હી), યુઝવેન્દ્ર ચહલ રૂા.૧૮ કરોડ (પંજાબ), લિવિંગ સ્ટોન રૂા.૮.૭૫ કરોડ (આરસીબી), ડેવિડ મિલર રૂા.૭.૫૦ કરોડ (લખનૌ), મોહંમદ શમી રૂા.૧૦ કરોડ (સનરાઈઝર્સ હૈદરાબાદ), મોહંમદ સિરાજ રૂા.૧૨.૨૫ કરોડ (જી.ટી.) આજે વેચાયા હતા. કે.કે.આર. અને આર.સી.બી.એ અનુક્રમે રૂા.૧૨ કરોડ અને રૂા.૧૦ કરોડ ખર્ચીને હરાજીમાંથી બાકાત થયા હતા. બે દિવસ ચાલનારી હરાજીમાં સૌથી વધુ ભંડોળ અત્યારે ચેન્નાઈ સુપર કિંગ્સ પાસે રૂા.૫૫ કરોડ જેટલું છે. વિદેશી ખેલાડીઓની વાત કરીએ તો હેરી બ્રુક રૂા.૨ કરોડ, કોનવે રૂા.૨ કરોડ, જેક ફ્રેઝર રૂા.૨ કરોડ અને માર્કરામ રૂા.૨ કરોડની બેઝ પ્રાઈઝ સાથે હવે હરાજીમાં મેદાનમાં ઉતરશે.

# પર્થ ટેસ્ટ પર ભારતની મજબૂત પકડ, જયસ્વાલ અને કોહલીની શાનદાર સદીઓ; ઓસ્ટ્રેલિયા સંકટમાં

## લાંબા સમય બાદ કોહલીએ રન દુષ્કાળનો અંત લાવીને કારકિર્દીની ૩૦મી ટેસ્ટ સદી ફટકારી અને જયસ્વાલની અદ્‌ભુત દોઢ સદી

## શ્રેણીની પહેલી જ ટેસ્ટમાં ભારત વિજય ભણી ધસી રહ્યું છે

## ભારતે ઓસ્ટ્રેલિયાને આપેલા વિજય માટેના ૫૩૪ના પહાડી લક્ષ્યાંકનો પીછો કરતા ત્રીજા દિવસની રમતને અંતે ઓસ્ટ્રેલિયાનો ધબડકો, ૧૨ રનમાં ત્રણ વિકેટ ડુલ

પર્થ, તા.૨૪





ઓસ્ટ્રેલિયા ઘરઆંગણે ભારત સામેનો પહેલી જ ટેસ્ટ ગુમાવી દે તેવા સંજોગો ઊભા થઈ ગયા છે. ભારતીય બેટ્‌સમેનો યશસ્વી જયસ્વાલ તથા વિરાટ કોહલીની શાનદાર સદીઓ અને કે.એલ રાહુલની લડાયક અને ધીર ગંભીર અર્થ સદીની મદદથી ભારતે તેનો બીજો દાવ છ વિકેટે ૪૮૭ રન પર ડિક્લેર કરી દીધો હતો અને આ રીતે ઓસ્ટ્રેલિયાને વિજય માટે ૫૩૪ રનનો એવરેસ્ટ શિખર જેવો પહાડી ટાર્ગેટ આપ્યો હતો પરંતુ પરંતુ ત્રીજા દિવસની રમતને અંતે ઓસ્ટ્રેલિયાની બીજા દાવની ત્રણ વિકેટો માત્ર ૧૨ રનમાં ખડી પડતા ભારતે શ્રેણીની પહેલી જ ટેસ્ટ પર પકડ જમાવી દીધી છે અને ઓસ્ટ્રેલિયા પર પરાજયનો ખતરો જળુંબી રહ્યો છે. આ રીતે પહેલા જ ટેસ્ટમાં ભારતીય બેટરોએ જોરદાર બેટિંગ કરીને ઓસ્ટ્રેલિયાની આશા પર પાણી ફેરવી દીધું છે અને ભારત માટે અદ્‌ભુત વિજયની તકો ઊભી કરી દીધી છે. આ ટેસ્ટનો પહેલો પહેલો દિવસ બોલરોનો રહ્યો હતો અને પહેલા જ દિવસે ૧૭ વિકેટો પડી ગઈ હતી. પરંતુ બીજા દાવમાં તમામ ધારણાઓ અને અનુમાનોને ખોટા પાડી દઈ ભારતે ખાસ કરીને રાહુલ તથા જયસ્વાલની શાનદાર ઓપનિંગ ભાગીદારીને પગલે બીજા દાવમાં જોરદાર શરૂઆત કરી દીધી હતી અને ટેસ્ટ પર પકડ લઈ લીધી હતી એ પછી આજે યશસ્વી જયસ્વાલ અને લાંબા સમયથી સદી ફટકારી ન શકેલા ટીમના સૌથી મહાન બેટ્‌સમેન વિરાટ કોહલીએ અંતે પોતાનું ફોર્મ પાછું મેળવીને જોરદાર સદી ફટકારી હતી જેના કારણે ભારતે સમગ્ર ટેસ્ટ પર પકડ જમાવી દીધી હતી. વિજય માટે ૫૩૪ રનના મુશ્કેલ અને પહાડી લક્ષ્યાંકનો પીછો કરવા માટે ઓસ્ટ્રેલિયાએ બીજો દાવ શરૂ કર્યો અને ફરી એકવાર બૂમ-બૂમ બૂમરાહના ઝંઝાવાત સામે ઓસ્ટ્રેલિયા લાચાર થઈ ગયું હતું. બુમરાહે બે વિકેટ ઝડપી હતી અને સિરાજે એક વિકેટ લઈ લેતા ત્રીજા દિવસની રમતને અંતે ઓસ્ટ્રેલિયાએ બીજા દાવમાં માત્ર ૧૨ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી આ રીતે તેના પર બરાબરનો પરાજયનો ખતરો તોળાઈ રહ્યો છે. ભારતને બીજા દાવમાં રાહુલ અને જયશવાલે જોરદાર શરૂઆત આપી હતી અને આ બંનેએ પ્રથમ વિકેટની વિક્રમરૂપ ૨૦૧ રનની જોરદાર ભાગીદારી કરી ભારતીય ઈનિંગનો શારદાર પ્રારંભ કરાવ્યો હતો. લાંબા સમયથી ટેસ્ટમાં સારી ઈનિંગ ન રમી ચૂકેલા રાહુલને પણ ધીરગંભીર બેટિંગ કરીને શાનદાર ૭૭ રન કર્યા હતા અને પોતાનું ફોર્મ પાછું મેળવ્યું હતું. એ પછી યશસ્વી જયસ્વાલે પોતાની શાનદાર રમત આગળ ધપાવી હતી અને ૨૯૭ રનમાં અદ્‌ભુત ૧૦૧ રન ફટકાર્યા હતા. રાજકોટમાં ઈંગ્લેન્ડ સામે અને વિશાખાપટ્ટનમાં બેવડી સદી ફટકાર્યા બાદ ૨૦૨૪માં જયસ્વાલની આ ત્રીજી સદી છે. રાહુલની વિદાય બાદ જયસ્વાલ સાથે જોડાયેલા વિરાટ કોહલીએ અલગ મિજાજના દર્શન કરાવ્યા હતા અને લાંબા સમયથી ચાલી રહેલા સદીના દુષ્કાળનો અંત લાવીને શાનદાર સદી ફટકારી હતી. કોહલીએ ૧૪૩ દડામાં આઠ ચોગ્ગા અને બે છગ્ગા સાથે પોતાની ટેસ્ટ કારકિર્દીની ૩૦મી સદી પરિપૂર્ણ કરી હતી અને બેટ ઊંચું કરીને સૌનું અભિવાદન ઝીલ્યું હતું. ઓસ્ટ્રેલિયાના પેક્ષકો પણ ઊભા થઈ ગયા હતા અને કોહલીની સદીને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. પ્રેક્ષક સ્ટેન્ડમાં બેઠેલી કોહલીની પત્ની અનુષ્કા શર્માએ ઊભા થઈને કોહલીની સદીને વધાવી લીધી હતી. કોહલી આ રીતે રાહતનો શ્વાસ લીધો હતો. પર્થના મેદાન પર આ તેની બીજી સદી છે. મેચ બાદ કોહલીએ અનુષ્કાની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે કપરા સમયમાં અને મુશ્કેલીના સમયમાં અનુષ્કા હંમેશા મારી પડખે રહી છે. હું હંમેશા ટીમ માટે યોગદાન કરવા માટે જ રમતો હોઉં છું અને માત્ર રમવા ખાતર મેદાન પર જતો નથી પરંતુ દેશ માટે અને ટીમ માટે કંઈક કરીને મને અદ્‌ભુત ગૌરવની લાગણી થાય છે અને તેમાં પણ અનુષ્કા તેના સમર્થનથી આ પ્રસંગને ખાસ બનાવે છે. વિરાટ અને જયસ્વાલના વિદાય બાદ ટીમમાં ઊભરતા અને પ્રતિભાશાળી ઓલ રાઉન્ડર નીતિશ રેડ્ડીએ પણ ફરી એકવાર શાનદાર બેટિંગ કરી હતી અને ૨૭ દડામાં બે છગ્ગા તથા ત્રણ છગ્ગા સાથે અણનમ ૩૮ રન બનાવી નાખ્યા હતા અને ભારતે ઈનિંગ એટલે કે બીજો દાવ છ વિકેટે ૪૮૭ રન બનાવી પૂરો જાહેર કર્યો હતો અને ઓસ્ટ્રેલિયાને ૫૩૪ રનનો અશક્ય લાગતો ટાર્ગેટ આપ્યો હતો અને શરૂઆતથી જ ઓસ્ટ્રેલિયા મૂંઝાઈ ગયું હોય તેમ બીજા દાવમાં ત્રણ વિકેટ ગુમાવી દેતા ભારત માટે વિજયની તકો ઊભી થઈ છે.

# લાંબા સમયના સદીના દુષ્કાળને પૂરો કરનાર વિરાટ કોહલીએ સચિનનો રેકોર્ડ તોડ્યો

## ગુમાવેલું ફોર્મ ઝંઝાવાતી રીતે પાછું મેળવતા કોહલીએ પોતાનું આસન પાછું મેળવ્યું

પર્થ, તા.૨૪ : ઓસ્ટ્રેલિયાના પર્થ મેદાન પર રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ૩૬ વર્ષના વિરાટ કોહલીએ લાંબા સમયનો સદીનો દુષ્કાળ શાનદાર રીતે પૂરો કર્યો હતો અને ભવ્ય રમત બતાવીને પોતાનું ફોર્મ પણ પાછું મેળવ્યું અને પોતાની ટેસ્ટ કારકિર્દીની ૩૦મી સદી ફટકારી હતી અને વિક્રમો પણ અનેક કર્યા હતા. ખાસ કરીને સચિન તેન્ડુલકરનો કરનો વિક્રમ પણ કોહલીએ આજે તોડી પાડ્યો હતો. પહેલા દાવમાં માત્ર પાંચ રન કર્યા બાદ કોહલીએ બીજા દાવમાં પોતાની શાનદાર રમત બતાવી હતી અને જાનદાર બેટિંગ કરીને પોતાની સદી પૂરી કરી હતી જે ચાર વર્ષની અંદર માત્ર બીજી સદી હતી. આ સદી સાથે કોહલીએ પોતાની ૮૧મી આંતરરાષ્ટ્રીય સદી પરિપૂર્ણ કરી હતી. ઓસ્ટ્રેલિયામાં પણ કોહલીની આ સાતમી સદી હતી અને પર્થ મેદાન પર તેની આ બીજી સદી હતી આ રીતે તેણ ઓસ્ટ્રેલિયામાં છ સદી કરનાર સચિનનો રેકોર્ડ તોડી પાડ્યો હતો અને પ્રવાસીઓ દ્વારા ઓસ્ટ્રેલિયામાં થયેલી સૌથી વધુ સદીઓ ફટકારનાર મહાનુભાવોની યાદીમાં સ્થાન મેળવ્યું હતું. ઓસ્ટ્રેલિયામાં સૌથી વધુ સદી જેક હોબ્સ દ્વારા ૯ જેટલી ફટકારવામાં આવી હતી. દરેક ફોર્મેટનું ગણીએ તો ઓસ્ટ્રેલિયામાં કોહલી કુલ ૧૦ સદી ફટકારી ચૂક્યો છે અને આ રીતે ભારત માટે વિદેશની ધરતી પર સૌથી વધુ ટેસ્ટ સદીઓ ફટકા કરીને સુનિલ ગાવસ્કરની બરાબરી કરી છે. કોહલીએ ઓસ્ટ્રેલિયામાં સાત સદી ફટકારી છે જ્યારે ગાવસ્કરે વેસ્ટ ઈન્ડિઝમાં સાત સદી ફટકારી હતી.

# કોહલીએ ફટકારેલા છગ્ગાથી મેદાનની બહાર સિક્યુરિટી ગાર્ડને દડો લાગતા કોહલીએ રમત અટકાવી, ફિઝિયો દોડી ગયા





પર્થ, તા.૨૪

વિરાટ કોહલીએ ભારતના બીજા દાવમાં શાનદાર રમતનું પ્રદર્શન કરી પોતાનું ફોર્મ પાછું મેળવ્યું અને એક તબક્કે તેણે છગ્ગો ફટકાર્યો ત્યારે દડો મેદાનની બહાર ફરજ પર ઉભેલા સિક્યુરિટી ગાર્ડનના માથા પર લાગ્યો હતો. આથી ચિંતાતુર થયેલા કોહલીએ છગ્ગાની ઉજવણી કરવાને બદલે રમત અટકાવી દીધી હતી અને તેના માનવીય અભિગમનો પરિચય આપ્યો હતો. સિક્યુરિટી ગાર્ડે કોઈ હેલ્મેટ પહેરી નહોતી અને તેને માથા પર દડો લાગતા કોહલીની સાથે-સાથે ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓ પણ ચિંતાતુર બની ગયા હતા અને રમત થોડો સમય અટકી ગઈ હતી. ઓફ સ્પીનર અને નાથન લિયોન અને બીજા કેટલાક ખેલાડીઓ સિક્યુરિટી ગાર્ડ પાસે દોડી ગયા હતા ત્યારે કોહલીના ચહેરા ઉપર પણ ચિંતાઓ દેખાતી હતી. પછી ઓસ્ટ્રેલિયાના ફિઝિયો પણ સુરક્ષા ગાર્ડ પાસે પહોંચી ગયા હતા અને તેની ચકાસણી કરી હતી.

# મહારાષ્ટ્ર ચૂંટણી પરિણામો ૨૦૨૪ : ઠાકરે પરિવારના સભ્યોનું વિરોધાભાસી ભાગ્ય, આદિત્ય વરલીમાં જીત્યો, અમિત માહિમમાં હાર્યો

(એજન્સી) તા.૨૪

મહારાષ્ટ્રના રાજકારણમાં ઠાકરે પરિવાર કેટલો પ્રભાવશાળી છે ? આ વાતથી કોઈ અજાણ નથી પરંતુ આ ચૂંટણીમાં ચિત્ર તદ્દન અલગ જ જોવા મળ્યું હતું. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ક્યાંકને ક્યાંક ઠાકરે પરિવારની ચર્ચા થઈ રહી છે.

આદિત્ય ઠાકરે વર્લીમાં જીત્યા જ્યારે તેમના પિતરાઈ ભાઈ અમિત ઠાકરેને માહિમમાં હારનો સામનો કરવો પડ્યો. તેમના કાકા રાજ અને ઉદ્ધવ ઠાકરેના પ્રભાવે આ પરિણામોમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આદિત્ય ઠાકરેએ વર્લીથી શિવસેના (શિંદે જૂથ)ના દિગ્ગજ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી મિલિંદ દેવરા સામે ચૂંટણી લડી હતી. ૨૦૧૯ માં, આદિત્યએ ૭૨.૭ ટકા વોટ શેર સાથે આ સીટ જીતી હતી. જો કે, આ વખતે રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)એ સંદીપ દેશપાંડેને તેના ઉમેદવાર તરીકે મેદાનમાં ઊતારતાં સમીકરણ બદલાયું. MNSની હાજરીથી ચૂંટણીનું ચિત્ર ઘણી હદે બદલાઈ ગયું. આદિત્ય કુલ ૬૦,૬૦૬ મત મેળવીને ૮,૦૦૦ મતોના માર્જિનથી જીતવામાં સફળ રહ્યા. જ્યારે દેવડાને ૫૨,૧૯૮ અને દેશપાંડેને ૧૮,૮૫૮ વોટ મળ્યા હતા. વિશ્લેષકો માને છે કે MNSની ભાગીદારી વિના, આદિત્ય અને દેવરા વચ્ચેની સ્પર્ધા વધુ નજીક આવી શકી હોત. માહિમમાં અમિત ઠાકરેએ શિંદે જૂથ, ઉદ્ધવ જૂથ (શિવસેના UBT) અને MNS ઉમેદવારો વચ્ચે ત્રિકોણીય હરીફાઈનો સામનો કર્યો હતો. આખરે ઉદ્ધવ જૂથના મહેશ સાવંત ૫૦,૨૧૩ મતોથી વિજયી થયા. શિંદે જૂથના સદા સરવણકર લગભગ ૪૮,૮૯૭ મતો સાથે બીજા ક્રમે રહ્યા. અમિત ઠાકરે ૩૩,૦૬૨ મતો સાથે ત્રીજા ક્રમે છે, જે લગભગ ૧૭ હજાર મતોથી પાછળ છે. જાણકારોનું કહેવું છે કે, જો ઉદ્ધવ ઠાકરેએ અહીં પોતાનો ઉમેદવાર ન ઊતાર્યો હોત તો અમિત પાસે તેમની પહેલી ચૂંટણી લડવાની વધુ સારી તક હતી. ચૂંટણીના પરિણામો દર્શાવે છે કે ઠાકરે પરિવારમાં કૌટુંબિક



ગતિશીલતા રાજકીય પરિણામોને કેવી રીતે પ્રભાવિત કરી શકે છે. જ્યારે આદિત્ય MNS દ્વારા વ્યૂહાત્મક ચાલ દ્વારા તેમની જીતમાં મદદ કરવા માટે તેમના કાકા રાજને શ્રેય આપી શકે છે, ત્યારે અમિત તેમની હારનો શ્રેય કાકા ઉદ્ધવ દ્વારા લેવામાં આવેલા નિર્ણયોને આપી શકે છે. મહારાષ્ટ્રના રાજકારણમાં દાયકાઓથી ઠાકરે પરિવારનું વર્ચસ્વ રહ્યું છે. કૌટુંબિક સંબંધો રાજકીય નસીબને કેવી રીતે પ્રભાવિત કરી શકે છે તેના પર ચૂંટણીએ બંને યુવા નેતાઓ, આદિત્ય અને અમિત માટે આંખ ખોલનાર તરીકે સેવા આપી હતી. તમને જણાવી દઈએ કે, વર્લી અને માહિમમાં સ્પર્ધા ખાસ કરીને અઘરી હતી કારણ કે, આ વિસ્તારો એક સમયે એકીકૃત શિવસેનાનો ગઢ માનવામાં આવતા હતા. ત્રિકોણીય લડાઈના ઉદ્ભવને કારણે આ મતવિસ્તારોમાં રાજકીય નિષ્ઠા અને વ્યૂહરચનામાં પરિવર્તન આવ્યું. ઠાકરે પરિવાર છેલ્લા પચાસ વર્ષથી મહારાષ્ટ્રના રાજકારણમાં એક મોટી શક્તિ છે. આ ચૂંટણીએ સ્પષ્ટ કર્યું કે, કેવી રીતે પારિવારિક સંબંધો રાજકીય પરિણામોને સીધી અસર કરી શકે છે. પરિવારમાં અંગત સંબંધો હોવા છતાં તેમની રાજકીય વ્યૂહરચનાઓએ આદિત્ય અને અમિત બંનેના ચૂંટણી પરિણામોને મોટાભાગે પ્રભાવિત કર્યા હતા.

# યુપીમાં ભાજપના હિન્દુ ઉમેદવારે ૧૧ મુસ્લિમોને હરાવ્યા, તેમણે આ જંગી જીત કેવી રીતે મેળવી ?

(એજન્સી) તા.૨૪

ઉત્તરપ્રદેશની કુંડારકી વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપના રામવીર ઠાકુરે મોટી જીત મેળવી છે. તેમણે સમાજવાદી પાર્ટીના હાજી રિઝવાન સહિત ૧૧ મુસ્લિમ ઉમેદવારોને એક લાખથી વધુ મતોના માર્જિનથી હરાવ્યા છે.

કુંડાર્કીમાં ૬૫ ટકા મતદારો મુસ્લિમ છે. અહીં ભાજપના ઠાકુરે સપાના હાજીને એક લાખથી વધુ મતોના જંગી અંતરથી હરાવ્યા છે. આ જીતે રાજકારણમાં એક નવો અધ્યાય લખ્યો છે. આ પરિણામથી ઉત્તરપ્રદેશના રાજકીય વર્તુળોમાં હલચલ મચી ગઈ છે. વિપક્ષ માની શકતો નથી કે તેની હાર કેવી રીતે થઈ.

અખિલેશ યાદવની પાર્ટી સપાએ ઈવીએમ સાથે ચેડાનો આરોપ લગાવ્યો છે. તે જ સમયે, ભાજપે દાવો કર્યો છે કે રામવીર સિંહની વ્યૂહાત્મક પહોંચ મુસ્લિમ મતદારો સુધી, ખાસ કરીને શેખની જીતમાં ભૂમિકા ભજવી હતી. આ વખતે ધાર્મિક ધ્રુવીકરણ માટે જાણીતી આ બેઠક પર મુસ્લિમ સમુદાયમાં ભાગલા પડ્યા હતા. મતો તુર્ક અને શેખ પેટાજૂથો વચ્ચે વહેંચાયેલા હતા.

રામવીર સિંહની જીત છેલ્લા બે દાયકામાં તેમના સતત પ્રયાસોનું પરિણામ હોવાનું કહેવાય છે. સતત ત્રણ ચૂંટણી હાર્યા પછી પણ તેઓ સમુદાય સાથે જોડાયેલા રહ્યા. સ્થાનિક કાર્યક્રમોમાં ભાગ લીધો. લોકોને મદદ કરી અને સદ્ભાવનાને પ્રોત્સાહન આપ્યું. નમાઝમાં હાજરી આપવા અને કેપ અને અરબી સ્કાર્ફ પહેરીને પણ મુસ્લિમ મતદારોમાં તેમની પહોંચ વધારી હતી. તેમની પાછળ શેઠ સમાજ એક થયો. બીજી તરફ હાજી રિઝવાન (એક તુર્ક) ત્રણ વખત ધારાસભ્ય બન્યા બાદ સત્તા વિરોધી



ભાવનાઓ સાથે સંઘર્ષ કરી રહ્યા હતા.

હાજી રિઝવાનની હારનું કારણ તેમની કામગીરી અંગે મતદારોમાં અસંતોષ હોવાનું માનવામાં આવે છે. ચૂંટણીને અધવચ્ચે રદ કરવાની તેમની માગણીએ તેમના સમર્થકોને વધુ વિમુખ કર્યા. સમાજમાં અસંતોષ અને ધ્રુવીકરણે રામવીર સિંહને સમાજવાદી પાર્ટીના ગઢ એવા કુંડાર્કીમાં એક ધાર આપ્યો. મતદાનના દિવસે બપોર સુધીમાં પવન સ્પષ્ટપણે ભાજપ તરફ ફૂંકાયો હતો. મુસ્લિમ મતદારો ભાજપ તરફ વળ્યા હતા.

મુસ્લિમોમાં એવી અટકળો ચાલી રહી છે કે રામવીર સિંહને આગામી અઢી વર્ષમાં પોતાને સાબિત કરવાની તક આપવામાં આવે. ઘણા મતદારોએ આને તેમના વચનોની કસોટી કરવાની તક તરીકે કથિત રીતે જોયું. જો તેઓ તેમના વચનો પૂરા કરવામાં અસમર્થ હોય તો આગામી ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીમાં પાછા જવાનો વિકલ્પ પણ છે.

# એર ઈન્ડિયાએ ઉષ્ણકટિબંધીય વાવાઝોડા બર્ટને કારણે યુકેથી આવતા-જતાં મુસાફરો માટે મુસાફરી માર્ગદર્શિકા જારી કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

એર ઈન્ડિયાએ ઉષ્ણકટિબંધીય વાવાઝોડા બર્ટને કારણે રવિવારના રોજ યુનાઈટેડ કિંગડમ જનારા અને આવનારા મુસાફરો માટે મુસાફરી માર્ગદર્શિકા જારી કરી છે.

એરલાઈને તેમના મુસાફરોને એરપોર્ટ પર જતાં પહેલાં તેમની ફ્લાઈટ્સનું સ્ટેટસ ચેક કરવા જણાવ્યું હતું, કારણ કે યુનાઈટેડ કિંગડમ જતી અને જતી ફ્લાઈટ્સ ઉષ્ણકટિબંધીય તોફાન બર્ટથી પ્રભાવિત થવાની શક્યતા છે.

એર ઈન્ડિયાએ ટ્વિટર પર એક પોસ્ટમાં લખ્યું, ઉષ્ણકટિબંધીય તોફાન બર્ટ દ્વારા યુનાઈટેડ કિંગડમની અને જતી ફ્લાઈટ્સ પર અસર થવાની સંભાવના છે. ૨૪ નવેમ્બર રવિવારના રોજ યુકેમાં અને બહાર જતા ગ્રાહકોને તેમની



ફ્લાઈટની સ્થિતિ તપાસવાની સલાહ આપવામાં આવે છે.

# મહારાષ્ટ્રમાં MVAની બેઠકોનો કુલ સરવાળો ૫૦થી પણ ઓછો રહ્યો, શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરેની રાજકીય કારકિર્દી પર પ્રશ્નાર્થ

## ભાજપ પ્રેરિત મહાજોડાણ એટલે કે મહાયુતિને કુલ ૨૩૩ બેઠકો મળી અને કોંગ્રેસ પ્રેરિત મહાવિકાસ અઘાડીને માત્ર ૪૯ બેઠકો મળી એટલે સદંતર ધબડકો

(એજન્સી) મુંબઈ, તા.૨૪

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓના પરિણામોએ કોંગ્રેસ તેમજ ઉદ્ધવ શિવસેના અને શરદ પવાર એનસીપીના બનેલા મહા વિકાસ અઘાડી જોડાણને જબરદસ્ત આંચકો આપ્યો છે અને મહારાષ્ટ્રમાં પહેલીવાર આ જોડાણે કુલ બેઠકો જે જીતી છે તેનો સરવાળો ૫૦ના આંકડાથી પણ નીચે આવી ગયો છે. આવા લોકચૂકાદા સાથે મહારાષ્ટ્રના દિગ્ગજ નેતા શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરેના રાજકીય ભાવિ સામે પ્રશ્નાર્થ ઊભા થઈ ગયા છે. કુલ ૨૮૮ બેઠકોના પરિણામ જાહેર થયા અને ભાજપ પ્રેરિત મહાયુતિને ૨૩૩ બેઠકો પ્રાપ્ત થઈ છે જેના કારણે એમવીએની છાવણીમાં સન્નાટો છે. કોંગ્રેસનો દેખાવ બિલકુલ નિરાશાજનકલ રહ્યો છે ત્રણ મોટી પાર્ટીઓ મળીને પૂરી ૫૦ બેઠકો પણ જીતી શકી નથી. એના પરથી ખ્યાલ આવે છે કે આ કેટલો મોટો શરમજનક પરાજય છે. મહાયુતિમાં એકલા ભાજપને ૧૩૩ બેઠકો મળી છે અને એકનાથ શિવસેનાને ૫૪ બેઠકો મળી છે જ્યારે અજીત પવારની એનસીપીને ૪૧ બેઠકો મળી છે એટલે શિંદે શિવસેના જેટલી બેઠકો



પણ એમવીએને મળી નથી તેના પરથી તેના પરાજયની તીવ્રતાનો ખ્યાલ આવી જાય છે. આગામી ૨૬મી નવેમ્બર પહેલાં મહારાષ્ટ્રમાં સરકાર રચવાની મહાયુતિ દ્વારા જાહેરાત કરવામાં આવી છે હવે મુખ્યમંત્રી કોણ બને છે તેના પર સૌની નજર છે અને દેવેન્દ્ર ફડણવીસ તરફ જ રાજકીય ઈશારા થઈ રહ્યા છે.

# કેવી રીતે રાજ ઠાકરેની પાર્ટીએ ઉદ્ધવ સેનાને મહારાષ્ટ્રમાં મુંબઈ ટકાવી રાખવામાં મદદ કરી

(એજન્સી) તા.૨૪

રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)એ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભલે શાનદાર પ્રદર્શન ન કર્યું હોય, પરંતુ ચૂંટણી પરિણામો પર પાર્ટીની નોંધપાત્ર અસર જોવા મળી હતી. તેની સૌથી વધુ અસર મુંબઈમાં જોવા મળી હતી. ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT) એ ૨૦ બેઠકો જીતી હતી, જેમાંથી ૧૦ બેઠકો પર વિજય માર્જિન MNS ઉમેદવારોને મળેલા મતો કરતા ઓછો હતો. આનાથી ઉદ્ધવની શિવસેનાને રાજકીય રીતે સુસંગત રાખવામાં મદદ મળી. શિવસેના UBT ખૂબ જ નજીકની હરીફાઈમાં મુંબઈમાં ૧૦માંથી ૮ બેઠકો જીતવામાં સફળ રહી હતી.

**માહિમ :** રાજ ઠાકરેના પુત્ર અમિત ઠાકરે આ બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા અને તેમને ૩૩,૦૬૨ મત મળ્યા હતા. તે જ સમયે, ઉદ્ધવ સેનાના મહેશ સાવંતે માત્ર ૧,૩૧૬ મતોથી જીત મેળવી હતી અને શિવસેનાના સદા સરવણકરને હરાવ્યા હતા.

**વરલી :** આદિત્ય ઠાકરેએ શિવસેનાના મિલિંદ દેવરાને ૮,૮૦૧ મતોથી હરાવ્યા. MNS ઉમેદવાર સંદીપ દેશપાંડેને અહીં ૧૯,૩૬૭ વોટ મળ્યા છે.

**વિક્રોલી :** અહીં ઉદ્ધવસેનાના ઉમેદવાર ૧૫,૫૨૬ મતોથી જીત્યા. તેમને કુલ ૬૬,૦૯૩ વોટ મળ્યા. જ્યારે MNS ઉમેદવારને ૧૬,૮૧૩ વોટ મળ્યા હતા.

**જોશીવાડી પૂર્વ :** શિવસેના યુબીટી ઉમેદવાર ૧,૫૪૧ મતોથી જીત્યા. આ ચૂંટણીમાં તેમને ૭૭,૦૪૪ વોટ મળ્યા હતા. આ સીટ પર MNS ૬૪,૨૩૯ વોટ સાથે બીજા ક્રમે છે.

**દિયાડાચી :** અહીં જીતનું માર્જીન ૬,૧૮૨ વોટ હતું. શિવસેના યુબીટી ઉમેદવારને ૭૬,૪૩૭ મત મળ્યા. MNSને ૨૦,૩૦૯ વોટ મળ્યા.

**વર્સોવા :** ઉદ્ધવના ઉમેદવાર ૧,૬૦૦ મતોથી જીત્યા અને ૬૫,૩૯૬ મત મેળવ્યા. MNS ઉમેદવારને ૬,૭૫૨ વોટ મળ્યા.



**કાલીના :** અહીં જીતનું માર્જીન ૫,૦૦૮ વોટ હતું. ઉદ્ધવની પાર્ટીના ઉમેદવારને ૫૯,૮૨૦ વોટ મળ્યા. રાજ ઠાકરેની MNSને ૬,૦૬૨ વોટ મળ્યા.

**વાંદ્રા પૂર્વ :** ઉદ્ધવની પાર્ટીના ઉમેદવાર ૧૧,૩૬૫ મતોથી જીત્યા. જ્યારે MNS ઉમેદવારને ૧૬,૦૭૪ વોટ મળ્યા હતા.

**વાની :** શિવસેનાના યુબીટી ઉમેદવાર ૧૫,૫૬૦ મતોથી જીત્યા. તેમને કુલ ૯૪,૬૧૮ વોટ મળ્યા. MNS ઉમેદવારને ૨૧,૯૭૭ વોટ મળ્યા.

**ગુહાગર :** અહીં શિવસેનાના યુબીટી ઉમેદવાર ૨,૮૩૦ મતોથી જીત્યા. ૭૧,૨૪૧ મત મળ્યા. MNSને ૬,૭૧૨ વોટ મળ્યા.

આ સ્થિતિ હોવા છતાં ભાજપે મહારાષ્ટ્રમાં શાનદાર પ્રદર્શન કર્યું અને ૧૪૯માંથી ૧૩૨ બેઠકો જીતી લીધી. એકનાથ શિંદેની શિવસેનાએ ૫૭ બેઠકો અને અજિત પવારની એનસીપીને ૪૧ બેઠકો મળી હતી. કોંગ્રેસને માત્ર ૧૬ બેઠકો મળી હતી, જ્યારે શિવસેના (UBT)ને ૨૦ અને NCP (SP)ને ૧૦ બેઠકો મળી હતી. આમ MNSએ મુંબઈમાં પોતાની રાજકીય સ્થિતિ જાળવી રાખવામાં ઉદ્ધવ સેના માટે નિર્ણાયક ભૂમિકા ભજવી હતી.

# નાંદેડમાં કોંગ્રેસે લોકસભા બેઠક જીતી પરંતુ તમામ વિધાનસભા બેઠકો ગુમાવી

(એજન્સી) તા.૨૪

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે તેનું અત્યાર સુધીનું શાનદાર પ્રદર્શન કરી ૧૩૨ બેઠકો કબજે કરી મહાવિજય હાંસલ કર્યો છે. આ સાથે તેના સાથી પક્ષો એકનાથ શિંદેની શિવસેનાને ૫૭ અને અજિત પવારની એનસીપીને ૪૧ બેઠકો મળતાં રાજ્યની ૨૮૮ બેઠકો ધરાવતી વિધાનસભામાં ૨૩૦ બેઠકો સાથે મહાયુતિએ સપાટો બોલાવ્યો છે. ત્યારે બીજી તરફ મહારાષ્ટ્રમાં કોંગ્રેસ માટે પરિણામો મિશ્ર રહ્યા છે. એક તરફ પાર્ટીએ વિધાનસભા ચૂંટણી ૨૦૨૪માં માત્ર ૧૬ બેઠકો પર જીત મળી તો બીજી તરફ નાંદેડ લોકસભા ચૂંટણીમાં પાર્ટીને છેલ્લા રાઉન્ડમાં રોમાંચક જીત મળી છે. આ બેઠક પર કોંગ્રેસના સાંસદ વસંતરાવ ચવ્હાણનું ૨૬ ઓગસ્ટના રોજ નિધન થઈ ગયું હતું. આ કારણોસર આ બેઠક પર પેટાચૂંટણી યોજવામાં આવી હતી. કોંગ્રેસે વસંતરાવ ચવ્હાણના પુત્ર રવિન્દ્ર ચવ્હાણને ટિકિટ આપી હતી. તેમણે માત્ર ૧૪૫૭ મતોથી જીત મેળવી છે. રાજકીય વિશ્લેષકો માટે કોંગ્રેસની આ જીત ચોંકાવનારી છે, કારણ કે પાર્ટી સંસદીય ક્ષેત્રની તમામ ૬ બેઠકો પર ચૂંટણી હારી ગઈ છે. આ વિધાનસભા બેઠકોના નામ ભોકર, નાંદેડ નોર્થ, નાંદેડ સાઉથ, ડેગપુર, નૈગાંવ અને મુખેડ છે. નાંદેડ કોંગ્રેસના દિગ્ગજ નેતા રહી ચૂકેલા અશોક ચવ્હાણનો ગઢ રહ્યો છે. લોકસભા ચૂંટણી પહેલા તેઓ ભાજપમાં સામેલ થઈ ગયા હતા. વિધાનસભા ચૂંટણીમાં ભોકર બેઠક પરથી તેમની પુત્રી શ્રીજયાએ ૫૦ હજારથી વધુ મતોથી જીત હાંસલ કરી છે. નાંદેડ




નોર્થમાં શિવસેનાના દેવેન્દ્ર રાવ કલ્યાણકરે જીત નોંધાવી છે. નાંદેડ સાઉથથી શિવસેનાના આનંદ શંકર, નૈગાંવથી ભાજપના રાજેશ પવાર, ડેગપુરથી ભાજપના જિતેશ અંતાપુરકર અને મુખેડથી ભાજપના તુષાર ગોવિંદરાવ જીત્યા છે. આ ૬માંથી ૫ ધારાસભ્યો મોટા માર્જિનથી ચૂંટણી જીત્યા છે. તમને જણાવી દઈએ કે, મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪માં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિએ મહારાષ્ટ્રમાં ૨૮૮માંથી ૨૩૦ બેઠકો પર જીત હાંસલ કરી છે. જેમાં ભાજપે ૧૩૨ બેઠકો પર જીત મેળવી છે, શિવસેના શિંદે ૫૭ બેઠકો પર અને એનસીપી અજિત પવાર ૪૧ બેઠકો જીતી છે. કોંગ્રેસની આગેવાની હેઠળના MVA ગઠબંધનને ૪૮ બેઠકો મળી છે. જેમાં કોંગ્રેસે ૧૬ બેઠકો, એનસીપી શરદ પવારે ૧૦ અને શિવસેના ઉદ્ધવ જૂથે ૨૦ બેઠકો પર જીત મેળવી છે.

# એન્ટાર્કટિકા ટૂંક સમયમાં અદૃશ્ય થઈ જશે ? નવા અભ્યાસે ચિંતાની ઘંટડી વગાડી

(એજન્સી) તા.૨૪

ઑસ્ટ્રેલિયામાં ઈમરજન્સી સમિટે એન્ટાર્કટિકાના ભવિષ્યને લઈને ચિંતા વધારી દીધી છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે જો ક્લાઈમેટ ચેન્જને રોકવામાં નહીં આવે તો આ ખંડ અદૃશ્ય થઈ જશે. વધતી જતી ચિંતાઓને દૂર કરવા માટે વિશ્વભરના વૈજ્ઞાનિકો અને સંશોધકો હોબાર્ટમાં ૨૦૨૪ ઓસ્ટ્રેલિયન એન્ટાર્કટિક સંશોધન પરિષદ માટે એકત્ર થયા હતા. સિમ્પોઝિયમ દરમિયાન વૈજ્ઞાનિકોએ સમગ્ર વિશ્વમાં સમુદ્રના સ્તરમાં તીવ્ર વધારો નોંધ્યો હતો. ૫૦૦ ધ્રુવીય નિષ્ણાતો દ્વારા જારી કરાયેલ સંયુક્ત નિવેદન અનુસાર, ગયા વર્ષે વિશ્વભરમાં સરેરાશ દરિયાઈ સ્તર લગભગ ૦.૩ ઈંચ (૦.૭૬ સેમી) વધ્યું હતું. છેલ્લા ૩૦ વર્ષોમાં સમુદ્રનું સ્તર ૧૦.૫ સેમી વધ્યું છે, આંશિક રીતે એન્ટાર્કટિક બરફ પીગળવાને કારણે આ ઘટના બની રહી છે. તાજેતરના અભ્યાસોએ એન્ટાર્કટિકા અને દક્ષિણ મહાસાગરમાં ખતરનાક વિકાસને પ્રકાશમાં લાવ્યા છે. જ્યારે ધકધકતી ગરમીએ તાપમાનને સરેરાશ કરતા ૪૦ °C (૭૨ °F) ઉપર ધકેલી દીધું છે, ત્યારે દરિયાઈ બરફ રેકોર્ડ-નીચા સ્તરે પહોંચી ગયો છે. આઈસ



છાજલીઓ બરફની ચાદરની રચનાનો આવશ્યક ઘટક વધુ અસ્થિર બની ગયા છે. સંયુક્ત ઘોષણા અનુસાર પ્રદેશ ''ઝડપી અને અભૂતપૂર્વ પરિવર્તન''માંથી પસાર થઈ રહ્યો છે. આ દર્શાવે છે કે એન્ટાર્કટિકા અને દક્ષિણ મહાસાગર ''પ્લેનેટરી એર-કંડિશનર'' અને ''મહાસાગર કાર્બન સિંક'' તરીકે કેટલા મહત્ત્વપૂર્ણ છે. તે કહે છે કે ગ્લોબલ વોર્મિંગ આ કામગીરીને ગંભીર જોખમમાં મૂકે છે. બરફનું ઝડપી નુકશાન હાલમાં એન્ટાર્કટિકા દર વર્ષે ૧૫૦ અબજ ટન બરફ ગુમાવે છે. છેલ્લા ત્રીસ વર્ષોમાં નુકસાનનો આ દર બમણાથી વધુ થયો છે. નિષ્ણાતોના મતે, ''નિયંત્રણ બહારના બરફના નુકશાન''ને કારણે આ સદીમાં દરિયાની સપાટી નાટકીય રીતે વધી શકે છે. તે અજ્ઞાત છે કે શું બદલી ન શકાય તેવા ટિપીંગ પોઈન્ટ્સ પહેલાથી જ પહોંચી ગયા છે.

# એનિમલ ફૂડ પ્રોડક્ટ્સમાં એન્ટિબાયોટિક્સ પર ભારતનો પ્રતિબંધ AMRને રોકવામાં મદદ કરશે : રિપોર્ટ

(એજન્સી) તા.૨૪

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) દ્વારા પ્રાણીઓના ખાદ્ય ઉત્પાદનોમાં ચોક્કસ એન્ટિબાયોટિક્સના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ (AMR)ના વધતા જોખમને ઘટાડવામાં મદદ કરશે. એક નવા અહેવાલમાં આ દાવો કરવામાં આવ્યો હતો. ઓકટોબરમાં FSSAIએ માંસ, માંસથી બનતા ઉત્પાદનો, દૂધ, દૂધની બનાવટો, મરઘાં, ઈંડા અને જળચર ઉછેરના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાતી ચોક્કસ એન્ટિબાયોટિક્સના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો. એન્ટિબાયોટિક્સના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાથી ભારતમાં પશુધનની ખેતીની ગુણવત્તામાં વધારો થશે. આ નિયમનકારી નિર્ણય જાહેર આરોગ્યને સુરક્ષિત રાખવા અને એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ (AMR)ના વધતા જોખમને રોકવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું છે, જે ગ્રાહકોમાં પ્રમાણભૂત દવાઓ સાથે ચોક્કસ બેક્ટેરિયલ ચેપની સારવાર કરવાનું વધુને વધુ મુશ્કેલ બનાવે છે, એક મુખ્ય ડેટા અને એનાલિટિક્સ કંપની ગ્લોબલડેટાએ આ દાવો કર્યો હતો. ગ્લોબલડેટાના કન્ઝ્યુમર એનાલિસ્ટ સુસ્મિતા બ્યાંગરીએ જણાવ્યું હતું કે, ''દૂધ, ઈંડા, માછલી અને મરઘાં માંસના મુખ્ય ઉત્પાદકો અને નિકાસકારોમાંના એક હોવાને કારણે, ભારતે વૈશ્વિક બજારમાં પોતાને ટકાવી રાખવા માટે પશુધનની ખેતી અને ઉત્પાદન



દરમિયાન એન્ટિબાયોટિકનો ઉપયોગ ટાળવાની જરૂર છે. તેના ઉપયોગને નિયંત્રિત કરવાની જરૂર છે.'' વધુમાં દેશમાં નિકાસ કરવામાં આવતા ઉત્પાદનોની ગુણવત્તા જાળવવા માટે પ્રાણી ઉત્પાદનમાં એન્ટિબાયોટિક્સના ઉપયોગ પર સતત દેખરેખ રાખવાની જરૂર છે. ''માસ અને મરઘાં માટે વપરાતા ફીડમાં એન્ટિબાયોટિક્સના ઉપયોગ પરનો આ પ્રતિબંધ બાંગ્લાદેશ, શ્રીલંકા, થાઈલેન્ડ, વિયેતનામ અને સિંગાપોર જેવા દેશોમાં પણ લાગુ પડે છે'' બ્યાનાગરીએ કહ્યું કે, ભારતે ૨૦૩૦ સુધીમાં પ્રાણીઓના ઉત્પાદનમાં વપરાતા એન્ટિમાઈક્રોબાયલ પદાર્થોનો ઉપયોગ ૩૦-૫૦ ટકા ઘટાડવા માટે પણ પ્રતિબદ્ધ છે.

### ભારત સરકાર દ્વારા

# વાપી જીઆઈડીસીને સ્વચ્છ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ શ્રેણીમાં શ્રેષ્ઠતા માટે પુરસ્કાર એનાયત




વાપી, તા.૨૪

કેન્દ્ર સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ વિભાગ દ્વારા ગુજરાતની વાપી જીઆઈડીસીને દેશની સૌથી સ્વચ્છ અને સુંદર જી આઈ ડી સીનો એવોર્ડ મળ્યો છે. કેન્દ્ર સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી દ્વારા વાપીને આ એવોર્ડ જાહેર કરાયો છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી વાપી જી આઈ ડી સીમાં સ્વચ્છતા અને પ્રાથમિક સુવિધા જેવી પાણી લાઈટ રસ્તા અને પોકેટ ગાર્ડન અને વૃક્ષા રોપણ અને સહિતની સુવિધા વધારો કર્યો છે અને ખાસ કરી ને સ્વચ્છતા પર વિશેષ ભાર મૂકવા માં આવે છે. આથી સમગ્ર દેશના ઔદ્યોગિક વિસ્તારોમાં વાપીને સૌથી સ્વચ્છ વિસ્તારનો એવોર્ડ મળતા વાપીમાં અને ઉદ્યોગ જગતમાં ઉત્સાહનો માહોલ છે. મહત્વપૂર્ણ છે કે ૯૭મા FICCI એટલે કે (Federation of India Chambers of Commerce & Industry)ની વાર્ષિક સામાન્ય સભામાં ગુજરાતના વાપી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ (GIDC) ને 'સ્વચ્છ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ' શ્રેણીમાં શ્રેષ્ઠતા માટે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. દિલ્હીમાં આયોજિત ૯૭મા ફિક્કી વાર્ષિક સામાન્ય સભામાં ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલની ઉપસ્થિતિમાં દેશના 'સ્વચ્છ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ' માટેના પુરસ્કારોની ઘોષણા કરવામાં આવી હતી. જેમાં વાપીને દેશના સૌથી સ્વચ્છ જી આઈ ડી સી વિસ્તાર માટે પસંદ કરવામાં આવ્યું છે. વાપીને આ પુરસ્કાર મળતા વાપીના ઉદ્યોગોમા ઉત્સાહનો માહોલ છે. વાપી રાજ્યના નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈનું હોમ ટાઉન છે અને તેઓ પણ આ વિસ્તારના વિકાસ માટે યોગદાન યોગદાન આપ્યું છે. આ પુરસ્કાર GIDC દ્વારા ઉદ્યોગકારોને પુરૂ પાડવામાં આવતી આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે રોડ, પાણી, ભુગર્ભ ગટર, સ્ટ્રીટ લાઈટ,અને સ્વચ્છ અને પર્યાવરણના જતન માટે કરવામાં આવતા પ્રયાસોને ધ્યાન માં લેવામાં આવે છે.

### ધરમ કરતા ધાડ પડી જેવો ઘાટ સર્જાયો

# વડોદરાના તાંદલજાના વેપારીના ખાતામાં સાયબર ફ્રોડના નાણાં આવતા ખાતું ફ્રીજ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

દીકરીને ઉમરાહ જવાનું હોવાથી રોકડા રૂપિયા જોઈતા હોવાનું જણાવી ભેજાબાજે બે વેપારીના બેન્ક એકાઉન્ટમાં સાયબર ફ્રોડના રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા અને પોતે ૮૧ હજાર રોકડા લઇ લીધા હતા. જે અંગે જે.પી.રોડ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. તાંદલજા સનફાર્મા કંપનીની સામે રાબીયા પાર્કમાં રહેતાં મોહંમદસોહેલ આસિફઅલી સૈયદ તાંદલજા હીબા એવન્યુમાં સદફ કલેક્શન નામની કપડાની દુકાન ચલાવે છે. જે.પી.રોડ પોલીસ સ્ટેશનમાં તેણે ફરિયાદ નોધાવી જણાવ્યું છે કે, ગત ૭મી ઓક્ટોબરે બપોરે હું મારી દુકાન પર હાજર હતો. અમારી દુકાને અવાર-નવાર સામાન લેવા માટે આવતો વ્યક્તિ જેને હું જોયેથી ઓળખું છું. તે દોઢ વાગ્યે આવ્યો હતો. તેણે મને કહ્યું કે, મારી દીકરીને ઉમરાહ જવાનું હોઇ મને રોકડા ૪૧ હજાર જોઇએ છે. તેની સામે હું તમારા એકાઉન્ટમાં ઓનલાઇન રૂપિયા ટ્રાન્સફર કરી દઉં છું. આ વ્યક્તિ અવારનવાર મારી દુકાન પર આવતો હોઇ તેના પર ભરોસો રાખી મેં મારા એકાઉન્ટનું સ્કેનર આપ્યું હતું. સ્કેનરનો ફોટો પાડીને તેણે અન્ય કોઇ વ્યક્તિને મોકલ્યો હતો. ત્યારબાદ તેણે મને કહ્યું કે, મારા ઓળખીતા તમારા એકાઉન્ટમાં ૪૧ હજાર ટ્રાન્સફર કરશે. સાંજે તમે મને રોકડા ૪૧ હજાર આપી દેજો. હું સાંજે રૂપિયા લેવા આવીશ. મારો મોબાઇલ નંબર લઇને તે જતો રહ્યો હતો. બપોરે ત્રણ વાગ્યા સુધીમાં મારા એકાઉન્ટમાં ૪૧ હજાર રૂપિયા આવ્યા હતા. રાતે સાડા નવ વાગ્યે તે વ્યક્તિએ મને કોલ આવતા મેં તેને કહ્યું કે, તાંદલજાની સ્ટેટ બેંકના એ.ટી.એમ. પર આવીને તું રૂપિયા લઇ જા. અડધો કલાક પછી તે આવતા મેં તેને ૪૦ હજાર ઉપાડીને આપ્યા હતા. બાકીના એક હજાર તમારી દુકાને આવીને લઇ જઇશ. તેવું કહીને તે જતો રહ્યો હતો. ત્રણ દિવસ પછી હું મારી દુકાનનો સામાન લેવા ગયો ત્યારે રૂપિયા ટ્રાન્સફર થયા ન હતા. મેં બેકમાં જઇને તપાસ કરી તો જાણવા મળ્યું કે, મારા એકાઉન્ટમાં સાયબર ફ્રોડના રૂપિયા આવ્યા હોવાથી મા રૂં એકાઉન્ટ ફ્રીઝ થઇ ગયું છે. આરોપીએ મારી પાસેથી ૪૦ હજાર તથા મારા મિત્ર શાહનવાઝ રમજાનભાઇ બંજારાના એકાઉન્ટમાં પણ સાયબર ફ્રોડના રૂપિયા નંખાવી છેતરપિંડી કરી હતી.

### ભરૂચના કતોપોર બજાર વિસ્તારમાં

# બેકાબૂ બનેલા ટેમ્પોએ ત્રણ વાહનોને અડફેટે લીધા : ગંભીર ઈજાથી મહિલાનું મોત

ભરૂચ, તા.૨૪

ભરૂચના કતોપોર બજાર વિસ્તારમાં બેકાબુ બનેલા ટેમ્પાએ ત્રણથી વધુ વાહનોને અડફેટમાં લીધા હતા. જેમાં એક મહિલાને ગંભીર ઇજાઓ થતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ઘટના પગલે મોટી સંખ્યામાં લોક ટોળા ઉમટી પડ્યા હતા. વડોદરાના ધનિયાવી ખાતે રહેતા લોકો ભરૂચના કતોપોર બજારમાં ખરીદી માટે આવ્યા હતા. આ સમયે ગતરોજ રાત્રીના તેઓ ત્યાં ચાલતા ચાલતા ફરી રહ્યા હતા. તે સમયે ભરૂચના આમોદ ખાતે રહેતા આઈસર ટેમ્પો ચાલક ઈમરાન ઈકબાલ પટેલ ટેમ્પોમાં લાકડા ભરીને કતોપોર બજાર તરફ જઈ રહ્યો હતો. આ સમયે તેણે પોતાના સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતાં ટેમ્પો પુર ઝડપે હંકારી લાવી માર્ગ પર ચાલતી એક મહિલા ફરજાના ઉસ્માન યાકુબ કારભારીને અડફેટમાં તે ટેમ્પોના નીચે આવી ગયા હતા જેમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જયારે ટેમ્પો ચાલકે બીજા ત્રણ જેટલા વાહનોને પણ અડફેટમાં લેતા વાહન ચાલકોને નુકશાન પહોચ્યું હતું. જ્યારે ફરજાનાને એમ્બ્યુલન્સ મારફતે સારવાર હેઠળ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા હાજર તબીબે તેમને મૃત જાહેર કરી હતી. ઘટનાના પગલે પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. આ મામલે બી ડીવીઝન પોલીસે ટેમ્પો ચાલકની પકડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# જરોદ : બે દુકાનમાં આગ લાગતા માલ-સામાન બળીને ખાખ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

વડોદરા જિલ્લાના જરોદ ગામે બાયપાસ પાસે આવેલી દુકાનોમાં અચાનક આગ પ્રસરતા દોડભાગ મચી હતી, દુકાનોમાં લાગેલી આગ કાબુમા લેવા ગ્રામજનો દ્વારા ખૂબ જહેમત કરવામાં આવી છતા પણ આગ કાબુમાં નહિ આવતા હાલોલ ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી. ફાયર બ્રિગેડની મદદથી બે જેટલી દુકાનોમાં લાગેલી આગને કાબુમાં લેવામાં આવી હતી. આગમા એક નાયર અને પાનનો ગલ્લો કેબીન ભસ્મીભુત થયો હતો. મુદ્દાની વાત તો એ છે કે જરોદમાં ગેરકાયદેસર દુકાનો દૂર કરવા બાબત જરોદ ગ્રામ પંચાયત તથા તાલુકા કક્ષાના અધિકારીઓને, R&B વિભાગ તથા કલેકટર કચેરીએ પણ ગ્રામજનો દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી અનેક રજૂઆતો કરવામાં આવી છે, છતાં પણ અધિકારીઓની નિષ્ક્રિયતાને કારણે આજદિન સુધી આ ગેરકાયદેસર દુકાનો દૂર કરવામાં આવી નથી. જેના કારણે માલીકીની દુકાનો ધરાવતા લોકોમા રોષ જોવા મળી રહ્યો છે. આગની હોનારત શોર્ટ સર્કિટના કારણે થયાનુ પ્રાથમિક કારણ જાણવા મળ્યું છે. જોકે આગપર કાબુ થતાં અન્ય જગ્યાએ આગ પ્રસરતા અટકી હતી. આ ઘટનાબાદ તંત્ર કેવા પ્રકારની કાર્યવાહી કરે છે, તેની જનતા રાહ જોઈ રહી છે.

# બાગાયત ખાતાની યોજનાઓના લાભો માટે આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મૂકાયું

(સંવાદદાતા દ્વારા)સુરત, તા.૨૪

સુરત જિલ્લાના ખેડૂતો માટે બાગાયત ખાતાની ચાલુ તથા નવી બાબતની યોજનાઓ માટે આઇ-ખેડૂત પોર્ટલ તા.૨૧/૧૧/૨૦૨૪ થી તા. ૨૦/૧૨/૨૦૨૪ સુધી ખુલ્લુ મૂકવામાં આવ્યું છે. જેમાં ખેડૂત મિત્રોએ લાભ લેવા પોતાના નજીકના ગામના ઇ-ગ્રામ સેન્ટર, ખાનગી ઈન્ટરનેટ અથવા અત્રેની કચેરીમાં સવારના ૧૧.૦૦ કલાક થી સાંજના ૫.૦૦ કલાક દરમ્યાન ૭/૧૨,૮-અ ની નકલ, આધાર કાર્ડની નકલ, રેશન કાર્ડની નકલ અને બેંક ખાતાની વિગત સાથે લઇ જઈને ikhedut.gujarat.gov.in સાઈટ પર સમયસર અરજી કરવી. અરજી કર્યા બાદ અરજીની કોપી સાથેના સાધનિક કાગળો દિન-૭મા નાયબ બાગાયત નિયામકની કચેરી, લાલ બંગલા સામે, ઓલપાડી મહોલ્લો, અઠવાલાઈન્સ, સુરત ખાતે જમા કરાવવાની રહેશે.

### કોસંબા એજ્યુકેશન સોસાયટી સંચાલિત

# ગુજરાતી-અંગ્રેજી માધ્યમની શાળામાં ૧લી ડિસેમ્બરે આનંદ મેળાનું આયોજન

કોસંબા, તા.૨૪

કોસંબા એજ્યુકેશન સોસાયટી સંચાલિત હાજી એ એમ મોતાલા સાર્વજનિક પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં તા. ૧/૧૨/૨૪ને રવિવારના રોજ આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ આનંદ મેળાનું ઉદ્‌ઘાટન સાંજે ૪-૩૦ કલાકે યુસુફભાઈ ઈસાકજીભાઈ પટેલના હસ્તે કરવામા આવશે. આનંદમેળામાં સ્કૂલના વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના ખાણી-પીણી અને રમત-ગમતના સ્ટોલ ખોલશે. સ્કૂલના વિદ્યાર્થીઓ દુકાનદાર બની શૈક્ષણિક અને વ્યવહારૂ અનુભવ પ્રાપ્ત કરશે કોસંબા તેમજ તરસાડીમાં આવેલ તમામ શાળાઓ, કોલેજો, અને ગ્રામજનોને આ આનંદમેળાની મુલાકાત લેવા હાજી એ એમ મોતાલા સાર્વજનિક શાળા પરિવાર તરફથી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

# હિંમતનગરમાં યોગ પરિવારનો યોગ સંવાદ અને સ્નેહમિલન સમારોહ યોજાયો

હિંમતનગર, તા.૨૪

હિંમતનગરમાં શનિવારની સાંજે યોગ પરિવારનો સંવાદ અને સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો. જેમાં હિંમતનગરના ધારાસભ્ય ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મંચસ્થ મહેમાનોએ યોગ વિશેની જાણકારી આપી હતી. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોગ ધ્વારા ડાયાબિટીસ મુક્ત અભિયાન ૧૪ નવેમ્બરથી ૨૮ નવેમ્બર સુધી ચાલી રહ્યું છે ત્યારે હિંમતનગરમાં કેનાલ ફ્રન્ટ પર આ ડાયાબીટીશ મુક્ત અભિયાનમાં અંદાજે ૭૦થી ૧૦૦ શહેરીજનો આવે છે રોજ સવારે યોગ શિબિર ચાલે છે. ત્યારે શનિવારે સાંજે હિંમતનગરમાં યોગ પરિવારનો યોગ સંવાદ અને સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો. જેમાં હિંમતનગરના ધારાસભ્ય વી.ડી.ઝાલા, હિંમતનગર નાગરિક સહકારી બેંકના ચેરમેન હિરેનભાઈ ગોર, નગરપાલિકાના પ્રમુખ વિમલભાઈ ઉપાધ્યાય, નગર પાલિકાના ટીપી વિભાગના ચેરમેન જાનકીબેન રાવલ, ઝોન કો-ઓર્ડીનેટર અજીતભાઈ પટેલ, જીલ્લા કો-ઓર્ડીનેટર અમીબેન પટેલ, ફાલ્ગુનીબેન સોની, રાજેશભાઈ મોદી અને કશ્યપભાઈ પુરોહિત કોચ અને સાબરકાંઠા જિલ્લાના ટ્રેનર સહીત યોગમાં ભાગ લેનાર સૌ હાજર રહ્યા હતા.

### ઉત્તરાયણ આવતા જીવ જોખમમાં મૂકતા વેપારીઓ

# વડોદરા : પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો લાવતા બે શખ્સો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

વડોદરા શહેર-જિલ્લામાં પોતાના આર્થિક ફાયદા માટે લોકોના જીવ જોખમમાં મુકતા વેપારીઓ દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું ગેરકાયદેસર વેચાણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે ઉત્તરાયણ પૂર્વ પૂર્વે જ શહેર જિલ્લામાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેપલો કરવા ચાઈનીઝ દોરીનો જથ્થો લઈને આવી રહેલા બે ઈસમોને વડું પોલીસે ઝડપી પાડી રૂા.૫.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પાદરા જિલ્લાની વડુ પોલીસ મથકની ટીમને બાતમી મળી હતી કે ઉત્તરાયણ પહેલા પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો એક ટેમ્પામાં ભરી સંદિપ જાદવ અને જયેશ પઢિયાર લઈને આવી રહ્યા છે. જેથી વડું પોલીસ મથકની ટીમે વોચ ગોઠવી બાતમી આધારિત ટેમ્પો આવતા ટેમ્પાને રોકી કોર્ડન કરી ટેમ્પામાં તપાસ કરતા ટેમ્પા માંથી ૬૦૦ નંગ ચાઈનીઝ દોરી મળી આવતા વડું પોલીસે જયેશ પઢીયાર અને સંદીપ જાદવની ધરપકડ કરી ચાઈનીઝ દોરીના જથ્થા સહિત કુલ રૂા.૫.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બને આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગર નજીક આવેલ સામપરા ગામના તળાવમાંથી યુવાનનો મૃતદેહ મળ્યો

ભાવનગર, તા.૨૪

ભાવનગર નજીક આવેલા સામપરા ગામના તળાવમાં એક અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. ગામના લોકોએ ફાયર બ્રિગેડને જાણ કરાતા ફાયર બ્રિગેડ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. આ બનાવની મળતી વિગત મુજબ ભાવનગર શહેર નજીક આવેલા સામપરા ગામના તળાવમાં એક અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. ગામના લોકોએ ફાયર બ્રિગેડ જાણ કરવામાં આવી હતી ફાયર બ્રિગેડ સ્ટાફે તલાવમાંથી મૃતદેહને કાઢી પોલીસને જાણ કરાતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનામની જણ થતાં લોકો મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા.

### ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં

# પીરછલ્લા વોર્ડના પ્રશ્નોની રજૂઆત ઉકેલ નહીં આવે તો આંદોલનની ચીમકી



ભાવનગર, તા.૨૩

શહેર ભાવનગર કોંગ્રેસ સમિતિ દ્વારા શહેરના તમામ વોર્ડનાં લોકપ્રશ્નો સાંભળવાનો કાર્યક્રમ જાહેર કરાયો છે. જેના ભાગરૂપે વોર્ડ નં.૬ પીરછલ્લાના લોકપ્રશ્નો સાંભળવાનો પ્રોગ્રામ તા. ૨૨/૧૧/૨૦૨૪ને શુક્રવારે સાંજે ૪થી, હલુરીયા ચોક, શાંતિલાલ સ્કૂલ સામે યોજાયો હતો.

જેમાં ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ હિતેશભાઈ વ્યાસ, ભાવ.મ્યુનિ. વિપક્ષના નેતા ભરતભાઈ બુધેલીયા, પૂર્વનેતા રાજેશભાઈ જોષી, ભાવ.મ્યુનિ.ના ઉપનેતા કાન્તિભાઈ ગોહિલ સહિતના કોંગ્રેસના આગેવાનોએ લોકપ્રશ્નો સાંભળ્યા હતા અને લેખિતમાં રજૂઆતો પણ લીધી હતી. જેમાં ખાસ કરીને શહેરના બિસ્માર રોડ રસ્તાના પ્રશ્નો મોટાભાગે જાણવા મળ્યા હતા. તેમાં ખાસ કરીને શહેરના દીપક ચોકથી બોરડીગેઈટ વિસ્તાર કે જ્યાં પીરછલ્લા સહિતના શહેરના ત્રણ વોર્ડ ભેગા થાય છે. આ વિસ્તારના મેઈન રોડ બિસ્માર હાલતમાં છે તેમજ ટી.વી. કેન્દ્ર રોડ પણ બિસ્માર હાલતમાં છે. ઉપરાંત નવાપરા ડી.એસ.પી. ઓફિસથી નવાપરા જતો રોડ પણ બિસ્માર હાલતમાં છે. તેમજ સાંઢીયાવાડથી માજીરાજ સ્કૂલ સુધીનો રોડ બિસ્માર હાલતમાં છે. આ ઉપરાંત પીરછલ્લા વોર્ડના ઘણા જ રોડ રસ્તા ચોમાસાની સિઝન બાદ બિસ્માર થઈ ગયા છે. રોડ પર નાના મોટા ખાડા પડી ગયેલ છે તે તાત્કાલિક અસરથી રોડ રસ્તા રીપેર થવા જોઈએ. તેમજ શહેરના પીરછલ્લા વોર્ડમાં આવેલ હાઈકોર્ટ રોડ, પીરછલ્લા વિસ્તાર, એમ.જી. રોડ, વોરા બજાર, ખારગેઈટ વિસ્તારના ગીચ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાઓ રહેલી છે. અહીં વાહન પાર્કિંગ સહિતના પ્રશ્નો છે તેમજ આ વેપારી અને બજાર વિસ્તારમાં આવેલ છે જેને કારણે અવારનવાર ચીલઝડપ અને ચોરીના બનાવો પણ બને છે. જેથી આ વિસ્તારમાં કાયદો વ્યવસ્થા જળવાય તેવી પણ રજૂઆતો થયેલ છે. તેમજ શહેર પીરછલ્લા વોર્ડમાં આવેલા મંદિર, મસ્જિદ, દેરાસર સહિતના ધાર્મિક સ્થળો પાસે નિયમિત સફાઈ અને દવાનો છંટકાવ થવો જોઈએ. જેમાં ખાસ કરીને નવાપરા વિસ્તારમાં આવેલ કેસરભાઈ મસ્જિદની બાજુમાં આવેલ મુતરડીના કારણે ઘણી જ ગંદકી થાય છે જેથી આ મુતરડી બંધ કરી અન્ય સ્થળે ફેરવવી તેમજ પીરછલ્લા વોર્ડના જુદા-જુદા પ્રશ્નોનો તાકીદે ઉકેલ લાવવા પણ રજૂઆતો થઈ હતી. કોંગ્રેસના આગેવાનોએ વધુમાં જણાવ્યું હતું કે પીરછલ્લા વોર્ડ સહિતના તમામ વોર્ડના પ્રશ્નો બાબતે ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરવામાં આવશે. જો સરકારી તંત્ર દ્વારા પ્રશ્નોના ઉકેલ નહીં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શહેર તેમજ પીરછલ્લા વોર્ડના કોંગ્રેસના હોદ્દેદારો, આગેવાનો, કાર્યકરો, ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન પીરછલ્લા વોર્ડના પ્રમુખ સાજીદભાઈ કાઝીએ કર્યું હતું. તેમ ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રવક્તા કાળુભાઈ બેલીમની યાદીમાં જણાવ્યું છે.

# બોરસદના કાવીઠા ગામે તસ્કરોની બૂમો વચ્ચે ગ્રામજનો રાત્રિ જાગરણ કરવા મજબૂર

### ગ્રામજનોની પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૩

આણંદ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી રાત્રીના સુમારે તસ્કરો ત્રાટકતા હોવાની બૂમો ઉઠવા પામી છે. જેમાં પણ જિલ્લામાં જુદા-જુદા સ્થળે ચાર જેટલા નિર્દોષ વ્યક્તિઓ સ્થાનિક લોકોના હાથે ચઢી જતા તેઓને ચોર સમજીને બેફામ માર મારવામાં આવ્યો હતો. જેમાં પોલીસે સોશિયલ મીડિયા થકી અને ગામોમાં જાહેર મિટીંગ યોજી લોકોને સમજાવ્યા હતા. પરંતુ આ ચોર આવ્યાની અફવાઓ વચ્ચે ખરેખર પણ ચોરીના બનાવો પણ સામે આવી રહ્યા છે. બોરસદની નીસરાયા ચોકડી પાસે આવેલ એક સોસાયટીમાં ચોરી કરવા આવેલ તસ્કરો સ્થાનિક લોકો જાગી જતા ભાગી ગયા હતા આ બનાવના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હતા. ત્યારે બોરસદ તાલુકાના કાવીઠા ગામમાં છેલ્લા ૪-૫ દિવસથી ચોર આવ્યા હોવાની બૂમો પડતા લોકોને રાત્રી જાગરણ કરવું પડી રહ્યું છે.

કાવીઠા ગામમાં રાત્રીના સુમારે ૧૧ વાગ્યા બાદથી ગામના યુવાનો પોત પોતાના વિસ્તારમાં રાત્રી પહેરો ભરતા હોવાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. તેમજ રાત્રિના સુમારે કોઈ નિર્દોષ વ્યક્તિ ચોર આવ્યાની બૂમ વચ્ચે ફસાઈ ના જાય અને ફળીયામાં આવનાર વ્યક્તિની ઓળખ થઈ શકે તે માટે ફળિયાઓમાં ફલડ લાઈટ લગાવી દેવામાં આવ્યા છે. કડકડતી ઠંડીમાં આખી રાત યુવાનો હાથમાં લાકડીઓ લઈ ફળિયે-ફળિયે પહેરો ભરી રહ્યા છે. ઠંડીના કારણે યુવાનો તાપણાં કરીને પોતાના પરિવારના રક્ષણ માટે રાત્રી જાગરણ કરી રહ્યા છે. કાવીઠા ગામમાં છેલ્લા ચાર દિવસથી ૧૨ વાગ્યા બાદ ચોર આવ્યા હોવાની બૂમો પડે છે જેને લઈ ગ્રામજનો ભેગા થઈ જાય છે અને આખી રાત ઉજાગરા કરવા મજબૂર બન્યા છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર બે દિવસ અગાઉ કોલોની વિસ્તારમાં બેથી ત્રણ વ્યક્તિઓ આવ્યા હતા અને એક ઘરમાં પ્રવેશ કર્યો હતો ત્યારે સ્થાનિકો જાગી જતા તસ્કરો અંધારાનો લાભ લઈ ખેતરાળું માર્ગે ભાગી ગયા હતા. જ્યારે બુધવારે રાત્રિના સુમારે કેટલાક અજાણ્યા શખ્સો આવ્યા હતા અને બૂમાબૂમ થતા તેઓ ભાગ્યા હતા અને જતા જતા ધારદાર હથિયાર વડે બે જેટલા બકરાના ગળાના ભાગે ઘા કરીને ફરાર ગયા હતા જેમાં બન્ને બકરા મરી ગયા હતા. આ બનાવ અંગે બોરસદ ગ્રામ્ય પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ દોડી આવી હતી અને એક રાઉન્ડ લગાવીને જતી રહી હતી ત્યારે ઉપરાછાપરી બનેલા બનાવોને લઈ ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે અને ગ્રામજનોને હવે પોલીસની કામગીરી પર ભરોસો રહ્યો નથી જેને લઈ ગ્રામજનો જાતે જ સ્વરક્ષણ માટે રાત્રી જાગરણ કરી રહ્યા છે. ત્યારે આ બનાવો બાદ પણ બોરસદ ગ્રામ્ય પોલીસ નિષ્ક્રિય રહેતા લોકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

### મારા ઘરમાં અજાણ્યા શખ્સોએ પ્રવેશ કર્યો હતો : સોહેબ મલેક

આ અંગે ગામના સોહેબમિયાં મલેકએ જણાવ્યું હતું કે ત્રણ દિવસ અગાઉ મારા ઘરમાં જ તસ્કરો ત્રાટક્યા હતા જો કે અવાજ થતા અમે જાગી જતા બૂમો લોકો ભેગા થઈ ગયા ત્યારે આ અજાણ્યા શખ્સો પથ્થરો મારીને અંધારામાં ભાગી ગયા હતા. હાલ અમે આખી રાત જાગીને પહેરો ભરીયે છીએ. ઠંડી હોવાના કારણે રાત્રે અમે તાપણાં કરી વારાફરતી દરેક ફળીયામાં રાઉન્ડ લગાવીએ છીએ.


## ખીરાજે અકીદત

★ બડે નાદાન હૈ વો જો કરતે હૈ બુલંદી પે ગુરૂર
હમને ચઢતે હુએ સૂરજ કો ભી ઢલતે હુએ દેખા હૈ.★



રાષ્ટ્રીય નેતા તેમજ ભરૂચ જિલ્લાનાં લોકલાડીલા મર્હૂમ **જનાબ અહમદભાઈ પટેલ સાહેબ**ની **ચોથી વરસી** નિમિત્તે મર્હૂમની પરવરદિગાર મગફિરત ફરમાવે તથા જન્નતુલ ફિરદૌશમાં આલા મકામ અતા કરે આમીન..

દુઆગીર : આબિદખાન પઠાણ, મહેમુદખાન પઠાણ
આઝાદ રોલિંગ શટર, અંકલેશ્વર

## ખીરાજે અકીદત



ગુજરાત સહિત દેશના વિકાસ અને પ્રગતિમાં અમૂલ્ય યોગદાન આપનાર ભરૂચના પનોતા પુત્ર કોંગ્રેસના દિગ્ગજ નેતા રાજ્યસભા સાંસદ મર્હૂમ **જનાબ અહમદભાઈ પટેલ સાહેબ**ની ચોથી વરસી નિમિત્તે અમે ખીરાજે અકીદત પેશ કરીએ છીએ. અલ્લાહપાક મર્હૂમની મગફિરત ફરમાવી જન્નતુલ ફિરદૌશમાં આલામકામ અતા ફરમાવેઆમીન...

દુઆગીર
ઇમરાન પટેલ (ડે. સરપંચ)
ઝેબુન્નિશા ઈમરાન પટેલ (સરપંચ)
પિરામણ ગ્રામ પંચાયતના સભ્યો
તથા ગ્રામજનો



## ખીરાજે અકીદત



ગુજરાત સહિત દેશના વિકાસ અને પ્રગતિમાં અમૂલ્ય યોગદાન આપનાર ભરૂચના પનોતા પુત્ર કોંગ્રેસના દિગ્ગજ નેતા રાજ્યસભા સાંસદ મર્હૂમ **જનાબ અહમદભાઈ પટેલ** સાહેબની ચોથી વરસી નિમિત્તે અમે ખીરાજે અકીદત પેશ કરીએ છીએ. અલ્લાહ પાક મર્હૂમની મગફિરત ફરમાવી જન્નતુલ ફિરદૌશમાં આલા મકામ અતા ફરમાવે આમીન.

દુઆગીર : ઈકરા ઈંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલ, અંકલેશ્વર
તથા ટ્રસ્ટી મંડળ અને શાળા પરિવાર

# મહારાષ્ટ્ર ચૂંટણી પરિણામ : ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી ૨૩૫ બેઠકો સાથે મહાયુતિની ભવ્ય જીત

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં 'લોકશાહીની જીત'ની ઉજવણી દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટીના મુખ્યાલયમાં કરી હતી

(એજન્સી) તા.૨૪

ભાજપ, સેના (શિંદે કેમ્પ) અને એનસીપી (અજિતપવાર જૂથ)ના શાસક એનડીએ ગઠબંધનએ મહારાષ્ટ્રમાં ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી ૨૩૫ બેઠકો જીતીને તેનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે અને મહાવિકાસ અઘાડી (એમવીએ) ગઠબંધનને ૪૯ બેઠક સુધી મર્યાદિત કરી છે. NDA, જેને મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધન તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ૨૩૦થી વધુ બેઠકો જીતે તેવી અપેક્ષા છે.

અત્યાર સુધીના સર્વશ્રેષ્ઠ પ્રદર્શન સાથે ભારતીય જનતા પાર્ટી (BJP) એ રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (NDA)ને મહારાષ્ટ્રમાં પ્રચંડ જીત તરફ દોરી ગઈ છે. મહાયુતિ ગઠબંધને રાજ્ય વિધાનસભાની ૨૮૮ બેઠકોમાંથી ૨૩૫ બેઠકો મેળવી હતી. NDA, મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધન તરીકે પણ ઓળખાય છે, તેણે પ્રારંભિક વલણોમાં બહુમતીનો આંકડો હાંસલ કર્યો, સવારે ૮ વાગ્યે મતગણતરી શરૂ થયા પછી તરત જ તેના પ્રતિસ્પર્ધી, MVA પર મોટી લીડ મેળવી હતી.

મહાયુતિ ગઠબંધન, જેમાં ભાજપ, શિવસેના અને અજિતપવારની એનસીપીનો સમાવેશ થાય છે, તેણે ૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ જીત મેળવી, રાજ્યની વિધાનસભાની ૨૮૮ બેઠકોમાંથી ૨૩૦ બેઠકો મેળવી છે.

**ભારતના ચૂંટણી પંચના મતે, પક્ષ મુજબના પરિણામ :**

- ભારતીય જનતા પાર્ટી - ભાજપ : ૧૩૧
- શિવસેના - SHS: ૫૭
- રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી - NCP: ૪૧
- શિવસેના (ઉદ્ધવ બાલાસાહેબ ઠાકરે) - SHSUBT: ૨૦
- ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ - INC: ૧૬
- રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી - શરદચંદ્ર પવાર - NCPSP: ૧૦
- સમાજવાદી પાર્ટી - SP: ૨
- જન સુરાજ્ય શક્તિ - JSS: ૨
- રાષ્ટ્રીય યુવા સ્વાભિમાન પાર્ટી - RSHYVSWBHM: ૧
- રાષ્ટ્રીય સમાજપક્ષ - RSPS: ૧
- કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી) - CPI(M): ૧
- પીઝન્ટ્સ એન્ડ વર્કર્સ પાર્ટી ઓફ ઈન્ડિયા - PWPI: ૧
- રાજર્ષિશાહુ વિકાસ આઘાડી - આરએસવીએ: ૧
- સ્વતંત્ર - IND: ૨



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૪ ની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં "લોકશાહીની જીત"ની ઉજવણી દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટીના મુખ્યાલયમાં કરી હતી. મોદીએ ઠ પર લખ્યું કે, લોકશાહીની જીતની ઉજવણી કરવા માટે દિલ્હીમાં બીજેપી હેડક્વાર્ટરમાં એકત્ર થયેલા પાર્ટી કાર્યકર્તાઓનો ઉત્સાહ અમને નવી ઉર્જાથી ભરી દે છે! તેમણે મુખ્ય મથક ખાતે ઉજવણીની કેટલીક તસવીરો પણ શેર કરી.

ભારતના ચૂંટણી પંચે મહારાષ્ટ્રની ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી ૨૮૫ માટે વિજેતા જાહેર કર્યા છે, જ્યારે માત્ર ૩ની જાહેરાત થવાની બાકી છે. ૨૦૨૪ની મહારાષ્ટ્રની ચૂંટણીમાં કેટલાક ઉમેદવારો સૌથી મોટા માર્જિનથી જીત્યા હતા. સૌથી વધુ માર્જિન ૧,૪૫,૯૪૪ છે, જે શિરપુર બેઠક પર ભાજપના કાશીરામ વેચનપવારાએ હાંસલ કર્યું હતું. ૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં, ૧,૪૫,૯૪૪ જેટલા વધુ માર્જિન સાથે વિજેતાઓ રહ્યા છે અને સૌથી ઓછા માર્જિન ૨૦૮ છે. કોંગ્રેસના મહારાષ્ટ્ર એકમના પ્રમુખ નાના પટોલેએ માત્ર ૨૦૮ મતોના માર્જિનથી સાકોલી વિધાનસભા બેઠક જીતી હતી. અહીં ટોચના ૧૦ ઉમેદવારોની યાદી છે જેઓ સૌથી ઓછા માર્જિનથી જીત્યા છે. અહીં યાદી તપાસો બીજેપી હેડક્વાર્ટરમાં પાર્ટી કાર્યકર્તાઓને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ માટે પોતાના દમ પર સરકાર બનાવવી વધુને વધુ મુશ્કેલ બની રહી છે. આજે મહારાષ્ટ્રમાં તેમને સાફ કરવામાં આવ્યા છે. તેમની વિભાજનકારી રાજનીતિ નિષ્ફળ જઈ રહી છે. કોંગ્રેસનું પોતાનું જ જહાજ નહીં, પરંતુ તેમના સહયોગીઓનું પણ જહાજ ડૂબાડી રહ્યું છે.

# પ્રિયંકા ગાંધી વાડ્રાએ જે 'બે રત્નો'નો ઉલ્લેખ કર્યો તે રેહાન અને મિરાયા કોણ છે ?

## પ્રિયંકા ગાંધી વાડ્રાએ વાયનાડ લોકસભા પેટાચૂંટણીમાં જીત મેળવીને તેમના ભાઈ રાહુલ ગાંધીએ આ બેઠક ખાલી કર્યા પછી કોંગ્રેસ માટે આ બેઠક જાળવી રાખી છે

(એજન્સી) તા.૨૪

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ શનિવારે વાયનાડ લોકસભા પેટાચૂંટણીમાં ૪.૧૦ લાખ મતોના માર્જિનથી જીત મેળવી હતી. તેણીના X (ટ્વિટર) પરની એક પોસ્ટમાં, તેણીએ તેણીના બે બાળકો રેહાન અને મીરાયાનો ઉલ્લેખ કર્યો હતો અને તેમને તેણીના "બે રત્ન" કહ્યા હતા. ૫૨ વર્ષીય કોંગ્રેસ નેતા પ્રિયંકાએ જણાવ્યું હતું કે, મારી માતા, રોબર્ટ અને મારા બે રત્નો-રેહાન અને મિરાયા, એ મને જે પ્રેમ અને હિંમત આપી છે તેના માટે હું ક્યારેય તેમનો ઉપકાર ભૂલી શકું તેમ નથી. અને મારા ભાઈ, રાહુલ માટે તમે બધામાં સૌથી બહાદુર છોપ મને રસ્તો બતાવવા અને મારી સાથે હંમેશા રહેવા બદલ આભાર !''

વાયનાડના મતદારોએ પ્રિયંકા ગાંધી વાડ્રાને તેમના ભાઈ રાહુલ ગાંધીના અનુગામી તરીકે પસંદ કર્યા છે. તેણીએ શાસક ડાબેરીઓ અને ભાજપ દ્વારા મેદાનમાં ઉતારેલા ઉમેદવારોને હરાવ્યા હતા.

**રેહાન અને મીરાયા કોણ છે ?**

૨૪ વર્ષીય રેહાન પ્રિયંકા ગાંધી વાડ્રા અને રોબર્ટ વાડ્રાના મોટા પુત્ર છે. વાડ્રાના વંશજના સામાજિક હેન્ડલ્સ તેમને વ્યવસાયે "વિઝ્યુઅલ આર્ટિસ્ટ" તરીકે વર્ણવે છે, જેમના કામમાં રોડ અને વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફીનો પણ સમાવેશ થાય છે. તેમણે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પણ મતદાન કર્યું હતું. પોતાનો મત આપ્યા પછી રેહાને પીટીઆઈને કહ્યું હતું કે, અહીં ગરમી છે, પરંતુ અમને દર પાંચ વર્ષે પરિવર્તનની સીધી અસર કરવા અને લોકશાહીમાં ભાગ લેવાની તક મળે છે. તેથી, દરેક વ્યક્તિએ મતદાન કરવું જોઈએ. રેહાનની ૨૨ વર્ષની બહેન મિરાયા



દેહરાદૂનની વેલ્હામ ગર્લ્સ કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થિની છે. તે પ્રશિક્ષક-સ્તરનો ડાઈવિંગ કોર્સ કરી રહી છે. મિરાયા ભારત જોડો યાત્રા દરમિયાન વિપક્ષના નેતા રાહુલ ગાંધી સાથે જોવા મળી હતી. પ્રિયંકા ગાંધીને જાન્યુઆરી ૨૦૧૯માં નિર્ણાયક પૂર્વ ઉત્તર પ્રદેશ પ્રદેશના કોંગ્રેસ મહાસચિવ અને ત્યારબાદ સમગ્ર રાજ્યના પ્રભારી જનરલ સેક્રેટરી બનાવવામાં આવ્યા હતા.

ડિસેમ્બર ૨૦૨૩માં પ્રિયંકા ગાંધી વાડ્રાને "પોર્ટફોલિયો વિના" કોંગ્રેસના મહાસચિવ બનાવવામાં આવ્યા હતા. તેણીએ સંગઠનને મજબૂત કરવામાં મદદ કરી અને હિમાચલ પ્રદેશમાં પાર્ટીના અભિયાનનું નેતૃત્વ કર્યું, જ્યાં પાર્ટીએ ભાજપ પાસેથી સત્તા છીનવી લીધી છે. પ્રિયંકા ગાંધી વાડ્રાએ નવી દિલ્હીની મોડર્ન સ્કૂલ અને કોન્વેન્ટ ઓફ જીસસ એન્ડ મેરીમાં અભ્યાસ કર્યો છે. તેણીએ જીસસ એન્ડ મેરી કોલેજ, દિલ્હી યુનિવર્સિટીમાંથી મનોવિજ્ઞાનમાં સ્નાતકની ડિગ્રી મેળવી છે અને બૌદ્ધ અભ્યાસમાં માસ્ટર ડિગ્રી પણ ધરાવે છે.

# કેરળના વાયનાડમાં પ્રિયંકા ગાંધીનો વિજય વધુ પ્રભાવશાળી કેમ કે, ગયા વખત કરતાં ઓછું મતદાન થયા છતાં વિક્રમસર્જક સરસાઈ મેળવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

પહેલી વખત ચૂંટણી મેદાનમાં ઊતરેલા કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીએ કેરાલાના વાયનાડની લોકસભા બેઠકની પેટા ચૂંટણીમાં શાનદાર વિજય મેળવ્યો છે અને એમનો વિજય વધુ પ્રભાવશાળી એટલા માટે છે કે ગયા એપ્રિલમાં જે મતદાન થયું હતું તેના કરતાં પણ ઘણું ઓછું મતદાન આ વખતે થયું હતું અને એમને એમના ભાઈ રાહુલ ગાંધીને મળેલા મતો કરતાં ઓછા મત મળ્યા હતા પરંતુ એમને જે સરસાઈ મળી એ એમના ભાઈ કરતાં અનેક ગણી વધારે હતી. વાયનાડ લોકસભા બેઠકની ચૂંટણીઓમાં આ વર્ષે એપ્રિલમાં મતદાન થયું ત્યારે રાહુલ ગાંધીને ૬,૪૭,૪૪૫ મતો મળ્યા હતા જ્યારે પ્રિયંકા ગાંધીને ૬,૨૨,૩૩૮ જેટલા મતો મળ્યા હતા પરંતુ પ્રિયંકાની સરસાઈ ઘણી વધારે હતી. રાહુલને ૩,૬૪,૪૨૨ મતોની સરસાઈ મળી હતી તો પ્રિયંકા ગાંધીને ૪,૧૦,૯૩૧ મતોની પ્રચંડ સરસાઈ મળી છે. આ રીતે ચૂંટણી મેદાનમાં પહેલીવાર જ ઊતરેલા પ્રિયંકા ગાંધીએ તેમના પહેલા ચૂંટણી દંગલમાં ખૂબ જ પ્રભાવક વિજય પ્રાપ્ત કર્યો છે



અને વિક્રમ સ્થાપતી સરસાઇ મેળવી છે. એપ્રિલમાં વાયનાડમાં ૭૪ ટકા મતદાન થયું હતું જ્યારે આ વખતે નવેમ્બરમાં ૬૫% જ મતદાન થયું હતું પરંતુ પ્રિયંકાએ સીપીઆઈના એની રાજા અને ભાજપના કે સુરેન્દ્રનને મ્હાત કર્યા હતા.

# ઝારખંડ ચૂંટણી : ૮ પરિબળો કે જેણે JMM-ની આગેવાની હેઠળના જોડાણને ભાજપને હરાવવામાં મદદ કરી

## જ્યારે મુખ્યપ્રધાન હેમંત સોરેનની કેદને આદિવાસી ગૌરવના અપમાન તરીકે જોવામાં આવી હતી, ત્યારે પાર્ટીને તેની કલ્યાણકારી યોજનાઓએ પણ મદદ કરી હતી

(એજન્સી) તા.૨૪

આ વર્ષની શરૂઆતમાં ઝારખંડ મુક્તિ મોરચાની આગેવાની હેઠળની સરકારને ઝારખંડમાં કટોકટીનો સામનો કરવો પડ્યો હતો કારણ કે તેના નેતા, હેમંત સોરેન, મુખ્ય પ્રધાન પદ પરથી હટી ગયા હતા અને ભ્રષ્ટાચારના આરોપમાં જેલમાં હતા. પરંતુ શનિવારની સાંજ સુધીમાં રાજ્ય વિધાનસભાની ચૂંટણીની મતગણતરી સમાપન નજીક આવી રહી હતી ત્યારે, જેએમએમ મેદાનમાં પરત ફર્યું હોય તેવું લાગતું હતું. ભારતીય રાષ્ટ્રીય વિકાસલક્ષી સર્વસમાવેશક ગઠબંધન સરકાર કે જેનું ઝારખંડમાં જેએમએમનું નેતૃત્વ કરે છે તે વધુ મોટા જનાદેશ સાથે સત્તામાં બીજી મુદત માટે પરત ફરવા માટે તૈયાર દેખાઈ રહી હતી. સાંજે ૭ વાગ્યા સુધીમાં JMMએ વિધાનસભાની કુલ ૮૧ બેઠકોમાંથી ૨૯ બેઠકો જીતી લીધી હતી અને પાંચ બેઠકો પર આગળ હતી. તેના ભારત ગઠબંધન સહભાગીઓમાંથી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ૧૫ બેઠકો જીતી હતી અને તે એકમાં આગળ હતી. રાષ્ટ્રીય જનતા દળે ચાર બેઠકો જીતી હતી અને કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા (માર્કસિસ્ટ-લેનિનિસ્ટ) (લિબરેશન)એ બે બેઠકો જીતી હતી. તે ૨૦૧૯ની ચૂંટણીમાં ૪૭થી વધીને ઓછામાં ઓછી ૫૬ બેઠકો જીતવા માટે સુયોજિત જણાય છે. દરમિયાન, નેશનલ ડેમોક્રેટિક એલાયન્સના ભાગીદારોમાંથી ભારતીય જનતા પાર્ટીએ ૧૯ બેઠકો જીતી હતી અને બે બેઠકો પર આગળ હતી. લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ની જેમ ઓલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયન પાર્ટીએ એક બેઠક જીતી હતી. લોકોના ફેવરિટ તરીકે ઉભરેલા ઉમેદવાર જયરામ મહતો ડુમરી મતવિસ્તારમાં વિજયી થયા હતા. તે ઝારખંડ લોકતાંત્રિક ક્રાંતિકારી મોરચામાંથી એકમાત્ર વિજેતા હતો. રાજકીય નિરીક્ષકોએ આગાહી કરી હતી કે ચૂંટણી કસોકસની લડાઈ હશે. જો કે, જેએમએમની આગેવાની હેઠળની ગઠબંધન સરકારે વ્યૂહાત્મક રીતે તેની કટોકટીમાંથી પર પડ્યું હોય તેવું લાગે છે અને મતદારોને જીતવા અને આરામદાયક બહુમતી મેળવવા માટે સંખ્યાબંધ કલ્યાણકારી યોજનાઓને આગળ ધપાવી છે.

અહીં આઠ પરિબળો છે જે આ જીત માટે જવાબદાર હતા.

**૧. સોરેનની કેદ એ આદિવાસી ગૌરવનું અપમાન હતું**

મુખ્યમંત્રી હેમંત સોરેનને જાન્યુઆરીમાં છેતરપિંડીથી જમીન અધિગ્રહણ કરવાના આરોપમાં કેદ કરવામાં આવ્યા હતા અને માત્ર પાંચ મહિના પછી જ જામીન મળ્યા હતા. પાર્ટીએ ટૂંક સમયમાં જ આ મામલાને ચૂંટણીનો મુદ્દો બનાવી દીધો. તેણે આદિવાસીઓના ગૌરવના અપમાન તરીકે આદિવાસી મુખ્ય પ્રધાનની કેદને રજૂ કરી, જેઓ રાજ્યની વસ્તીના ૨૬.૨૧% છે અને જેએમએમ માટે મહત્ત્વપૂર્ણ મત બેંક છે. રાજકીય વિશ્લેષકો માને છે કે આને કારણે ભાજપે આ વર્ષની શરૂઆતમાં લોકસભાની ચૂંટણીમાં અનુસૂચિત જનજાતિ માટે આરક્ષિત તમામ પાંચ બેઠકો ગુમાવવી પડી હતી. (રાજ્યમાં લોકસભાની કુલ ૧૪ બેઠકો છે.)

**૨. મહિલાઓ માટે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર સ્કીમ**

જેએમએમના નેતૃત્વવાળી સરકારે અનેક કલ્યાણકારી યોજનાઓ પર ખૂબ ધ્યાન કેન્દ્રિત કર્યું. તેની મુખ્ય યોજના મૈયા સન્માન યોજના હતી, જે ઓગસ્ટમાં શરૂ કરવામાં આવી હતી. તે ૨૧થી ૫૦ વર્ષની વયની મહિલાઓને દર મહિને ૧,૦૦૦ રૂપિયા આપે છે. આ યોજનાનો સામનો કરવા માટે ઓક્ટોબરમાં, ભાજપે જાહેરાત કરી હતી કે જો તે સત્તામાં આવશે તો તે ગોગો દીદી યોજના શરૂ કરશે, અને તમામ મહિલાઓને ૨,૧૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું. રાજ્ય જેએમએમ આ પગલાનો સામનો ત્વરિત કર્યો હતો અને જો તે સત્તામાં પરત આવે તો ડિસેમ્બરથી રકમ વધારીને રૂા. ૨,૫૦૦ કરવાનું વચન આપ્યું હતું.

**૩. પેન્શન યોજનામાં સુધારો**

૨૦૧૯ માં JMM-ની આગેવાની હેઠળની સરકારે કેન્દ્ર સરકારની પેન્શન યોજના, રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમમાં સુધારા રજૂ કર્યા, જે વર્ષોથી ઓછા ભંડોળ હેઠળ હતી. વૃદ્ધાવસ્થા પેન્શન, વિધવા પેન્શન અને વિકલાંગતા પેન્શન એમ ત્રણ શ્રેણીઓ માટે કેન્દ્રની પેન્શનની રકમ રૂા.૨૦૦થી રૂા.૫૦૦ની વચ્ચે છે. ઝારખંડ સરકારે આ રકમ વધારીને રૂા.૧,૦૦૦ કરી છે અને પેન્શન યોજનાઓની પાંચ શ્રેણીઓ બનાવી છે- વૃદ્ધાવસ્થા પેન્શન, ખાસ કરીને સંવેદનશીલ આદિવાસી જૂથ પેન્શન, નિરાધાર મહિલા પેન્શન, HIV-AIDS દર્દી પેન્શન અને અપંગતા પેન્શન. તેણે ૨૦૧૯માં સ્કીમની પહોંચ ૬ લાખથી વધારીને ૨૦૨૪ સુધીમાં ૪૦ લાખ લોકો સુધી પહોંચાડી.

**૪. વીજળી બિલ માફી**

અન્ય કલ્યાણકારી નીતિ કે જેણે મતદારોની મંજૂરી મેળવી, ખાસ કરીને ગ્રામીણ ગરીબો, આવકવેરો ચૂકવતા ન હોય તેવા ઓછી આવક ધરાવતા ગ્રાહકો માટે વીજળી બિલ માફ કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય હતો. ઓગસ્ટમાં રાજ્ય સરકારે તેની ૨૦૦-યુનિટ મફત વીજળી યોજનામાં નોંધાયેલા લગભગ ૩૯.૪૪ લાખ ગ્રાહકોના રૂા.૩,૫૮૪ કરોડના બિલ માફ કરવાનો નિર્ણય લીધો હતો.

**૫. રાજ્ય આવાસ યોજના**

ઓછી આવક ધરાવતા નાગરિકો માટે સબસિડીવાળા આવાસ પ્રદાન કરવા માટે કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના અસ્તિત્વમાં હોવા છતાં, રાજ્યમાં લગભગ ૮ લાખ પાત્ર લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો ન હતો. ઓક્ટોબર ૨૦૨૩માં JMMની આગેવાની હેઠળની સરકારે આ રહેવાસીઓ સુધી પહોંચવા માટે અબુઆ આવાસ યોજના શરૂ કરી. જ્યારે કેન્દ્ર સરકારની યોજના રસોડા સાથેના બે રૂમના મકાનના નિર્માણ માટે રૂા.૧.૫ લાખ સુધીની ચૂકવણી કરે છે, ત્યારે ઝારખંડ સરકારની યોજના રસોડા સાથેના ત્રણ ઓરડાના મકાન માટે રૂા.૨ લાખ આપે છે.

**૬. ભાજપનો કોઈ સ્પષ્ટ સીએમ ચહેરો ન હોવો**

રાજકીય વિશ્લેષકો નોંધે છે કે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ સહિત ભાજપના વરિષ્ઠ નેતાઓએ રાજ્યમાં પક્ષ



માટે પ્રચાર કર્યો હતો, ત્યારે જો પક્ષ જીતશે તો મુખ્ય પ્રધાન પદ કોણ લેશે તે અંગે સ્પષ્ટતાનો અભાવ હતો. એક દાવેદાર ભાજપના રાજ્ય પ્રમુખ એવા પૂર્વ મુખ્યમંત્રી બાબુલાલ મરાંડી હતા. અન્ય પૂર્વ મુખ્ય પ્રધાન ચંપાઈ સોરેન હતા, જેમણે આ વર્ષની શરૂઆતમાં જેએમએમમાંથી પક્ષપલટો કર્યો હતો. આ બંને નેતાઓ આદિવાસી છે અને આ રીતે રાજ્યના વ્યાપક ઈતિહાસને અનુરૂપ કોઈ એકને મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા હોત તો વાત અલગ હોત. કારણ કે રાજ્યના સાત મુખ્ય પ્રધાનોમાંથી છ આદિવાસી હતા. જો કે, ૨૦૧૪માં ભાજપે રાજ્યના મુખ્ય પ્રધાન તરીકે એક બિન-આદિવાસી, રઘુબર દાસની નિમણૂક કરી હતી, જે રાજકીય નિરીક્ષકો માને છે કે ૨૦૧૯ની ચૂંટણીમાં તેણે તેમની હારમાં ભૂમિકા ભજવી હતી. મુખ્ય પ્રધાનપદના ઉમેદવારની ગેરહાજરીથી પક્ષ જીતે તો કોની નિમણૂક કરી શકે છે તે અંગે અટકળોને વધવા દીધી. તેનાથી વિપરીત, જેએમએમની આગેવાની હેઠળના જોડાણ માટે, વર્તમાન મુખ્ય પ્રધાન હેમંત સોરેન પદ પર બની રહેવા માટે સ્પષ્ટ પસંદગી હતા.

**૭. બિન-ઝારખંડી નેતાઓ પર વધુ પડતી નિર્ભરતા**

ભાજપના ચૂંટણી પ્રચારમાં વડાપ્રધાન મોદી, ગૃહ પ્રધાન શાહ અને કેન્દ્રીય પ્રધાનો શિવરાજ સિંહ ચૌહાણ અને જેપી નડ્ડા સહિતના રાષ્ટ્રીય સ્તરના નેતાઓનું વર્ચસ્વ હતું. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા પણ રેલીઓમાં અગ્રણી ચહેરો હતા. આનો અર્થ એ થયો કે બાબુલાલ મરાંડી, ચંપાઈ સોરેન અને સીતા સોરેન જેવા ઝારખંડી નેતાઓ પૃષ્ઠભૂમિમાં રહ્યા. આ વ્યૂહરચનાથી ઝારખંડી મતદારો વિમુખ થયા હોવાનું માનવામાં આવે છે, જેઓ, વિધાનસભાની ચૂંટણીઓમાં મુખ્યત્વે રાજ્યના નેતાઓ સાથે સંબંધિત છે.

**૮. ભાજપની ઘૂસણખોરીની વાર્તા નિષ્ફળ**

આ ચૂંટણીમાં ભાજપનું મુખ્ય ધ્યાન ઘૂસણખોરીના વર્ણન પર હતું- પક્ષના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે બાંગ્લાદેશી મુસ્લિમોએ ઝારખંડના સાંતાલ પરગણા વિભાગમાં ઘૂસણખોરી કરી હતી, આદિવાસી મહિલાઓ સાથે લગ્ન કર્યા હતા, જમીન પચાવી પાડી હતી અને પ્રદેશની વસ્તી અને સાંસ્કૃતિક ઓળખ બદલી હતી. જો કે, આ વર્ણનને વધુ સ્વીકૃતિ મળી હોય તેવું લાગતું નથી. આ વર્ષની શરૂઆતમાં સ્ક્રોલ સાંતાલ પરગણાની મુસાફરી કરી અને જાણવા મળ્યું કે ઓછામાં ઓછા ૧૦ કિસ્સાઓમાં, જમીનનો દાવો કરવા માટે મુસ્લિમોએ આદિવાસી મહિલાઓ સાથે લગ્ન કર્યાના ભાજપના દાવાઓ તપાસમાં ખરા ઉતર્યા નથી. પાછળથી, અમારા ચૂંટણી કવરેજમાં, અમે જોયું કે આદિવાસી મતદારો ઘૂસણખોરોની ખતરા કરતાં નાગરિક મુદ્દાઓ સાથે વધુ ચિંતિત હતા. JMMએ નોંધ્યું કે ઝારખંડ બાંગ્લાદેશ સાથે સરહદો વહેંચતું નથી અને અમિત શાહની આગેવાની હેઠળનું કેન્દ્રીય ગૃહ મંત્રાલય દેશમાં ગેરકાયદેસર સ્થળાંતર અટકાવવા માટે જવાબદાર છે તે નોંધીને આરોપોનો જવાબ ત્વરિત આપ્યો હતો.

# તેઓ એક પક્ષ, એક રાષ્ટ્ર તરફ આગળ વધી રહ્યા છે : ભાજપની જીત પર ઉદ્ધવ ઠાકરેનું નિવેદન

(એજન્સી) તા.૨૪

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ ૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહા વિકાસ અઘાડી (MVA)ની જબરજસ્ત હાર પર આઘાત અને અવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. BJPના શાસક ગઠબંધન, એકનાથ શિંદેના શિવસેના જૂથ અને અજિત પવારના NCP જૂથે નિર્ણાયક વિજય મેળવ્યો હતો. પત્રકારો સાથે વાત કરતા, ઠાકરેએ અણધાર્યા પરિણામ પર કહ્યું કે, હું વિશ્વાસ કરી શકતો નથી કે મહારાષ્ટ્ર, જે કોવિડ-૧૯ દરમિયાન મારી સાથે ઊભું હતું, તેણે આ રીતે પ્રતિક્રિયા આપી છે. શાસક ગઠબંધન માત્ર ચાર મહિનામાં આટલું મોટું પરિણામ કેવી રીતે મેળવી શક્યું ? ઠાકરેએ એમવીએ રેલીઓમાં ઉત્સાહી લોકોની વાત કરી અને તેને ભાજપની આગેવાની હેઠળના જોડાણની ઘટનાઓ સાથે વિરોધાભાસી કહી હતી. લોકોએ અમારું સાંભળ્યું, મોદી અને અમિત શાહનું નહીં.



તેઓએ કહ્યું કે તેમને ધ્યાન આપવાની જરૂર નથી. શું તેઓએ અમારો સંદેશ સાંભળ્યા વિના તેમના મત આપ્યા હતા ? તેણે કટાક્ષ કરતાં પૂછ્યું કે, 'ખાલી ખુરશીઓ મતમાં કેવી રીતે બદલાઈ શકે ?' શિંદે જૂથે ચૂંટણીને 'વાસ્તવિક શિવસેના કોણ છે'ની કસોટી તરીકે રજૂ કરી હતી, પરંતુ ઠાકરેએ આ કથાને ફગાવી દીધી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આ મામલો હજી કોર્ટમાં પેન્ડિંગ છે. અમે પાર્ટીના નામ અને ચૂંટણી ચિન્હ અંગેના નિર્ણય માટે વર્ષોથી રાહ જોઈ રહ્યા છીએ. આ મુદ્દો ન્યાયતંત્રને ઉકેલવાનો છે. ઠાકરેએ ભાજપની જીતનો શ્રેય વ્યૂહરચનાને આપ્યો હતો, જેમાં એક પક્ષની વ્યવસ્થા બનાવવા અંગે ભાજપના વડા જેપી નડ્ડાની ટિપ્પણીનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, એવું લાગે છે કે તેઓ 'એક પક્ષ, એક રાષ્ટ્ર' તરફ આગળ વધી રહ્યા છે. હું લોકોને વિનંતી કરું છું કે આશા ન ગુમાવો. જો કે, ઠાકરેએ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM)ને દોષ આપવાનું ટાળ્યું છે. તેમણે કહ્યું કે, કેટલાક લોકો સૂચવે છે કે EVMએ ભૂમિકા ભજવી હતી, પરંતુ જો લોકોએ પરિણામ સ્વીકાર્યું હોય, તો હું પણ એવું જ કરીશ. આ હાર નોંધપાત્ર હતી, ઠાકરેની શિવસેના (UBT)એ ૮૯માંથી માત્ર ૨૦ બેઠકો જીતી હતી, જ્યારે શિંદેના જૂથે ૮૦માંથી ૫૭ બેઠકો જીતી હતી. મહારાષ્ટ્રની ૨૮૮ બેઠકોમાંથી ૨૩૬ બેઠકો પર ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનનું પ્રભુત્વ રહ્યું હતું.

# મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં AIMIMએ ૧૬માંથી ૧ બેઠક જીતી

(એજન્સી) તા.૨૪

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (AIMIM) ના મુફ્તી મોહમ્મદ ઈસ્માઈલ અબ્દુલ ખાલિક, જેઓ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં માલેગાંવ સેન્ટ્રલથી ચૂંટણી લડ્યા હતા, તેમણે માત્ર ૧૬૨ મતોથી સીટ જીતી હતી. ખાલીકે મહારાષ્ટ્રની ભારતીય સેક્યુલર લાર્જેસ્ટ એસેમ્બલી પાર્ટીના આસિફ શેખ રશીદ સામેની નજીકની હરીફાઈમાં ૧,૦૯,૩૩૨ મતો મેળવીને જીત મેળવી હતી, જેમણે ૧,૦૯,૨૫૭ મત મેળવ્યા હતા. અબ્દુલ ખાલિક એક અગ્રણી રાજકીય વ્યક્તિ છે અને મહારાષ્ટ્રના માલેગાંવ સેન્ટ્રલ મતવિસ્તારમાંથી AIMIMનું પ્રતિનિધિત્વ કરતા ઉમેદવાર છે. ૩૦ જાન્યુઆરી, ૧૯૬૧ના રોજ નયાપુરામાં જન્મેલા, તેમણે સમુદાયમાં એક બિઝનેસમેન અને સામાજિક કાર્યકર તરીકે પોતાની ઓળખ બનાવી છે. ખાલીકે અગાઉ ૨૦૧૯માં વિધાનસભા ચૂંટણી જીતી હતી. તે તેમની ધારાસભ્ય તરીકેની પ્રથમ ટર્મ હતી. તેઓ સ્થાનિક કલ્યાણ પહેલોમાં તેમની સક્રિય ભાગીદારી માટે જાણીતા છે અને માલેગાંવમાં મુસ્લિમ વસ્તીમાં એક મહત્વપૂર્ણ નેતા તરીકેની પ્રતિષ્ઠા મેળવી છે. તેમના રાજકીય યોગદાન હોવા છતાં, ખાલિકની કારકિર્દી વિવાદો વિના રહી નથી. ભારતીય દંડ સંહિતા (IPC) અને મુંબઈ પોલીસ અધિનિયમની વિવિધ કલમો હેઠળ તેમની સામે નોંધાયેલા ઘણા કેસ સાથે, તેમણે અનેક કાનૂની પડકારોનો સામનો કરવો પડ્યો. આમાં જાહેર વ્યવસ્થાના ઉલ્લંઘન સંબંધિત આરોપોનો સમાવેશ થાય છે. તેમના પિતા મોહમ્મદ અબ્દુલ ખાલિક પણ તેમની રાજકીય સફરને આકાર આપવામાં પ્રભાવશાળી રહ્યા છે. મહારાષ્ટ્ર ચૂંટણીમાં પાર્ટીએ જે ૧૬ વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડી હતી તેમાંથી AIMIM માત્ર એક બેઠક જીતી શકી છે. પૂર્વ સાંસદ ઈમ્તિયાઝ જલીલ સૈયદ ઔરંગાબાદ પૂર્વ બેઠક ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અતુલ મોરેશ્વર સેવ સામે હારી ગયા, જેમણે ચુસ્ત હરીફાઈમાં ૨૧૬૧ મતોની સરસાઈથી બેઠક જીતી. મતગણતરી દરમિયાન લોકોને આશા હતી કે ઈમ્તિયાઝ જલીલ ૨૦મા રાઉન્ડ સુધી આગળ છે. અચાનક ઉલટફેરમાં, અતુલ મોરેશ્વરે લીડ મેળવવાનું શરૂ કર્યું અને આખરે સીટ જીતી લીધી. AIMIMએ ઔરંગાબાદ સેન્ટ્રલ સીટ શિવસેના સામે ૮૧૧૯ મતોના માર્જિનથી હારી છે. જયસ્વાલ પ્રદીપ શિવનારાયણે AIMIMના ઉમેદવાર સિદ્દીકી નસરૂદ્દીન તકીઉદ્દીનને ૮૧૧૯ મતોથી હરાવ્યા. પૂર્વ ધારાસભ્ય વારિસ યુસુફ પઠાણ, જેઓ



ભિવંડી પશ્ચિમથી ચૂંટણી લડ્યા હતા, તેઓ ભારતીય જનતા પાર્ટીના મહેશ પ્રભાર સામે ૫૪,૩૭૨ મતોથી હારી ગયા હતા. વારિસ પઠાણને ૧૫૮૦૦ વોટ મળ્યા, જ્યારે વિજેતાને ૭૦૧૭૨ વોટ મળ્યા. એક સમયે, AIMIM ઔરંગાબાદ પૂર્વ, ઔરંગાબાદ સેન્ટ્રલ અને માલેગાંવ સેન્ટ્રલ, ત્રણ સીટો પર આગળ હતું, પરંતુ આખરે પાર્ટી માત્ર માલેગાંવ સેન્ટ્રલ સીટ જ ઓછા માર્જિનથી જીતવામાં સફળ રહી. આ વર્ષે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં AIMIM પાર્ટીએ ૧૬ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. ૨૦૧૯માં અગાઉની ચૂંટણીઓમાં, પાર્ટીએ બે બેઠકો જીતી હતી- ધુલે સિટી અને માલેગાંવ સેન્ટ્રલ. પાર્ટીએ ઔરંગાબાદ સેન્ટ્રલ, ઔરંગાબાદ ઈસ્ટ, ભીવંડી વેસ્ટ, કરંજા, નાગપુર નોર્થ, ભાયખલા, વર્સોવા (મુંબઈ), મૂર્તિજાપુર (અકોલા), માલેગાંવ સેન્ટ્રલ, ધુલે, સોલાપુર, મુંબ્રા-કાલવા (થાણે), નાંદેડ દક્ષિણ, માનખુર્દ શિવાજી નગર કુર્લા જીતી લીધી અને મિરાજ (સાંગલી)માં ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. AIMIM મહારાષ્ટ્રને તેલંગાણાની બહાર તેનો સૌથી મજબૂત આધાર માને છે. જો કે, બેમાંથી માત્ર એકનો ઘટાડો એ મુદ્દાને નબળો પાડે છે કે પાર્ટીએ તેની ચૂંટણી વ્યૂહરચના પર ફરીથી કામ કરવાની જરૂર છે. તેલંગાણા વિધાનસભામાં AIMIM નેતા અકબરૂદ્દીન ઓવૈસી સહિતના મુખ્ય નેતાઓએ મુખ્ય મતવિસ્તારોમાં પાર્ટી માટે પ્રચાર કરવા છતાં, પાર્ટી સારૂં પ્રદર્શન કરી શકી નથી.

### નિઃસંતાન દંપતીએ બાળકને દત્તક લીધું અને...

# પાટણમાં અનાથ બાળકનો ૧.૨૦ લાખમાં સોદો, બાળકનું માથું મોટું થતાં નકલી ડોક્ટરનો પર્દાફાશ

## કિલનિકમાં રેડ કરતા સુરેશ ઠાકોર નામનો નકલી ડોક્ટર પકડાયો : આરોપી ત્રણ દિવસના રિમાન્ડ પર

પાટણ,તા.૨૪

પાટણમાં નકલી ડોક્ટર દ્વારા પરિવારને અનાથ બાળક દત્તક લેવડાવી ૧.૨૦ લાખની છેતરપિંડી કર્યાનો બનાવ સામે આવ્યો છે. આ બાબતે ૫ દિવસ પહેલાં સુરેશ ઠાકોર નામના શખ્સ સામે નકલી ડોક્ટર હોવા છતાંય પેક્ટિસ કરે છે તેવી એસઓજી પોલીસને બાતમી મળી હતી. જેના આધારે પોલીસે તેના ક્લિનિકમાં રેડ કરતાં નકલી ડોક્ટરનો ભાંડો ફૂટ્યો છે. હાલમાં તેના ૩ દિવસના રિમાન્ડ મંજૂર થયા છે. પાટણમાં રહેતા નીરવકુમાર બનાવની વિગત મુજબ નામના યુવકના લગ્ન ૨૦૧૫માં ઉત્તર પ્રદેશના અલ્હાબાદ ખાતે રચનાબહેન સાથે થયા હતા. લગ્નના ૮ વર્ષ વીત્યા બાદ પણ પત્નીને બાળક ન થતાં પતિ-પત્ની ચિંતામાં હતા. તે દરમિયાન માર્ચ ૨૦૨૩માં યુવકે પાટણની નિષ્કા હોસ્પિટલમાં મેડિકલ ચલાવનાર અમરત રાવળ



નામના વ્યક્તિને વાત કરી હતી. ત્યારે તેણે નીરવને કહ્યું કે, અમારી હોસ્પિટલમાં ઘણીવાર અનાથ બાળકો આવતા હોય છે. જો તારે કોઈ બાળક દત્તક લેવું હોય તો કહેજે. ત્યારે નીરવે તેને કહ્યું કે- સારૂ એવું કોઈ સારૂ બાળક આવે તો મને કહેજે. થોડા દિવસ બાદ હોસ્પિટલમાંથી ફોન આવે છે કે એક બાળક આવ્યું છે અને તે બાબો છે. તમારે જોવો હોય તો આવી જાવ. આ બાબતે યુવક પોતાના પરિવારને જાણ કરે છે. પરિવારની સહમતી બાદ યુવક હોસ્પિટલમાં બાળકને જોવા જાય છે. ત્યારે બાળકને આઈસીયુ વોર્ડમાં રાખવામાં આવ્યો હતો. ત્યારે નીરવ પુછે છે કે બાળકને કેમ આઈસીયુ વોર્ડમાં રાખ્યો છે, તેને શું તકલીફ છે. તો અમરત રાવળ તરફથી જવાબ મળે છે કે, બાળક એક અઠવાડિયામાં સાજો થઈ જશે. ચિંતાની કોઈ વાત નથી. ત્યારબાદ યુવક હોસ્પિટલના કર્મચારીને બાળક અહીં કોણ લઈને આવ્યું છે તે પૂછતા કર્મી કહે છે, સુરેશ ઠાકોર નામનો શખ્સ બાળકને અહીં લઈને આવ્યો છે. તે બે દિવસ પછી ફરી આવશે. ત્યારબાદ યુવક તેના પરિવારને હોસ્પિટલ લઈ આવે છે અને બાળકને જોઈ તમામ સભ્યો તેને દત્તક લેવા માટે તૈયાર થઈ જાય છે. બે દિવસ બાદ સુરેશ ઠાકોર બાળકની સંભાળ લેવા હોસ્પિટલ આવે છે ત્યારે કર્મચારી નીરવ સાથે તેની મુલાકાત કરાવે છે. વાતચીત દરમિયાન સુરેશ નીરવને જણાવે છે કે, આ બાળક અનાથ છે જો તમારે દત્તક લેવો હોય તો તેની તબિયત સુધરી જાય તે પછી આવીને લઈ જઈ શકો છો. પરંતુ તમારે તેના ૧.૨૦ લાખ આપવા પડશે. ત્યારબાદ બાળકને દત્તક લેવાના કાગળ તેમજ જન્મના દાખલા અંગે વાત થાય છે, જેમા સુરેશ કહે છે કે, અત્યારે ટોકન પેટે રૂ.૫૧ આપી દો અને બાળકને લઈ જાવ ત્યારે ૫૦,૦૦૦ તેમજ કાગળો તેમજ જન્મનું પ્રમાણપત્ર મળી જાય પછી બાકીની રકમ આપજો. બાળકની તબિયત સુધરતા યુવક વાત થઈ તે મુજબ સુરેશને ૫૦,૦૦૦ રૂપિયા આપી દે છે. હોસ્પિટલથી બાળકને લઈ જતાં પહેલા નીરવ ડોક્ટરને મળે છે અને બાળકની સંભાળ કેવી રીતે રાખવી તે વિશ જાણકારી લે છે. ત્યારબાદ ડોક્ટર હોસ્પિટલનું ૧૦,૦૦૦ રૂપિયા બિલ ભરી ડોક્યુમેન્ટના આધારે સુરેશ જન્મનું પ્રમાણપત્ર યુવકને મોકલે છે જે બાદ યુવક સુરેશને બીજા ૫૦,૦૦૦ રૂપિયા આપે છે. બાળકના દત્તકના કાગળ માંગતા સુરેશ કહે છે કે, હવે તો તમારા નામથી જ બાળકનું જન્મનું પ્રમાણપત્ર બની ગયું છે તો દત્તકના કાગળની જરૂર નથી. ૧૦ દિવસ બાદ બાળકની તબિયત લથડતાં અને અચાનક બાળકનું માથું મોટું થઈ જતાં પરિવાર તેને હોસ્પિટલ લઈને જાય છે. ખાનગી હોસ્પિટલમાં બાળકનું સ્કેન થતાં તેના માથામાં પાણી ભરાય જવાનો પ્રોબ્લેમ છે એવું ડોક્ટર પરિવારને જણાવે છે. આ વાત જાણી પરિવાર ગભરાઈ જાય છે અને યુવક સુરેશને ફોન કરીને હવે બાળકના દત્તકના કાગળ બનાવી આપતા નહીં અને બાળકને બિમારી છે જેથી તેને પરત લઈ જાઓ તેમ કહે છે. થોડા દિવસ બાદ સુરેશ બાળકને આવી ને લઈ જાય છે. યુવક દ્વારા પૈસા પરત માંગતા સુરેશ કહે છે કે, હવે આ બાળકને કોઈ લેશે નહીં એટલે તેને આશ્રમમાં મુકવો પડશે. યુવક દ્વારા સતત પૈસાની માંગણી કરતા સુરેશ ૩૦,૦૦૦ રૂપિયા પરત આપી દે છે, પરંતુ બાકીના રૂપિયા ન આપતા યુવક છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

# જૂનાગઢમાં સુન્ની સંધી મુસ્લિમ સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

## સુન્ની સંધી મુસ્લિમ સમાજ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં સમાજ સેવામાં કાર્યરત આગેવાનોનું પણ સન્માન કરાયું

જૂનાગઢ,તા.૨૩

સુન્ની સંધી મુસ્લિમ સમાજ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા સુન્ની સંધી મુસ્લિમ સમાજના તેજસ્વી તારલાનો સન્માન સમારોહ જૂનાગઢ ચીતાખાના ચોક નજીક આવેલ સન્માન જૂનાગઢ શહેર સુન્ની સંધી મુસ્લિમ સમાજના મલ્ટી પર્પઝ હોલ ખાતે યોજાયો હતો. આ સમારોહની શરૂઆતમાં અપ્સર મહંમદ સમાએ કુર્આનેપાકની તિલાવત તરજુમાં સાથે કરી હતી. આ સમારોહમાં ઉચ્ચ ટકાવારીથી ધો.૧૦ અને ૧૨ પાસ કરનાર તથા સ્નાતક અને અનુ સ્નાતકની ડિગ્રી મેળવનાર તેમજ મેડિકલ ક્ષેત્રે અને એન્જિનિયરીંગ ક્ષેત્રે પ્રવેશ મેળવનાર અને ડિગ્રી પ્રાપ્ત કરનાર ૭૦થી વધુ તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ઈનામ વિતરણમાં શરીફભાઈ હાલા તથા રજાકભાઈ હાલાએ આર્થિક સહયોગ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ સાથે વાલીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મુસ્લિમ સમાજના સર્વાંગી વિકાસ, સામાજિક અને આર્થિક ઉન્નતિ, વૈચારીક અને બૌદ્ધિક વિકાસ, મુલ્યવાન જીવન ઘડતર, રચનાત્મક અને પરિવર્તનશીલ ભવિષ્ય, ગૌરવશાળી વ્યકિતત્વ અને સ્કીલ ડેવલોપમેન્ટ માટે શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ જરૂરી અને અનિવાર્ય છે. બાળકો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે, ડ્રોપ આઉટ રેશિયો ઘટે, કૌશલ્ય વર્ધક તાલીમ મેળવે, શૈક્ષણિક અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ ઉચ્ચ મેરીટથી પાસ કરે, સિવિલ સર્વિસમાં જોડાય, ઉચ્ચ હોદ્દા પ્રાપ્ત કરે, પોતાની સ્કીલ પ્રમાણે ડોકટર, એન્જિનિયર, એડવોકેટ, અધિકારી, શિક્ષક, વેપારી, ઉદ્યોગપતિ બને, તેઓને મદદ, માર્ગદર્શન, માહિતી અને તાલીમ મળી રહે, તેઓને સન્માન અને પ્રોત્સાહન મળી રહે, શિક્ષણ પ્રત્યેની જાગૃતિ વધે એવા ઉમદા હેતુથી તેજસ્વી તારલાના સન્માન સમારોહ જેવા શૈક્ષણિક કાર્યક્રમો કરવા જરૂરી છે. સુન્ની સંધી



મુસ્લિમ સમાજ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ જૂનાગઢ શહેરના પ્રમુખ ડો. હારૂનભાઈ વિહળ અને જૂનાગઢ શહેર સુન્ની સંધી મુસ્લિમ સમાજના તમામ હોદ્દેદારો, કારોબારી સભ્યો, જનરલ કારોબારી અને એરિયા પ્રમુખ તથા સમગ્ર ટીમ દ્વારા આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું જૂનાગઢ જિલ્લા સંધી મુસ્લિમ સમાજના પ્રમુખ હુસેનભાઈ દલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે પૂર્વ પ્રમુખ કારાભાઈ સાંધ (ટીકર), વલીમહંમદભાઈ દલ, હુસેનભાઈ સીડા, પૂર્વ કોર્પોરેટર રજાકભાઈ હાલા, ડો. દોલકીયા, એડવોકેટ નોટરી ઈબ્રાહીમભાઈ શમા, એડવોકેટ જીશાનભાઈ હાલેપૌત્રા, મહમદહુસેન ઉપસ્થિત રહ્યા હતા. આયોજક ટીમમાં પ્રમુખ ડો. હારૂનભાઈ વિહળ, હનીફભાઈ હાલા, હાંસમભાઈ હિંગોરા, શરીફભાઈ હાલા, ઈબ્રાહીમભાઈ સમાં વગેરે હાજર રહ્યા હતા. સ્વાગત પ્રવચન ઈસ્માઈલભાઈ દલે કર્યું હતું. પ્રાસંગિક પ્રવચનો ડો. દોલકીયા, એડવોકેટ જીશાન હાલેપૌત્રા, વલીમહંમદભાઈ દલ, હાસમભાઈ હિંગોરા વગેરેએ કર્યા હતા. અધ્યક્ષીય પ્રવચન જૂનાગઢ જિલ્લા સંધી મુસ્લિમ સમાજના પ્રમુખ હુસેનભાઈ દલે કર્યું હતું. આભાર વિધિ શહેર સંગઠનના અધ્યક્ષ હનીફભાઈ હાલાએ કરી હતી. મહેમાનો અને આયોજકોના હસ્તે વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત ઈનામ રૂપે મોમેન્ટો અને ભેટ આપવામાં આવી હતી. જૂનાગઢ જિલ્લા સંધી મુસ્લિમ સમાજના પ્રમુખ હુસેનભાઈ દલ અને જૂનાગઢ શહેર સંધી મુસ્લિમ સમાજના પ્રમુખ ડો. હારૂનભાઈ વિહળ તથા જિલ્લાના અને શહેરના આગેવાનો દ્વારા સમાજના દરેક કાર્યમાં વર્ષોથી તન, મન, ધનથી સેવા આપી રહેલા શહેર સુન્ની સંધી મુસ્લિમ સમાજના મહામંત્રી શરીફભાઈ હાલાનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ જૂનાગઢ જિલ્લાના સંધી સમાજના પ્રથમ નોટરી એડવોકેટ ઈબ્રાહીમભાઈ સમા વંથલીવાળાનું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં જાફર પલેજા, રસીદભાઈ નોઈડા, રહીમભાઈ નાઈ, હાસમભાઈ જુણેજા તથા સમાજના યુવાન ભાઈઓ બહેનોએ પોતાની સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો. હારૂનભાઈ વિહળે પોતાની આગવી અને અસરકારક શૈલીમાં કર્યું હતું.

### વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશન દ્વારા

# હિંમતનગર ખાતે મેમણ સમાજના લોકોને ૨૫ મકાનો લાભાર્થીઓને સોંપાયા

હિંમતનગર, તા.૨૪

આશિયાના ટેનામેન્ટ અર્પણ સમારોહ હિંમતનગર મેમણ સમાજવાડી ખાતે યોજાઈ ગયો. જેમાં વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશન ધ્વારા ગુજરાત-રાજસ્થાન થરાદી મેમન કાઉન્સિલના જરૂરિયાતમંદ લોકોને મકાન વિતરણનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો હિંમતનગર પોલાઝપુર ચોકડી પાસે આશિયાના ટેનામેન્ટ કોલોની બનાવી ૨૫ મકાનો, મકાન વિહોણા લાભાર્થીઓને સોપવામાં આવ્યા હતા. આ પ્રોગ્રામમાં દેશભરમાંથી મેમણ સમાજના ઉદ્યોગપતિ, બિઝનેસમેન, ડોક્ટર્સ, એન્જીનીયર્સ બિલ્ડર્સ VIP મહેમાનો ઉપસ્થિત રહી આ કાર્યક્રમને શોભાવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ હસીનભાઈ અઘાડી, શરીફભાઈ મેમણ, ઈમતયાંઝભાઈ મોટરવાલા, અબ્દુલ કાદિર જોડિયાવાલા, ડૉક્ટર મેમણ ખુશ્બુ, દેશકાંઠા મેમણ સમાજના પ્રમુખ સલીમભાઈ રોનકવાલા તેમજ સમારંભના અધ્યક્ષ અહેમદભાઈ સાચોરા, જી.ડી.મેમન (એન્જિનીયર), અ.રજાકભાઈ(મેમન ટ્રેડીંગ) તથા




(તસવીર : વારિસ સૈયદ, હિંમતનગર)

વર્લ્ડ મેમન ઓર્ગેનાઈજેશના અન્ય સીટી ચેરમેનો તેમજ અન્ય મહેનુભાવો હાજર રહ્યા હતા. વર્લ્ડ મેમણ ઓર્ગનાઈઝશન એ મેમણોનું ઈન્ટરનેશનલ ઓર્ગનાઈઝશન છે જેની સ્થાપના વર્ષ ૨૦૧૪માં કરવામાં આવી હતી આ સંસ્થા વિશ્વના મેમણ લોકો સાથે સંકળાયેલી છે જેમાં ખાસ ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, મિડલ ઈસ્ટ, આફ્રિકા, યુરોપ, નોર્થ અમેરિકા જેવા દેશ સામેલ છે, WMO સ્થાપના નો મૂળ મકસદ મેમણ સમાજ ને એક જુટ રાખવાનો છે ચાહે તે કોઈપણ ફીરકામાં માનતો હોય બસ મેમણ એક પ્લેટફોર્મ ઉપર રહે અને મળી જુલીને એકબીજાને મદદરૂપ થાય WMOના મિશનમાં સમાજ સેવા રહેલી છે WMOનો મેઈન ફોકશ એજ્યુકેશન, કોલોની બનાવીને ઘર વિહોણા જરૂરિયાત મંદ લોકોને ઘર આપવા, મેડિકલ હેલ્પ, રાશન કીટ, લંગર બનાવી જરૂરિયાત મંદ લોકોને જમાડવાનો, આંખને લગતા કેમ્પ કરવા, સમૂહ લગ્ન કરાવી સમાજને નીતિનિયમો સાથે એક તાંતણે બાંધી રાખવા, નોકરી મેળો કરી એજ્યુકેટેડ યુવાનોને નોકરી માટે માહિતી પૂરૂ પાડવા તેમજ વિદેશ ભણવા માટે વગર વ્યાજે લોન આપવા જેવું ઘણું બધું સમાજ સેવાનું કામ કરે છે.

# વાસદ નજીક બાઈક પાછળ ટેમ્પો અથડાતા સર્જાયેલ અકસ્માતમાં એકનું મોત

(સંવાદદાતા દ્વારા) આણંદ તા.૨૪

હાડગુડ બસસ્ટેન્ડ સામે આવેલ આશીયાના સોસાયટીમાં રહેતાં ફરજાનાબાનુ વજીયોદીન જેનુદિન સૈયદ રવિવારના રોજ સવારના સાડા આઠેક પોતાના પતિના બાઈક પર સવાર થઈને બંને પતિ-પત્ની ઘરેથી વાઘોડીયા જવા નીકળ્યાં હતાં. તે દરમિયાન આશરે સાડા નવેક વાગ્યાના સમયે આણંદ થી વડોદરા જવાના હાઈવે રોડ ઉપર આર.કે.સી પ્લાન્ટના ગેટ સામે રોડ ઉપર સાઈડમાં બાઈક સાથે ઉભા હતા. તે વખતે એક શ્રી વ્હીલ ટેમ્પી ચાલકે તેની ટેમ્પી પુરઝડપે ગફલતભરી રીતે હંકારી લાવી તેમની બાઈકને ઘડાકાભેર અથડાવતા બંને પતિ-પત્ની બાઈક સાથે રોડ ઉપર પટકાયા હતા. જ્યારે ટેમ્પી રોડની ધારે પલ્ટી ખાઈ જવા પામી હતી. આ અકસ્માતમાં બંને પતિ-પત્નીને ઈજાઓ થવા પામી હતી. જ્યારે ટેમ્પીમાં સામાન ભરેલ હતો જેને કારણે ટેમ્પીમાં બેસેલ ચંદ્રકાન્ત ગુણવતભાઈ સિદ્ધપુરા તથા માનસીગભાઈ ભીલ ને શરીરે વતા ઓછા પ્રમાણમા ઈજા પહોચાડી હતી. આ ઘટનાને લઈને આજુબાજુના લોકો દોડી આવ્યાં હતાં અને ઈજા પામેલાને ૧૦૮ મારફતે કરમસદ શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જયાં ચંદ્રકાન્ત ગુણવતભાઈ સિદ્ધપુરાનું મોત નીપજયું હતું.આ બનાવ અંગે વાસદ પોલીસે ટેમ્પી ચાલક વિરૂદ્ધ અકસ્માત મોતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### પૂર્વ કોર્પોરેટરના પુત્રના હત્યા કેસ મામલે કાર્યવાહી

# કારેલીબાગ પોલીસ સ્ટેશનના PSI સહિત નવ કર્મચારીઓ સસ્પેન્ડ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

એસએસજી હોસ્પિટલમાં પોલીસની હાજરીમાં પૂર્વ કોર્પોરેટરના પુત્ર તપન પરમારને બાબર ખાન પઠાણે ચાકુના ઘા ઝિંકીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. જેમાં પોલીસ કમિશનર દ્વારા ગુનામાં ગંભીર પ્રકારની બેદરકારી દાખવનાર કારેલીબાગ પોલીસ સ્ટેશનના વધુ ૯ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં હજુ મોટી કાર્યવાહી કરાશે તેવુ સૂત્રો જણાવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે અગાઉ બે કોન્સ્ટેબલ સસ્પેન્ડ થયા હતા અને પીઆઇ સહિતના સ્ટાફની પણ બદલી કરાઇ હતી. વડોદરા શહેરના નાગરવાડા વિસ્તારમાં જુગાર રમવા મુદ્દે થયેલી મારામારી બાદ માથાભારે અને રીઢા આરોપી બાબરખાન પઠાણ સહિતના સાગરીતોએ અન્ય યુવકો પર ચાકુથી હુમલો કર્યો હતો. ત્યારબાદ તેમને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જેથી પૂર્વ કોર્પોરેટર રમેશ પરમારનો પુત્ર તપન પરમાર ઈજાગ્રસ્તોને જોવા માટે ગયો હતો. ત્યારે પોલીસની નજર ચુકવીને બાબરખાન પઠાણ તપન પરમાર પાસે ધસી ગયો હતો અને પોલીસની હાજરીમાં જ ચાકુના ઘા ઝિંકીને તેને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. જેથી હત્યાના બનાવમાં પોલીસની ગંભીર બેદરકારી છતી થઇ હતી. જેથી પોલીસ કમિશનર દ્વારા પહેલા બેદરકારો સામે લાલ આંખ કરીને બે કોન્સ્ટેબલોને સસ્પેન્ડ કરી નાખ્યા હતા. ત્યારબાદ પીઆઇ, સકેન્ડ પીઆઇ સહિતના ડીસ્ટાફના કર્મચારીઓને અન્ય જગ્યા પર બદલી કરી નાખવામાં આવી હતી. ત્યારે હવે કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઇ પરમાર સહિતના ડીસ્ટાફના મળીને કુલ ૯ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ત્યારે આગામી ૨૪ કલાકમાં પણ હજુ મોટી કાર્યવાહી કરવામાં આવશે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

# અંકલેશ્વરમાં પ્રદૂષિત પાણી વહન કરતી ઓવર હેડ લાઈન તોડી પાડવાનું કાવતરૂં

અંકલેશ્વર, તા.૨૪

પ્રદૂષણના મામલે બદનામ એવા અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગત રાત્રી ના જીઆઈડીસીમાં આવેલ અવધૂત કેમિકલ કંપની નજીકથી પસાર થતી ઉદ્યોગોની પ્રદુષિત પાણી વહન કરતી ઓવર હેડ લાઈન નીચે કોલસો મુકવામાં આવ્યો હતો. જેને સળગાવી કે લાઈનમાં રહેલા રાસાયણિક પાણીના સ્પાર્કને લાઈન તોડી પાડવાનું ષડયંત્ર કરાયું હોવાનું ઉદ્યોગ મંડળના પ્રતિનિધિ મંડળના ધ્યાને આવતા તેઓ સ્થળ પર દોડી આવ્યા હતા. તેમજ લાઈન તપાસ કરતા એક સ્થળથી લાઈન લીકેજ થઈ વિપુલ માત્રામાં પ્રદુષિત પાણી



વહેતુ નજરે પડ્યું હતું. તો અન્ય એક સ્થળ લાઈનમાં લોખંડનો ખીલો મારી લાઈનમાં પંક્ચર કરવાનું સામે આવ્યું હતું. આ અંગે જીપીસીબીને પણ જાણ કરવામાં આવતા ટીમ સ્થળ પર દોડી આવી હતી. અને પ્રથમ તો લાઈનનું ડિસ્ચાર્જ બંધ કરાવીને વરસાદી કાંસમાં વહેતા રાસાયણિક પાણીને ઉપાડી લેવા તાકીદ કરી હતી. તેમજ લાઈન પર બનેલી ઘટના બાદ સીસીટીવી કેમેરા લગાવવા સૂચના આપી હતી. જો કે અહીં પ્રશ્નએ સામે આવ્યો હતો. જે ઉદ્યોગ મંડળ અને નોટીફાઈડ વિભાગ દ્વારા જીપીસીબીને આ ઘટના અંગે રજૂઆત કરી હતી ત્યારે ખરેખર નોટિફાઇડ વિભાગ અને એ.આઈ.એના કાર્યક્ષેત્રમાં એસેટ આવતું હોવાથી તેમની પણ જવાબદારી એમની છે. ત્યારે તેમના દ્વારા આ મુદ્દે ટીમની રચના કરી મોનીટંરીગ વધારવા તેમજ લાઈન પર સીસીટીવી મૂકી મોનીટંરીગ કરવામાં આવે તો ભાંગફોડિયા તત્વોને પકડી પણ શકાય એમ છે.

### પાનોલી જીઆઈડીસીમાં

# ગેસ ગળતર થતાં કામદારોમાં આંખમાં બળતરા-શ્વાસ લેવાની તકલીફ

અંકલેશ્વર, તા.૨૪

અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસીમાં ગેસ ગળતરની ઘટના સામે આવી હતી. તજજ્ઞોના કહેવા પ્રમાણે એમોનિયા ગેસ લીક થવાની આશંકા વ્યક્ત કરાઈ હતી. ગેસના અસરકારક પ્રભાવથી જીઆઈડીસીમાં કામ કરતા કેટલાક કામદારોએ આંખમાં બળતરા તથા શ્વાસ લેવામાં તકલીફ અનુભવી હતી ઘટનાની જાણ થતાં જીપીસીબીની ટીમ સ્થળ પર પહોંચી હતી અને ગેસ લીક થવામાં જવાબદાર કંપનીની શોધખોળ શરૂ કરી હતી. અને ઘટના પછી પરિસ્થિતીને કાબૂમાં લેવા કાર્યવાહી હાથ ધરી હતી.

# દંતાલીમાં ખરીના માલિકને બંદૂકની અણીએ બંધક બનાવીને લૂંટારૂઓ રૂા.૪.૮૦ લાખની લૂંટ ચલાવી ફરાર

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૩

આણંદ જિલ્લાનાંપેટલાદ તાલુકાના દંતાલી ગામમાં ગતરાત્રિના બે વાગ્યાના સમયે બુકાની ધારી ટોળકી ત્રાટકી હતી અને ખરીના માલિકને બંધક બનાવી રૂપિયા ચાર લાખ અને મોબાઈલ મળી રૂપિયા રૂા.૪.૮૦ લાખની લૂંટ ચલાવી નાસી ગયાંનો બનાવ બનતા સમગ્ર પંથકમાં ભારે થતાં ચકચાર મચી જવા પામી છે. પેટલાદ તાલુકાના દંતાલી ગામમાં રહેતાં રમેશભાઈ ડાહ્યાભાઈ પટેલની તમાકુની ખરી દંતાલી પેટલાદ રોડ પર આવેલી છે. તેઓ તમાકુની લે વેચનો ધંધો કરે છે. તેઓ દરરોજ ખરીને ઓફિસમાં સુઇ જાય છે. જ્યારે ખરીના મજૂરો પાછળના ભાગે આવેલ ગોડાઉન સુઇ જાય છે. રમેશભાઇ પટેલે અગાઉ વેચેલી તમાકુના નાણાં ચાર લાખ વેપારીઓએ મોકલી આપ્યાં હતાં. જે ખેડૂતોને આપવાના હોવાથી તેમણે ખરીની તીજોરીમાં મુકી રાખ્યાં હતાં. શુક્રવાર રાત્રીના સમયે રમેશભાઈ પટેલ જમી પરવારીને ખરી પહોંચ્યાં હતાં અને મજૂરોને સુચના આપી મેઈન ગેટ બંધ કરાવી દીધો હતો. જો કે અગાઉ કોઈ ચોરી કે અન્ય ઘટના બની ન હોવાથી મજુર ખરીના દરવાજો બંધ કરીને નકુચો લગાવી સુઇ ગયાં હતાં. ત્યારબાદ ખરી માલિક રમેશભાઈ પટેલ પણ પોતાની રૂમમાં જઈ સૂઈ ગયાં હતાં. તે દરમિયાન રાત્રે બે વાગ્યાના આસપાસના સમયમાં ચાર બુકાનધારી ઈસમો ખરીનો દરવાજો ખોલીને સીધા ઓફિસમાં ધસી આવ્યાં હતાં અને રમેશભાઈ પટેલને ઊંઘમાંથી ઉઠાડી લમણે બંદૂક મુકી દીધી હતી. અને મારી નાંખવાની ધમકી આપી રમેશભાઈના હાથપગ તારથી બાંધી દીધાં હતાં. ત્યારબાદ રમેશભાઈના મોઢા પર રૂમાલ બાંધી દીધો હતો. પેટ પર બે ડિસ્મીસ મુકીને તીજોરીની ચાવી કાઢી લીધી હતી. ત્યારબાદ બે જાણા રમેશભાઈ પાસે રહ્યાં હતાં. જ્યારે બાકીના બે જણાએ તિજોરી પાસે જઈ ચાવી વડે તિજોરી ખોલીને તેમાં મુકેલા રોકડા ચાર લાખ એક થેલામાં ભરી દીધાં હતાં. ત્યારબાદ મોબાઈલ લઈને રૂપિયા ૪.૮૦ લાખની લૂંટ ચલાવી નાસી ગયાં હતાં. બીજી બાજુ સવારે મજૂરો જાગીને જોતાં ખરીનો દરવાજો ખુલ્લો જોવા મળ્યો હતો. ઓફિસ ખુલ્લી જોતાં તેઓ અંદર આવી તપાસ કરતાં રમેશભાઈ પટેલના હાથપગ બાધેલી હાલતમાં જોતાં મજુરો ચોકી ઉઠ્યા હતાં બાદમાં મજૂરોએ રમેશભાઈના હાથપગના તાર છોડી દઈ મુક્ત કર્યા હતાં. તેઓએ આ અંગે પેટલાદ રૂરલ પોલીસ મથકે જાણ કરતાં પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. અને ડોગ સ્કવોડ, એફએસએલની મદદથી તપાસ હાથ ધરી છે. બીજી બાજુ એલસીબી એસઓજી અને સ્થાનિક પોલીસની જુદી જુદી ટીમો બનાવી તપાસ તેજ કરાઈ છે.

# ડેડિયાપાડા વિસ્તારમાં કારમાંથી ૫.૫૮ લાખનો દારૂનો જથ્થો ઝડપાયો

રાજપીપળા, તા.૨૪

નર્મદા એલસીબી પોલીસે ડેડિયાપાડા વિસ્તારમાંથી ટાટા કંપનીની ગાડીમાંથી વિદેશી દારૂ સાથે રૂપિયા ૬.૯૮ લાખ ઉપરાંતનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો અને આ ગુનામાં બે ઈસમોને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

એલ.સી.બી. પીઆઈ આર.જી ચૌધરીના માર્ગદર્શન હેઠળ, એલ.સી.બી પોલીસ સ્ટાફના માણસો ડેડિયાપાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. તે દરમિયાન સેજપુર ગામથી થોડા આગળ વણાંકમાં રોડ બાજુમાં ખૂલ્લી જગ્યામાં કેટલાક ઈસમો વિદેશી દારૂ હેરા ફેરી કરતા હોવાની ચોક્કસ બાતમી મળી હતી.

મળેલી બાતમીના આધારે પોલીસે એ જગ્યાએ તપાસ કરતા ટાટા કંપની જસ્ટ મોડલવાળી ગાડી મળી આવી હતી જેની અંદર તપાસ કરતા અંદરથી ભારતીય બનાવટની નાની મોટી અલગ-અલગ બ્રાન્ડ વિદેશી દારૂની બોટલ નંગ-૩૧૮૦ મળી આવતા પોલીસે કિ.રૂા.૫,૫૮,૬૯૬ રૂપિયાના વિદેશી દારૂ તથા જસ્ટ મોડલ ગાડી સહિત કુલ ૬,૯૮,૬૯૬/-ના મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. પોલીસે આ પ્રોહી.ના ગુનામાં અશોક કેસરીમલ માલી રહે. કંબોડીયા તા.નેત્રાંગ જિ.ભરૂચ,તથા સતીષભાઈ નટવરભાઈ વસાવા રહે. સેજપુર તા.ડેડીયાપાડા જિ.નર્મદાને વોન્ટેડ જાહેર કરી આ બાબતનો ડેડિયાપાડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### કબડ્ડીની રાષ્ટ્રીય સ્પર્ધામાટે

# પ્રિનેશનલ કેમ્પમાં ભિલોડા તાલુકાની મોટા ડોડીસરા શાળાના બે વિદ્યાર્થીની પસંદગી

ભિલોડા, તા.૨૪

અંડર ૧૪ ગર્લ્સ કબડ્ડી અરવલ્લીની ટીમ જે શાળાકીય રમત સ્પર્ધા (SGFI)માં રાજ્ય કક્ષાએ માણસા ખાતે રમવા ગઈ હતી એમાંથી નેશનલની સ્પર્ધા માટેના પ્રિનેશનલ કેમ્પ માટે ગુજરાતમાંથી કુલ ૨૪ ખેલાડીઓની પસંદગી કરવામાં આવેલ છે. એમાંથી મોટા ડોડીસરા સ્કૂલમાંથી ડુંડ ભાવિકા પ્રદીપભાઈની પ્રિનેશનલના કેમ્પ માટે પસંદગી કરવામાં આવેલ છે. અને મોટા ડોડીસરા સ્કૂલની વિદ્યાર્થીની જે ગયા વર્ષે DLSSમાં એડમિશન મેળવ્યું તે નિનામા પ્રગતિ પ્રવીણભાઈની પસંદગી પ્રિનેશનલ માટેના કેમ્પ માટે



કરવામાં આવેલ છે. આજે મોટા ડોડીસરા ગામમાંથી બે ખેલાડીઓની પ્રિનેશનલ કેમ્પમાં પસંદગી થતા સમગ્ર ગામમાં ખુશીની લહેર પ્રસરાઈ ગઈ છે.


## ખિરાજે અકીદત



**જન્નતનશીન - ૨૫/૧૧/૨૦૨૦**

સ્વચ્છ પ્રમાણિક, સરળ અને નિર્મળ સ્વભાવના માલિક આદરણીય **મર્હૂમ જનાબ અહમદભાઈ પટેલ** તા.૨૫/૧૧/.૨૦૨૦ના રોજ ફાની દુનિયાથી વિદાય લીધી હતી. અલ્લાહત્આલા એમને જન્નતુલ ફિરદૌશમાં આલા મકામ અતા ફરમાવે આમીન. નાનકડા પિરામણ ગામથી રાષ્ટ્રીય સ્તરના એમના રાજકીય જીવન દરમ્યાન અનેક ઉતાર-ચઢાવ વચ્ચે પણ વિનમ્રતા અને સાદગી સાથે તેઓ દિશા સૂચક નેતા હતા. સમગ્ર દેશ અને ભરૂચ જિલ્લામાં લોકહિતના કરેલા કામો તેમજ વિકાસના શિલ્પી જેઓ અંકલેશ્વર તેમજ આજુબાજુના ગામોની જનતાની શૈક્ષણિક તેમજ આરોગ્ય બાબતે હંમેશા ચિંતિત રહેતા હતા. જે માટે સમગ્ર દેશ અહમદભાઈ પટેલને યાદ રાખશે. એમના પરિવારજનો તેમજ ચાહકોને પરવરદિગાર સબ્રે જમીલ અતા કરે આમીન.

**દુઆગીર : ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત**

**● પબ્લિક સ્કૂલ ખરોડ ●કોલેજ ઓફ એજ્યુકેશન ખરોડ**
**● એચ.એમ.પી. વોકશનલ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ**
**તથા ટ્રસ્ટી મંડળ અને સ્ટાફ**

### કારમાં સાયરન, સફેદ પડદા, ભારત સરકારનું બોર્ડ લગાવી ફરતો હતો

# DEOના બોગસ લેટરપેડ આપીને લાખો રૂપિયા ખંખેરનાર નકલી IAS અમદાવાદમાંથી ઝડપાયો

**વર્ષ ૨૦૧૮થી બનાવટી લેટરથી પૈસા પડાવતો હતો**

**ક્રાઈમ બ્રાન્ચે ૨૯ લેટરપેડ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ શહેરમાંથી પીએમઓ અધિકારી, નકલી જજ અને નકલી ડીવાયએસપી બાદ હવે વધુ એક મહાઠગ ઝડપાયો છે. નકલી આઈએએસની ઓળખ આપીને આ ઠગ છેતરપિંડી કરતો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આરોપીની ધરપકડ કરી છે ત્યારે આરોપી પાસેથી જિલ્લા શિક્ષણાધિકારીની સહી કરેલો બોગસ પત્ર પણ મળી આવ્યો છે. શહેરના પાલડી વિસ્તારમાં રહેતા અને ટ્રાવેલ્સનો વ્યવસાય કરતા વ્યક્તિને પોતાની ઓળખ IAS અધિકારી તરીકે આપીને સરકારી કામ માટે બે ઈનોવા ભાડે લીધી. ત્યારબાદ બોગસ લેટરના આધારે તેમાં સાયરન અને પડદા લગાવીને અનેક જગ્યાઓ પર ફરીથી તોડ કરવાની સાથે મોરબીમાં રહેતા ગઠિયાએ અનેક લોકોને સરકારી નોકરી માટેનો અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીનો ખોટો લેટર આપીને અનેક લોકો પાસેથી લાખો રૂપિયા ખંખેર્યાની ફરિયાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં નોંધવામાં આવી છે.ર




પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના પાલડીમાં આવેલા આર્યન ફ્લેટ ખાતે રહેતા પ્રતિક શાહ કાર રેન્ટલનો વ્યવસાય કરે છે. ગત છ સપ્ટેમ્બરના રોજ તેમને મેહુલ શાહ નામના વ્યક્તિનો કોલ આવ્યો હતો અને તેણે પોતાની ઓળખ IAS અધિકારી તરીકે આપી હતી. તેણે પ્રતિકભાઈને જણાવ્યું હતું કે, તેને સરકારી કામ માટે ઈનોવા કારની જરૂર છે. જેથી પ્રતિકભાઈએ પ્રતિદિન ૩૫૦૦ રૂપિયા ભાડું, ડીઝલનો ખર્ચ નક્કી કરીને મેહુલ શાહે કારમાં સાયરન અને પડદા લગાવવા માટેનો ગૃહ મંત્રાલયના સચિવની સહીવાળો લેટર આપીને સાયરન અને પડદા લગાવ્યા હતા. આ ઉપરાંત તેણે ૧૯મી ઓક્ટોબરે કોલ કરીને પોતે અસારવા સ્કૂલનો ટ્રસ્ટી હોવાથી સ્કૂલન્સ ટુર માટે બે લક્ઝરી બસ ભાડે મંગાવી હતી અને મોરબી જિલ્લાના વાંકાનેરમાં આવેલા શ્રીજી એપાર્ટમેન્ટમાં તેને પરિવારને લાવવા મૂકવા માટે કાર મંગાવી હતી. ત્યારબાદ તેણે અન્ય ઈનોવા કાર ભાડે લઈને તેમાં પણ સાયરન અને પડદા લગાવ્યા હતા. ફક્ત એટલું જ નહિ એક વ્યક્તિના દીકરાને અસારવામાં આવેલી વિશ્વ વિદ્યાલયમાં ક્લાર્કની સરકારી નોકરી અપાવવાનું કહીને ત્રણ લાખ રૂપિયા લઈને જિલ્લા શિક્ષણાધિકારી આર.એમ ચૌધરીની સહીવાળો બનાવટી લેટર પણ આપ્યો હતો. બાદમાં ઈનોવાનું ભાડુ આપવાનું થતા તે ફોન સ્વીચ ઓફ કરીને ફરાર થઈ ગયો હતો. પ્રાથમિક વિગતો મુજબ હકીકતમાં આરોપી ભારત સરકાર કે ગુજરાત સરકારનો કોઈ હોદ્દો ધરાવતો નથી. આરોપી પાસેથી નકલી વર્ક પરમીટ અને નકલી નિમણૂક પત્ર પણ મળી આવ્યા છે. અત્યાર સુધી ૩ લોકો ભોગ બન્યા છે. આરોપી મોરબીના વાંકાનેરમાં બે સ્કૂલનું સંચાલન કરે છે. વાંકાનેર જ્યોતિ વિદ્યાલય અને કિડ્સ સ્કૂલ.૧ લાખ રોકડા, ભારત સરકારનું આધાર કાર્ડ, રેવન્યુ ડિપાર્ટમેન્ટનું રાષ્ટ્રમુદ્રાવાળું એક ઓળખ પત્ર, સાયન્સ એન્ડ રિસર્ચ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટનું એક ઓળખ પત્ર, ફેમિલી વેલફેર ડિપાર્ટમેન્ટનો લેટર, રોડ એન્ડ બિલ્ડીંગ ડિપાર્ટમેન્ટનો લેટર, જિલ્લા શિક્ષણ અધિકારી શહેરની કચેરીનો લેટર, પ્રધાનમંત્રી આવાસ યોજના તથા મુખ્યમંત્રી યોજનામાં કોન્ટ્રાક્ટ આપવા અંગેનો પત્ર, મેહુલ શાહ ચેરમેન સાયન્સ એન્ડ રિસર્ચ ડેવલોપમેન્ટના ૨૯ લેટરપેડ સહિતનો મુદ્દામાલ મળી આવ્યો છે. ક્રાઈમ બ્રાન્ચને જાણવા મળ્યું હતું કે, મેહુલ શાહે કાર ભાડે કરીને સરકારી વિભાગમાં ઉચ્ચ અધિકારી હોવાનું કહીને અનેક લોકો પાસેથી લાખો રૂપિયા પડાવીને છેતરપિંડી આચરી હતી. જેથી આ અંગે અમદાવાદ ક્રાઈમબ્રાન્ચે તેની ધરપકડ કરીને તપાસ શરૂ કરી છે. મેહુલ શાહે બીઈ મીકેનીકલનો અભ્યાસ કર્યો છે અને વાંકાનેરમાં જ્યોતિ સ્કૂલ અને કીડ્સ વર્લ્ડ નામની સ્કૂલનું સંચાલન કરે છે. IAS તરીકે રૂઆબ જમાવવા માટે તે પોતાની ઓળખ ગૃહ વિભાગના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ ડેવેલોપમેન્ટના ચેરમેન તરીકે ઓળખ આપીને લોકો પાસેથી અલગ-અલગ લાલચ આપીને નાણાં ઉઘરાવતો હતો. તેણે વર્ષ ૨૦૧૮થી વાંકાનેરમાં જ IASના બનાવટી લેટર બનાવ્યાનો ખુલાસો થયો છે. આ કેસમાં હજુ અનેક ભોગ બનનાર સામે આવી શકે એવી પૂરેપૂરી શક્યતાઓ છે. આરોપી સાથે કોણ સંડોવાયેલું છે? તેની તપાસ કરવામાં આવશે.

### ખ્યાતિકાંડના પાપીઓની વધુ એક કરતૂતનો પર્દાફાશ

# વૃદ્ધને પગ અને પેટની તકલીફ હતી ને તેમની એન્જિયોગ્રાફી કરી નાંખી : દર્દીની તબિયત લથડી

**પૈસા કમાવવાની લાલચમાં પરિવારના લોકોને મોટી મુશ્કેલીમાં મૂકી દીધા**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૪

ખ્યાતિ હોસ્પિટલના પાપીઓએ રૂપિયા કમાવવાની લ્હાયમાં દર્દીઓને જરૂર ના હોય તો પણ ખોટી સર્જરી કરીને પૈસા પડાવવાનું કૌભાંડ આચર્યું છે. ત્યારે ખ્યાતિકાંડના પાપીઓની વધુ એક કાળી કરતૂતનો પર્દાફાશ થયો છે. બોરીસણા ગામે કેમ્પમાં ચેકઅપ કરાવ્યા બાદ વૃદ્ધને બસમાં બેસાડીને તેમને અમદાવાદ સ્થિત હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા અને ત્યાં સારવાર લીધા બાદ વૃદ્ધની તબિયત લથડી છે. બોરીસણા ગામના વતની ૭૨ વર્ષીય વૃદ્ધ કાંતિભાઈ પટેલને પગમાં ખાલી ચડી જવાની અને પેટની તકલીફ હતી તો પણ ખ્યાતિકાંડના માફિયાઓએ કોઈને પણ પૂછ્યા વગર જ વૃદ્ધની એન્જિયોગ્રાફી કરી નાખી હતી અને PMJAY હેઠળ પૈસા ખંખેરી લીધા હતા. ત્યારે ઘરના મોભીની તબિયત લથડતા પરિવાર ચિંતાતુર બન્યો છે અને હાલમાં વૃદ્ધ કાંતિભાઈ પટેલની તબિયત લથડતા કડીની ભાગ્યોદય હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે અને તેઓ વેન્ટિલેટર પર છે. ત્યારે




ખ્યાતિ હોસ્પિટલના સંચાલકો તથા ડોક્ટરોએ પૈસા કમાવવાની લાલચમાં અનેક પરિવારના લોકોને મોટી મુશ્કેલીમાં મુકી દીધા છે. ખ્યાતિ હોસ્પિટલની તપાસમાં અનેક મોટા ખુલાસા થયા છે. ડોક્ટર પ્રશાંત વજીરાણીએ પૂછપરછમાં મોટા ખુલાસાઓ કર્યા છે. ડોક્ટર પ્રશાંત વજીરાણી પોતાના ૨૪ લાખ રૂપિયા બાકી હતા તે લેવા માટે હોસ્પિટલ સાથે જોડાયો હતો અને તેને કહ્યું કે હોસ્પિટલમાં ઓપરેશન પછી યોગ્ય સારવાર દર્દીને નથી મળતી. ચાલુ વર્ષે પ્રશાંતે ૨૦ ઓપરેશન કર્યા હોવાની કબુલાત કરી છે. ત્યારે ક્રાઈમ બ્રાન્ચે PMJAY યોજનામાંથી પણ માહિતી મંગાવી છે અને હોસ્પિટલની તપાસ માટે ૨૩ ડોક્ટરોને નોટીસ પણ આપી છે. કૌભાંડમાં કોની સંડોવણી તે અંગે તપાસ ચાલુ છે. કાર્તિક પટેલના અનેક કાંડમાં વધુ એક કાંડ સામે આવ્યો છે, વિશ્વ વિખ્યાત જગન્નાથ મંદિર સાથે કાર્તિક પટેલના તાર જોડાયેલા છે. જગન્નાથ મંદિરના ટ્રસ્ટી સભ્યોમાં કાર્તિક પટેલનો સમાવેશ થાય છે, હોસ્પિટલના કૌભાંડ સાથે ધર્મના નામે ધાર્મિક સ્થળોને પણ કૌભાંડની ભીતિ સેવાઈ રહી છે. ત્યારે જગન્નાથ મંદિરના કથિત જમીન કૌભાંડમાં પણ કાર્તિક પટેલનું કૌભાંડ હોઈ શકે છે, જેથી કોંગ્રેસ પક્ષે જગન્નાથ મંદિરના ટ્રસ્ટી પરથી હટાવવા માગ કરી છે.

### વડોદરાની કપુરાઈ ચોકડી પર ગમખ્વાર અકસ્માત

# કન્ટેનર પલટી ખાઈ કાર પર ખાબકતાં કચ્ચરઘાણ : ચાર લોકોનો ચમત્કારિક બચાવ

**કારની હાલત જોઈને કોઈ બચ્યું હશે તેવો અંદાજો લગાવવો મુશ્કેલ હતો**

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૪

વડોદરાની કપુરાઈ ચોકડી પાસે ભયાનક અકસ્માતની ઘટના મોડી રાત્રે બની હતી. આ ઘટનામાં કન્ટેનર પલટી ખાઈ જતા આખેઆખી કારનું કચ્ચરઘાણ વળી ગયું હતું. સદ્નસીબે કારમાં બેઠેલા ચાર લોકોનો બચાવ થયો હતો. માત્ર ચાલકના હાથે જ સામાન્ય ઈજા થઈ હોવાનું સામે આવ્યું છે. કારની હાલત જોઈને કોઈ બચ્યું હશે તેવો અંદાજો લગાવવો મુશ્કેલ હતો પણ ચાલકે જણાવ્યું કે, તેમના દ્વારા કરવામાં આવેલા સેવા કાર્યોના કારણે કોઈને ઈજા પહોંચી નથી. આ અકસ્માત ઓવરટેકના ચક્કરમાં થયો હોવાનું પ્રાથમિક અનુમાન છે. આખેઆખી કાર સેન્ડવીચ થઈ ગઈ હતી. વડોદરા પાસે આવેલા કપુરાઈ ચોકડી પાસે ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. એક કન્ટેનર પલટી ખાઈ જતા તેની નીચે કાર ચગદાઈ હતી. અકસ્માત સમયે કારમાં ચાર લોકો સવાર હતા. સદ્નસીબે કોઈ પણ જાનહાનિ થઈ નહતી. તમામનો આબાદ બચાવ થયો હતો. ઘટનાને પગલે પલટી ખાઈ ગયેલા કન્ટેનરને ઊભું કરવા માટે ક્રેઈન બોલાવવી પડી હતી. અકસ્માતને લઈ પાંચ કિ.મી. જેટલો ટ્રાફિક જામ સર્જાયો હતો.



આ ઘટનાની જાણ થતાં જ પોલીસ સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ઘટનામાં મદદરૂપ થવાના પ્રયત્નો કર્યા હતા. કારચાલક સંદિપભાઈ પટેલે મીડિયાને જણાવ્યું કે, હું કાર ચલાવતો હતો. અમે સુરતથી કેશોદ જઈ રહ્યા હતા. મારી અને બાજુની કાર ચાલી રહી હતી. તેનો ઓવરટેક કરવા જતા મેં કાર ધીમી કરી દીધી હતી અને તેણે પણ કાર ધીમી કરી દીધી હતી. એટલે ઈકો કાર જતી રહી હતી. અમે કાર ધીમી કરતા પાછળથી આવતા વાહનનું બેલેન્સ ખોરવાઈ ગયું હતું. જેથી તેણે અમને બચાવવા અથવા તો અન્ય કારણોસર કન્ટેનર ફેરવી લીધું હતું. જે ફરીને અમારી પર પડ્યું હતું. કારની જે હાલત છે, તે જોતા કોઈ બચી જ ના શકે પણ મને હાથમાં માત્ર નાની ઈજા પહોંચી છે. અમારા સત્કાર્યો અને સેવા કાર્યોનું આ પરિણામ છે. અમે આવતીકાલે યોજાનાર સેવા કાર્યમાં ભાગ લેવા માટે જઈ રહ્યા હતા. આ ઘટના સમયે કારમાં ચાર લોકો સવાર હતા. હાથને છોડીને અન્યને કોઈ પણ ઈજા થઈ નથી. બધાય બચી ગયા છે. આવી હાલતમાં કોઈ બચી શકે તેવો અમને પણ વિશ્વાસ નથી આવતો.

ઉલ્લેખનીય છે કે, કાર પર આખેઆખું કન્ટેનર ચઢી જતા કાર સેન્ડવીચ બની ગઈ હતી અને ચારમાંથી ત્રણ લોકો ફસાઈ ગયા હતા. આ અંગેનો કોલ મળતા જ ફાયર વિભાગ અને પોલીસની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી રેસ્ક્યુની કામગીરી હાથ ધરી હતી. કારમાં રહેલા ત્રણ લોકોને ફાયર વિભાગે જહેમત બાદ રેસ્ક્યુ કરી બહાર કાઢ્યા હતા.

### ૩૦૦ પરીક્ષાર્થીઓ પરીક્ષાથી વંચિત રહ્યા : પરીક્ષા રદ કરવાની માંગ

# AMCની જુનિયર ક્લાર્કની પરીક્ષામાં હોબાળો, સરખેજની શાળામાં પેપર ફૂટ્યાનો આક્ષેપ

**OMR સીટ અને બેઠક ક્રમાંકમાં ફેરફાર જોવા મળતા પરીક્ષાર્થીઓએ હોબાળો મચાવ્યો**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪


અમદાવાદ મનપામાં જુનિયર ક્લાર્કની ભરતી માટે આજે અમદાવાદના અલગ અલગ સેન્ટર પર પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં મોટા ભાગના સેન્ટરો પર શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા સમાપ્ત થઈ હતી. જોકે, સરખેજમાં આવેલી કુવૈસ પ્રાથમિક શાળામાં AMC જુનિયર ક્લાર્ક પરીક્ષામાં હોબાળો થયો હતો. પરીક્ષાર્થીઓને આપવામાં આવેલી OMR સીટ અને બેઠક ક્રમાંકમાં ફેરફાર હોવાના કારણે પરીક્ષાર્થીઓએ હોબાળો મચાવ્યો હતો. પરીક્ષાર્થીઓએ પેપર ફૂટ્યું હોવાનો દાવો કર્યો હતો. બીજી તરફ AMCએ આ દાવાને નકારી દીધો છે.

આ મામલે પરીક્ષાર્થીએ આક્ષેપ કરતા જણાવ્યું કે પરીક્ષા પહેલા પરીક્ષાર્થીઓને ચેકિંગ કરવામાં નથી આવ્યા. જયારે ક્લાસરૂમમાં ગયા ત્યારે કોઈ હાજરી પણ નહોતી લીધી. જે બાદ પોણા એક વાગ્યે ઓએમઆર સીટ અને આન્સર સીટના નંબરમાં ફેરફાર જોવા મળ્યો. જ્યારે હોબાળો કરીને નીચે આવ્યા ત્યારે ૮ નંબરની રૂમમાં કેટલાક વિદ્યાર્થીઓ પેપર સોલ્વ કરી રહ્યા હતા. પરીક્ષાર્થીઓએ પેપર ફૂટ્યું હોવાનો દાવો કર્યા બાદ પરીક્ષાર્થીઓએ પરીક્ષા રદ કરવાના માગણી કરી હતી.

અમદાવાદના સરખેજમાં આવેલી કુવૈસ પ્રાથમિક શાળાના કેન્દ્ર પર આજે લેવાયેલી પરીક્ષામાં હોબાળો મચ્યો હતો. તેના પર ગુજરાત યુનિવર્સિટીએ મોટું નિવેદન આપ્યું છે.તેઓએ જણાવ્યું છે કે, GUPECના OSD ડૉ. ધર્મેન્દ્ર ચાવડાએ ૩૧૨ કેન્દ્રો પર સરળતાથી પરીક્ષા લેવાઈ છે કોઈપણ વિસંગતતા જોવા મળી નથી. જેથી આજની લેવાયેલી પરીક્ષા રદ નહીં થાય અને પુનઃ નહીં લેવાય. ૩૧૩માંથી ફક્ત એક સેન્ટર ઉપર આ પ્રકારની ઘટના બનતા અન્ય લોકો સાથે અન્યાય કરવો અયોગ્ય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ખાતાઓ માટે સહાયક જુનીયર ક્લાર્કની ભરતી માટે પરીક્ષા યોજવામાં આવી હતી. ૭૧૨ જગ્યાઓ ભરવા માટે આ પરીક્ષા યોજવામાં આવી હતી. ૧૫ માર્ચનાં રોજ ફોર્મ ભરવામાં આવ્યા હતા. ૭૧૨ જગ્યાઓ માટે ૧૦ લાખથી વધુ ફોર્મ ભરાયા હતા.

ઉલ્લેખનીય છે કે વિવાદ વચ્ચે જ પરીક્ષાનો સમય પૂર્ણ થઈ જતા ૩૦૦ જેટલા પરીક્ષાર્થીઓ પરીક્ષાથી વંચિત રહ્યા હોવાનું સામે આવ્યું છે. આ પરીક્ષા માટે માત્ર અમદાવાદમાં જ નહીં, પરંતુ રાજ્યભરના અલગ અલગ જિલ્લામાંથી ઉમેદવારો પહોંચ્યા હતા. આ પરીક્ષા ૧૦૦ માર્ક્સની હતી, જેમાં તમામ પ્રશ્નો એમસીક્યુ આધારિત હતા. આ પરીક્ષા દોઢ કલાક સુધી યોજાઈ હતી.




# નર્સિંગ-પેરામેડિકલમાં પાંચમા રાઉન્ડમાં ખાલી ૧૭૩ બેઠકોની આજે ફાળવણી

**આજે બપોર સુધી ચોઈસ ભરી શકાશે, સાંજે બેઠકોની ફાળવણી કરવામાં આવશે**

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૪

એડમિશન કમિટી દ્વારા નર્સિંગ તેમજ પેરામેડિકલ પ્રવેશ કાર્યવાહીમાં ચાર રાઉન્ડ પૂર્ણ થયા બાદ પાંચમા રાઉન્ડની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં માત્ર સરકારી સંસ્થાઓમાં ખાલી પડેલી ૧૭૩ જેટલી બેઠકો માટે પાંચમા રાઉન્ડની કાર્યવાહીમાં હાલમાં ચોઈસ ફિલીંગની કાર્યવાહી ચાલી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રવેશ સમિતિ દ્વારા નર્સિંગ તેમજ પેરામેડિકલની પ્રવેશ કાર્યવાહી માટે સરકારી તેમજ સ્વનિર્ભર સંસ્થાઓનો પ્રથમ રાઉન્ડ ૨૧ સપ્ટેમ્બરથી ૯ ઓકટોબર દરમિયાન યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ બીજો રાઉન્ડ ૮ ઓકટોબરથી ૨૫ ઓકટોબર અને ત્રીજો રાઉન્ડ માત્ર સરકારી સંસ્થાઓ માટે ૨૫ ઓકટોબરથી ૨૭ ઓકટોબર સુધી યોજવામાં આવ્યો હતો. જેમાં ફક્ત સરકારી સંસ્થાઓ માટે ચોઈસ ફિલીંગ કરવામાં આવેલી હતી. જે ૨૭ ઓકટોબરના રોજ રાખવામાં આવી હતી. પરંતુ ઈન્ડિયન નર્સિંગ કોઉન્સિલના ૨૮ ઓકટોબર, ૨૦૨૪ના પત્ર મુજબ તમામ નર્સિંગ કોર્ષની પ્રવેશ પ્રક્રિયા ૩૦ નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે. જોકે, હવે એડમિશન કમિટી દ્વારા પાંચમા રાઉન્ડની જાહેરાત કરવામાં આવી છે. જેમાં પાંચમો રાઉન્ડ ફક્ત સરકારી સંસ્થાઓમાં બી.એસ.સી નર્સિંગ, બી. ફીઝિયોથેરાપી, જી.એન.એમ, એ.એન.એમ, બી.ઓક્યુપેશનલ થેરાપી, બી. ઓર્થોટીક્સ અને પ્રોસ્થેટીક્સ, બી.ઓડિયોલોજી કોર્ષ માટે જ રાખવામાં આવ્યો છે. જેમાં પાંચમાં રાઉન્ડની ચોઈસ ફિલીંગ પેરામેડિકલની વેબસાઈટ પર મુકવામાં આવી છે. પાંચમા રાઉન્ડ માટે ૨૫ નવેમ્બરના રોજ બપોરના ૨ વાગ્ય સુધી ઓનલાઈન ચોઈસ ફિલીંગ કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ત્યારબાદ ૨૫ નવેમ્બરના રોજ જ બેઠકોની ફાળવણી કરવામાં આવશે. આમ, સોમવારના રોજ એડમિશન કમિટી દ્વારા બેઠકોની ફાળવણી કરી દેવાશે.

# મેડિકલ- ડેન્ટલમાં પ્રવેશ માટે ૨૩૯૨ પૈકી માત્ર ૯૮ વિદ્યાર્થીઓએ રૂા.૩ લાખ જમા કરાવ્યા

**૬૪ બેઠકો માટેની પ્રવેશ કાર્યવાહીમાં તમામ બેઠકો ભરાવાની શક્યતા નહીંવત્**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

મેડિકલ અને ડેન્ટલમાં ચાર રાઉન્ડના અંતે ખાલી પડેલી બેઠકો માટે પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં પ્રવેશ માટેના રાઉન્ડ પહેલા રૂા. ૩ લાખની ડિપોઝીટ ભરવાની પ્રક્રિયા હાથ પર લેવામાં આવી હતી. જેમાં પ્રવેશ માટે લાયક હોય તેવા ૨૩૯૨ વિદ્યાર્થીઓ પૈકી માત્ર ૯૮ વિદ્યાર્થીઓએ જ રૂા. ૩ લાખની ડિપોઝીટ ભરી હોવાની વિગતો સામે આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મેડિકલની પ્રવેશ પ્રક્રિયામાં ચાર રાઉન્ડના અંતે MBBSની ૬૬૭૩ બેઠકો સામે ૬૯૫૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવતાં ૧૬ બેઠક ખાલી પડી હતી. જ્યારે ડેન્ટલની પ્રવેશ પ્રક્રિયામાં BDSની ૧૨૧૯ બેઠક સામે ૧૧૭૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવતાં ૪૮ બેઠક ખાલી પડી હતી. ચાર રાઉન્ડ દરમિયાન પણ ગુજરાત સહિત દેશભરમાં બેઠકો ખાલી પડતાં કેન્દ્રએ પ્રવેશની મુદત વધારી અપાતા સ્પેશિયલ સ્ટ્રે વેકન્સી રાઉન્ડ જાહેર કરાયો હતો. સ્પેશિયલ સ્ટ્રે વેકન્સી રાઉન્ડમાં નામ પૂરતા ભાગ લેવા ઈચ્છતા અને યોગ્ય પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે અડચણરૂપ બનતાં વિદ્યાર્થીઓ પર રોક લગાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂા. ૩ લાખ ડિપોઝિટની જોગવાઈ કરાઈ હતી. બોન્ડ પેટે રૂા. ૩ લાખ જમા કરાવનારા વિદ્યાર્થીઓને પ્રવેશ વખતે ફીમાં મજેર આપવાનું નક્કી કરાયુ હતું. જ્યારે પ્રવેશ મળ્યા બાદ પ્રવેશ કન્ફર્મ નહીં કરાવનારા વિદ્યાર્થીઓને રૂા. ૧૦ હજાર ઉપરાંત રૂા. ૩ લાખ ડિપોઝીટ જપ્ત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ ડિપોઝીટ પેટે રૂા. ૩ લાખ ભરવાની કાર્યવાહી ૨૧ નવેમ્બરથી શરૂ કરવામાં આવી હતી અને સોમવારના રોજ બપોરે આ કાર્યવાહી પૂર્ણ થવાની છે. જેથી અત્યાર સુધી ડેન્ટલની ૪૮ અને મેડિકલની ૧૬ બેઠક મળી કુલ ૬૪ બેઠકો માટેની પ્રવેશ કાર્યવાહી માટે લાયક ગણાતા ૨૩૯૨ વિદ્યાર્થીઓ પૈકી માત્ર ૯૮ વિદ્યાર્થીઓએ જ રૂા. ૩ લાખની ડિપોઝીટ જમા કરાવી છે.

# આયુર્વેદ-હોમિયોપેથીમાં ૯૦ જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ રદ કરાવ્યા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૪

આયુષ મંત્રાલય દ્વારા ખાલી બેઠકોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ મળે અને બેઠકો ભરાય તે માટે પર્સન્ટાઈલમાં ઘટાડો કરી ઓપન-ઈડબલ્યુએસ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ૩૫ પર્સન્ટાઈલ અને SC, ST, અને OBCના વિદ્યાર્થીઓ માટે ૨૫ પર્સન્ટાઈલ કટઓફ કરાયું છે. કટઓફમાં ઘટાડો કરાતાં તાજેતરમાં જાહેર થયેલા પ્રોવિઝનલ મેરીટમાં ૨૮૪ વિદ્યાર્થીનો સમાવેશ કરાયો હતો. બીજી તરફ ચોથો રાઉન્ડ લંબાવવાની કાર્યવાહી વચ્ચે જાહેર થયેલ નવી ગાઈડ લાઈન મુજબ અત્યાર સુધીમાં જે વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી લીધો હોય પણ રદ કરવવાની ઈચ્છા હોય એવા વિદ્યાર્થીઓને પ્રવેશ રદ કરાવવાની તક આપવાનું નક્કી કરાયું હતું. કેન્દ્રની ગાઈડલાઈન મુજબ પ્રવેશ સમિતી દ્વારા ૨૩ નવેમ્બર સુધીમાં વિદ્યાર્થીઓને પ્રવેશ રદ કરવાની તક આપી હતી. જેમાં ૯૦ જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ રદ કરાવ્યો હોવાનું જાણવા મળ્યું છે.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS